

# श्रुतदीप - २

(मरुगुर्जरभाषानिबद्ध-अप्रकटलघुकृतिसङ्ग्रहः)

# श्रुतदीप - २

(मरुगुर्जरभाषानिबद्ध-अप्रकटलघुकृतिसङ्ग्रहः)

श्रुतभवन संशोधन केन्द्र
पुणे

**श्रुतदीपग्रन्थश्रेणिः ३१**

**ग्रंथनाम** - श्रुतदीप - २
**कर्ता** - अनेक जैन श्रमण
**भाषा** - मरुगुर्जर
**विषय** - जैन तत्त्वज्ञान
**सम्पादक** - मुनिवैराग्यरतिविजयगणी
**प्रकाशक** - श्रुतदीप रिसर्च फाउंडेशन - श्रुतभवन संशोधन केंद्र, पुणे
**पत्र** - ८ + २२० = २२८
**आवृत्ति** - प्रथम, वि.सं.२०७५, ई. २०१९
**मूल्य** - १०० रु.
**स्वामित्व** - श्रमणसंस्थाधीनश्रुतदीपानुसन्धानसंस्थानम्।
ISBN - 978-81-941972-7-0

**-: प्राप्तिस्थल :-**

**पुणे** : **श्रुतभवन संशोधन केन्द्र**
४७/४८ अचल फार्म, आगम मंदिर से आगे,
सच्चाई माता मंदिर के पास, कात्रज, पुणे-४११०४६
Mo.7744005728 (9-00am to 5-00pm)
www.shrutbhavan.org Email : shrutbhavan@gmail.com

**अहमदाबाद** : **श्री उमंगभाई शाह**
बी-४२४, तीर्थराज कॉम्प्लेक्स, वी. एस. हॉस्पिटल के सामने
मादलपुर, अहमदाबाद. मो.०९८२५१२८४८६

**मुंबई** : **श्री गौरवभाई शाह**
सी/१११, जैन एपार्टमेंट, ६० फीट रोड, देवचंद नगर रोड, भायंदर (वेस्ट) मुंबई-४०११०१. मो.०९८३३१३९८८३

**सुरत** : **श्री सेवंतीलालभाई मेहता**
ओंकारसूरि ज्ञानमंदिर, सुभाष चौक,
गोपीपुरा, सुरत - ३९५००१ मो. ९८२४१५२७२७

**मुद्रण** : **नूतन आर्ट,** अहमदाबाद

## प्रकाशकीय

अनेक जैन श्रमणों के द्वारा मरुगुर्जर भाषा में निबद्ध लघुकृतिओं का संग्रह **श्रुतदीप - २** श्रीसंघ के करकमल में समर्पित करते हुए हमे आनंद की अनुभूति हो रही है। **श्रुतभवन संशोधन केंद्र** के सन्निष्ठ समर्पित सहकारिगण की कडी महेनत और लगन से दुर्गम कार्य संपन्न हुआ है। इस अवसर पर श्रुतभवन संशोधन केंद्र के संशोधन प्रकल्प हेतु गुप्तदान करने वाले दाता एवं श्रुतभवन संशोधन केंद्र के साथ प्रत्यक्ष-अप्रत्यक्ष रूप से जुडे हुए सभी महानुभावों का हार्दिक अभिनंदन करते हैं। हम उन संस्था एवं विद्वानों के भी आभारी है जो हमें मार्गदर्शन और सहाय करते हैं।

यह माला श्री श्रमण संघ के करकमल में समर्पित करते हुए एक विनंति है कि जिन पूज्य श्रमण-श्रमणी भगवंतों ने लघु कृतियों का संपादन किया हो तो वो भेजें और उन्हें प्रकाशित करने का लाभ हमें दें।

इस ग्रंथ के प्रकाशन का अलभ्यलाभ प.पू. आ. श्री विजय **जगच्चंद्रसूरीश्वरजी** की प्रेरणा से **श्री वेपेरी श्वेतांबर मूर्तिपूजक जैन संघ, वेपेरी-चेन्नई** ने ज्ञानद्रव्य से प्राप्त किया है। आपकी अनुमोदनीय श्रुतभक्ति के लिए हम आपके आभारी हैं। अक्षरयोजन का कार्य नूतन आर्टस् के धर्मेशभाई पटेल ने उत्साह से किया। एतदर्थ उनको धन्यवाद।

**डॉ. जितेंद्र शाह**
(मानद विश्वस्त)

# श्रुतप्रेमी

प.पू. सच्चारित्रचूडामणि, गीतार्थमूर्धन्य, क्रियानिष्ठ, समतानिधि,

स्वाध्यायनिमग्न, तपागच्छाधिपति आचार्यदेवेश श्रीमद्

विजय **रामसूरीश्वरजी** महाराजा (डहेलावाले) के शिष्यरत्न

प.पू. आचार्यदेवेश श्रीमद् विजय **जगच्चंद्रसूरीश्वरजी** महाराजा आदि

ठाणा २१ के वि.सं. २०७४ के

श्री संघ में आराधनापूर्ण चातुर्मास के उपलक्ष्य में पूज्यश्री की प्रेरणा से

**श्री वेपेरी श्वेतांबर मूर्तिपूजक जैन संघ, वेपेरी-चेन्नई**

के ज्ञानद्रव्य से

## बीजक


| | | | |
|---|---|---|---|
| | સંપાદકીય | મુ.વૈરાગ્યરતિવિજયજી ગણિવર | |
| | **कृति** | **कर्ता / संपा.** | **पत्रांक** |
| १) | **आध्यात्मिक दुहा** | **अज्ञात**<br>सा. मधुरहंसाश्री | १ |
| २) | **आत्मसंबोधन मनःसारसगीत** | **रंगकुशलमुनि**<br>सा. मधुरहंसाश्री | १९ |
| ३) | **आत्मप्रतिबोधदोहा सह टबा** | **योगींदुदेवमुनि**<br>भूपत वंश | २७ |
| ४) | **अध्यात्मफाग** | **अज्ञात**<br>सा. धन्यहंसाश्री | ६७ |
| ५) | **अजितशान्तिस्तव सह वार्तिक** | **पार्श्वचन्द्रसूरि**<br>सा. धन्यहंसाश्री | ७५ |
| ६) | **बावीस फुलडां विचार सह अर्थ** | **अज्ञात**<br>सा. धन्यहंसाश्री | ९९ |
| ७) | **बीजमाहात्म्यगुणगर्भित-वर्धमानजिनस्तवन** | **रंगविलास**<br>सा. जिनरत्नाश्री | ११३ |
| ८) | **चाबखा** | **खोडाजी**<br>सा. धन्यहंसाश्री | १२५ |
| ९) | **कषायपरिहारसज्झाय** | **प्रीतिविजयमुनि**<br>सा. मधुरहंसाश्री | १३७ |
| १०) | **श्रीमहावीरस्वामीनुं स्तवन** | **पं.दीपविजयजी**<br>सा. मधुरहंसाश्री | १४९ |

| | | | |
|---|---|---|---|
| ११) | **मल्लिजिनस्तवन** | **उदयकरण**<br>मु. प्रभुशासनरत्नविजय | १५७ |
| १२) | **मन:स्थिरीकरणस्वाध्याय** | **अज्ञात**<br>मु. वैराग्यरतिविजयगणी | १६७ |
| १३) | **पदसंग्रह** | **रत्नविजय**<br>सा. धन्यहंसाश्री | १७५ |
| १४) | **मुंबईजिनस्तवन** | **रत्नमुनि**<br>सा. जिनरत्नाश्री | १९५ |
| १५) | **समकित सज्झाय** | **चरणकुमारमुनि**<br>सा. मधुरहंसाश्री | २०१ |

# સંપાદકીય

જૈન ધર્મ પાસે વિશ્વનો સમૃદ્ધ જ્ઞાનવારસો છે. જ્ઞાનનો આ દરિયો અફાટ છે. તેમાં મોંઘા મોતી પણ છે, મોટા મોટા શંખ પણ છે, પરવાળાનાં ઉપવન પણ છે તો નાની નાની છીપ પણ છે. મોતીની જેમ ભલે ઓછું પણ છીપનું પણ મૂલ્ય છે. તેનું પોતાનું આગવું સૌંદર્ય છે.

મૂલ્યવાન મોતીની શોધ માટે શ્રુતસાગરમાં ડુબકી લગાવતા હાથમાં આવી ગયેલી છીપની માળા બનાવી આ સંગ્રહમાં પ્રસ્તુત કરી છે. તે તે કૃતિનાં સંપાદનમાં પૂજ્ય સાધ્વીજી ભગવંતોએ, મુનિશ્રી **પ્રભુશાસનરત્નવિજયજી**એ તેમ જ અન્યોએ દિલ દઇને મહેનત કરી છે. તેમને ખૂબ ધન્યવાદ.

આવી સેંકડો છીપ શ્રુતસાગરના તીરે વિખરાયેલી અવસ્થામાં પડી છે. જે તેના ઉદ્ધારની રાહ જોઇ રહી છે.

## કૃતજ્ઞતા

મારા પરમ ઉપકારી ગુરુદેવ પરમ પૂજ્ય **આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** તથા પિતૃગુરુદેવ પરમ પૂજ્ય **મુનિપ્રવરશ્રી સંવેગરતિ વિજયજી મ.સા.**ની પાવન કૃપા, બંધુમુનિવરશ્રી **પ્રશમરતિવિજયજી મ.**નો સ્નેહભાવ તથા તેમ જ **મુનિવરશ્રી સંયમરતિ વિજયજી મ.**, પરમ પૂજ્ય **સાધ્વીજી શ્રીહર્ષરેખાશ્રીજીમ.**ના શિષ્યા **સાધ્વીજી શ્રીજિનરત્નાશ્રીજી મ.**, સા. **શ્રી મધુરહંસાશ્રીજી મ.**, સા. **શ્રી ધન્યહંસાશ્રીજી મ.**નો નિરપેક્ષ સહાયકભાવ મારી પ્રત્યેક પ્રવૃત્તિની આધારશિલા છે. તેમના ઉપકારોથી મુક્ત થવું સંભવ નથી. વિદુષી સાધ્વીજી શ્રી **ચંદનબાલાશ્રીજી**એ અંતિમ આદર્શશુદ્ધિ કરી આપી છે. તે માટે તેમનો કૃતજ્ઞ છું.

**- વૈરાગ્યરતિવિજય**

**संपादक मंडल**

**मुनिश्री वैराग्यरतिविजयगणी** (अभिवीक्षक)
**डॉ. विनया क्षीरसागर** (मार्गदर्शिका) **अमित उपाध्ये** (विभागप्रमुख)
**कृष्णा माळी** (सहायक) **अतुल मस्के** (सहायक)
**मञ्जुनाथ भट्ट** (सहायक) **अमोघ प्रभुदेसाई** (सहायक)
**वैभव पाटील** (सहायक) **वर्धमानजिनरत्नकोशविभाग** (सहायक)

(१)

### अज्ञात कवि विरचित

# ॥आध्यात्मिक दुहा॥

# સંપાદકીય

## અજ્ઞાતરચિત આધ્યાત્મિક દુહા

આ કૃતિ આત્મલક્ષી ઉપદેશ આપે છે. તેમાં આત્માને સંસારનાં બંધનથી મુક્ત થવાનો ઉપદેશ છે. તે માટે વિષય, કષાય, હિંસા, ચોરી, જૂઠ, પરિગ્રહ વગેરે પાપોથી દૂર રહેવાની પ્રેરણા છે. કૃતિ દુહાઓમાં રચાઇ છે. દુહા ગુજરાતી ભાષાનો છંદનો પ્રચલિત પ્રકાર છે. તે સૌરાષ્ટ્ર દેશમાં વધુ પ્રચલિત છે.

આ કૃતિ અપ્રગટ જણાય છે. તેની બે હસ્તપ્રતો મળી છે.

૧) **ગુજરાતી શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, કેનિંગ સ્ટ્રીટ કલકત્તા**ના હસ્તપ્રત સંગ્રહમાં છે તેનો ક્રમ પોથી ૧૯, પ્રતક્રમાંક -૧૧૯૪ છે. એક પત્ર છે. પત્ર પર ૧૩ પંક્તિ છે. પ્રત્યેક પંક્તિ પર ૩૧ અક્ષર છે. પ્રત સુવાચ્ય છે. લેખક પ્રશસ્તિ નથી. ૧૮-૧૯ સદીમાં લખ્યાનું અનુમાન છે. તેમાં કેવળ વીસ દુહા છે. આ હસ્તપ્રત પ્રતિલેખક દ્વારા અપૂર્ણ રહી છે. આ હસ્તપ્રત પૂજ્ય આચાર્યદેવ **શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સા.** દ્વારા પ્રાપ્ત થઇ છે.

૨) નાની ખાખર વીશા ઓસવાળ મહાજન સંચાલિત **માતુશ્રી મમીબાઇ કાનજી ઘેલાભાઇ દેઢિયા જૈન જ્ઞાનમંદિર (નાની ખાખર, કચ્છ)**ના હસ્તપ્રત સંગ્રહમાં છે. તેનો પ્રતક્રમાંક -૧૯૬ છે. ૩ પત્ર છે. પત્ર પર ૧૩ પંક્તિ છે. પ્રત્યેક પંક્તિ પર પ્રાયઃ ૩૬ અક્ષર છે. પ્રત સુવાચ્ય છે. લેખક પ્રશસ્તિ નથી. ૧૮-૧૯ સદીમાં લખ્યાનું અનુમાન છે. આ હસ્તપ્રત પાર્શ્વચંદ્ર ગચ્છના ઉપાધ્યાયપ્રવરશ્રી **ભુવનચંદ્રજી** મ.ની પ્રેરણાથી પ્રાપ્ત થઇ છે. આ હસ્તપ્રતમાં ૬૯ દુહા છે.

## સંપાદન પદ્ધતિ

આ કૃતિનું સંપાદન મુખ્યત્વે નાની ખાખરની હસ્તપ્રતના આધારે કરવામાં આવ્યું છે. પાઠભેદ પાદટીપમાં દર્શાવ્યા છે. અપ્રચલિત શબ્દોના અર્થ પણ પાદટીપમાં જ દર્શાવ્યા છે. કૃતિનો સામાન્ય અર્થ પ્રસ્તુત કર્યો છે.

સા.શ્રી જિનરત્નાશ્રીજી મ.ના
શિષ્યા સા. **મધુરહંસાશ્રી**

अज्ञात कवि विरचित

## ॥आध्यात्मिक दुहा॥

अथ वैराग्य विषे दोहा लिखि(ख्य)ते॥

[मूल] **जीव सवे ते आतमा, धर्म कहीजें एह।**
**विषय थकी अलगा रह्या, शिवपुरि पोहता तेह॥१॥**

(અર્થ) બધા જીવ આત્મા છે. ધર્મ એ કહેવાય છે. વિષય થી તેઓ જુદા રહે છે. તે મોક્ષમાં જાય છે. (૧)

[मूल] **इंद्रिय पांचें जीपीई, जीपीइ चार कषाय।**
**राग-द्वेष तिम परिहरो, तो दुःख किमे न थाय॥२॥**

(અર્થ) પાંચ ઇંદ્રિયને જીતીએ. ચાર કષાય જીતીએ. રાગ-દ્વેષનો ત્યાગ કરીએ. તો કોઇ પણ રીતે દુઃખ થશે નહીં. (૨)

[मूल] **विलंब म कर तुं धर्म कर, आयु नहि वीसास।**
**सावधान था बापडा, उडी जासे सास॥३॥**

(અર્થ) જીવ તું ધર્મ કરવામાં મોડું ન કર. આયુષ્યનો વિશ્વાસ નથી. બાપડા! તું સાવધાન થઇ જા. શ્વાસ ઊડી જશે. (૩)

[मूल] **छकायमांहिथी आवीयो, छकायमांहि जाय।**
**छकायने जे राखसी, ते अजरामर थाय॥४॥**

(અર્થ) જીવ છકાયમાંથી આવ્યો છે, છકાયમાં જવાનો છે. જે છકાયની રક્ષા કરે છે તે અજરામર થાય છે. (૪)

[मूल] **निद्रा म कर रे मानवी[१], निद्राइं होइं विणास।**
**जाग्या ते नवि छेतर्या, सुरपुरी कीधो वास ॥५॥**

(અર્થ) હે! માનવી! તું નિદ્રા ન કર. નિદ્રાથી વિનાશ થાય છે. જાગતા માણસો છેતરાતા નથી. તેઓ સ્વર્ગમાં વાસ કરે છે. (૫)

---

१ **आतमा** आ.

[मूल] **तृष्णा वैरिणी आतमा, तृष्णा हुई विनास।**
**तृष्णा मूकी जे रह्या, ते नाव्या गृहवास[१]॥६॥**

(अर्थ) તૃષ્ણા આત્માની દુશ્મન છે. તૃષ્ણાથી સર્વનાશ થાય છે. જેઓ તૃષ્ણા છોડી દે છે તેઓ ગૃહવાસમાં આવતા નથી. (૬)[૨]

[मूल] **जो भव पाम्यो मनुष्यनो, कांइ न कर्यो धर्म।**
**जीवदयाइं धर्म छइ, जीववधइ छइ कर्म॥७॥**

(अर्थ) મનુષ્ય ભવ પામીને પણ કાંઇ ધર્મ કર્યો નહીં. જીવદયામાં ધર્મ છે. જીવવધથી કર્મ છે. (૭)

[मूल] **मुख रूडो ते मनुष्यनो, बोलइ अमृतवाणी।**
**तिण वाणीइ आतमा, पहुचीं जइ निरवाणी॥८॥**

(अर्थ) જે મીઠી વાણી બોલે છે, તે મનુષ્યનું મુખ સારું કહેવાય છે. તેવી વાણી બોલવાથી મોક્ષમાં પહોંચાય છે. (૮)

[मूल] **क्रोध कर्याथी आतमा, मूंके तेहनो साथ।**
**मन वंछित फल पूरवइ, जनम मरण नही वात॥९॥**

(अर्थ) ક્રોધ કરવાથી આતમા તેનો સાથ મૂકે છે. મનવંછિત પૂરાં કરે છે. જન્મ મરણની વાત રહેતી નથી. (૯)

[मूल] **क्रोधइ कलमथ[३] उपजइ, लेस्या विरुइ थाइ।**
**आयु पहुचंइ जेतलइ, मरीने दुर्गति जाय॥१०॥**

(अर्थ) ક્રોધને કારણે ઝગડો થાય છે, લેશ્યા બગડે છે. ક્રોધથી માણસનું પતન થાય છે, મરીને દુર્ગતિમાં જાય છે (૧૦)

[मूल] **क्रोधइ कांइ न ऊगरइ, अमृत लूसी जाई।**
**खिमा खडग जो संपजइ, दुसमन कोइ न थाय॥११॥**

---

१ **नाव्या गर्भावास** आ.

२ क प्रतमां ५ अने ६ गाथाना क्रममां फरक छे.

३ आ.

(अर्थ) ક્રોધથી કંઇ ઉપજતું નથી, ક્રોધથી અમૃત જતું રહે છે. હાથમાં ક્ષમારૂપી ખડગ હોય તો કોઇ દુશ્મન થતું નથી (૧૧)

**[मूल] दया [न] आणी प्राणीनी, सत न बोल्यो जंत।**
**अदत्त आहार लीधा घणा, सहस्ये दुःख अनंत॥१२॥**

(अर्थ) પ્રાણીની દયા ન કરી, સાચું ન બોલ્યા, નહીં આપેલા આહાર વગેરે લીધા, તે પ્રાણી અનંત દુઃખ સહન કરશે. (૧૨)

**[मूल] पहिल्या तो चेतइ नही, चंपाणे स्युं थाय।**
**लूलू करतो आवीओ, लूलू करतो जाय॥१३॥**

(अर्थ) પહેલા જે જીવ જાગતો નથી મરણ સમયે તેનું શું થાય? જીવ રડતો રડતો આવે છે અને રડતો રડતો જાય છે (૧૩)

**[मूल] तेडो आव्यो आतमा, जम पाछो नवि जाय।**
**धर्म करेवा सांभर्यो, लागइ कूओ न खणाइं॥१४॥**

(अर्थ) આત્માને મરણનું તેડું આવે છે તે પાછું જતું નથી. મરણ સમયે જીવને ધર્મ યાદ આવે છે પણ [આગ લાગે ત્યારે] કૂવો ન ખોદાય. (૧૪)

**[मूल] धाड आवी रे जम तणी, थर थर धूजे जीव।**
**तिण वेलाइं खमावीइ, सुधि नही सदीव[१]॥१५॥**

(अर्थ) યમની ધાડ આવે ત્યારે જીવ થરથર ધ્રૂજે છે. તે સમયે પાપ ખમાવવાથી સદા શુદ્ધિ થતી નથી. (૧૫)

**[मूल] मांचाथी उतारीओ, धरती कीधो वास।**
**धर्म तो कीधो नही, जीवडो जाइ निरास॥१६॥**

(अर्थ) મરણ થતાં જીવને પલંગ પરથી ઉતારવામાં આવે છે, ધરતી પર સુવાડવામાં આવે છે. આમ જીવ ધર્મ કર્યા વિના નિરાશ થઇને પરલોકમાં જાય છે. (૧૬)

---

१ **शरीर** आ

**[मूल] धन मेल्यो रे आत्मा, कांइ न आव्यो साथ।**
**धर्म विहुणो चालीओ, भुइ पड्या बे हाथ॥१७॥**[1]

(अर्थ) મરણ પછી ધન અહીં જ રહી જાય છે. કોઈ સાથે આવતું નથી. ધર્મ કર્યા વગર જીવ ચાલ્યો જાય છે. તેના બન્ને હાથ હેઠા પડે છે. (૧૭)

**[मूल] जीवत्व ते मनुष्यनुं, जीव घात न करंत।**
**माया तृष्णाइं नड्यो, पापइ पेट भरंत॥१८॥**

(अर्थ) મનુષ્ય જીવ છે. જીવનો ઘાત નથી કરતો. માયા અને તૃષ્ણાથી ગ્રસ્ત પાપથી પેટ ભરે છે.(૧૮)

**[मूल] विषय कषाय मद परिहरि, राग द्वेष म म आणी।**
**प्राणी पराभवीइं नही, जिम जाईय निरवाणि॥१९॥**

(अर्थ) વિષય, કષાય, મદનો ત્યાગ કર. રાગ દ્વેષ નહીં કર. પ્રાણીનો પરાભવ

---

१ आ प्रतमां आ प्रमाणे अलग पाठ छे.

**[मूल] अरिहंत देव सुसाधु गुरु, धर्म ते दया विसाल।**
**मंत्र तो नवकारपद, अवर म झंखो आल॥१६॥**

(अर्थ) અરિહંત દેવ છે, સુસાધુ ગુરુ છે, દયા ધર્મ છે, મંત્રમાં શ્રેષ્ઠ નવકાર છે. બાકી બધી ખોટી જંજાળ છે (૧૬)

**[मूल] संतोषि सुखिओ रहे, सदा सुधारस लीन।**
**इंद्रादिक ते आगले, दीसइं दुखिया दीन॥१७॥**

(अर्थ) સંતોષી માણસ સુખી રહે છે. તે સદા સમતામાં મગ્ન હોય છે. તેની સામે ઇંદ્ર વગેરે દેવતાઓ પણ દુઃખી દીન લાગે છે. (૧૭)

**[मूल] परवसता पाछी वलि, गइं दीनता दूर।**
**आस पराइं जब तजी, जिउ झीले सुख पूर॥१८॥**

(अर्थ) પરવશતા પાછી વળી અર્થાત્ દૂર થઈ. દીનતા પણ દૂર થઈ જાય જ્યારે જીવ બીજા ની આશા છોડી દે છે ત્યારે સુખનાં સરોવરમાં સ્નાન કરે છે. (૧૮)

**[मूल] झूरीने झंखर थया, सुख मूके निसास।**
**कामि कामिनी पगि पडइं, आस करइं इम दास॥१९॥**

(अर्थ) આશા જીવને દાસ બનાવે છે. આશાને પરવશ જીવ નિર્બળ થાય છે. ભોગને કારણે નિસાસા મૂકે છે. કામની પરવશ જીવ સ્ત્રીને પગે પડે છે. (૧૯)

**[मूल] अगनि आपथी उपजे, तिसना आप ज लाय।**
**आपे आप विचारता, आप ही बुझाय॥२०॥**

(अर्थ) તૃષ્ણા રૂપી અગ્નિ મનમાં જ પેદા થાય છે અને મનને બાળે છે. આપણી જાતને સમજાવીએ તો તૃષ્ણા પોતાની મેળે શાંત થઈ જાય છે (૨૦)

नहीं કર. જેથી મોક્ષમાં જવાય.(૧૯)

[मूल] **धर्म करे जे आत्मा, ते जीव्युं प्रमाण।**
**धर्म विहूणा जे अछइ, तेहनो किस्युं वखाण॥२०॥**

(अर्थ) જે આત્મા ધર્મ કરે છે. તે જીવ્યું સાર્થક છે. જેઓ ધર્મ વગરના છે, તેના વખાણ શું કરવા?(૨૦)

[मूल] **लाख चउरासी घर वस्यो, वस्यो ते वार अनंत।**
**अनंत कुटुंब तें मेलीया, तोही न छुटो जंत॥२१॥**

(अर्थ) તું ચોર્યાસી લાખ (યોનિરૂપી) ઘરમાં વસ્યો. અનંત વાર વસ્યો. અનંત કુટુંબ બનાવ્યાં. તો પણ બંધનમાંથી છુટ્યો નહીં. (૨૧)

[मूल] **रात दिवस धंधो करे, मनमांहि नावे धर्म।**
**भुंइं उतार्यो जेतले, पछे खटके कर्म॥२२॥**

(अर्थ) રાત દિવસ ધંધો કરે છે. મનમાં ધર્મ આવતો નથી. જ્યારે (મર્યા પછી) જમીન પર ઉતાર્યા પછી કર્મો ખટકે છે. (૨૨)

[मूल] **जतन न कीधुं जीवनुं, धर्म न बांधी पाल।**
**खमाविहुणो तप करे, जम वारो गयो आलि॥२३॥**

(अर्थ) જીવની સંભાળ ન કરી. ધર્મની પાળ ન બાંધી. ક્ષમા વગરનું તપ કર્યું. જન્મ વ્યર્થ ગયો.(૨૩)

[मूल] **खमा आण रे आतमा, मन समरो नमकार।**
**सर्वभूतनइ हित करो, जिम पामो भवपार॥२४॥**

(अर्थ) હે આત્મા મનમાં ક્ષમા લાવ મનમાં નવકારનું સ્મરણ કર બધા જીવોનું હિત કર. જેથી ભવથી પાર પામે.(૨૪)

[मूल] **पाप करंता हरखीओ, धर्मे आलस थाइं।**
**समकित न धर्यो बापडा, मिथ्या ते भव जाइ॥२५॥**

(अर्थ) પાપ કરતા આનંદ પામ્યો ધર્મમાં આલસ કરી. સમકિત ધારણ ન કર્યું. બાપડા તારો ભવ નકામો જાય છે. (૨૫)

[मूल] **ते धन तें न मेलीउ, विणसे नही लगार।**
**विणसइ ते पोते कर्यो, किम उतरीइं पार॥२६॥**

(અર્થ) જે ધન નાશ ન પામે તે ધન તેં ન મેળવ્યું. જે ધન નાશ પામે છે તે પોતાનું કર્યું, ભવથી પાર કેમ ઉતરીશ? (૨૬)

[मूल] **तेडो आव्यो ते आतमा, जम बेइठो घरबारि।**
**पाछो वाल्यो नही वले, किम छूटस्यइ संसारि॥२७॥**

(અર્થ) હે આત્મા યમનું તેડું આવ્યું છે. ઘરની બહાર યમ બેઠો છે. તે પાછો વાળવાથી નહીં વળે સંસારથી કેવી રીતે છૂટીશ?(૨૭)

[मूल] **शास्त्र घणां तें सांभल्या, तप दया ते सार।**
**दया विहुणा बापडां, किम उतरस्यो भव पार॥२८॥**

(અર્થ) તે શાસ્ત્રો ઘણાં સાંભળ્યાં. તેમાં તપ અને દયા સાર છે. દયા વગરના બાપડા જીવો ભવનો પાર કેવી રીતે પામશો?(૨૮)

[मूल] **वसी वसी तुं उभगो, घर तणा नही पार।**
**अहिंसा विण छूटिस नही, रे बापडा गमार॥२९॥**

(અર્થ) તેં પાર વિનાનાં ઘર કર્યાં છે. તું ઘરમાં વસી વસીને ઉભગી ગયો છે. હે બાપડા ગમાર અહિંસા વગર છુટીશ નહીં.(૨૯)

[मूल] **रामा धन वलगी रह्यो, निस्सत ते कहेवाय।**
**आमिष मुक्यो पंखीए, पछइ ते सुखीओ थाय॥३०॥**

(અર્થ) જે સ્ત્રી અને ધનને વળગી રહ્યો છે તે નિઃસત્ત્વ કહેવાય છે. પંખી ચાંચમાંથી માંસનો ટૂકડો મુકી દે પછી સુખી થાય છે.(૩૦)

[मूल] **ब्रह्मदत्त वार्यो घणुं, चित्रे ते हित जोइ।**
**मुंकि भोग तुं बापडा, जिम अजरामर होइ॥३१॥**

(અર્થ) ચિત્ર મુનિએ હિત જોઇને (પૂર્વભવમાં) બ્રહ્મદત્તને ઘણું વાર્યો. હે બાપડા તું ભોગને મુક જેથી અજરામર થાય.(૩૧)

[मूल] **दुसमन ताहरा जे अछइ, पंजरमांहि वसंत।**

**ते तुं रूडा जालवे, जे(के)म तुं सुख लहंत॥३२॥**

(अर्थ) જે પિંજરામાં વસતા તારા દુશ્મન છે. તેને તું સારી રીતે સંભાળે છે. તું સુખ કેવી રીતે પામીશ?(૩૨)

[मूल] **उपर वाडे आतमा, झबके जमनो हाथ।**
**झटक देई ने झालस्ये, करने संबल साथ॥३३॥**

(अर्थ) આત્મા તારી ઉપર યમનો હાથ ઝબકે છે. તે ઝટ દઇને તને ઝાલશે. પરભવનું ભાથું સાથે રાખ.(૩૩)

[मूल] **प्राणी संभारे अवर तरण, दोहिलो भव मानुषी।**
**षट जीवोनें राखीनें, सीधा वली सीझसी॥३४॥**

(अर्थ) દુર્લભ એવા મનુષ્ય ભવમાં પ્રાણી બીજા તરણ યાદ કરે છે. છ જીવનિકાયની રક્ષા કરીને સિદ્ધ થયા છે અને સિદ્ધ થશે.(૩૪)

[मूल] **पाप करंता धन मिले, धन्ने धर्म न होइ।**
**धन थकी दुःख उपजे, हृदय विमासी जोय॥३५॥**

(अर्थ) ધન પાપ કરીને મળે છે. ધનથી જ ધર્મ થતો નથી. ધનથી દુઃખ ઉપજે છે. હૃદયમાં વિચારીને જો.(૩૫)

[मूल] **अंतकाल थयो आतमा, धर्म न लीधउ साथ।**
**पाप कर्या ते भोगवो, बाउल दीधी बाथ॥३६॥**

(अर्थ) હે આત્મા અંતકાલ થયો છે છતાં તેં ધર્મનો સાથ લીધો નહીં. પાપ કર્યાં તે ભોગવ, તેં બાવળને બાથ ભીડી છે.(૩૬)

[मूल] **चउद राज मांहि जीव छइ, ते तूं सूडे राखि।**
**जिणे राख्या ते मोक्ष गया, आगम दे छे साखी॥३७॥**

(अर्थ) ચૌદ રાજલોકમાં જીવ છે. તે જેણે જીવની રક્ષા કરી તે મોક્ષે ગયા. તેમાં આગમ સાક્ષી છે.(૩૭)

[मूल **जीवघात कीधी घणी, दया न आणी जेह।**
**पापइं बांध्यउ पोटलो, हीये खटके तेह॥३८॥**

(अर्थ) ઘણા જીવનો ઘાત કર્યો. મનમાં દયા ન આવી. પાપનું પોટલું બાંધ્યું. તે હૃદયમાં ખટકે છે.(૩૮)

[मूल] **काल्हा[1] कुशल न पूछीइ, आउखु वयउ जाय।**
**पलखंड तूटे आइना, कुशल ते किम कहिवाइ॥३९॥**

(अर्थ) ભોળા લોકો કુશલ પુછતાં નથી, આયુષ્ય વહી જાય છે. વીતેલી ક્ષણ પાછી આવતી નથી, તે કુશલ કેમ કહેવાય?(૩૯)

[मूल] **एके इंद्री मोकली, कष्टइ जाइ जीव।**
**जेहने पांचे मोकली, ते किम करीसी दीन॥४०॥**

(अर्थ) એક ઇંદ્રિય મોકળી (કાબુ વિનાની) હોય તો પણ જીવ કષ્ટ કરીને જાય છે. જેની પાંચે ઇંદ્રિય મોકળી હોય તે દીન શું કરશે?(૪૦)

[मूल] **धसमस करता जन्म गयो, नवि जाण्यो जिण धर्म।**
**काल अनंतो इम रल्यो, कहो किम छूटे कर्म॥४१॥**

(अर्थ) ધસમસ કરતાં જન્મ જતો રહ્યો. જિનધર્મ જાણ્યો નહીં. અનંત કાલ રખડ્યો કહો કર્મ કેવી રીતે છુટે?(૪૧)

[मूल] **सूतां पाछइ सांभर्यो, मइ नवी कीधउ धर्म।**
**जम तेडे रे जीतवा, करवा लागो सर्म॥४२॥**

(अर्थ) સૂતા પછી યાદ આવ્યું મેં ધર્મ નથી કર્યો. યમનું તેડુ આવ્યું ત્યારે જીતવા માટે શરમ કરવાં લાગ્યો(૪૨)

[मूल] **आवंता काइ न लावीओ, जाता लेई न जाय।**
**पाप करे जे आतमा, धोतां दोहिलुं थाय॥४३॥**

(अर्थ) આવતા કંઇ લાવ્યો નથી જતા કંઇ લઇ જતો નથી. આત્મા જે પાપ કરે છે. તે ધોવું અઘરું છે.(૪૩)

---

१ =(दे.काहल) भोळो

[मूल] **जीवण थोडे आत्मा, मांड्यो घणो व्यापार।**
**दया विहुणो बापडा, किम छूटीस गमार॥४४॥**

(अर्थ) આત્મા તેં થોડાં જીવનમાં ઘણો વ્યાપાર માંડ્યો છે. બાપડા ગમાર દયા વગરનો કેમ છુટીશ?(૪૪)

[मूल] **अखत्र[१] म करीस मानवी, जाणी साचो भेअ।**
**खास्ये सयल कुटंबडो, सहसे एकली देह॥४५॥**

(अर्थ) હે માનવી નિંદ્ય કામ નહીં કરીશ, સાચો ભેદ જાણ. તારું આખું કુટુંબ ખાશે, એકલો તારો દેહ સહન કરશે.(૪૫)

[मूल] **जीवडे जाते जोईओ, मूए आव्युं मुज भागी।**
**गाडुं भरीउ लाकडा, खोखरी हांडी आगी॥४६॥**

(अर्थ) હે જીવડા તું જાતે જો. મર્યા પછી તારા ભાગે ગાડું ભરીને લાકડાં અને આગળ ખોખરી હાંડી આવે છે. (૪૬)

[मूल] **दीहां जंति न वलंत ते, जिम गिरी निझरणाइं।**
**लहु अलगे जीव धर्म कर, सूवे निचंतो कांइ॥४७॥**

(अर्थ) જેમ પર્વતમાંથી નિકળેલું ઝરણું પાછું વળતું નથી. તે રીતે ગયેલા દિવસો પાછા આવતા નથી. હે જીવ જલ્દી ધર્મ કર નચિંત બનીને કેમ સૂતો છે.?(૪૭)

[मूल] **जीव कलेवर इम भणे, में हुं ते करी धर्म।**
**हुं माटी तुरयणमे, हार म मानुष जन्म॥४८॥**

(अर्थ) જીવનું કલેવર એમ કહે છે- હું છું ત્યાં સુધી ધર્મ કર. હું માટી છું, તું રત્ન છે. મનુષ્ય જન્મ હાર નહીં.(૪૮)

[मूल] **हाथ घसे भुंआ हणे, जीभइ ताला दीध।**
**मरण वेला कहे मानवी, हइ हइ धर्म न कीध॥४९॥**

(अर्थ) હાથ ઘસે છે, જમીન પટકે છે, જીભને તાળા આપી દીધા છે. મરણ સમયે માનવી કહે છે, હાય હાય ધર્મ ન કર્યો.(૪૯)

---

१ =निंद्य म.गु.को.

[मूल] गढ मढ मंदिर मालीआ, हस्ति घोडा साजण।
साथे कोइ न आवस्ये, मरण तणे आसन्न॥५०॥

(अर्थ) ગઢ, મઠ, મંદિર, માળિયા, હાથી, ઘોડા, સ્વજન, મરણ નજીક આવે ત્યારે કોઇ સાથે આવશે નહીં.(૫૦)

[मूल] पांचे इंद्रि वस करो, जीपो च्यार कषाइ।
जीवंतो जग जलहलइ, मूओ ते सदगति जाइ॥५१॥

(अर्थ) પાંચે ઇંદ્રિય વશ કરો, ચાર કષાય જીતો. (આમ કરનારો) જીવતાં જગમાં ઝળહળે છે, મરીને સદ્‌ગતિમાં જાય છે.(૫૧)

[मूल] धर्म करो रे मानवी, धर्मे सुख ज होइ।
धर्म विहूणा जीवडा, ते तुं रलता जोइ॥५२॥

(अर्थ) હે માનવી ધર્મ કરો. ધર્મમાં સુખ જ થાય છે. ધર્મવગરના જીવ તું રખડતા જુએ છે.(૫૨)

[मूल] मरण केरो कवण भय, जिण वाटे जगि जाय।
मन मेलो न संभले, तिण कारण डोलाय॥५३॥

(अर्थ) જે માર્ગે આખું જગત જાય છે તે મરણનો શું ભય? મેલું મન સંભાળાતું નથી તેને કારણે તું ડરે છે.(૫૩)

[मूल] अवगुण झंपे (छंडे)गुण स्तवे, बोलइ अमृत वाणी।
मनुष्य नही ते देवता, देवा केरी खाणी॥५४॥

(अर्थ) અવગુણને છોડે, ગુણને સ્તવે, અમૃત વાણી બોલે તે મનુષ્ય નહીં દેવતા છે. એજ ભગવાનની ખાણી છે.(૫૪)

[मूल] काया घणुं न पोसइ, जनम न गमीइं आल।
जीव सरीखो प्राहुणो, मिले न बीजी वार॥५५॥

(अर्थ) કાયાને ઘણી પોષવી નહીં. જનમને વ્યર્થ ગુમાવવો નહીં. જીવ જેવો મહેમાન બીજીવાર મળતો નથી.(૫૫)

**[मूल] जीव जतनसु धर्म करि, बीजे किणही म राचि।**
**परिग्रह पाडुओ[1] मिल्यो, धर्म सखाई सा साचि॥५६॥**

(અર્થ) જીવ ધર્મનું જતન કર. બીજે ક્યાંય રાગ નહીં કર.પરિગ્રહ ખરાબ મળ્યો છે. ધર્મજ સાચો મિત્ર છે.(૫૬)

**[मूल] सूरा रीणहिं ओससे, कायर पडइ पराणी।**
**धीर थई धर्म आदरो, तो जईय निरवाणी॥५७॥**

(અર્થ) શૂર લોકો થાકેલા પણ રણમાં જાય છે. કાયરને પરોણો[2] પડે છે. સ્થિર થઇને ધર્મ કરો. તો મોક્ષમાં જઇ શકાય.(૫૭)

**[मूल] देवल सूनो देव विना, मंदिर विण कमाड।**
**आत्मा सूनो वैराग विण, धर्म विना संसार॥५८॥**

(અર્થ) દેવ વિના મંદિર સુનું છે, મંદિર બારણાં વગર સુનું છે. વૈરાગ્ય વગર આત્મા સુનો છે, ધર્મ વિના સંસાર સુનો છે.(૫૮)

**[मूल] कोईरा मतिरंग भर, कई धन विवसाइ।**
**केइ कलह करंतडा, वरस वित्याण जाइ॥५९॥**

(અર્થ) કેટલાક લોકોનું જીવન રંગ રાગમાં જાય છે. કેટલાકનું જીવન ધનની વિવશતામાં જાય છે. કેટલાક લોકોનું જીવન ઝગડા કરવામાં પસાર થાય છે. કેટલાક લોકોનું જીવન એમ જ પસાર થાય છે.(૫૯)

**[मूल] साजण रूसो जण हसो, निंदो दुज्जण लोइ।**
**जिणवर धर्म करतडा, जिम भावइ तिम होइ॥६०॥**

(અર્થ) સ્વજનો રીસાઈ જાય, લોકો હસે, દુર્જન લોકો નિંદા કરે. જિનવરનો ધર્મ કરતાં લોકો જેમ ભાવે છે, તેમ કરે છે.(૬૦)

**[मूल] चेत सके तो चेतजो, जरा पहुती आइ।**
**दवाणे लागो जूपडो, कछु काढणो न जाइ॥६१॥**

---

१ =खराब

२ =બળદને હાંકવાની લાકડી

(અર્થ) હે આત્મા તું ચેતી જા. ઘડપણ આવે છે. ઝુંપડામાં દાવાનલ લાગે ત્યારે કંઇ કાઢી શકાતું નથી(૬૧)

**[मूल] पाप बले जलफलइ, धर्मे टाढी देह।**
**आपण पासे चोरडी, कहि किम सीखी देह॥६२॥**

(અર્થ) પાપમાં ઘણું બળે છે, ધર્મમાં દેહ ઠંડો છે. દુકાન પાસે ચોર છે, કહો શીખ કેવી રીતે આપવી ?(૬૨)

**[मूल] कुगुरू तणे उपदेशडे, खिण इक धर्म न होइ।**
**घणो उदक विलोइये, करचोपडा न होइ॥६३॥**

(અર્થ) કુગુરુના ઉપદેશથી એકક્ષણ પણ ધર્મ થતો નથી. ઘણું બધું પાણી વલોવવાથી હાથ ભીના થતાં નથી.(૬૩)

**[मूल] भारी करमी जीवडा, जो बुझे बुझ।**
**खास्ये सहु कुटंबडो, माथे पडेस्ये तुज॥६४॥**

(અર્થ) હે ભારેકર્મી જીવ સમજી શકે તો સમજ. સહુ કુટુંબ ખાશે. પાપ તારા માથે આવશે.(૬૪)

**[मूल] आपसवारथ सहु मिल्युं, नही कोइ केहनो होइ।**
**काज न पहुचे आपणे, तव ते वइरी होइ॥६५॥**

(અર્થ) બધા પોતાના સ્વાર્થ માટે મળ્યા છે, કોઇ કોઇનું નથી. પોતાનું કામ ન થતું હોય તો ત્યારે તે વૈરી થાય છે.(૬૫)

**[मूल] नारी म राचिस प्राणीआ, नारी नरगनी वेलि।**
**जो सुख वांछे जीवने, तो नारी परही मेल्हि॥६६॥**

(અર્થ) હે પ્રાણી તું નારીમાં રાચીશ નહીં, નારી નરકની વેલ છે. જો જીવનમાં સુખ ઇચ્છે છે, તો નારીને દૂર રાખ.(૬૬)

**[मूल] पाप सरीसी प्रितडी, लोभ सरीसो नेह।**
**धर्म सरीसो रूसणो, दुर्गति नही संदेह॥६७॥**

(અર્થ) પાપ સાથે પ્રેમ, લોભ સાથે સ્નેહ, ધર્મ સાથે રીસા હોય તો દુર્ગતિ થાય છે તેમાં સંદેહ નથી(૬૭)

**[मूल] हिंसा दुखनी वेलडी, हिंसा दुखनी खाण।**
**काल अनंतो जीव रूल्यो, हिंसा तणे प्रमाणि॥६८॥**

(અર્થ) હિંસા દુખની વેલ છે, હિંસા દુખની ખાણ છે. હિંસાને કારણે અનંત કાળ જીવ રખડ્યો છે.(૬૮)

**[मूल] दया सुखनी वेलडी, दया सुखनी खाणि।**
**जीव अनंत मुगते गया, दया तणे प्रमाणि॥६९॥**

(અર્થ) દયા સુખની વેલડી છે, દયા સુખની ખાણ છે. દયાના કારણે અનંતા જીવો મોક્ષમાં ગયાં છે.(૬૯)

**॥इति दुहा संपूर्णः॥**

આ પ્રમાણે દુહા સંપૂર્ણ થયાં.

(२)

मुनिश्रीरंगकुशलरचित

# ॥आत्मसंबोधन-मनःसारसगीत॥

# સંપાદકીય

## આત્મસંબોધન-મનઃસારસગીત

આ કૃતિમાં આત્માને હંસની ઉપમા આપવામાં આવી છે અને તેના પરિવેષને અન્ય અનુકૂળ ઉપમાઓ આપીને આધ્યાત્મિક અર્થઘટન કરવામાં આવ્યું છે. આ રચનામાં કવિ પોતે જ પોતાના આત્માને સમજાવે છે.

આત્મા તું હંસણી છે. તારી પાપ અને પુણ્ય એ બે પાંખો છે. તારો પ્રીતમ હંસ છે તેની સાથે કપટ કરતી નહીં. તારો એક દોષ છે તને વારંવાર રસ્તા બદલવાની ટેવ છે. તારી પાસે એક બિલાડી રહે છે (?) તેનાથી સાવધ રહેજે. તારી બે પત્ની છે પ્રવૃત્તિ અને નિવૃત્તિ. તારી આસપાસ એક કૂતરો પણ ફરે છે. તું ભોળી થઇને તેનો વિશ્વાસ કરીશ નહીં. જેમ સાપને જોઇને દેડકો દૂરથી ભાગી જાય તેમ તું દૂર જતી રહેજે.

તું જે સરોવરમાં રહે છે તેના નવ ઘાટ છે. શરીર સરોવર છે તેમાં નવ છિદ્રો છે. (બે કાન, બે આંખ, બે નાક, મુખ, જનનેંદ્રિય અને ગુદા) તે શરીરમાં પાંચ ઇંદ્રિયરૂપી પનિહારીઓ વિષયરૂપી પાણી ભરે છે. તેની સામે જોઇશ નહીં. તેની ઉપર રાગ કરીશ નહીં.

સરોવરની વાટ પર તેર ચોર છે. (આળસ, મોહ, અવજ્ઞા, સ્તબ્ધતા, ક્રોધ, પ્રમાદ, કૃપણતા,ભય, શોક, અજ્ઞાન, વ્યાક્ષેપ, કુતૂહલ, રમણતારૂપ તેર કાઠિયા) તેમને આવતા રોકજે.

તારામાં હંસના ગુણ છે તે યાદ કરજે. તે એવા મિત્ર બનાવ્યા છે જે તને સાચી સલાહ આપતા નથી. તું જો નહીં ચેતે તો તે દુશ્મન તને દુર્ગતિમાં લઇ જશે.

ત્યાં એક શિકારી છે (મોહ) તેણે આઠ ફંદા (જાળ) બિછાવ્યા છે. તેમાં તું ફસાઇ ગઇ છે. મોહકુટુંબને વશ પડીને તું હિંસા કરે છે. તારાં કરેલા પાપ તને નડવાના છે.

હવે તને ગુરુનો યોગ મળ્યો છે તેની શિખામણ સાંભળ. જૂનાં પાપની આલોચના કર અને નવાં પાપોનો ત્યાગ કર.

તારા માલિક જિનેશ્વર ભગવાન છે. તેમની સેવા કર. તને મોક્ષના અનંત સુખ મળશે.

આની હસ્તપ્રત **શ્રી ગુજરાતી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ હસ્તલિખિત ભંડાર, કેનીંગ સ્ટ્રીટ, કોલકાતા**માં છે. ક્રમાંક ડાબડા ૧૬/ પ્રત ૯૯૫ તેનું ૧ પત્ર છે. એક પત્રમાં ૧૪ પંક્તિઓ છે અને એક પંક્તિમાં ૩૫ અક્ષરો છે. તે **સુ. બાબુભાઈ સરેમલ** દ્વારા પ્રાપ્ત થઇ છે. અક્ષર મોટા સુવાચ્ય છે. ભલેમીંડુ, દંડ, હાંસિયા લાલ સાહીથી દોર્યા છે. હાંસિયાની લાઇન ઘેરા લાલ રંગની છે.

કૃતિમાં તુતઉ, તિતવઉ, તિતયઉ, તુતયઉ વગેરે તું અર્થ દર્શાવે છે. ભાષા સરળ છે.

કર્તા ખરતરગચ્છના આચાર્ય શ્રી જિનચંદ્રસૂરિ મ.ની પરંપરામાં થયેલા કનકસોમગણિના **રંગકુશલ** નામક શિષ્ય છે. તેમનો સમય વિક્રમની સત્તરમી સદી છે. તેમની અન્ય ચાર કૃતિઓ મળે છે.

૧) **અમરસેન વયરસેન પ્રબંધ** (રચના વિ. સં. ૧૬૪૪, ઇ. ૧૫૮૮) અષાઢ સુદ સંગ્રામમાં

૨) **સ્થૂલભદ્રરાસ** (સિયલ વિષયે) રચના એ જ કડી - ૪૮

૩) **મહાવીર સત્તાવીસ ભવ સ્તવન** (રચના વિ. સં. ૧૬૭૦, ઇ. ૧૬૧૪) જેઠ વદ ૧૩

ગુરુપરંપરા - જિનભદ્રસૂરિ → પદ્મમેરુ ઉપા. → મતિવર્ધન → મેરુતિલક → દયાકલશ → અમરમાણિક્ય → કનકસોમ. તેમના ગુરુ પણ કવિ હતા તેમની ૮ રચના મળે છે.

**અમરસેન વયરસેન પ્રબંધ**ની પ્રશસ્તિ આ પ્રમાણે છે

**અંત** —

સંવત સોલ વરસિ ચમાલઇ,

એહ સંબંધ રચ્યઉ સુરસાલઇ

માસિ આસાઢઇ પખિ ઉજવાલઇ,

પુરિ સંગ્રામ નગર સુવિસાલઇ.

સિરિ ખતરગચ્છિ બહુ સનિમાનઇ,

શ્રી **જિનચંદ્ર** રાજિ પ્રધાનઇ,
શ્રી **જિનભદ્રસૂરિ** સંતાનઇ,

શ્રી **પદ્મમેરુ** વાચક માનઇ.
તાસુ સીસ **મતિવર્દ્ધન** રાજઇ,
**મેરૂતિલક દયાકલશ** નિવાજઇ.
**અમરમાણિક** વાચક વર સીસ,
**કનકસોમગણિ** લહઇ જગીસ.

તાસુ સીસ એ રચ્યઉ ચરિત,
**રંગકુશલ** કહિ પુણ્યપવિત.
(એહ) સંબંધ કવ્યઉ ઉદાર,
પઠત સુણત આણંદ અપાર[1].

- સા.શ્રી જિનરત્નાશ્રીજી મ.ના
શિષ્યા સા. **મધુરહંસાશ્રી**

૧ જૈન ગુર્જર કવિઓ ભાગ-૨. પત્ર-૨૩૧-૨૩૨

रंगकुसलमुनिरचित

## ॥आत्मसंबोधन मनःसारसगीत॥

(राग सोरठी, मन सारस रे)

तुतउ सुंदर चतुर सुजाण, तनु सरवरि वरि रमइ।
तेरइ पापपुण्य परमाणि, पंखि वसइ जगमइ भमइ॥१॥

तेरइ प्रीतम छइ अतिहंस, तिन्हस्यु कूड रखे करइ।
तुम्ह दोस अछइ इकवंसि, खिणि खिणि दुइ मारगि फिरइ॥२॥

तेरइ पासि वसइ मंजारि, सावधान तिन्हथी रहे।
तेरइ दोइअ छइ वरनारि, निवृति प्रवृति नामइ कहे॥३॥

तेरइ पासइ कुकर एक, भोलपणइ मत वीससे।
गीडुक सरप संजोग, तिहथी अलगउ नीकसे॥४॥

उस सरवरके नव घाट, पणिहारी पंचे भरइ।
नयणि न निरखे रूप, राग तिन्हास्यु परिहरइ॥५॥

तिणि वाटइ तेरह चोर, आवतहि तु वारिजे।
तइ तउ हंसतणा गुण लेइ, तिह तु जाइ संभारिजे॥६॥

तइतउ किधी तेवी समीत, तिणि वसि तु चेतइ नहि।
वइ तउ वइरीयडा छइ अंति, ले जाइस्यइ दुरगति सही॥७॥

तु तउ धीवरडउ छइ आप, आठ फंदनइ मंडिया।
तइतउ बांध्यउ हंस सुमीत, मित्रद्रोहि नइ भंडिया॥८॥

तुतउ हिंसा करइ अबीह, मोह[१]कुटुंब वसइ चड्यउ।
मन तेरा कीया पाप, तिणि वसि हंस घणु नड्यउ॥९॥

हिव मिलीयउ गुरुसंजोग, तिणि वीसा(सिखा)मणि मनि धरे।
तु ले आलोयण आप, पाप सवे निज परिहरे॥१०॥

---

१ पत्र-१अ

तेरउ ठाकुर छइ जिनराज, तिणिकी सेवा नितु करे।
तेरउ हंस लहइ सिवराज, सि[ख] अनंता तु वरे॥११॥

श्रीकनकसोम गुरु सीस, **रंगकुसलमुनि** इम भणइ।
नरनारी लहइ जगीस, भाव धरी हरखइ घणइ॥१२॥

**॥इत्यात्मसंबोधन-मनःसारसगीतं॥**

(३)

श्रीयोगींदुदेवरचित

# ॥आत्मप्रतिबोधदोहा॥

(सह टबा)

# સંપાદકીય

## સંપાદન વિષય

આત્મપ્રતિબોધ દુહા એ યોગીંદુદેવની ઉપદેશાત્મક કૃતિ છે. આ કૃતિમાં નિશ્ચયનયની દૃષ્ટિને પ્રધાન રાખીને આત્માના સાક્ષાત્કારનો ઉપદેશ આપવામાં આવ્યો છે. કૃતિ અપભ્રંશ ભાષામાં છે. તેનું કથયિતવ્ય સ્પષ્ટ અને સચોટ છે. ભાષા સરળ છે.

## સંપાદન પ્રયોજન

આચાર્ય યોગીન્દુ દેવ રચિત જોગસારુ(યોગસાર)ના ૧૦૮ દુહા પ્રકાશિત થયેલાં છે.[૧] તેમ છતાં અહીં આ કૃતિને સંપાદન કરવા પાછળનો હેતુ એ કે અહીં આપવામાં આવેલી કૃતિ બાલવબોધ સાથેની છે. બાલાવબોધનું પ્રકાશન કરવાથી વાચક વર્ગને યોગ વિશેનું વિશેષ જ્ઞાન મળે તે માટે આ કૃતિને સંપાદિત કરવામાં આવે છે.

## કૃતિ પરિચય

યોગીન્દુ દેવની કાવ્ય રચના ખૂબ જ મનોહર છે. જેવી રીતે ગાગરમાં સાગર હોય તેમ તેમણે અહીં ૧૦૮ દુહામાં જિનવાણીના ગૂઢ અને ગંભીર ભાવોને સરળ શબ્દોમાં પ્રસ્તુત કર્યા છે. અહીં આપવામાં આવેલા દુહાનો મુખ્ય વિષય યોગ છે. આજનાં યુગમાં 'યોગ' નું મહત્વ ખૂબ વધવા લાગ્યું છે. અહીં યોગ વિષયનું એટલું ગહન ચિંતન કર્યું છે કે આવું યોગ વિશેનું ચિંતન અન્યત્ર મળવું મુશ્કેલ છે. કૃતિની ભાષા તો અપભ્રંશ છે પણ આપણી હિંદી ભાષાને ખૂબ જ મળે છે. તેથી સમજવી સહેલી છે.

## કર્તા પરિચય

જોઇન્દુ જેવા મહાન અધ્યાત્મવેત્તાના જીવનસંબંધી વિશેષ માહિતી મળતી

૧ સં. ડો. વીરસાગર જૈન પ્રકાશક પંડિત ટોડરમલ સ્મારક ટ્રસ્ટ, જયપુર

નથી. તત્ત્વાર્થટીકાના કર્તા આ.શ્રી શ્રુતસાગરસૂરિ તેમને 'ભટ્ટારક' કહે છે. આ શબ્દને આદરસૂચક માનવો જોઇએ. તેમના ગ્રંથોમાં પણ જીવન તેમજ સ્થાન વિશે કોઇ માહિતી પ્રાપ્ત થતી નથી. તેઓશ્રીની રચનાઓ તેઓને આધ્યાત્મિક રાજ્યના સિંહાસન પર વિરાજમાન એક શક્તિશાળી આત્માનાં રૂપમાં ચિત્રિત કરે છે. 'પરમાત્મપ્રકાશ'માં તેમનું નામ જોઇન્દુ(યોગીન્દુ) મળે છે. દિગંબર વિદ્વાન્ શ્રી જયસેન 'तथा योगीन्द्रदेवैरप्युक्तम्' આવું કહીને પરમાત્મપ્રકાશમાંથી એક વાક્ય ઉદ્ધૃત કરે છે. અન્ય દિગંબર વિદ્વાન્ શ્રી બ્રહ્મદેવે અનેક સ્થળો પર ગ્રંથકારનું નામ યોગીન્દ્ર લખ્યું છે. 'योगीन्द्रदेवनाम्ना भट्टारकेण' આવું કહીને તેઓ એક પદ્ય ઉદ્ધૃત કરે છે. ઘણી પ્રતોમાં યોગીંદ્ર પણ મળે છે. આ પ્રમાણે તેઓના નામનું સંસ્કૃતરૂપ યોગીન્દ્ર વધારે પ્રખ્યાત રહ્યું છે. શબ્દો અને ભાવની સમાનતાના કારણે 'યોગસાર' પણ તેમની રચના માનવામાં આવે છે. 'યોગસાર' ના અંતિમ પદ્યમાં ગ્રંથકારનું નામ જોગીચંદ્ર લખ્યું છે. પણ આ નામ યોગીન્દ્રને મળતું નથી. એટલે યોગીન્દ્રના સ્થાને યોગીન્દુ પાઠ હોવો જોઇએ. જે યોગીચંદ્રનો સમાનાર્થક છે. આવા અનેક ઉદાહરણો છે કે ઇંદુ અને ચંદ્ર પરસ્પર બદલી નાખ્યા છે. જેમ કે ભાગેંદુ = ભાગચંદ્ર, શુભેંદુ = શુભચંદ્ર વગેરે. ભૂલથી જોઇંદુનું સંસ્કૃતરૂપ યોગીન્દ્ર માની લીધું હશે અને પ્રચલિત થઇ ગયું હશે. ઘણા બધા પ્રાકૃત શબ્દો એવા છે કે જે અલગ અલગ લેખકો દ્વારા સંસ્કૃતરૂપોમાં પરિવર્તિત થયેલા જોવા મળે છે. 'યોગસાર'ના સંપાદકે આ ભૂલનો નિર્દેશ કર્યો હતો પણ તેઓએ બંને નામોને સરખાવીને એક ત્રીજું નામ આપી દીધુ 'યોગીન્દ્રચંદ્ર'. આ બધી ચર્ચાઓ પરથી એમ ફલિત થાય છે કે તેઓનું નામ જોઇન્દુ = યોગીન્દુ યોગ્ય લાગે છે.

નીચે આપેલી રચનાઓ પરંપરાથી યોગીન્દુની રચનાઓ માનવામાં આવે છે.

૧) પરમાત્મપ્રકાશ (અપ.) ૨) નૌકારશ્રાવકાચાર (અપ.) ૩) યોગસાર (અપ.) ૪) અધ્યાત્મસંદોહ (સં.) ૫) સુભાષિતતંત્ર (સં.) અને ૬) તત્ત્વાર્થટીકા (સં.)

આ ઉપરાંત પણ તેમનાં નામે બીજા ત્રણ ગ્રંથો પણ છે. ૧) દોહાપાહુડ (અપ.) ૨) અમૃતાશીતિ (સં.) ૩) નિજાત્માષ્ટક (પ્રા.)[1]

---

૧ -પરમાત્મપ્રકાશ અને યોગસાર, સં. આ.ને. ઉપાધ્યે, પ્ર. પરમ શ્રુત પ્રભાવક મંડળ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, આ. ૬, સં.૨૦૫૬

આચાર્ય યોગીન્દુનો અપભ્રંશ ભાષા પર અપૂર્વ અધિકાર છે. તેઓ દ્વિતીય શ્રુતસ્કન્ધની પરંપરામાં શુદ્ધ અધ્યાત્મનો ઉપદેશ કરનાર કુંદકુંદ આચાર્યના પરવર્તી અધ્યાત્મ કવિ છે. 'પરમાત્મપ્રકાશ' (પરમપ્પયાસુ) અને યોગસાર (યોગસારુ) તેમની પ્રસિદ્ધ રચનાઓ છે. તેમની રચનાઓમાં આત્માનુભૂતિ વ્યાપ્ત છે. તેમણે બહિરાત્માથી પરમાત્મા બનવા માટેનું કાવ્યમય વર્ણન તેમની કૃતિઓમાં કર્યું છે. તેમની રહસ્યમય રચનાઓનો પ્રભાવ પરવર્તી અપભ્રંશ કવિઓ પર અને હિન્દીના સંત કવિઓ પર પડેલો છે. યોગીન્દુનો આત્મવિષયક સાર્વકાલિક અને સાર્વભૌમિક છે. ભૌતિકતાથી ઉત્પન્ન થયેલા સંઘર્ષોથી ભરેલા આજના માનવીય જીવન માટે ખૂબ જ ઉપયોગી છે.તેઓની આ વિશેષતાના કારણે તેમને લોકદર્શી પરંપરાના સંદેશવાહક પણ કહી શકાય. પોતાના વિચારોને સરળ રીતે રજૂ કર્યા છે.[૧]

## પ્રતમાહિતી

આ કૃતિની હસ્તપ્રત **શ્રી વર્ધમાન જૈન આગમ તીર્થ જ્ઞાનભંડાર, પુણે**ની છે. તેનો ક્રમાંક ૫૧૮ છે. પ્રત કાગળ ઉપર લખાયેલી છે. પ્રતનું માપ નથી આપ્યું, કારણ કે અમારી પાસે મૃદુપ્રત જ (soft copies) ઉપલબ્ધ છે. કૃતિની પત્ર સંખ્યા ૩૭ છે પ્રતની લિપિ પ્રાચીન દેવનાગરી છે. બાલાવબોધ પણ સાથે આપેલ છે. એક પત્ર પર મૂલની બે બે પંક્તિઓ છે જ્યારે બાલાવબોધની આઠ પંક્તિઓ છે આમ એક પત્ર પર કુલ દશ પંક્તિ છે. મૂલની પંક્તિમાં ૨૮ અક્ષરો છે અને બાલાવબોધમાં ૩૬ અક્ષરો છે પ્રતનો લેખન સમય મળતો નથી. પ્રત સુવાચ્ય અક્ષરોમાં લખાયેલી છે. મંગલવાક્ય श्रीजिनाय नमःથી કૃતિની શરુઆત કરી છે. આ પ્રત પૂજ્ય આચાર્યદેવ શ્રી **હર્ષસાગરસૂરિજી** મ.ની પ્રેરણાથી પ્રાપ્ત થઈ છે.

## સંપાદનપદ્ધતિ

પ્રસ્તુત પ્રતમાં દુહા ૧૦૭ છે પરંતુ યોગસારની મુદ્રિત પુસ્તક સાથે સરખામણી કરીને તેમાંથી છેલ્લો દુહો અહીં ઉમેરવામાં આવ્યો છે.

પ્રસ્તુત સંપાદનમાં સંભવિત પાઠને भाव्यम् કરીને ટિપ્પણીમાં બતાવેલ છે.

---

૧ -પ્રો. પ્રવીણચંદ જૈન 'જૈનવિદ્યા' યોગીન્દુ વિશેષાંક, પૃષ્ઠ-૬

શંકાસ્પદ પાઠને (?) ચિહ્ન કરીને મૂકવામાં આવેલ છે. શબ્દ કે અક્ષરને ઉમેરવા માટે [ ] કૌંસ નો ઉપયોગ કર્યો છે.

સંપાદન માટે પરમાત્મપ્રકાશ-યોગસાર (સં. આ.ને. ઉપાધ્યે, પ્ર. પરમ શ્રુત પ્રભાવક મંડળ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, આ. ૬, સં.૨૦૫૬) નો આધાર લીધો છે. આ પુસ્તકમાં મુદ્રિત યોગસાર સાથે પ્રતની સરખામણી કરતા જે પાઠભેદ જોવા મળ્યા છે તે ટિપ્પણીમાં આપ્યા છે.

**ભૂપત વંશ**

(સહાયક સંપાદક)

योगींद्रदेवमुनिरचित

## ॥आत्मप्रतिबोधदोहा॥

(सह टबा)

**[मूल]** **निम्मल[१]-ज्झाण-पर[२]ट्ठिआ, कम्म-कलंक डहेवि।**
**अप्पा लद्धउ जेण परु, ते परमप्प णवेवि॥१॥**

[टबा] निरमल[३] ध्यांननइ विषइ स्थिर थईनइ कर्मरूप जे कलंक मइल तेहनइ ध्यांनरूप अग्नइ दहीनइ बालीनइ जेणइ परमातमा लाधउ कहइतां आत्मानुं स्वरूप प्रत्यक्ष अनुभव्युं छइ तेह परमातमा। ते परमेस्वरनइं प्रणांम नमस्कार करीनइं आतमा प्रतिबोधनइ अर्थइं दोहा कहिस्युं॥१॥

**[मूल]** **घाइ चउक्कह किउ विलउ, णंतचउक्क पदिट्ठु।**
**ताह[४] जिणइंदह पय णविवि, अक्खमि कव्वु सु[इ]ट्ठु॥२॥**

[टबा] पहिलइं दूहइं सिद्धनइं नमस्कार कर्यो। हवे अरिहंतनइं नमस्कार करइ छइ। केहवा छै अरिहंत?

घातीयां च्यार कर्म ज्ञानावरणी, दर्शनावरणी, मोहनी, अंतराय च्यारनुं नाश कीधुं छइं। ते घातीयां च्यार कर्मनइं नाशि करी अनंत चतुष्टय जेहनइं प्रगट थया छइं। अनंतज्ञान, दर्शन, सुख नि वीर्य ते जिन कह्या। देश थकी रागद्वेषना जीपणहार एहवा जे गणधरादि ते मध्ये इन्द्रसमान ज्ञानादिक गुणनी प्रभूता धरता एहवा परमेश्वरनइं नमस्कार करीनइं अक्खमि कहतां कहिस्युं। आत्मानि प्रतिबोधार्थ अथवा परनि प्रतिबोधार्थइं इष्टकाव्य भलु उपदेश आत्माहितरूप कहिस्युं॥२॥

**[मूल]** **संसारहं भयभीतहं, मोक्खहं लालस[५]याहं।**
**अप्पा कयइ संबोहण, कयहं दोहा एकमणाहं॥३॥**

---

१ प्रतिलेखक आदिपुष्पिका मूल— श्री जिनाय नमः।

२ **थिर** इति भाव्यम्?

३ प्रतिलेखक आदिपुष्पिका टबा—अर्हं नमः॥ श्री शारदायै नमः॥ श्री वीतरागाय नमः॥

४ तह - योगसारु

५ लालसिया - योगसारु

[टबा] हविं अनंत सिद्धपरमेश्वरनिं नमस्कार करीनइं श्रीयोगेंद्रदेवमुनि कहे छे— हुं संसारना भय थकी बीहनउ छइ। आत्मा मुझनिं मुक्तिनी पुण इच्छा च्छइ (छइ)। एतलइं एकदेश शुद्धात्मस्वरूपनें अनुभवैं करी सकल परवस्तु थकी अलधु(गु) हवउ छइ। अनादि कर्मसंयोग थकी उपनु जे रागद्वेषरूप मोहरूप विभाव परिणांम तेणइ परणम्यो एहवो जे निज पोतानौ आतमा तेहनइ प्रतिबोधवानइ अर्थइ दोहा नामाच्छंदइ आत्मानइ उपदेस करस्यौ॥३॥

**[मूल] कालु अणाइ अणाइ जीउ, भवसायरजि अणंतो।**
**मिच्छादंसणमोहियउ, णवि सुह दुक्ख जि पत्तु॥४॥**

[टबा] कालद्रव्य ते अनादि अनंत छि, नित्य अविनाशी छैं। जीवद्रव्य पुण अनादि अनंत छइ, नित्य अविनाशीक छइ। भव कहतां संसारी जीवनइं रहिवानु क्षेत्र ते भव संसाररूप समुद्र ते पण अनंत छइ। एतलइ संसारसागर पण शास्वतउ छइ। मिथ्यादर्शनइं अनादिमोह्यु सम्यक्त्वरहित एहवइ माहरइ आत्माइं संसारमाहइं भमतां थका किहांएक सुखानुभव थयउं आत्मिक सुख अनुभव्युं नही। तो स्युं थयो? केवल दुक्ख ज पांम्यउं॥४॥

**[मूल] जइ बीहउ चउ-गइ गमणा, तौ परभाव चएवि।**
**अप्पा ज्झायहि णिम्मलउ, जिम शिवसुक्ख लहेवि॥५॥**

[टबा] आत्मानइं सीख दीइ छइ। हे आत्मन्! अहो जीव! जो तु च्यारे गतिमांहइ जाइवा-आविवा थकी बीहइ छइ तौ तूं परभाव कहइतां राग-द्वेष-मोह-तेहनउ त्याग करीनइ अप्पा कहइतां आतमा निर्मल कर्मकलंक रहित एहवुं ध्यान करइ। जिम तूं निरुपद्रव उपद्रवरहित मुक्तिनां सुख पांमइ॥५॥

**[मूल] ति-पयारो अप्पा मुणहि, परु-अंतरु-बहिरप्पु।**
**पर जायहि अंतर सहिउ, बाहिर चयहि णिभ(भं)तु[१]॥६॥**

[टबा] आत्मा तीन प्रकार छइ नयभेदइं करी सकल आत्मानइं विषइ तीन तीन प्रकार छइ। ते तीन प्रकार कहइ छइं—एक परमात्मा, एक अंतरात्मा, एक बहिरात्मा तीन प्रकार आत्माना छइ। जहिवि कहि छइं— अहो जीव!

---
१ = निर्भ्रांत

तूं परमात्मानुं ध्यांन करि अंतरात्माना स्वरूपसहित थकु एतलि ध्याननु करणहार ते अंतरात्मा, ध्यायवा योग्य ते परमात्मा। अनइ बहिरात्मानौ त्याग करि भ्रांतिरहित थकु ते तीन प्रकार आत्मानुं स्वरूप आगलि अनुंक्रमइ करीनइ कहइ छइ॥६॥

[मूल] **मिच्छा-दंसण-मोहियउं, परु अप्पणो[1] मुणेइ।**
**सो बहिरप्पा जिणं भणिउं, पुण संसार भमेइ॥७॥**

[टबा] मिथ्यादर्शनइं मोह्युं केवल मिथ्यात्वप्रकृतिनु वेदणहार एहवु मिथ्यात्वी जीव परवस्तुनइं आपणी करी जांणि। परभावनइं आतमभाव करी जाणइ। सो कहितां ते बहिरात्मा, जिनेश्वरे कह्युं। एतलइ मिथ्यादृष्टी जीव ते बहिरातमा जाणवउ। ते बहिरात्मा संसारनइ विषइ भमइ। एतलइ मिथ्यात्व१ सास्वादन२ मिश्र३ गुणस्थानवर्त्ती बहिरातमा॥७॥

[मूल] **जो परिआणइ अप्प परु, जो परभाव चएइ।**
**सो पिंडउ[2] अप्पा मुणह, सो संसार मुएइ॥८॥**

[टबा] जे जीव आत्मानुं स्वरूप जांणइ अनइ आत्मान थकी बीजा जे पांच द्रव्य तेहनउं पुण स्वरूप जाणइ। अनइं जे परभाव राग-द्वेष-मोहरूप तेहनउ त्याग करइ ते पंडितात्मा अंतरात्मा जाणवो। एतले चोथो गुणठाणु आदि देई बारमागुणठांणा लगइ वर्त्तता ते अंतरात्मा जाणवा। ते अंतरात्मा जीव संसारसागरसमुद्र ते थकी मूंकाइ॥८॥

[मूल] **णिम्मलु णिक्कलु शुद्धु जिणु, विण्हु बुद्धु सिव संतु।**
**सो परमप्पा जिण भणिउ, एहउ जाणि णिभंतु॥९॥**

[टबा] निर्मल कर्मकलंकरहित निकल अकल स्वरूप शुद्ध निज स्वरूपिं विराजित जिन कहतां रागादिभावना जीपणहार विण्हु क० व्यापक आपणें ज्ञानादिगुणइं करी लोकालोकनइ व्यापी रहौ। बुद्ध क० परसहायरहित ज्ञांनना धरणहार। शिव क०निरुपद्रव। संत विद्यमांन नित्य एहवु आत्मानु

---

१ अप्पा ण - योगसारु

२ पंडिउ - योगसारु

स्वरूप ते परमात्मा कहीइ। जिनेस्वरिं एहवउ परमात्मानुं स्वरूप कहउं। अहो जीव! ए परमात्मस्वरूप भ्रांतिभावरहित थकु तु जाणि॥९॥

[मूल] **देहादिक जो परि कहिया, [ते][1] णं अप्पाणु मुणेइ।**
**सो बहिरप्पा जिण भणिउ, पुणु संसारु भमेइ॥१०॥**

[टबा] देहादिक जे परवस्तु द्रव्यकर्म, भावकर्म, नोकर्म। द्रव्यकर्म कार्मणशरीर, भावकर्म ते राग-द्वेष-मोह,नु(नो)कर्म ते औदारिकादि शरीर ए परवस्तु, णं कहइतां वाक्यालंकार, आत्मस्वरूप करी जाणइ। सो कहइतां ते जिनेश्वरइ बहिरात्मा कहिउ। मिथ्यादृष्टी(ष्टि) जीव ते बहिरात्मा जीव संसारचक्रमांहइं भमइं मुगति न पामइ॥१०॥

[मूल] **देहादिक जे परि कहिया, ते अप्पणा ण होहि।**
**इउ जाणेपिणु जीव! तुहु, अप्पा अप्प मुणेहिं॥११॥**

[टबा] देहादिक जें पौद्गलिक भाव ते परभाव जांणवउ। ते परभाव ते आत्मसंबंधीभाव न होइ। इम जांणीनइं अहोजीव! तूं आत्मानइं करीनइं आत्मानइ जाणइ इंद्रियज्ञानइं करी अतींद्री(द्रि)य आत्मादिक पदार्थ देखइ नहीं॥११॥

[मूल] **अप्पा अप्पउ जइ मुणिहिं, तो णिव्वाणु लहेहिं।**
**पर अप्पा जइ मुणिहिं तुहु, तो संसारु मुवेहिं[2]॥१२॥**

[टबा] आत्मानों ज्ञाननइं आत्मा ते एक छे। गुणनइ गुणीनुं अभेद जाणवौ ते माटइ जु आत्माइं करी आत्मानइ जांणइ। अथवा बीजौ अर्थ जो तूं आत्मद्रव्यनइं आत्मा जाणइ तो निर्वाहा(ण) कहइतां मुक्ति पामइ। अहो जीव! जउ तूं परवस्तुनइ आत्मा करीनइ जाणइ तौ अहो जीव! तूं तो संसार थकी न मूंकाइ चतुर्गति भ्रमण न टलइ॥१२॥

[मूल] **इच्छा रहिउ तव करहिं, अप्पा अप्पु मुणेहिं।**
**तो लहु पावई परमगई, फुडू संसारु ण एहि॥१३॥**

---

१ नास्ति

२ भमेहि इति योगसारु

[टबा] वांच्छारहित तप करइ। मूक्ति पुंण आदि देई कोइ पदार्थनी वांच्छा न करइ तप करइ। आत्माने आत्मा जांणि शुद्धदृष्टि राखि शुद्धोपयोगरूप वर्त्तइ। तो लघु कहतां उतावली परममुक्ति पामइ। वली फिरी संसारमाहइ नावइ। एतलि अन्यमती कहि छइ जे मुक्त थयो ते पण ईश्वरनी इच्छा थकी पडी संसारी थाइ इम जैनमति नथी॥१३॥

**[मूल] परिणामि बंधू, जि कहिउ, मोक्ख वि तह जि वियाणि।**
**इउ जाणेविणु जीउ तुहु, तहि भावह परियाणि॥१४॥**

[टबा] जीवनइ कर्मबंधन हुइ तो ते आत्मानौ परिणाम ज जाणवौ। ते बंधहेतु परिणाम ते आत्मानउ विभावपरिणांम जांणवउ। अहो जीव! मोक्ष पुण आत्माना परिणांम थकी ज जांणइ ते स्वभाव परिणांम ज जांणवा। इंम जांणीनइ अहो जीव! तूं ते भावबंधकर्त्ता अनइ मोक्ष कर्त्तानइं जाणि एतलइ केहइ भावइ बंध थाइ छइ, केहइ भावमोक्ष थाइ छइ एहवो विवेक करि॥१४॥

**[मूल] अह पुणु अप्पा णवि मुणहि, पुणु(ण्णु) जि करहि असेस।**
**तो वि णु पावहु सिद्धिसुहु, पुणु संसारु भमेस॥१५॥**

[टबा] अथवा ए आत्मा मिथ्याभाव मोहित आत्मस्वरूप न जाणइ समस्त पुण्यकर्त्तव्य करइ उद्यम धरी तो पुण शुद्धात्मरूपनो जे अनुभव तिणइ रहित जीव सिद्धिनां सुख मुक्तिसुख न पामइ। ते जीव संसारचक्रमांहि भमइ॥१५॥

**[मूल] अप्पादंसणु एक्क परु, अणु(ण्णु) ण किं पि वियाणि।**
**मोक्खह कारण जोइया, णिच्छय एहो जाणि॥१६॥**

[टबा] एक परमातमानुं दर्शन तेह ज परम मुक्तिनो कारण। बीजुं कांई मुक्तिनउं कारण नथी। अहो योगीस्व(श्व)र! एह ज मुक्तिनुं कारण जाणजे। ए भाव निश्चयनयइ जाणजे। व्यवहारनयइ तो तपस्या-ध्यानादिक पुण मुक्तिना कारण छइ॥१६॥

**[मूल] मग्गण गुणठाणइ कहिया, विवहारेण वि दिट्ठि।**
**णिच्छइ[१] अप्पा मुणिहि, जिम पावहु परमेट्ठि॥१७॥**

[टबा] चऊदमार्गणाइ जीवनउं स्वरूप कहिवउं। चऊदगुणठाणे जीवस्वरूप कहइवुं। ते सर्व व्यवहारदृष्टि जाणवी ज। निश्चयनय करी गुणठांणा थकी अलगो मार्गणा थकी पिण अलगो अखंड चेतनामंडित ते आत्मा जाणवो। जेहवा परमातमानु अनुभव करइ। जिम तूं परमेष्ठिपद पामइ एतावता परमेश्वर थाइ॥१७॥

**[मूल] गिहि-वावार परट्ठिया, हेयाहेउ मुणंति।**
**अणुदिणु ज्झायहि देउ जिणु, लहु णिव्वाणु लहंति॥१८॥**

[टबा] गृहव्यापारमांहिं रह्या थका पण बाह्य संसार कर्त्तव्य करता थका पण जे हेय कहइतां त्यजवा योग्य अहेय कहइतां लेवा योग्यनि जांणइ अपापर जांणइ। नित्य निरंतर जिनदेवनउ ध्यांन करइ ते जीव वेगो निर्वाण मोक्षपद पामइ॥१८॥

**[मूल] जिण सुमिरहु जिण चिंतवहु, जिण ज्झायहु सुमणेण।**
**सो ज्झायंतहं परमपओ, लब्भइ इक्क खणेण॥१९॥**

[टबा] अहो जीव! चिदानंद तूं, जिनदेव तूं स्मरण करि श्रीजिनदेव तूं चिंतन ध्यांन करि एकाग्रचित्त होइनइ ज श्रीजिनदेवनउं ध्यांन करि संकल्पविकल्प रोकी सुद्ध मनइं ते श्रीजिनदेवनउं ध्यांन करतां थका परमपद मुक्तिपद आत्मस्वरूपानुभव लाभ थाइ एक क्षणमात्र मांहइं॥१९॥

**[मूल] सुद्धप्पा अरु जिणवरह, भेउ म किं पि वियाणि।**
**मोक्खह कारणि जोइया, णिच्छइ एउ विजाणि॥२०॥**

[टबा] हिवइं जे जिनेस्वरनुं ध्यांन करतां परमपद मुक्ति पामीइ ते जिनदेव कुंण? ते कहइ छइ। कर्म कलंकरहित एहवउ निजात्मा अनइं जिनवर तेमांहि तूं कांइ भेद म जांणि। जिनवर ते आत्मा आत्मा ते जिनवर इम अभेद जाणवो अहो योगीश्वर! मोक्षनइ अर्थइ निश्चयनय करी एह ज भेदभावमांहइ आत्मानइ ठहरावइ॥२०॥

---

१ **निच्छयणइं योगसारु**

**[मूल] जो जिणु सो अप्पा मुणहु, इहु सिद्धंतहु सारु।**
**इउ जाणेविणु, इहु छंडहु मायाचारु॥२१॥**

[टबा] जे जिन ते आत्मा जांणि निजस्वरूप थकी जिन ते भिन्न नथी। ए सकल सिद्धांत शास्त्रनउं सार छइ। एहवो परमतत्त्व जांणी सुद्धानुभव करी सकल मायाचार कहतां द्वैतभाव तेहनो त्याग करइ॥२१॥

**[मूल] जो परमप्पा सो जि हउं, जो हउं सो परमप्पु।**
**इउ जाणेविणु जोइया, अण्ण म करहु वियप्पु॥२२॥**

[टबा] जे जीव इम अनुंभवइ छइ जे परमात्मा तेहउं अनइं जेहउं तेह ज परमात्मा। एतलइ आत्मानइ परमात्मानउ भेद जांणवउ। इम जांणीनइं अहो योगीश्वर! मुनीस्व(श्व)र! बीजौ विकल्प मात्र काइ मत करयो आत्मानइ परमात्मानइ भिन्न मत जाणजे॥२२॥

**[मूल] सुद्ध पएसह पूरीयउ, लोयायास पमाणूं।**
**सो अप्पा अणुदिणु मुणहु, पावहु लहु णिव्वाणि(णु)॥२३॥**

[टबा] शुद्ध कर्मकलंकरहित एहवा जे असंख्याता प्रदेश तिणइ फरतां थकां ए आत्मा द्रव्यार्थिकनयइ करी लोकाकाश प्रमांण जाणज्ये। एहवा परमात्मानु जे पुरुष निरंतर अनुंभव करइ। संसय रहित तो ते जीव वेगो निर्वाण कहतां मुक्तिपद पांमइ॥२३॥

**[मूल] णिच्छइ लोइ(य)पमाणु मुणि, ववहारे सुसरीरु।**
**एहउ अप्पा सहाउ मुणि, लहु पावहु भवतीरु॥२४॥**

[टबा] निश्चयनय करी आत्मा लोकप्रमांण जांणि द्रव्यार्थिकनय करी आतमा लोकाकाश प्रमाण छइ। व्यवहारनयइं करी आत्मा शरीरप्रमांण जाणवउ। एहवो आत्मा द्रव्यनौ स्वभाव छइ यद्यपि जे लोकाकाशप्रमाण होइ ते शरीरप्रमांण किम होइ? तथापि नय भेदइं करी आत्मस्वभाव जांणवउ। अहो योगीयो! तूं प्रमांणइं करी नयइं करी आत्मस्वरूप एहवुं अनुंभवि तुं संसार समुद्रनौ तीर वहिलु पामइं।

**[मूल] चउरासी-लक्खह फिरिउ, कालु अणाइ अणंतु।**
**पर समत्तु ण लद्धु जिय, एहउ जाणि णिभंतु॥२५॥**

[टबा] अहो जीव! तूं अनादि कर्मसंबंध थकी चउरासीलक्ष जीवयोनिनइ विषइ फर्यु। अनादि अनंतकालगइ फर्यु। परं अहो जीव! शुद्ध जे सम्यक्त्व तत्त्व शुद्धस्वरूपानुभव ते न थयु। एहवो भ्रांतिरहित तूं जांणि शुद्धानुभव थये थकइ भ्रमण भाजइ॥२५॥

**[मूल] सुद्धु सचेयणु बुद्धु जिणु, केवलणाण सहाउ।**
**सो अप्पा अणुदिणु मुणहु, जे चाहुहु सिवलाहु॥२६॥**

[टबा] हिवइ शुद्धात्मस्वरूप कहइ छइ— आत्मा केहवु छै? शुद्ध कर्म कलंकरहित छइ, चेतनावंत छइ, स्वयं बुध छइ, रागादि निरमुक्तभाव छइ, केवलणांण कहतां केवलज्ञांन सहाउ कहतां स्वभाव छइ। एहवु आत्मा अनुदिन निरंतर जांणि। अहो चिदानंद! जु तु मुगतिलाभ वांछइ छिइ॥२६॥

**[मूल] जाव ण भावहु जीव तुहु, णिम्मल अप्पसहाउ।**
**ताम ण लब्भइ सिवगमणु, जहि भावहि[1] तहि जाउ॥२७॥**

[टबा] जिहां लगइ अहो जीव! तुं अहर्निश निरंतर अनुभवइ नही चिंतवइ नहीं। निर्मल आतमानु स्वभाव तिहां लगइ तूं मुक्तिं गमन न पामइ। उदासीन थईनइं आत्मानइं उपदेश करइ छइ। आत्मानो(नु)भव विना जिहां मन माने तिहा जा तुझनि मुक्ति नथी॥२७॥

**[मूल] जो तईलोयह ज्झेउ जिणु, सो अप्पा णिरु व(वु)त्तु।**
**णिच्छइ णए इम भणिउ, एहउ जाणि णिभंतु॥२८॥**

[टबा] जे तीन त्रिभुवनइं ध्येय कहैतां त्रिभुवन जेहनु ध्यांन करइ ते परमेश्वर आत्मा ज अनुभवी जीवे कह्यउ छइ। ये(य)द्यपि व्यवहारनयइं करी संसारी जीवनइं सिद्धपरमात्मानो स्वरूपभेद छइ। तथापि निश्चयनयइ करी आत्मा परमात्मानु भेद नथी, इंम जांणि। एहवा निश्चयात्मक अनुभव विषइ भ्रांति मत आणइ।

---

१ भावइ योगसारु

**[मूल]** **वय तव संजममूलगुण, मूढह मोक्ख ण वुत्तु।**
**जाव ण जाणइ इक्क पर, सुद्धउ भाउ पवित्तु॥२९॥**

[टबा] व्रत महाव्रत-अणुव्रतादिक, तप १२ भेद, संयम १३ प्रकार चारित्र, सुम(समि)ति ५, गुपति तीन, पंच महाव्रत एवं १३ भेदचारित्र ते संयम मूलगुण २८ इत्यादिक जे बाह्यक्रिया तेहनइ मूढजीव मोक्षनूं कारण एह छइ इम कहइ छइ। परं अहो जीव! जिहां लगइ एक परम उत्कृष्ट परम सारभूत रहस्यरूप रागादिभाव थकी जूदो परम पवित्र एहवउ ज शुद्धभाव आत्मानो सहज स्वरूप न जांणइ ते मूढ व्यवहार क्रियानइ मोक्षनउ कारण मानइ॥२९॥

**[मूल]** **जइ णिम्मल अप्पा मुणई, वय-संजमु-संजुत्तु।**
**तो लहु पावइ सिद्धसुहु, इउ जिणणाहहं उत्तु॥३०॥**

[टबा] जो निर्मल परमात्मानइ जाणइ शुद्धात्मानुभवनइ विषइ निश्चलदृष्टि धरइ। व्रत-तप-प्रमुख बाह्यक्रिया संयुक्त थकु ज। तो तत्काल मुक्ति सुख पामइ। निराबाध परमानंद सुखानुभव करइ। व्रत-तप-संयम-शील सर्वव्यवहार चारित्र कहीइ। प्रथम पदनो अर्थ एइम जिननाथइ कह्यु छइ॥३०॥

**[मूल]** **वय तव संजमु सीलु जिय, ए सव्वइ अकियत्थु।**
**जाव ण जाणइ इक्क परु, सुद्धउ भाउ पवित्तु॥३१॥**

[टबा] ए स ए अकृतार्थ [अ]किंचितकर आत्मस्वरूप साधवानइ अ[सम]रथ जाणवा। जी(जा)व ण ए सर्व व्यवहार चारित्र धरइ परं यावत् जिहां लगइ एक असहाय परम कहइतां सकल पदार्थमांहि साररूप एहवउ शुद्धभाव जांणइ नही तां लगइ व्यवहार चारित्र अप्रमाण॥३१॥

**[मूल]** **पुण्णई पावई सग्ग जिव, पावये णरयणिवासु।**
**बे च्छंडिवि अप्पा मुणइ, तो लब्भइ सिववासु॥३२॥**

[टबा] पुण्यप्रकृतिना बंध थकी अहो जीव! तूं स्वर्ग पामइ। पापप्रकृतिना बंध थकी जीवनइ नरकनिवास होइ। पुण्यनइ पापबंधरूप छइ ते माटइ पुण्यबंधनुं कारण पापबंधनो कारणरूप जे परिणाम तेहनइ छांडीनि शुद्धात्मानुभव करइ तो तूं मुक्तिनगरनो निवास पामइ॥३२॥

**[मूल]** **वउ तउ संयमु सील जीय, इउ सव्वइ ववहारु।**
**मोक्खह कारण एक्कमुणि, जो तइलोयहु सारु॥३३॥**

[टबा] व्रत तप संयमसीलादिक जे क्रिया ते अहो जीव! सर्व ए व्यवहार कर्तव्य जाणवो। ते माटइ अहो आत्मराम! मोक्षनो कारण निश्चय करी एक अद्वैत परमात्मानुभव आत्मस्वरूपनि विषि स्थिरता ते जांणि। जे परमात्मा त्रैलोक्यनइ विषइ सार उपादेय पदार्थ छइ॥३३॥

**[मूल]** **अप्पा अप्पइ जो मुणइ, जो परभाउ चएइ।**
**सो पावइ सिवपुरि गमणु, जिणवरु एउ भणेइ॥३४॥**

[टबा] जे शुद्ध दृष्टिनो धणी जीव आत्मतत्त्वनइ ज आत्मा जांणि आत्म पदार्थनइ व(वि)षइ आत्मबुद्धि होइ। जे परभाव पुद्गलसंयोगजनित ते भाव राग-द्वेष-मोहादिक तेहनो त्याग करइ ते जीव मुक्तिनगरनइ व(वि)षइ गमन करइ। एहवो परमार्थ श्रीजिनेश्वर कहइ छइ॥३४॥

**[मूल]** **छह दव्वइं जे जिण कहिया, णव पयत्थ जे तत्त।**
**ववहारेण य उत्तिया, ते जाणियहि पयत्त॥३५॥**

[टबा] छ द्रव्य धर्मास्तिकायादिक जे जिनेस्वरे कह्या नवपदार्थ जीव१ अजीव२ पुण्य३ पाप४ आश्रव५ संवर६ निर्जरा७ बंध८ मोक्ष९ नव पदार्थ। जे नव पदार्थ कह्या तेमांहिथी पुण्य १ पाप२ बंधरूप जांणीजइ सात तत्त्व तेणइ करी जाणवा। व्यवहारनयइ करी ए सकलभेद जांणवा। जे व्यवहारनइ भेदइ करी पदार्थभेद कह्या ते पदार्थ जांणवा जिनप्रणीत॥३५॥

**[मूल]** **सव्व अचेयण जाणि जिय, एक्क सचेयणु सार(रु)।**
**जो जाणेविणु परम मुणि, लहु पावइ भवपारु॥३६॥**

[टबा] अहो चिदानंद! ए सर्व जे पदार्थ कह्या ते अचेतन जाणि ते सकलपदार्थमांहि एक जीवद्रव्य ते सचेतन पदार्थ छइ ते सारभूत उपादेय छइ। जे परमपुरुषनइं जांणीनइं परममुनीश्वर योगींद्र तत्काल संसारनो पार पामइ॥३६॥

**[मूल]** **जइ णिम्मलु अप्पा मुणहि, च्छंडिवि सहु ववहारु।**
**जिणसामिऊ एम इ भणइ, लहु पावहु भवपारु॥३७॥**

[टबा] अहो हंस! जो तूं सकलकर्मसंयोगजनित उपाधिरहित आत्मानइ जांणइ। सकल जे व्यवहार कहतां विभावपरिणामजति(नि)त उदयइक भाव कर्तव्य तेहनइ छांडीनइ। तौ जिनस्वामी परमेश्वर भव्य जीवनइ एहवउ उपदेश करइ छइ। जे ते शुद्धानुभवी जीव तत्काल मुक्त थाइ कर्मकलंक रहित थाइ॥३७॥

**[मूल]** **दोहरा—[हरिगीत]**
**जीवाजीवह भेउ जो, जाणै ते जाणियउ।**
**मोक्खह कारण एउ भणइ, जोइ जोइहि भणियउ॥३८॥**

[टबा] हवइ इहां थकी दुहा लखीइ छइ—जीव पदार्थ अनइ अजीवपदार्थनो जेणइ भेद जाण्यौ ते जांण कहीइ ते ज्ञांनवंत करि जांणीइ। जीवाजीवनो जे भेदज्ञांन तेह ज मोक्षनुं कारण जांणवउ। इम योगींद्रदेव मुनि कहै अनि पूर्वाचार्य योगींद्र हुआ तेणइ पुंण इंम कह्युं॥३८॥

**[मूल]** **केवलणाणसहाउं, सो अप्पा मुणि जीउ तुहु।**
**जइ चाहहि सिवलाहु, भणइ जोइहि भणिउ॥३९॥**

[टबा] जेहनौ केवलज्ञांन स्वभाव चैतन्य स्वभाव सो कहतां ते तूं आत्मा जांणि अहो जीव! चिदानंद! जइ तूं मुक्तिनौ लाभ वांछइ छइ। इंम योगींद्रदेव कहइ तिम पूर्वयोगीश्वरइं पण कह्यु॥३९॥

**[मूल]** **का(को) सुसमाहि करउ, को अंचउ,**
**च्छोपु अच्छोपु करिवि को वंचउ।**
**हलसहि कलहि केण समाणउ जहि जहि[१] जोवहु,**
**तहि तहि अप्पाणउ॥४०॥**

[टबा] हिवइं बाह्यक्रियाभिमांन जीव छोडावि छै। अहो जीव! समाधि क० स्थिरता ते केहनी करुं स्थिरता जीवनु स्वभाव ज छइ तेमांहि तुझनि

---
१ कहिँ

करिवा अभिमांन ते स्युं? अर्चापूजा केहनी करउ? जे पूज्यो तेहज छौ। केहनइं अपवित्र कहीइंनइं अस्पर्श मांनो। केहनइ पवित्र कहीइ स्पर्श करवा योग्य मानौ। केहनइ वंचउ। अनइ कोण संघातइ आपण पोखोलों[१](?) आपणु करी मांनौ। हूं कोंण संघातइं प्रीति करौं? कोंण साथि कलह करौ?। जे सर्व पूर्वइं कह्या ते सर्व आत्मा छइ। ते सर्व माहरी ज जाति छइ। हुई ज छइ। सकल चेतन जातीय एक ज छइ। केहनइ अधिकारी जांणीइ? केहनइं उच्छउ[२] करी जांणु? चैतन्यगुणमंडित सर्व एक जातीय छइ। ते मध्ये भेदभाव जांणवो ते मिथ्यात्व॥४०॥

[मूल] **तामु कुतित्थइ परिभमइ, धूत्तिम ताम करेइ।**
**गुरहु पसाए म जाणवि, देहहं देउ न मुणेइ॥४१॥**

[टबा] अहो पुरांण पुरुषजी! तिहां लगइ अज्ञांनी जीव शुद्धात्मानुभवास्वादरहित जीव कुतीर्थनइ विषइ तीर्थनी बुद्धि करीनि तिहां लगि भमि मिथ्यास्वरूप कहिवारूप जे धूर्त्तता ठगाई ते तिहां पर्यंत करइ जीहां गुरु जे परमात्मतत्त्वना करणहार तेहनइ प्रसादइ देह जे बाह्य पौद्गलिकशरीर तेहनइ मध्यवर्त्ती एहवो जे देव चैतन्यरूप भगवांन तेहनइ न जांणइ॥४१॥

[मूल] **तित्थइं देवलि देउ णवि, इम सुइकेवलि वुत्तु।**
**देहादेवलि देउ जिणु, एहउं जाणि णिभंतु(णिरुत्तु)॥४२॥**

[टबा] तीर्थ जे सिद्धक्षेत्रादिक तेहनइ विषइ देवल कहतां प्रासाद तेमांहि देव नथी। इम श्रुतकेवली अंतरंग ज्ञानदृष्टिना धणी चऊदपूर्वधरणहार कहइ। हिवइ शिष्य आशंका करइ छइ। अहो स्वांमी! जो तीर्थ देवल मध्ये देव नथी तो किहां छइ? गुरु उत्तर कहइ छइ— देहरूप देवलनि विषइ आत्मा जिनदेव जाणवु। अहो! भ्रमभाव रहित चेतन एहवो तत्त्व अभ्रांतपणइ जाणइ॥४२॥

[मूल] **देहादेवलि देउ जिणु, जिणि देवलिहि णएइ।**
**हासउ महु परि होइ[३] इहु, सिद्धे भिक्ख भमेइ॥४३॥**

---

१ (?)

२ दे. उच्छ म.गु.को ५७

३ पडिहाइ -योगसारु

[टबा] देहरूप देवलनि विषि साक्षात विद्यमान एहवो जे जिण देव छइ। ते देवलनि विषि नावि कहइतां बाह्यदृष्टिना धणी बाह्यक्रियानइ विषइ लीन थया वर्ति परं आत्मस्वरूपानुभव न करइ। तेणि कारणि श्रीयोगींद्रदेवमुनीश्वर कोमल रिदय करी कहै छै— एहवी अज्ञानी जीवनी चेष्टा देखी मुझनि हासुं थाइ छि हास्य आवइ छइ। ते हास्यनो कारण स्यों? ते कहि छै— एहवा बहिरमुख आत्मस्वरूपथी विमुख थका वर्तइ अनइ सिद्ध होवानी देव आगलि भिक्षा मागि छि जे अहो स्वामी! मुझनि मुक्ति आपउ॥४३॥

**[मूल] मूढा देवलि देउ णवि णवि, सिल लिप्पइ चित्ति।**
**देहादेउलि देउ जिणु, सो वुच्चइ[1] समचित्ति॥४४॥**

[टबा] तो एहवा अज्ञांनीनिं आक्षपपूर्वक सीख दीइ छइ श्रीयोगेंद्रदेवमुनि अहो! मूढतत्त्व विवेकशून्य देउलमांहि देव नथी। देव ते शिला पांषाणनो न हुइ अथवा लेप कहतां चित्रामनु न हुइ तो देव ते किहां छै? देव ते केहनै कहीइ? ए शिष्यप्रश्न, गुरु उत्तर कहै छै। देहरूप देहरामध्ये चिदानंद भगवांन ते जिनदेव आत्मा ते जिनदेव एहवु अनुभव केहनइ थाइ? इम कौण कहइ? जे समचेत हुइ सम्यग्दृष्टि रागादि भावइ अकलुष रिदयना धणी कहइ छइ॥४४॥

**[मूल] तित्थइ देउलि देउ जिणु, सव्वु वि कोइ भणेइ।**
**देहा देवल जो मुणइ, सो बुहु को वि हिवेइ॥४५॥**

[टबा] तीर्थनइ विषइ देवल ते मध्ये जिनदेव सम्यक्दृष्टि जीव विषइ कषाय रोकवा भणी स्थापना अरिहंतनी आराधना कीधी ते जिन इम सर्वज्ञांनी अज्ञांनी कहि छि तो बाह्यदेवनुं स्वरूप तो ज्ञांनी अज्ञांनी समान कहि छि तो विशेष स्यौ? तो विशेष कहै छै ज्ञांनी जीव देहरूप देहरानि विषि आत्मदेवनइ तेहनइ जांणि एतलि ज्ञांनीनि आत्म-अनात्म विवेक हुइ ते माटे जे आत्म-अनात्म विवेक करीने ते बाह्यक्रिया व्यवहाररूप ते पण मांनि जांणइ। एहवउ बुध पंडित अनुभवी जीव कोएक हुइ॥४५॥

---

१ बुज्झहि -योगसारु

[मूल] **जइ जर-मरण करालियो, तो जियधम्मु करेहि।**
**धम्मु रसायणु पियहि तुहु, जिम अजरामर होहि॥४६॥**

[टबा] हवे शुद्धात्मस्वरूपनुं अनुभव थयौ छइ ते जीव संसार थकी उदासीनवर्त्ति तेहवा जीवनि शिक्षा करि छि अहो जीव! जो तुं जरामरणादि दुःख थकी कंपइ छइ तो तुं धर्म करि। अहो जीव! जो तुं धर्मरूप जे रसायण सिद्धऔषध तेहनो पांन जो तुं करइ तो तुं अजरामर होइ = जरामरणदुःखरहित थाइ॥४६॥

[मूल] **धम्मु ण पढिय होइ, न पोत्था पीच्छीयइ।**
**धम्मु ण मढियपयेसि, [धम्मु] न मत्था लुंच्चियइं॥४७॥**

[टबा] हिवि शिष्य आशंका करइ छि स्वामी धर्म किम थाइ छि? गुरउ उत्तर कहि छि अहो शिष्य! धर्मशास्त्र परमार्थशून्य भणां थका धरम न हुइ। पुस्तकनुं संग्रह कर्यां धर्म न हुइ। पीच्छी धर्या धर्म न हुइ एतलइ मूढलोक जे केवल धर्मनां साधन तेह ज धरम कहि छै ते वली कहइ छइ। परमार्थशून्य एहवो थको मढीमांहि प्रवेश करि तु पुण धर्म न हुइ। परमार्थतत्त्वशून्य जीव मुनिवेष अंगीकार करी मस्तकलोंचादि करइ एतलइ पण धर्म नही॥४७॥

[मूल] **राय-रोस बे परिहरइ, जो अप्पाणि वसेइ।**
**सो धम्मु वि जिण उत्तियो, जो पंचम गइ देइ[१]॥४८॥**

[टबा] हवइ पूर्वि कह्या तेह थकी धर्म न हुइ तो स्यै कीधि धर्म थाइ? ते कहिति। रागद्वेष भावनउ जउ त्याग करइ। अनइं जो आत्मस्वरूपनइ विषइ निवास करइ निश्चल थाइ आत्मस्वरूप जांणि तो धर्म जिनोक्त = जिनभाषित जांणिवुं द्वेषभाव रागभावनो परिहार शुद्धात्मनि विषि स्थिरता ते धर्म। तेहज धर्म जे पंचम गति मुक्तिपदवीनइ आपइ॥४८॥

[मूल] **आउ गलइ णवि मणु गलइ, ण वि आसा हु गलेइ।**
**मोहु फुरइ ण वि अप्पहियउ, इम संसारु भमेइ॥४९॥**

[टबा] अहो मूढ! तुं प्रमाद परिहरि संसारस्वरूप विचारी जोइ आयुःकर्म क्षण

---

१ णेइ -योगसारु

क्षण क्षीण थाइ छइ। परं विषय कषायासक्तमन गलतुं नथी निवृत्ति पामतुं नथी। अनि आशा कहितां इंद्रिय आधीन सुखनी वांछा ते गलती नथी क्षीण थाती नथी। मोहनी कर्मनी प्रकृति आपणु उदय देई आत्मानि विपरीत परिणांमी करि परं आत्महित कांई सांभरि नही एहवी व्यवस्था छइ। ते कारण थकी ए जीव संसारमांहि भमइ छइ॥४९॥

[मूल] **जेहउ मणु विसयह रमै, तिमु जइ अप्प मुणेइ।**
**जोइउ भणइ रे जोइहु, लहु णिव्वाणु लहेइ॥५०॥**

[टबा] हवै आचार्य कहि छि अहो शिष्य! जेहवउ मन पंचेंद्रियना विषयनइ दृढ थई लागी रह्यु छइ। तिम जो आत्मस्वरूपइंनइं अवलंबी रहइ लागी रहइ। ते योगींद्रदेव कहि छै अहो योगीस्वरो! तत्काल अवलंबित मुक्ति पामइ॥५०॥

[मूल] **जेहउ जज्जरु णरयघरु, तेहउ बुज्झि सरीरु।**
**अप्पा भावहु णिम्मलउ, लहु पावहि भवतीरु॥५१॥**

[टबा] हवइ वली आचार्य आत्मानइ सीख दीइ छि— अहो चेतन! इंद्रिय पेखीनें आत्मघाति म थाए। शरीर केहवो छइ? जेहवो जाजरु महाकुत्सित नरकघर हुइ तेहवो मलमूत्रनुं भाजन ए शरीर जाणिवउं। एहवो अपवित्र परवस्तु आत्मघाती शरीर तेह थकी दृष्टि उतारी आत्मस्वरूप निर्मलो भावि चिंतवइ जिम तुं तत्काल संसारसमुद्रनु पार पामइ॥५१॥

[मूल] **धंधइ पडि सयलजगि, णवि अप्पा हु मुणेंति।**
**तिह(हि) कारण(णि) ए जीउ फुडु, ण हु णिव्वाणु लहंति॥५२॥**

[टबा] सकल लोक संसारी जीव द्वंद्व दशामांहि पड्या छि कर्मसंयोग थकी उपज्या जे परिणांम ते द्वंद्व दशा कहिइ। परं आत्मस्वरूपनइं विचारता नथी। तेणइ कारणइं करी ए जीव संसारी मूढात्मा निर्वाण मोक्षपद नथी पामता॥५२॥

[मूल] **सत्थ पढंतह ते वि जड, अप्पा जे ण मुणंति।**
**तिहि कारणि ए जीव फुडु, ण हु णिव्वाणु लहंति॥५३॥**

[टबा] यद्यपि बाह्यदृष्टि शास्त्र भणइ छइ तोपण ते जीव जडमूढात्मा जाणवा। जे जीव आत्मस्वरूप नथी जाणता आत्मतातत्त्व थकी बहिर्मुख छइ। तिहि कारणि कहैतां तेणै कारणि ए संसारीजीव मूढात्मा स्फुट कहइतां प्रकट निर्वाण मुक्तिपदवी नथी पांमता॥५३॥

**[मूल] मणु इंदिहि वि च्छोइयइ, बुहु पूच्छियइ ण कोइ।**
**रायह पसर णिवारियइ, सहजि उपजइ सोइ॥५४॥**

[टबा] तो हिवि शिष्य कहि छि— स्वामी आत्मस्वरूप किम ओलखीइ? आत्मसाक्षात्कार किम थाइ? ते कहि छि— अहो शिष्य! मननइं इंद्री(द्रि)यथी विच्छोडीनइं इंद्री(द्रि)यद्वारथी ताणी लीजइ। अहो शिष्य! ए तुझनि हितशिष्या कहु छौं तु पंडित शास्त्र भणी बाह्यार्थना जांण एवा घणा पंडित कोइ न पूछीइ। पुछइ थकइ शंशयिक थईइ ते माटइं तत्त्वार्थशून्य पंडितनि न पूछीइ। रागादिकभावनुं जे प्रसार विस्तार तेहनइ वारीजइ पसरवा न दीजइ। इंम कीधां थकां सहज हीज आत्मस्वरूपनो लाभ थाइ आत्मानुभव थाइ॥५४॥

**[मूल] पुग्गलु अणु जि अणु जीउ अणु वि सहु ववहारु।**
**चयहि वि पुग्गलु गहहि जीउ लहु पावहु भवपारु॥५५॥**

[टबा] अहो जीव! आत्मप्रदेश संघाति क्षीरनीरनिं दृष्टांतिं मिल्या एहवा जे पुद्गलद्रव्यस्कंध ते अन्य छे कहतां द्रव्य थकी भिन्न, गुण थकी भिन्न, पर्यायथी भिन्न छै। अनइ असंख्यातप्रदेशी ज्ञायकैकस्वभाव शुद्ध एहवउ जीवद्रव्य ते भिन्न छइ। अनि अनादि पुद्गल संयोग थकी उपनउ एहवउ जे व्यवहार कर्तव्य ते पण भिन्न छइ जीवनु सहज नही तेणइ कारणइ। पुद्गलद्रव्यनो संबंध त्याग करइ हेय करी जाणइ। अनइ जीवद्रव्यनइ ग्रही लीजइ। आत्मद्रव्य उपादेय करी जांणइ। इम कीधां संसार समुद्रनो तीर कहतां पार उतावलो पामइ॥५५॥

**[मूल] जे णवि मण्णहिं जीव फुडु, जे णवि जीउ मुणंति।**
**ते जिणणाहह उत्तिया, णउ संसार मुंचति॥५६॥**

[टबा] जे नास्तिकमती जीवद्रव्यनी नास्ति मांनइ जीवद्रव्य कोइ पंचभूत थकी जूदो पदार्थ नथी इम कहइ छइ। अथवा कोइक मूढात्मा जीवद्रव्यनी आ(अ)स्ति मानि छइ परं स्वरूप यथावत नथी जांणतां। ते जीव मिथ्यात्वी। जिनेश्वरइं कह्यौ छइ। ते जीव संसार थकी मुंकाइ नही मुक्ति न पांमइ॥५६॥

**[मूल] रयण दियउ दिणयर दहियउ, दूद्ध धाउ पाषाणु।**
**सुण्णउ रूप-फलिउ अगणि, णव दिट्ठंता जाणु॥५७॥**

**[मूल] देहादिक जो पर मुणइ, जेहउ सुणु अयासु।**
**सो लहु पावहि बंभपरु, केवलू करइ पयासु॥५८॥**

[टबा] जे जीव देहादिकनइं परकी जांणइ हेयबुद्धि आंणइ। केवल अद्वैतप्रकाश करइ सकलपदार्थ प्रकाशकता शक्ति पामइ। ते जीव परब्रह्म लोकालोकव्यापी ज्ञानस्वरूनइं साक्षात्प्रत्यक्ष अनूंभवइ। केवल अद्वैतप्रकाश करइ सकलपदार्थप्रकाशता शक्ति पामइ॥५८॥

**[मूल] जेहउ सुद्ध आयास जिया, तेहो अप्पा वुत्त।**
**आयासु वि जड जाणि, जिय अप्पा चेयणुवंत॥५९॥**

[टबा] अहो जीव! जेहवउ शुद्ध अलेप आकाशद्रव्य छइ तेहवउ ज एकदेश उपमाइ आत्मद्रव्य पण कह्यो छइ। अजीवद्रव्य आकाश ते जड अच्छइ अमूर्तादिक गुणइ करी आकाशनी उपमा दीधी छइ परं आकाश जड छै। अनइ आत्मा चैतन्यगुण युक्त छइ। स्वपरप्रकाशवा समरथ छइ आकाश पोतानि न जांणि अनइ परनइ न जाणइ॥५९॥

**[मूल] णासगि अब्भिंतरह, जे जोवहि असरीरु।**
**बाहुडि जम्म ण संभवइ पिवह, ण जणणीखीरु॥६०॥**

[टबा] जे जीव नाशिकाना अग्रनि विषि दृष्टि देइ पवनप्रचार रोकीइं इंद्रियग्रामथी मननइ आकर्षी अभ्यंतर दृष्टइ करी जे पंडी(डि)त यथावत्तत्त्वना जांण असरीर कह्यां अरूपी एहवा आत्मस्वरूपनइ जोवइ ध्यान विषयी करइ। एहवो जीव फेरी अवतार न धरइ मुक्त थाइ। मातानौं दूध न पीवइ

जन्मनामवानइ अभावइ माताना दूध पाननो पुण अभाव जांणवो॥६०॥

[मूल] **असरीरु वि सुसरीरु मुणि, इहु सरीरु जडु जाणि।
मिच्छा-मोहु परिच्चयहि, मुत्तिणियं विणिमाणि॥६१॥**

[टबा] अहो जीव! जे असरीर अमूर्त असंख्यातप्रदेशी परम चैतन्यनिधांन ते पोतानुं शरीर मानइ माहरु स्वरूप तेहीज इम जांणइ। ए जे बाह्य शरीरनो कर्मरूप ते जड जांणि मिथ्यात्व प्रकृतिरूप जे मोहनइ परिचय करी मूर्ति जे बाह्यशरीर तेहनइ निज पोतानुं स्वरूप करी जांणइ छइ॥६१॥

[मूल] **अप्पय अप्पु मुणंतयह, किं णेहा फलु होइ।
केवलणाणु वि परिणवइ, सासय सुक्ख लहेइ॥६२॥**

[टबा] जे जीव आत्मानइ आत्मा करी जांणइ इ यथार्थवस्तु अनुभवइ ते जीवनइ स्युं ईहां फल न होइ? अवस्यइ हुइ ज। ते केवलज्ञांनरूप परिणमइ शुद्ध चैतन्य विराजित होइ जीव शास्वतां सुख नित्यानंद पामइ॥६२॥

[मूल] **जे परभाव चएवि मुणि, अप्पा अप्प मुणंति।
केवलणाणसरुवि लइ, ते संसारु मुंचति॥६३॥**

[टबा] जे मुनीश्वर परभाव रागद्वेष मोहादिक तजीनइ आत्मानि आत्मा करी जांणि शुद्धात्मस्वरूप आपणो अनुभव करइ जे जीव ते जीव केवलज्ञांनस्वरूप लहीनइ कृतार्थ थाइ। ते आत्मा संसार थकी मूंकाइ॥६३॥

[मूल] **धण्णा ते भयवंत बुह, जे परभाव चयंति।
लोयालोय पयासयरु, अप्पा विमल मुणंति॥६४॥**

[टबा] ते जीव धन्य तेही ज ज्ञांनवंत तेही ज बुधविचक्षण जे जीव परभावनो त्याग करि परभावनइ हेय करी जांणइ। लोकालोकप्रकाशनो करणहार विमल केवलज्ञांन मंडित एहवो जे आत्मा तेहनइ मुणि अनुभवि ते जीव धन्य छइ॥६४॥

[मूल] **सागारु वि णागारु वि, जो अप्पाणि वसेइ।
सो पावइ लहु सिद्धि सुहु, जिणवरु एम भणेइ॥६५॥**

[टबा] सागार कहितां बाह्यपरिग्रह धरि छि। अथवा अणगार कहिया बाह्याभ्यंतर परिग्रह रहित छइ। परं जे जीव आत्मानुं अनुंभव कहि छि केवल आत्मानि विषि स्थिर थई छइ बईठो छि जे जीवनि बाह्यदृष्टि छइ ज नही ते जीव तत्काल सिद्धिसुख पामइ। इम जिनेश्वर भगवांन कहे छै। एतलइ पुरुषनी प्रतीति वचननी प्रतीति जाणवी॥६५॥

**[मूल] विरला जाणाहि तत्तु बहु, विरला णिसुणहु तत्तु।**
**विरला ज्झायहि तत्तु जिय, विरला धारहि तत्तु॥६६॥**

[टबा] ते जीव विरला छइ थोडा छइ ते बुधपंडित तत्त्वनइ जाणइ छइ। अहो जीव! तत्त्वानुभवना करणहार जे ते तो विरला होइ ज परं तत्त्व पदार्थना सांभलणहार ते पुण विरला छइ। अहो जीवतत्त्व कहतां आत्मस्वरूपनुं ध्यांन करि केवल उपादेयपणि एकाग्र चिंतवन करि ते विरला जांणवा। वली तत्त्व जे पदार्थनुं स्वरूप तेहनी धारणा क० कालांतरनि विषि जेहथी सांभरइ एहवउ दृढसंस्कार करइ ते पण थोडा छइ॥६६॥

**[मूल] इहु परियण ण हु मह जणो[1], इहु सुहु दुक्खह हेउ।**
**इम चिंतंतह किं करइ, लहु संसारह च्छेउ॥६७॥**

[टबा] ए बाह्यरूप केवल कृत्रिम संबंध मिल्यो एहवु जे परीवार ते माहरो नही एतलइ एहनइ विषइ जे मोह ते केवल ए सकल परिवारनो दुःखनो हेतु छइ। एहवु औदासीन्य परम वैराग्यरूप परिणाम धरतां शुं थाइ? तत्काल संसारछेद थाइ अनादि विभाव संसर्गनो नास थाइ सरवात्मसिद्धि हुइ॥६७॥

**[मूल] इंद फणिंद णरिंद णवि, जीवह सरण न होंति।**
**असरण जाणवि मुणि धवला, अप्पा अप्प मुणंति॥६८॥**

[टबा] इंद्र फणींद्र नरिंद्र एतलि स्वर्गलोक पाताललोक भूतलोकना ईश्वर ते अति पुन्यवंत छइ तो पुण पोताना कृतकर्म भोगता जीवनइ शरण भणी न होइ। ते माटइ अहो मुनिधवल यतीश्वर! तुं आत्मा अशरण जाणि आत्म पदार्थनइ

१ तणउ -योगसारु

आत्मद्रव्यनु ज शरण छइ। ते माटइ तुं असहायरूप आत्मस्वरूपनो जा॥६८॥

[मूल] **इक्क उपज्जाइ मरइ, इक्क वि दुहु सुहु भुंजइ इक्क।**
**णरयह जाइ वि इक्क जिऊ, तह य णिव्वाणह इक्क॥६९॥**

[टबा] आत्मा उपजै कहतां विभाव पर्याय धरितो एकलो ज। अनइ मरण ते विभाव पर्याय नित्य ज विकारी प्रांणवियोगनो होवु ते पुण एकलो। असहाय करि विभाव परिणांम थकी बंधाणा एहवां जे सुख दुःख तेहनो भोग कह्या अनुभव ते एकलो ज करि। पोतानि विभाव परिणामइ बांध्या जे करम तेहनइ विषइ नरकादि गतिनइ विषि जाइ तोपण एकलो ज। तथा निर्वाण मुक्त थाइ तो पुंण एकलो ज। एहवी असहाय भावना जांणवी॥६९॥

[मूल] **इक्कलउ जइ ज(जा)इसिहि, तो परभाव चएहि।**
**अप्पा ज्झायहि णाणमउ, लहु सिव सुक्ख लहेहि॥७०॥**

[टबा] अहो जीव! जो तुं जाणइ छइ जे एकलो ज जावो छइ गत्यंतरनइ विषइ अथवा मुक्तिनइ विषइ तो तुं परभावनो त्याग करि केवल आत्मनुं असहाय स्वरूप अनुंभवीनि परनि विषि सहायीनी बुद्धि मत करइ। ते माटि एहवु जांणीनि चैतन्यमय अखंडज्ञांनशक्तिवंत आत्मस्वरूपनो ध्यांन करि परम उपादेय करी जाणि जिम तत्काल निरूपद्रव आत्मिकसुख पामइ॥७०॥

[मूल] **जो पाउ वि सो पाउ भणि[1], सव्वु इ को वि मुणेइ।**
**जो पुणु(ण्णु) वि पाउ वि भणइ, सो बहु कोवि हवेइ॥७१॥**

[टबा] अशुभोपयोग थकी बांधी जे पापप्रकृति जे जेहनइ उदयै असाता ज हुइ तेहनि पाप करी जांणि एहवा सर्व छइ ज्ञाता अनइ मूढ छे पापनइ पाप कहइ छइ। परं जे ज्ञाताजीव पुण्यनइ पाप करी जांणइ आत्मिकसुखनो घाती करी जांणइ जेहवो बुधतत्त्वनो जांण ते कोइक विरलउ हुइ॥७१॥

[मूल] **जह लोहम्मिय णियड बुहा, तह सुण्णमिय जाणि।**
**सो सुह असुह परिच्चयहि, ते वि हवंति ण णाणि॥७२॥**

---

१ मुणि -योगसारु

[टबा] जिम लोढानी बेडी इच्छागमनरोध करइ तिम सोनानी पणि बेडी इच्छागमनरोध करइ। एहवो शुभ तथा अशुभ कर्मनो परिचय जांणवो। जिहां लगइ शुभाशुभनो बंध छइ पुण्यपापनो बंधादिक छइ तिहां लगइ आत्मा ज्ञांनी न थाइ। विमलकेवलप्रकाश न हुइ॥७२॥

**[मूल] जइया मणू णिगंत्थ जिय, तईया तुहु णिग्गंथु।**
**जइया तुहु णिग्गंथ जिया, तो लब्भइ शिवपंथु॥७३॥**

[टबा] अहो जीव! जो तुं माहरुं मन निग्रंथ छइ एतलइ मननुं निग्रंथपणौ ते स्युं? चौद अभ्यंतर ग्रंथि तेहनौ अभाव। ते तुं निग्रंथ एतलइ अंतरंग विषय-कषायादिक परिग्रह त्याग विना बाह्यवेषमात्र ते कांइ नही पहिलै अभ्यंतर परिग्रह त्याग पछि बाह्य परिग्रह त्याग। ते थया पछी पूर्ण मुनिदशा थई साधकपूर्ण आवी एहवौ निग्रंथपणौ थया पछै ते जीव अवश्य मुक्तिपद पांमइ॥७३॥

**[मूल] जं वडमज्झह बीज फुडु, बीयह वडु वि हु जाणि।**
**तं देहह देउ मुणहिं, जो तइलोयपहाणु॥७४॥**

[टबा] हवि अमूर्त जीव देह मध्ये छि ते दृष्टांति करी दृढै छै। जिम वटवृक्षमांहि बीज रहि इम मांहोमांहि कार्यकारणभाव छैं। वटनुं कारण बीज, बीजनो कारण वट। एकेक बीजमांहइ वटवृक्ष रहइ ज। जिम बीजमांहइं वटवृक्ष छइ अनुभव प्रमांण तिम देहमांहै देव परमात्मा छइ। तेमांहइ देव छइ ते केहवउ छै? त्रैलोक्यनुं सार छइ उपादेय छइ॥७४॥

**[मूल] जो जिण सो हउं सो जि हउं, एहउ भाउ णिभंतु।**
**मोक्खह कारण जोइया, अण्णु ण तंतु ण मंतु॥७५॥**

[टबा] जे जिन एहवी प्रसिद्धि पाम्यो छै ते जिन हुई (जच्छो?) आत्मद्रव्य थकी बीजुं कोइ जिन नथी आत्मद्रव्य थकी हुं बीजुं नथी। एहवो जे अभेद परिणांम ते अभ्रांत जांणवु ए भ्रांतिज्ञांन नही ए यथार्थज्ञांन जांणवुं। अहो योगीश्वर! ए मोक्षनुं कारण छै। ए थकी बीजुं मोक्षनुं उपाय न जोई-मंत्र-तंत्र उपाय छइ॥७५॥

**[मूल]** **बे-ते-चउ-पंच वि णवह, सत्तह छह पंचाह।**
**चउगुण सहियो सो मुणह, एहो लक्खण जाह॥७६॥**

[टबा] आत्मा बिगुणसंयुक्त ज्ञानोपयोग-दर्शनोपयोग, तीन गुण ज्ञान-दर्शन-चारित्र, च्यार अनंतचतुष्टय, पंच गुण मतिज्ञानादिक, नव गुण नव क्षायिकभाव— अनंतज्ञान-दर्शन-चारित्र, क्षायिकसम्यक्त्व ए च्यार, पांच अंतरायनो क्षय ए पांच एवं ९ क्षायिकभाव। साधकदशावर्त्ती जिनना सात गुण— च्यार क्षयोपशमिक ज्ञान मतिज्ञानादिक, त्रण क्षयोपशमिक दर्शन चक्षुदर्शनादिक एवं ७ विभावगुण। छह गुण संयुक्त ज्ञान-दर्शन-चारित्र-क्षायिकसम्यक्त्व-सुख-वीर्य इहां पांच अंतरायना क्षयमांहि एक अंतवीर्यनी मुख्यता लीजिए छमांहि थकी क्षायिक सम्यक्त्व काढी इत्यादि पंच गुण मोहनीना क्षय थकी चारित्रनो लाभ मुख्य पणइ गणीजइ, एवं ५गुण संयुक्त आत्मा छइ। वली ४गुण संयुक्त आत्मा छइ। चैतन्य-सुख-सत्ता-वीर्य ए च्यार गुण इम एहवे गुणे संयुक्त ते आत्मा जाणवो। कोई स्वभावगुण कोइ विभावगुण छइ। ए कल्पना करी लिख्यो छि। पछि जिम मिलतुं जाणु तिम करवउ॥७६॥

**[मूल]** **बे च्छंडवि बे गुण सहियउ, जो अप्पाणि विसेइ।**
**जिणसामी एवं भणई, लहु णिव्वाण लहेइ॥७७॥**

[टबा] बइ राग नइ द्वेष तेहनइ छांडीनइं बइ गुण सहित ज्ञानोपयोग दर्शनोपयोग ए बे गुणे सहित ज छे पुरुष एहवा आत्मानइ विषइ निवास करइ। जिनस्वामी इम कहइ छइ- ते पुरुष तत्क्षण मोक्ष पामइ एतलि जेहनि वस्तुनो स्वरूपज्ञान थयुं ते तत्काल मुगति पामइ॥७७॥

**[मूल]** **तिहि रहियो तिहि गुण सहियओ, जो अप्पाणि णिवसेइ।**
**सो सासयसुह भायणु वि, जिणवरु एम भणेइ॥७८॥**

[टबा] तीन विभावगुण राग-द्वेष-मोह तिणि रहित अलिपमानइ अनइ तीन गुण संयुक्त मानइ ज्ञान-दर्शन-चारित्र ए तीन गुण संयुक्त आत्मानइ मानइ अनुभवइ। जे पुरुष एहवा आत्मद्रव्यनि विषि निवास करि शुद्धानुभव एकधारारूप जिहां वहि छि ते ज स्थिरता छइ। इवु जे महापुरुष ते शास्वत

सुखनो भाजन स्थानक जाणवउ इम जिनेश्वर कहइ छइ। एतलि पुरुषप्रतीतिं वचननी प्रतीति जाणवी॥७८॥

[मूल] **चउ कसाय सण्णा रहिओ, चउगुण सहियो वुत्तु।**
**सो अप्पा मुणि जीव तुहु, जिम पर होहि पवित्तु॥७९॥**

[टबा] च्यार कषाय क्रोधादिक, च्यार संज्ञा आहारादिक तिणइ रहित अव्याप्त ते संघाति आत्मानि व्यापक भावसंबंध नथी। (मासिनी?) परइ। अनइ आत्मा च्यार गुण सहित छि। अनंतचतुष्टय ए च्यार गुण साथें व्याप्यव्यापकभाव छइ। अहो चैत्यन्यनिधांन! एहवउ आत्मद्रव्य जाणि तुं जिम परम पवित्र थाइ यथार्थानुंभवइ करी सकल कर्मकस्मल मिटइ आत्मा पवित्र थाइ॥७९॥

[मूल] **बे-पंच[ह]रहियो मुणहि, बे-पंचह संजुत्तु।**
**बे-पंचह जो गुणसहियो, सो अप्पा णिरवुत्तु॥८०॥**

[टबा] बै पंचगुणा कीजि त्यारि१० थाइ दशविध जे परिग्रह तिणि रहित अव्याप्त आत्मा जांणि अनइं दशइं संयुक्त आत्मा जाणि क्षमादिक दशसहित ज जे बइ पंच कहइतां क्षमादिक दश गुण कहिया। तेणइ संयुक्त जे ते आत्मपदारथज्ञाता पुरुषइ कह्युं आत्मद्रव्य ते तेहज जांणि॥८०॥

[मूल] **अप्पा दंसण णाण मुणि, अप्पा चरण वियाणि।**
**अप्पा संजमसील तऊ, अप्पा पच्चखांण॥८१॥**

[टबा] हवि गुणगुणीनो अभेद द्रव्यार्थिकनयै करी कहि छि। आत्मद्रव्य ते तेहि ज हुवि ज्ञांनदर्शन जांणवा। आत्मा तेहि ज चारित्रा छि एहवो शुद्धद्रव्यार्थिकनय जाणइ। संयमसील संयमस्वभाव ते आत्मा ज छि। तप कहइतां इच्छानिरोध ते तप पिण आत्मा। प्रत्याख्यांन कहैतां नियतकाल लगिंइ छि। निरोध करवु ते पुण आत्मा ज जिहां लगि इच्छानिरोध तिहां लगि आत्मस्वभाव छि। ते माटि पच्चखांण पण आत्मा ज छइ॥८१॥

[मूल] **जो परिआणइ अप्पपरु, सो परि चयहि णिभंतु।**
**सा सण्णास मुणेहिं, तुहुं केवलणाणि य वूत्तु॥८२॥**

[टबा] जे जीव शुद्धानुभवी आत्मद्रव्यनइ जाणइ अनइ परद्रव्यनइ पण जाणइ ज ते जीव भ्रमभाव रहित थकौ परभाव परवस्तुनो त्याग करइ। अहो जीव! ते तुं संन्यास जांणये जे परभाव परवस्तुनो त्याग तेहि ज संन्यास जांणवौ। परवस्तुनु त्याग तेह ज संन्यास कहीइ इहां स्युं प्रमांण? केवली वचन प्रमांण छइ॥८२॥

**[मूल] दंसण जं पिच्छयइ बुह, अप्पा विमल महंतु।**
**पुणु पुणु अप्पा भावियइ, एसो चारित्त पवित्तु॥८३॥**

[टबा] दर्शन गुण तेहनइ कहियइ जे आत्मानुं देखवुं। अहो बुधपंडित! विवेकवंत विमलकर्ममल रहित माहंत मोटु, अनंतगुण विराजमांन एहवु जे आत्मा तेहनो देखवउ ते दरसन जाणवउ ते ज्ञांन। अनइ एहवा आत्मानि पुनः पुनः क०वार वार, एकधाराइ जांणिवु नि देखवो एतलि ज्ञांननी अनइ दर्शननी एक अखंड जे धारा ते पवित्र यथाख्यातचारित्र जाणवुं तेहनों नांम स्थिरता पण कहीइ॥८३॥

**[मूल] रयणत्तय संजुत्त जिउ, उत्तिमु तित्थु पवित्तु।**
**मोक्खहकारण जोइया, अण्ण ण तंतु ण मंतु॥८४॥**

[टबा] रतनत्रय ज्ञान-दर्शन-चारित्र ए रतनत्रय। तेणइ संयुक्त आत्मा तेहि ज उत्तम पवित्र तीर्थ जाणवउ अहो योगीश्वर! एहवुं जे तीर्थ ते मोक्षनुं ज कारण छइ। बीजो कोई तंत्रनइ मंत्र नथी। जेणइ मोक्ष थाइ एहवु बीजु नथी॥८४॥

**[मूल] जहि अप्पा तहिं सयलगुण, केवलि एम भणति।**
**तिहि कारणए ज(जी)व फुडु, अप्पा विमलु मुणंति॥८५॥**

[टबा] जिहां आत्मा छै तिहां सकलगुंण छि। एतलि जे जीव आत्मानि आत्मा करी अनुंभवि छि ते अनंतगुंण सहित आत्माइ अनुंभवइ छइ। इम केवलि क० विमल केवलज्ञांन प्रकाशवंत इम कहि छि। जिहां आत्मा छि तिहां सकलगुंण छइ। इम पूर्विं कह्यो तेणि कारणि ए जीव संसारी यद्यपि करमाभृत छइ। तथापि स्फुट कहइतां प्रकट विमल कर्ममलरहित आत्मा जांणवु एतलि निश्चयनय करी अनंतज्ञान कर्ममुक्त एहवु ए आत्मा जाणवौ॥८५॥

**[मूल] इक्कलउ इंदिय रहियउ, मण-वय-काय ति शुद्धि।**
**अप्पा अप्प मुणेइ तुहि, लहु पावहु शिवशुद्धि॥८६॥**

[टबा] इकलउ क० परसहाय रहित जांणवो इंद्रिय रहित जांणवो। इंद्रिय बाह्य जे छै ते तो पुद्गलिक छइ भावेंद्रिय तो दर्शनावरण क्षयोपशम जनित छइ। मण क० मन वय [काय] क० [मन] वचन कायानी शुद्धिं नाना औदयिकल्पना रहित थकु आत्मानइं आत्मा करी जांणि तुं जिम लघु तत्काल शिवशुद्धि कहइतां निरुपद्र[व] कैवल्यस्वभावत पांमइ तुं॥८६॥

**[मूल] जइ बद्धो मुक्कउ मुणहिं, तो बंधियहि णिभंतु।**
**सहज सरुवइ जइ रमइ, तो पावहि शिवसंतु॥८७॥**

[टबा] आत्मा यद्यपि व्यवहारनयइं करी कर्मइं बांध्यौ। तथापि निश्चयनय निरंजन स्वभाव छि। किणि बांध्यो नथी जइ तुं एकांत बांध्यो ज मानि तो तुं अवश्यमेव भ्रांति सहित जांणज्ये ते तुं बांध्यो मानेसि तुं तो सदा कर्मि बांधीइ ज मुक्ति न थाइ। जो तुं आत्मानुं सहजस्वरूप निश्चयस्वरूप तेहनि विषि रमि शुद्धात्मानु अनुभव करइ तो तुं शिव क० निरुपद्रव संत विद्यमांन एहवों स्थांनक पामइ॥८७॥

**[मूल] सम्मादिट्ठी जीवडह, दुग्गइ गमणू ण होइ।**
**जइ जाइ वि तो दोस णवि, पूव्वकिउ क्खवउणेइ॥८८॥**

[टबा] जे जीव सम्यग्दृष्टी छै आत्मस्वरूपानुभवी छइ तेहनइ दुर्गति नरकादिक गति न होइ। जो कदाचित् दृष्टी दुर्गतिनि विषइ जाइ तौ पुण दोष नांणवो ते स्या माटइ? ते कहइ छइ—पूर्वकृत जे कर्म मिथ्याभावमांहि बांध्या जे कर्म ते कर्म तेहनो क्षय करवा भणी दुर्गति गयो छइ॥८८॥

**[मूल] अप्प सरुवह जइ रमइ, च्छंडवि सहु ववहारु।**
**सो सम्मादिट्ठी हवइ, लहु पाव[इ]-भवपारु॥८९॥**

[टबा] आत्मस्वरूपनइ विषइ जो रमइ सकल व्यवहार क० औदयिकभाव जनित जे क्रिया तेहनि च्छांडीनि त्याग करीनइ ते सम्यक्दृष्टी जीव तत्काल संसारसमूहनो पार पामइ॥८९॥

[मूल] **अजर अमरु गुण-गणि निला, जहि अप्पा थिरट्ठाइ।**
**सो कम्मेहि ण वि बंधियउ, संचिय पूव्वविलाइ॥९०॥**

[टबा] जरारहित मरणरहित गुंण जे ज्ञानादिक तेहनो गण कहतां समूह तेणइ करी विराजमांण एहवउ ते जीव आत्मानी शुद्ध परिणतिनै विषि स्थिर थई छइ। सइ सकल विकल्पमाला रहित थाइ। ते जीव कर्मप्रकृति बंधाइ नही। अनि पूर्वसंचित जे कर्म ते विलय जाइ॥९०॥

[मूल] **जो सम्मत्त पहाण बुह, सो तइलोय-पहाणु।**
**केवलणाण विलहलई, सासय-सुक्ख णिहाणु॥९१॥**

[टबा] जे बुध पंडित सम्यक्त्व प्रधांन छि कहतां सम्यक्त्व सहित छइ। ते जीव तीनलोकनि विषि प्रधान छइ ते सम्यक्त्ववंत जीव केवलज्ञानि करी लहलहि क० केवलज्ञान विराजमांन थाइ। अनइ वली ते सम्यक्त्ववंत जीव शास्वत सुखनो निधांन छइ॥९१॥

[मूल] **जह सलिलेण ण लिप्पयइ, कमलणिपत्त कहा वि।**
**तह कम्मेण ण लिप्पयइ, जह रहइ अप्प सहावि॥९२॥**

[टबा] जिम पांणीइ करी लिपइ च्छिपै नहीं कमलिनी पत्र तुं किहांइं तिम कर्मकलंकि पण लेपाइ नहीं। जे जीव आत्मस्वभावनि विषि थिर रहि छइ जीव॥९२॥

[मूल] **जो समसुक्खणिलीण बुहु, पुण पुण अप्प मुणेइ।**
**कमू खउ करि सो वि फुडु, लहु णिव्वाणु लहेवि॥९३॥**

[टबा] जे बुध पंडित समसुख क० रागद्वेष रहितावस्था जनित जे सुख ते ते मध्यइ लय पाम्यु छइ। बार बार आत्मस्वरूपनो अनुभव करइ छइ। ते जीव स्फुट क० प्रकट सकल कर्मनो क्षय करी तत्क्षणमात्रइ मुक्तिपदवी पामइ॥९३॥

[मूल] **पुरिसायार पमाणु जिय, अप्पा एहु पबंभु**[१]**।**
**जोइज्जइ गुण णिम्मलउ, णिम्मल ते य फुरंति॥९४॥**

[टबा] पुरुषाकार प्रमांण चरमशरीर प्रमांण जे आत्मा तेह ज परमब्रह्म परमेश्वर

१ पवित्तु -योगसारु

जांणवो। ते थकी अन्य परमेश्वर नथी। गुणइ करी निर्मला जोइयइ अनुभव कीजइ। तो ते आत्मा परब्रह्मनिर्मल ज स्फुरइ अनुभवगोचर थाइ॥९४॥

**[मूल] जो अप्पा सुद्ध विमुणेई, असुइ सरीर वि भणु।**
**सो णा(जा)णइ सत्थयसयलु, सासयसुक्खह लीणु॥९५॥**

[टबा] जे जीव आत्मानइ शुद्ध ज जाणइ अशुचि अपवित्र जे सरीर ते थकी भिन्न जुदो जाणै। ते जीव सकलशास्त्रनो जांण कहीयइ। ते जीव शास्वतसुखनइ विषइ वली न थाइ॥९५॥

**[मूल] जो ण वि जाणइ अप्पपरु, णवि परभाउ चएइ।**
**सो जाणउ सत्थइं सयलु, लहु सिवसुक्ख ण लहेवि॥९६॥**

[टबा] जे मूढ आत्मस्वरूपनइं अनइं परस्वरूपनइ जाणइ परभावनो त्याग पण न करइ। ते जीव परमार्थशून्य सकलशास्त्रनइ जाणइ। परं मुक्त न थाइ। ते मूढात्मा मुक्तिसूख न पामइ॥९६॥

**[मूल] वज्जियसयल वियप्पवइं, परमसमाहि लहंति।**
**जं विंदहिं दाणंद कुवि, सो सिवसुक्ख भणंति॥९७॥**

[टबा] सकल जे विकल्पमाला तेहनि वर्जिनि निर्विकल्परूप थईनइ जे परम समाधि पामइ। परमस्थितिनइ भजइ एहवी समाधि भजी परमस्थिररूप थईनि जे परमानंदनो स्वाद पामइ छइ, तेहिज शिवसुख मुक्तिसुख भणइ छइ ज्ञाता पुरुष॥९७॥

**[मूल] जो पिंडत्थु पयत्थ बुह, रूवत्थु वि जिण-उत्तु।**
**रूवातीतु मुणेहु लहु, जिम परु होहि पवित्तु॥९८॥**

[टबा] जे पिंडस्थध्यान, पदस्थध्यान, रूपस्थध्यान जिनोक्त छइ अनै रूपातीतध्यान जाणीनि लघु कहतां तत्काल जे ए च्यार प्रकार ध्याने करी ध्यावि परमपवित्र थाइ। एतलि ध्यानइ करी कर्मकलंक मिटइ पवित्र थाइ॥९८॥

**[मूल] सव्वे जीवा णाणमया, जो समभाउ मुणेइ।**
**सो सामाइउ जाणि फुड, जिणवर एम भणेइ॥९९॥**

[टबा] सकल जीव ज्ञानमय छै अनंत चैतन्य निधांन छइ। एहवौ जे समभाव जाणइ अहो जीव! ते तुं सामायिक जाणि। स्फुट कहइतां प्रकट इम जिनेश्वर कहइ छइ॥९९॥

**[मूल] राय-रोस बि परिहरवि, जो समभाउ मुणेइ।**
**सो सामाइउ जाणि फुडु, केवलि एम भणेइ॥१००॥**

[टबा] राग द्वेष परिहरीनइ त्यजीनइ जीव समस्तइ जे समभावइ जे जांणवउ अहो जीव !ते तुं सामायिक जांणि इम केवलज्ञानी सामाइकनुं स्वरूप कहइ छइ॥१००॥

**[मूल] हिंसादिक परिहरु किं करि, जो अप्पा हु ट्ठवेइ।**
**सो बियउ चारित्त मुणिं, जो पंचमगइ णेइ॥१०१॥**

[टबा] हिंसादिक आश्रवनइ परिहरीनइ जे जीव आत्मानि विषइ स्थिर थाइ ते बीजुं चारित्र छेदोपस्थानीयचारित्र जाणवउं। जे चारित्र पंचमगति मुक्तिनइ पमाडइ॥१०१॥

**[मूल] मिच्छादिक जो परिहरण, सम्मं दंसणशुद्धि।**
**सो परिहारु विशुद्धमुणि, लहु पावहि सिवसुद्धि॥२॥**

[टबा] मिथ्यात्व, अविरति, कषाय, योगादिनुं परिहरवउं अनइं सम्यग्दर्शननी जे शुद्धि ते परिहार विशुद्धचारित्र जाणवउं। ते चारित्र थकी आत्मा तत्काल शिवशुद्धि पामइ॥२॥

**[मूल] सुहुमह लोहह जो विलसो, सुहमु हवे परिणामु।**
**सो सुहुम वि चारित्त मुणि, सो सासय सुहधाम॥१०३॥**

[टबा] सूक्ष्मलोभ मात्रनो जे विलास एतलि मोहनी कर्मनी सत्ता। वीसप्रकृतिक्षयगईया उपशमी छि अनि एकलोभ मात्रनो सूक्ष्म जिहां विलास छइ जिहां सूक्ष्म परिणांम छि स्थूल बुद्धिगम्य नहीं एहवां जिहां परिणामनी धारा वहि छि ते सूक्ष्मसंपराय चारित्र जांणवउं। ते सूक्ष्मसंपराय चारित्र शाश्वतसुखनो मंदिर जांणवुं॥१०३॥

[मूल] **अरहंतु वि सो सिद्धु फुडु, सो आयरिउ वियाणि।
सो उ[व]ज्झाउ वि सो जि मुणि, णिच्छइ अप्पा जाणि॥१०४॥**

[टबा] तेहि ज अरिहंत तेह ज सिद्ध स्फुट कहतां प्रकट जांणि तेह ज आचार्य जांणि तेह ज उपाध्याय जांण। तेह ज मुनीस्व(श्व)र जांणि निश्चयनय करी आत्मा ज पंच परमेष्ट छै जूदा नाम कहवां ते व्यवहारनय जाणवो॥१०४॥

[मूल] **सो सिउ संकरु विण्हु सो, सो रुद्द वि सो बुद्धु।
सो जिण ईसर बंभू सो, सो अणंउ फुडु सिद्धु॥१०५॥**

[टबा] आत्मा तेहि ज सिव छि कर्मरूप उपद्रवनाश थकी शिव कहीइ। शंकर ते आत्मा ज, सकल जीवनि सुखकारीपणा थकी शंकर। विश्वव्यापकपणाथी आत्मा विष्णु। कर्मनिर्दलरूप रुद्र कार्य करवा थकी आत्मा रुद्र कहीइ। ते आत्मा ज सकल जीवनि सुख दीइ। ज्ञानस्वरूपणा थकी बुद्ध कहीइ। आत्मा राग-द्वेषना जीतवा थकी जिन कहिइ। वचन अगोचर त्रैलोक्यना प्रभुत्वपणा थकी ईश्वर आत्म। जे ब्रह्मा ते आत्म ज अनंत अक्षय एहवु स्फुट प्रकट सिद्ध ते आत्मा ज कहीयइ॥१०५॥

[मूल] **एव हि लक्खण लक्खियउ, जो परु णिक्कलु देउ।
देहह मज्झहि सो वसइ, तासु ण विज्जइ भेउ॥१०६॥**

[टबा] एहवे लक्षणे जे लक्षत सहित जे परमनिष्कल परकलारहित स्वस्वरूप विराजमांन देव अनिं देह मध्ये जे वसइ छइ एहवो देहधारी आत्मा परम पुरुष देवनइं अनइं देहधारी आत्मानइ भेद नथी॥१०६॥

[मूल] **जो सिद्धा जो सिज्झहहि, जो सिज्झहि जिण-उत्तु।
अप्पा दंसण ते वि फुडु, एहो जाणि णिभंतु॥१०७॥**

[टबा] जे जीव सिद्धदशा पांम्या, जे सिद्धदशा पामइ छइ, जे सिद्धदशा पामस्यइ जिनोक्त मोक्षपदवी पांमस्यइ ते सर्व आत्मानइ ज दर्शनइं करी आत्मानुभव थकी एहवुं तुं अभ्रांतपणइ जाणयो॥ (संपुर्णः॥ श्रीः)

[मूल] **संसारहँ भय-भीयएँ, जोगिचंद- मुणिएण।
अप्पा-संबोहण कया, दोहा इक्क-मणेण[१]॥१०८॥**

---

१ उपलब्ध प्रतमा संसारहँ------मणेण॥ दुहो नथी जे जोगसारुमांथी लीधो छे.

## परिशिष्टम्

# श्लोकानाम् अकारादिक्रमः


| श्लोकः | श्लोकाङ्कः |
|---|---|
| अजर अमरु गुण-गणि निला | ९० |
| अप्प सरुवह जइ रमइ | ८९ |
| अप्पय अप्पु मुणंतयह | ६२ |
| अप्पा अप्पइ जो मुणइ | ३४ |
| अप्पा अप्पउ जइ मुणिहिं | १२ |
| अप्पा दंसण णाण मुणि | ८१ |
| अप्पादंसणु एक्क परु | १६ |
| अरहंतु वि सो सिद्धु फुडु | १०४ |
| असरीरु वि सुसरीरु मुणि | ६१ |
| अह पुणु अप्पा णवि मुणहि | १५ |
| आउ गलइ णवि मणु गलइ | ४९ |
| इंद फणिंद णरिंद णवि | ६८ |
| इक्क उपज्जाइ मरइ | ६९ |
| इक्कलउ इंदिय रहियउ | ८६ |
| इक्कलउ जइ ज(जा)इसिहि | ७० |
| इच्छा रहिउ तव करहिं | १३ |
| इहु परियण ण हु मह जणो | ६७ |
| एव हि लक्खण लक्खियउ | १०६ |
| का(को) सुसमाहि करउ | ४० |
| कालु अणाइ अणाइ जीउ | ४ |
| केवलणाणसहाउं | ३९ |
| गिहि-वावार परट्ठिया | १८ |
| घाइ चउक्कह किउ विलउ | २ |
| चउ कसाय सण्णा रहिओ | ७९ |
| चउरासी-लक्खह फिरिउ | २५ |

छह दव्वइं जे जिण कहिया ३५
जं वडमज्झह बीज फुडु ७४
जइ जर-मरण करालियो ४६
जइ णिम्मल अप्पा मुणई ३०
जइ णिम्मलु अप्पा मुणहि ३७
जइ बद्धो मुक्कउ मुणहिं ८७
जइ बीहउ चउ-गइ गमणा ५
जइया मणू णिगंत्थ जिय ७३
जह लोहम्मिय णियड बुहा ७२
जह सलिलेण ण लिप्पयइ ९२
जहि अप्पा तहिं सयलगुण ८५
जाव ण भावहु जीव तुहु २७
जिण सुमिरहु जिण चिंतवहु १९
जीवाजीवह भेउ जो ३८
जे णवि मण्णहिं जीव फुडु ५६
जे परभाव चएवि मुणि ६३
जेहउ जज्जरु णरयघरु ५१
जेहउ मणु विसयह रमै ५०
जेहउ सुद्ध आयास जिया ५९
जो अप्पा सुद्धु विमुणेई ९५
जो जिण सो हउं सो जि हउं ७५
जो जिणु सो अप्पा मुणहु २१
जो ण वि जाणइ अप्पपरु ९६
जो तईलोयह ज्झेउ जिणु २८
जो परमप्पा सो जि हउं २२
जो परिआणइ अप्प परु ८
जो परिआणइ अप्पपरु ८२
जो पाउ वि सो पाउ भणि ७१

| | |
|---|---|
| जो पिंडत्थु पयत्थ बुह | ९८ |
| जो समसुक्खणिलीण बुहु | ९३ |
| जो सम्मत्त पहाण बुह | ९१ |
| जो सिद्धा जो सिज्झहहि | १०७ |
| णासगि अब्भिंतरह | ६० |
| णिच्छइ लोइ(य) पमाणु मुणि | २४ |
| णिम्मलु णिक्कलु शुद्धु जिणु | ९ |
| तामु कुतित्थइ परिभमइ | ४१ |
| तित्थइं देवलि देउ णवि | ४२ |
| तित्थइ देउलि देउ जिणु | ४५ |
| ति-पयारो अप्पा मुणहि | ६ |
| तिहि रहियो तिहि गुण सहियओ | ७८ |
| दंसण जं पिच्छयइ बुह | ८३ |
| देहादेवलि देउ जिणु | ४३ |
| देहादिक जे परि कहिया | ११ |
| देहादिक जो पर मुणइ | ५८ |
| देहादिक जो परि कहिया | १० |
| धंधइ पडि सयलजगि | ५२ |
| धण्णा ते भयवंत बुह | ६४ |
| धम्मु ण पढिय होइ | ४७ |
| निम्मल-ज्झाण-परट्ठिआ | १ |
| परिणामि बंधू | १४ |
| पुग्गलु अणु जि अणु जीउ अणु | ५५ |
| पुण्णई पावई सग्ग जिव | ३२ |
| पुरिसायार पमाणु जिय | ९४ |
| बे च्छंडवि बे गुण सहियउ | ७७ |
| बे-ते-चउ-पंच वि णवह | ७६ |
| बे-पंच[ह]रहियो मुणहि | ८० |

| | |
|---|---|
| मग्गण गुणठाणइ कहिया | १७ |
| मणु इंदिहि वि च्छोइयइ | ५४ |
| मिच्छा-दंसण-मोहियउं | ७ |
| मिच्छादिक जो परिहरण | १०२ |
| मूढा देवलि देउ णवि णवि | ४४ |
| रयण दियउ दिणयर दहियउ | ५७ |
| रयणत्तय संज्जुत्त जिउ | ८४ |
| राय-रोस बि परिहरवि | १०० |
| राय-रोस बे परिहरइ | ४८ |
| वउ तउ संयमु सील जीय | ३३ |
| वज्जियसयल वियप्पवइं | ९७ |
| वय तव संजममूलगुण | २९ |
| वय तव संजमु सीलु जिय | ३१ |
| विरला जाणाहि तत्तु बहु | ६६ |
| संसारहं भयभीतहं | ३ |
| संसारहँ भय-भीयएँ | १०८ |
| सत्थ पढंतह ते वि जड | ५३ |
| सम्मादिट्ठी जीवडह | ८८ |
| सव्व अचेयण जाणि जिय | ३६ |
| सव्वे जीवा णाणमया | ९९ |
| सागारु वि णागारु वि | ६५ |
| सुद्ध पएसह पूरीयउ | २३ |
| सुद्धप्पा अरु जिणवरह | २० |
| सुद्धु सचेयणु बुद्धु जिणु | २६ |
| सुहुमह लोहह जो विलसो | १०३ |
| सो सिउ संकरु विण्हु सो | १०५ |
| हिंसादिक परिहरु किं करि | १०१ |

(४)

अज्ञातकर्तृरचित

# ॥अध्यात्मफाग॥

# સંપાદકીય

## અધ્યાત્મ ફાગ : પરિચય

ફાગ એક હોળી ગીતનો પ્રકાર છે. તે મુખ્યત્વે હોળીનાં દિવસોમાં ગવાય છે. અને તેની બંદિશ મોટે ભાગે કાફી રાગમાં ગવાય છે. આ ગીતો શૃંગારપ્રધાન હોય છે. ખાસ કરીને કૃષ્ણ અને ગોપીના ગીત આ પ્રકારમાં રચાય છે. ગુજરાત અને રાજસ્થાનમાં આવા ગીતો અતિપ્રચલિત હતા. તેનું આલંબન લઇને શૃંગારને સ્થાને શાંતરસને અભિવ્યક્ત કરતા ફાગ ગીતોની રચના મધ્યકાળમાં પ્રચુર પ્રમાણમાં થઇ છે.

પ્રસ્તુત કૃતિમાં અધ્યાત્મને કેંદ્રસ્થાને રાખીને ફાગ રચવામાં આવ્યો છે. ફાગણ મહિનામાં ગવાતા ગીતને પણ ફાગ કહે છે. આ સમયે વસંત ઋતુનો પ્રારંભ થાય છે. ઠંડી ઘટે છે અને ગરમી શરુ થાય છે. લાંબી રાતો ટૂંકી થવા માંડે છે. વૃક્ષ પર નવી કુંપળો ફૂટે છે. જૂના પત્તાં ખરી પડે છે. લોકો ઉત્સવ કરે છે. અગ્નિ પ્રગટાવે છે. ગુલાલ છાંટે છે, એક બીજા પર રંગની પિચકારી ભરીને એકમેકને રંગે છે. ગીતો ગાય છે. એક બીજાને મિઠાઈ ખવરાવે છે. થોડા નિર્લજ્જ બનીને આનંદ કરે છે. સાંજ પડે ન્હાઈ ધોઇને સ્વચ્છ બને છે. હોળી અને વસંતપંચમીની આ ઘટનાઓનું પ્રસ્તુત કૃતિમાં આધ્યાત્મિક અર્થઘટન કરવામાં આવ્યું છે. કૃતિનો સાર આ પ્રમાણે છે -

અધ્યાત્મ વિના પરમપુરુષનું રૂપ પામી શકાતું નથી. શરીરમાં હોવા છતાં જે શરીર નથી તે આત્મા છે. તેનો મહિમા અનુપમ છે. અગમ્ય છે તે જ ભગવાનનું સ્વરૂપ છે. (૧)

વિષમ વરસ પૂરું થયું. સહજ વસંત ઋતુ આવી. સુરુચિરૂપી સુગંધ ફેલાઇ છે. મન મદમસ્ત બન્યું છે.(૨)

સુમતિરૂપી કોયલ ટહૂકી રહી છે. અપૂર્વ વાયુ વાય છે. ઠંડા બરફ જેવા ભ્રમનાં વાદળ વિખરાઈ ગયા છે. તેને કારણે જડતા ઘટી છે.(૩)

માયારૂપી રાત નાની થઇ છે. સમરસરૂપી દિવસ ઉગ્યો છે. મોહરૂપી ઠંડીને કારણે આત્મા થરથર ધ્રૂજતો હતો તે બંધ થયો છે. સંશયરૂપી શિશિર ઋતુ જતી રહી છે. (૪)

શુભભાવરૂપી કુંપળ ફૂટી રહી છે. અશુભભાવ રૂપી પત્તાં ઝડી રહ્યા છે.

વિષયાનંદ નામની માલતી કરમાઈ ગઈ છે. વિરતિરૂપી વેલ વિસ્તરી રહી છે. (૫)

વિવેકરૂપી ચંદ્રમા નિર્મળ થયો છે. સ્થિરતારૂપી અમૃત આપી રહ્યો છે. શક્તિ=આત્માનું વીર્યરૂપી ચાંદની ફેલાઇ રહી છે. તે જોઇને આંખો પહોળી થઇ રહી છે. (૬)

આત્માની સ્મૃતિરૂપ અગ્નિની જ્વાળા પ્રગટી છે. સમ્યક્ત્વરૂપી સૂર્યનો ઉદય થયો છે. તેથી હૃદયકમળ વિકસિત થઇને પરિમલ ફેલાવી રહ્યું છે. (૭)

કષાયનો દઢ હિમાલય ઓગળી રહ્યો છે. તેથી નદી અને ઝરણાનો પ્રવાહ વધી ગયો છે. એ પ્રવાહની ધારે ધારે મુક્તિનગર સુધી પહોંચી શકાય છે. (૮)

વિષયોની વિતથ=ઊંધી ચાહત=સામર્થ્ય ઘટી ગઇ છે. યથાર્થ કાર્ય પ્રગટ થયું છે. જંગલની ભૂમિ સોહામણી થઇ ગઇ છે. ઋતુના રાજા વસંતનું આગમન થઇ ચુક્યું છે. (૯)

અધ્યાત્મના ક્ષેત્રમાં ભવપરિણતિ ધરતી છે. આઠ કર્મોના જાળાં વન છે. તેમાં અલક્ષ્ય એવો આતમા ધર્મની ધમાલ રમે છે. સંગીતના ક્ષેત્રે ધમાલ ગાયકીનો એક પ્રકાર છે. ધ્રુપદ અને ધમાર એવા ગાયકીના પ્રકાર છે. (૧૦)

તેમાં નિષ્પ્રંકપતા નામની ચર્ચરી રચાઇ છે. ચર્ચરી પણ રાસ સમયે ગવાતા ગીતનો પ્રકાર છે. તેમાં જ્ઞાન અને ધ્યાનની ડફલી વાગે છે. સાધનાની પિચકારીમાં સંવરભાવરૂપી ગુલાલ ભર્યો છે. (૧૧)

વિરાગ નામના રાગનો આલાપ બાજી રહ્યો છે. તેમાં ભાવભક્તિની શુભતાન વાગી રહી છે. પરમરસની લીનતા શોભી રહી છે. દશ પ્રકારનું દાન આપો. (૧૧-૧૨)

દયારૂપી મિઠાઇ છે, તપરૂપી મેવા છે, શીલરૂપી શીતલ જલ છે. સંયમરૂપી નાગરવેલનું પાન છે. (૧૩)

ગુપ્ત અંગ એટલે આત્માના પાપ પ્રગટ કરીએ આ જ નિર્લજ્જતા છે. બીજાને ન કહી શકાય તેવા પાપ બોલીને પ્રકટ કરવા. (૧૪)

ગુણના રસિયા ઉદ્ધત જન મળે તો આત્માનો એવો વિમલ રસ પીએ કે સુખમાં મન, વચન, કાયાથી મસ્ત બની જઇએ. (૧૫)

આત્માની ધ્યાનરૂપી પરમજ્યોતિ પ્રગટે એ જ હોળી છે. તેની આગમાં આઠ

કર્મરૂપી લાકડા બળીને ભસ્મ થઇ જાય અને ત્યાંથી ભાગી જાય.(૧૬)

અંતમાં ચૌદમે ગુણસ્થાનકે ૮૫ પ્રકૃતિ બાકી રહી જાય એ જ ખેલ છે. ત્યાર પછી ન્હાઇ ધોઈ ઉજ્જ્વલ થઇ ફરી રમવા લાગીએ.(૧૭)

૧૭ કડીની આ કૃતિના કર્તા અજ્ઞાત છે.

## હસ્તપ્રત પરિચય

આની હસ્તપ્રત **શ્રી ગુજરાતી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ હસ્તલિખિત ભંડાર, કેનીંગ સ્ટ્રીટ, કોલકાતા**માં છે. ક્રમાંક ડાબડા ૧૬/ પ્રત ૯૫૯ તેનું ૧ પત્ર છે. પત્રની હાંસિયાની રેખા, દંડની રેખા અને પ્રતિલેખક આદિ અંતિમ વાક્ય લાલ શાહીથી લખ્યા છે. પ્રત્યેક પત્ર પર તેર પંક્તિ છે અને પ્રત્યેક પંક્તિમાં લગભગ બેતાલીસ અક્ષર છે. અક્ષરો મધ્યમ તેમ જ સુવાચ્ય છે. પ્રતિલેખન પ્રશસ્તિ નથી. આ પ્રત સુ. **બાબુભાઈ સરેમલ** દ્વારા પ્રાપ્ત થઇ છે.

સા.શ્રી જિનરત્નાશ્રીજી મ.ના
પ્રશિષ્યા સા. **ધન્યહંસાશ્રી**

अज्ञातकर्तृरचित

## ॥अध्यात्मफाग॥

॥श्री जिनाय नम॥ अथ अध्यातमफाग लिख्यते॥

अध्यातम विनु क्यौं पाइए हौ, मेरे लनना परमपुरुषकौ रूप।
अघट अंगघट मिलि रह्यौ हौ, महिमा अगम अनूप प्रभुको रूप॥१॥

विषम विरष पूरौ भयो हौ, आयो सहज वसंत।
प्रगटी सुरुचि सुगंधता हौ, मन मकर मयामंत॥२॥

सुमति कोकिला गहगही हौ, वही अपूरव वाउ।
भमर कुहिर बादर फटे हौ, घटि जाडा जड भानु॥३॥

माया रजनी लघु भई हौ, समरस दिवस सजीत।
मोह कंपकी थिति घटी हौ, संसै सिसिर वितीत॥४॥

सुभदल पल्लव लहलहै हौ, होहिं असुभ पतझार।
मलिन विषय रति मालती हौ, विरति वेलि विसतार॥५॥

सिसि विवेक निर्मल भयो हौ, थिरता अमिय झकोर।
फैली सकति सुचंद्रिका हौ, प्रमुदित नैंन चकोर॥६॥

सुरति अगिनि ज्वाला जगी हौ, समकित भानु अमंद।
हृदय कमल विकसित भयो हौ, प्रगट सुजस मकरंद॥७॥

दिढ कषाय हिमगिरि गले हौ, नदी निर्झरा जोर।
धार धार नावहि चली हौ, सिव सागर सुख ओर॥८॥

वितथ चात प्रभुता मिटी हौ, जग्यो यथारथ काज।
जंगल भूमि सुहावनी हौ, नृप वसंतके राज॥९॥

भवपरनति वसुधा भई हौ, अष्टकर्म वन जाल।
अलख अपूरति आतमा हौ, खेले धरम धमाल॥१०॥

नैपंकति चाचरि मिली हौ, ग्यान ध्यान डफताल।
पिचकारी पद साधना हौ, संवर भाव गुलाल॥११॥

राग विराग अलापि थै हौ, भाव भगति सुभतान।
राजि परम रस लीनता हौ, दीजै दशविधि दान॥१२॥

दया मिठाइ रस भरी हौ, तप मेवा परधान।
सील सलिल अति सीयलो हौ, संयम नागर पान॥१३॥

गुपुत अंग परकासिए हौ, यह निलज्जता रीति।
अकथ कथा मुखि भाखियै हौ, यगारी निर नींति॥१४॥

उद्धत गुन रसिया मिले हौ, अमल विमल रस पेय।
सुख तरंगमें छकि रहे हौ, मनसा वाचा नेम॥१५॥

परम जोति परगट भई हौ, लगी होलिका आगि।
आठ काठ सब झरी बुझे हौ, गई तताई भागि॥१६॥

प्रकृति पचासी लगि रही हौ, भसस खेल है सोइ।
न्हाइ धोइ उज्जल भए हौ, फिरितहं खेलन कोइ॥१७॥

॥इति श्री अध्यातमफाग समाप्तः॥

(५)

आ.श्रीपार्श्वचन्द्रसूरिकृतम्

# ॥अजितशान्तिस्तववार्तिकम्॥

# સંપાદકીય

અહીં આ.શ્રી પાર્શ્વચંદ્રસૂરિજી કૃત **અજિતશાંતિ બાલાવબોધ**નું સંપાદન કરવામાં આવ્યું છે. આ.શ્રી પાર્શ્વચંદ્રસૂરિજી બૃહત્ નાગોરીગચ્છના હતા. તેઓ પાર્શ્વચંદ્રગચ્છના સ્થાપક છે. તેઓ આ.શ્રી પદ્મપ્રભસૂરિજીની સાધુપરંપરામાં આ.શ્રી સાધુરત્નસૂરિજીના શિષ્ય હતા. તેમનો જન્મ આબુની તળેટીમાં આવેલા હમીરપુરમાં(હાલ મીરપુર)થયો હતો. તેઓ જ્ઞાતિએ વ્રીસા પોરવાડ હતા. તેમના પિતાનું નામ વેલગ નરોત્તમ શાહ હતું અને માતાનું નામ વિમલાદેવી હતું. તેમનું બાળપણનું નામ પાસચંદકુમાર હતું. સં. ૧૫૪૬(ઇ. ૧૪૯૦), વૈશાખ સુદ ૩ના રોજ આ.શ્રી સાધુરત્નસૂરિજી દ્વારા દીક્ષા પ્રાપ્ત કરી. દીક્ષા પછી તેમનું પાર્શ્વચંદ્ર નામ પડ્યું. તેઓ ષડાવશ્યક પ્રકરણાદિ, વ્યાકરણ, કાવ્ય, કોશ, નાટક, ચંપૂ, સંગીત, છંદ, અલંકાર, ન્યાય, યોગ, જ્યોતિષ, શ્રુતિ, સ્મૃતિ, ષડ્દર્શનો તથા જૈન ધર્મગ્રંથોના ઊંડા અભ્યાસી અને તપસ્વી હતા. સં.૧૫૫૪(ઇ.૧૪૯૮) વૈશાખ સુદ ૩ના રોજ નાગોરમાં તેમને ઉપાધ્યાયપદ પ્રાપ્ત થયું અને આચાર્યપદ સં.૧૫૬૫ (ઇ.૧૫૦૯) વૈશાખ સુદ ૩ના રોજ સલક્ષણ(શંખલ)પુરમાં શ્રીમન્નાગપુરીય તપાગચ્છાધિરાજ સોમવિમલસૂરિ દ્વારા આપવામાં આવેલું. સં.૧૬૦૦ (ઇ.૧૫૪૩)માં તેઓ યુગપ્રધાનપદ પામ્યા હતા. તેમણે વ્યાપક રીતે વિહાર કરી જૈન ધર્મનો બહોળો પ્રચાર કર્યો હતો. તેમનો શિષ્યસમુદાય વિશાળ હતો. તેમનું અવસાન જોધપુરમાં થયું હતું. તેમની ઉલ્લેખનીય કૃતિઓ આ મુજબ છે:

## પદ્યસાહિત્ય

(૧) શીલગુહાસ્થાપનરૂપકમાલા/રૂપકમાલા

( ૨૯/૩૦ કડી, ર.સં.૧૫૮૩/૧૫૮૭),

(૨) આરાધના મોટી/આરાધના-રાસ

( ૪૦૬ કડી, ર.સં. ૧૫૯૩, મહા સુદ ૧૩, ગુરુવાર; મુ.),

(૩) નાની આરાધના (દુહા-ઢાળમાં ૪૧ કડી),

(૪) વિમલનાથજિન-સ્તવન (૩૧ કડી, ર.સં.૧૫૯૫),

(૫) વસ્તુપાલ તેજપાલ-રાસ (૮૬ કડી, ર.સં.૧૫૯૮;મુ.) આ રાસ લક્ષ્મીસાગરસૂરિ કૃત વસ્તુપાલ તેજપાલ-રાસની ગાઢ અસર હેઠળ રચાયેલો છે,

(૬) ખંધકમુનિચરિત્ર-સજ્ઝાય (૧૦૨ કડી, ર. સં.૧૬૦૦, વૈશાખ સુદ ૮, શુક્રવાર),

(૭) મહાવીરજિન-સ્તવન-સદ્દહણા વિચારગર્ભિત (૭૦ કડી, ર.સં.૧૬૦૮),

(૮) શંખેશ્વર પાર્શ્વનાથ-સ્તવન (૧૭ કડી, ર.સં.૧૫૫૧),

(૯) ગીતાર્થપદાવબોધકુલક/ગીતાર્થાવબોધકુલક,

(૧૦) બ્રહ્મચર્યદશસમાધિસ્થાન-કુલક,

(૧૧) અગિયારબોલ-બત્રીસી/અગ્યારબોલની સજ્ઝાય/ એકાદશવચનદ્વાત્રિંશિકા (૩૩ કડી, મુ.)

(૧૨) સંવેગબત્રીસી( ૩૨ કડી, મુ.)

(૧૩) આગમછત્રીસી (૩૬ કડી, મુ.),

(૧૪) ગુરુછત્રીસી/ભાષાછત્રીસી( ૩૭ કડી),

(૧૫) પાક્ષિકછત્રીસી/પાખીછત્રીસી( ૩૬/૩૭ કડી),

(૧૬) મુખપોતિકાષટ્ત્રિંશકા/મુહપત્તિછત્રીસી (૩૬ કડી),

(૧૭) પાર્શ્વનાથછંદ (૧૧ કડી),

(૧૮) સમ્યક્ત્વદીપકદોહકછંદ (૧૨ કડી),

(૧૯) અમરદ્વાસપ્તતિકા/અમરસત્તરી સુરદીપિકાપ્રબંધ( ૭૪ કડીની),

(૨૦) કેશીપ્રદેશીપ્રબંધ/સજ્ઝાય( ૭૫ કડી, મુ.),

(૨૧) સંગરંગપ્રબંધ (૧૨૪/૧૨૮ કડી),

(૨૨) આદિજિનવિનતિ/આદીશ્વરવિનતિ (૫૫ કડી, વસ્તુ અને ઢાળમાં, અપભ્રંશપ્રધાન ગુજરાતી, મુ.),

(૨૩) સત્તરભેદપૂજાવિચાર સહિત જિનપ્રતિમાસ્થાપનવિજ્ઞપ્તિકા/ સપ્તભેદપૂજાવિચારસ્તવન (૨૯ કડી) જેવી વિજ્ઞપ્તિઓ-વિનતિઓ;

દીક્ષાવિધિ, પૂજાવિધિ અને યોગવિધિ જેવી વિધિવિષયક કૃતિઓ;

(૨૪) ચરિત્ર/ચારિત્રમનોરથમાલા (૩૬/૪૫ કડી, મુ.),

(૨૫) શ્રમણમનોરથમાલા (૪૧ કડી, મુ.),

(૨૬) શ્રાદ્ધમનોરથમાલા (૨૭ કડી, મુ.),

(૨૭) શત્રુંજયરાસ,

(૨૮) ગૌતમસ્વામીલઘુરાસ (૧૭ કડી, મુ.),

(૨૯) એષણાશતક (૧૦૧/૧૦૪ કડી),

(૩૦) દુહાશતક,

(૩૧) વિવેકશતક,

(૩૨) આઠમદપરિહારસજ્ઝાય( ૨૧ કડી),

(૩૩) કલ્યાણકસજ્ઝાય/મહાવીરસ્વામીના નિર્વાણકલ્યાણકની સજ્ઝાય (૨૨ કડી, મુ.),

(૩૪) કાઉસગ્ગના ૧૯ દોષની સજ્ઝાય (૨૦ કડી),

(૩૫) જિનપ્રતિમા સ્થાપનારાસ/સજ્ઝાય (૩૯ કડી, મુ.),

(૩૬) જીવદયાની સજ્ઝાય (૨૪ કડી, મુ.),

(૩૭) શીલદીપકસજ્ઝાય/શીલદીપિકા (૨૧ કડી),

(૩૮) સાધુવંદના( ૭ ઢાળ),

(૩૯) ચોવીસદંડકવિચારગર્ભિતપાર્શ્વનાથસ્તવન( ૨૩ કડી),

(૪૦) નિશ્ચયવ્યવહાર-ગર્ભિત-ચોવીસજિન-સ્તવન/નિશ્ચયવ્યવહાર ષટ્પંચાશિકા( ૫૮ કડી),

(૪૧) દંડકવિચારસ્તવન(૯૦/૯૧ કડી),

(૪૨) ષડ્વિંશતિદ્વારગર્ભિત વીરસ્તવન( ૯૫ કડી)

(૪૩) અષ્ટકર્મવિચાર,

(૪૪) વિધિવિચાર

(૪૫) આત્મશિક્ષા (૨૩ કડી, મુ.),

(૪૬) ગચ્છાચાર પંચાશિકા(૫૦ કડી),

(૪૭) મતોત્પત્તિચોપાઇ

(૪૮) અતિચાર/શ્રાવકપાક્ષિકાદિ અતિચાર(૧૫૫/૧૫૬ કડી), તથા આદિનાથ, નેમનાથ, પાર્શ્વનાથ, મલ્લિનાથ, શાંતિનાથ, મહાવીર વિગેરે વિશેનાં શત્રુંજયવિષયકસ્તવનો(કેટલાંક મુ.)પણ રચ્યાં છે. નાની-મોટી અનેક ચોપાઇઓ, ગીતો, સ્તવનો તથા સજ્ઝાયો તેમના રચેલા મળે છે.

(૪૯) કલ્પસૂત્રસ્તબક (ગ્રંથાગ્ર-૧૨૦૦),

(૫૦) તંદુલવૈચારિકપ્રકીર્ણક- બાલાવબોધ/વાર્તિક (ગ્રંથાગ્ર-૧૫૦૦) ગ્રંથાગ્રનો,

(૫૧) દશવૈકાલિકસૂત્ર- બાલાવબોધ (ગ્રંથાગ્ર-૨૩૪૦),

(૫૨) નવતત્ત્વપ્રકરણ બાલાવબોધ/સ્તબક,

(૫૩) નિયતાનિયતપ્રશ્નોત્તરપ્રદીપિકા/ નિયતાનિયતપ્રશ્નોત્તરદીપિકાસ્તબક,

(૫૪) સાધુપ્રતિક્રમણસૂત્ર-બાલાવબોધ,

(૫૫) રાયપસેણીયસૂત્ર-બાલાવબોધ,

(૫૬) પ્રશ્નવ્યાકરણસૂત્ર-બાલાવબોધ,

(૫૭) ભાષાના ૪૨ ભેદનો બાલાવબોધ,

(૫૮) લઘુક્ષેત્રસમાસપ્રકરણ- બાલાવબોધ,

(૫૯) સૂત્રકૃતાંગસૂત્ર- બાલાવબોધ,

(૬૦) લુંપક પ્રશ્નોના ઉત્તર (ગ્રંથાગ્ર- ૬૫૫);

(૬૧) ચઉશરણ પ્રકીર્ણક-બાલાવબોધ/ચઉસરણપયન્ના વાર્તિક (ર.સં. ૧૫૯૭, ફાગણ સુદ ૩, રવિવાર),

(૬૨) ષટ્દ્રવ્યસ્વભાવનયવિચાર (મુ.)

(૬૩) અજિતશાંતિસ્તવ-બાલાવબોધ,

(૬૪) આચારાંગસૂત્ર-બાલાવબોધ/વાર્તિક/સ્તબક (ગ્રંથાગ્ર-૪૫૦૦, *મુ.),

(૬૫) ઉત્તરાધ્યયનસૂત્ર-બાલાવબોધ, (ગ્રંથાગ્ર- ૯૦૦૦)

(૬૬) ઔપપાતિકસૂત્ર-બાલાવબોધ( ગ્રંથાગ્ર- ૬૭૦૦),

(૬૭) સંઘપટ્ટક (સંસ્કૃત)

(૬૮) સપ્તપદીશાસ્ત્ર (પ્રાકૃત) વગેરે ગ્રંથરચનાઓ કરી હોવાનું નોંધાયું છે.

અજિતશાંતિ બાલાવબોધ પ્રાયઃ અપ્રગટ છે. જો કે આધુનિક ગુજરાતી ભાષામાં અજિતશાંતિના ઘણા અર્થ ઉપલબ્ધ છે. તેમ છતાં પાર્શ્વચંદ્રસૂરિએ રચેલા બાલાવબોધમાં કેટલીક વિશેષતાઓ છે તેથી પ્રગટ કરવા યોગ્ય છે. પાર્શ્વચંદ્રસૂરિએ બાલાવબોધનું વાર્તિક એવું નામ આપ્યું છે. ગુજરાતી ભાષામાં સૂત્રનો અર્થ કરવામાં આવે તેને બાલાવબોધ અથવા વાર્તિક કહેવામાં આવે છે. આ વાર્તિકમાં બે વિશેષતા છે.

(૧) તેના કર્તા નંદિષેણ મુનિ શ્રેણિકરાજાના પુત્ર છે. તેવું કહેવામાં આવ્યું છે. (જુઓ કૃતિપુષ્પિકા ગાથા નં.૩૬)

(૨) બીજી મહત્ત્વની વાત એ છે કે આ સ્તોત્રમાં પાંચ ગાથાઓ ક્ષેપક છે. વર્તમાનમાં ત્રણ ક્ષેપક ગાથાઓ બોલાય છે. તે સિવાય બીજી બે ગાથાનો અહીં ઉલ્લેખ છે.

આચાર્યશ્રીએ અહિં બીજી બે સ્પષ્ટતાઓ કરી છે.

(૧) આ ગાથાઓમાં સ્તોત્ર બોલવાથી રોગ ન થાય, થયા હોય નાશ પામે, કીર્તિ મળે એવું કહ્યું છે તેનાથી આ લોકની વાંછા પુષ્ટ થાય છે. એથી આ ગાથા બોલનારો ઇહલોકાર્થી જાણવો. પરલોકની ઇચ્છાવાળો આ સ્તવન કેવળ નિર્જરા માટે બોલે.

(૨) અજિતશાંતિ પક્ખી, ચોમાસી અને સંવત્સરીમાં અવશ્ય બોલવી જોઇએ એવો એકાંત નથી.

આ સ્તોત્રની એકત્રીસમી ગાથામાં પુદ્દુરુટક નામના વાજિંત્રનો ઉલ્લેખ છે. ગુજરાતી ભાષામાં તેને ચાટક કહેવાય છે.

આ કૃતિની પ્રત **આ. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર મહાવીર જૈન આરાધના કેંદ્ર, કોબામાં** છે. (ક્રમાંક-૨૦૮૮૭). તેના ૭ પત્ર છે. પ્રત્યેક પત્રમાં ૧૬ પંક્તિ છે. પ્રત્યેક પંક્તિમાં ૫૯ અક્ષર છે. શુદ્ધપ્રાયઃ છે. આ પ્રત પૂ.મુનિપ્રવર **શ્રીધુરંધરવિજયજી** મ. પાસેથી પ્રાપ્ત થઇ છે. તેમણે ગુરુદેવ પૂ. મુનિપ્રવર

**શ્રીવૈરાગ્યરતિવિજયજી** મ.ને વરસો પહેલા આ પ્રતની છાયાપ્રતિ (ઝેરોક્સ) સંપાદનાર્થે આપી હતી. તેનો લાભ મને મળ્યો તેથી હું મારી જાતને બડભાગી સમજું છું. સાથે જ મારા પરમ ઉપકારી પરમ પૂજ્ય **સાધ્વીજી શ્રીહર્ષરેખાશ્રીજીમ.**ના શિષ્યા **સાધ્વીજી શ્રીજિનરત્નાશ્રીજી મ.**, પૂજ્ય સા. **શ્રી મધુરહંસાશ્રીજી મ.**ના ઉપકાર યાદ કરીને તેમનાં પાવન ચરણોમાં વંદનાંજલિ અર્પણ કરું છું.

સા.શ્રી જિનરત્નાશ્રીજી મ.ના
પ્રશિષ્યા સા. **ધન્યહંસાશ્રી**

आ.श्रीपार्श्वचन्द्रसूरिकृतम्

## ॥अजितशान्तिस्तववार्तिकम्॥

॥श्रीगुरुभ्यो नमः॥

**विपुलमङ्गलकारणमुत्तमम्,**
**सुगुरुपादयुगं प्रणिपत्य वै।**
**अजितशान्तिजिनस्तववार्तिकम्,**
**परजनोपकृताय करोम्यहम्॥**
**अजियं जियसव्वभयं संतिं च पसंतसव्वगयपावं।**
**जयगुरु संतिगुणकरे दो वि जिणवरे पणिवयामि॥१॥ गाहा॥**

**[बा.]** अजिय इणि नामि बीजउ तीर्थंकर ते केहवउ? **जियसव्वभयं** जित कहतां जीता सर्व सयला भय इहलोकादिक सातइ जेणइं। तथा **संतिं च** श्री शांति इमइं नामिइं सोलमओ तीर्थंकर ते केहवउ? **पसंतसव्वगयपावं** प्रशांत उपशम्या सर्व सघला गद कहता रोग अनइ पाप। इतलइ स्वामी थकी रोग नइ पाप प्रशांत थया छइं। एहवइ जिनवर प्रणमउं नमस्करउं। पछेवइ कहवा? **जयगुरु** सर्व जगतना गुरु पूज्य। तथा **संतिगुणकरे** शांति कहता उपशम इत्यादि जे गुण तेहना करणहार॥१॥ गाथाच्छन्दः॥

**ववगयमंगुलभावे ते हं विउलतवनिम्मलसहावे।**
**निरुवममहप्पभावे थोसामि सुदिट्ठसब्भावे॥२॥गाहा॥**

**[बा.]** ववगय कहतां सर्वथापि गया मंगुल कहतां पाडुआ भाव जेह थकी। तेहं ते बेइ तीर्थकरं हउं। विपुल विस्तीर्ण एहवउ जे जप तेणइं निर्मल पवित्र जेहना देह स्वभाव। तथा **निरुवममहप्पभावे** निरुपम एतलइ सर्वोत्तम महाप्रभाव महाअतिशय जेहना। स्तविस्यउं तेहनी स्तुति करिस्यउं। तथा **सुदिट्ठसब्भावे** सुदिठ्ठ रूडीपरिइ दीठा केवलज्ञानि करी जगमाहि छता भाव जेणइं॥२॥ गाथाच्छन्दः॥

**सव्वदुक्खप्पसंतीणं सव्वपावपसंतिणं।**
**सया अजियसंतीणं नमो अजियसंतिणं॥३॥ सिलोगो॥**

**[बा.]** सघला दुःखनी प्रशांति विनाश जेह थकी। एतलइ दुक्खना विनाशक।

**सव्वपावपसंतिणं** सर्वपापनी प्रशांति क्षय तेहना करणहार। सदा सर्वदा अजित अनइ शान्ति एहनइं नमो नमस्कार हुउ। **अजियसंतीणं** नही जीती अंतरंग वइरीइं शांति उपशम क्षमा जेहनी॥३॥ श्लोकच्छन्दः॥

**अजियजिणसुहपवत्तणं तव पुरिमुत्तमनामकित्तणं।**
**तह य धिइमइपवत्तणं तव य जिणुत्तम संति कित्तणं॥४॥**

**मागहिया॥**

**[बा.]** हे अजितजिन हे पुरुषोत्तम पुरुषमाहि उत्तम तव कहतां ताहरउ नामकीर्तन नामनउ कहिवउ **सुहपवत्तण** कहतां सुखनउ प्रवर्तावणहार। तथा वली हे **जिणुत्तम** श्री शांतिनाथ ताहरउ कीर्तन नासउ उच्चरिवउ। **धिइमइपवत्तणं** धृति कहतां संतोष मति कहतां बुद्धि ए बिहूनउ प्रवर्तावणहार छइ॥४॥ मागधिकाच्छन्दः॥

**किरियाविहिसंचियकम्मकिलेसविमुक्खयरं,**
**अजियं निचियं च गुणेहिं महामुणिसिद्धिगयं।**
**अजियस्स य संति महामुणिणो वि अ संतिकरं,**
**सययं मम निव्वुइकारणयं च नमंसणयं॥५॥ आलिंगणयं॥**

**[बा.]** किरिया कहतां क्रिया अनुष्ठानविशेष संयमादिक तेहनी जे विधि करिवउं तेणइं करी संचिय सांच्या जे कर्म तेहनउ जे क्लेश तेहनउ विमोक्ष मूंकाडिवउ तेहनउ करणार एहवउ श्रीअजित। ते वली केहवउ? निचियं कहतां भर्यउ। गुणेहिं गुणिइं करी। वली केहवउ?। **महामुणि** महाज्ञानवंत। केहवउ? **सिद्धिगयं** सिद्धिइं पहुतउ। तथा अजितनउ अनइ शांति महामुनिनउ। **नमंसणयं** नमस्करिवउ। मझनइं करणार। सततं कहतां निरंतरं **निव्वुइकारणयं** निर्वृति मुक्तिनउ कारण छइ॥५॥आलिंगनकच्छन्दः॥

**पुरिसा जइ दुक्खवारणं, जइ य विमग्गहसुक्खकारणं।**
**अजियं संति च भावओ, अभयकरे सरणं पवज्जहा॥६॥**

**मागहिया॥**

**[बा.]** अहो पुरुषउ जइ तहे दुक्खनउ वारिवउ अवेलि जइ सुखनउ कारण **विमग्गह** वांछउ छउ तओ श्री अजित अनइ श्रीशांति ए बेवइ तीर्थंकर अभयना करणहार शरण पडिवजउ शरण करी आदरउ॥६॥मागधिकाच्छंद॥

**अरइरइतिमिरविरहियमुवरयजमरणं,**

**सुरअसुरगरुलभुयगवइपययपणिवइयं।**
**अजियमहमवियसुनयनयनिउणमभयकरं,**
**सरणमुवसरिय भुविदिविजमहियं सययमुवणमे॥७॥संगययं॥**

**[बा.]** अरति तथा रति ए रूपिया तिमिर तेणइं विरहित। तथा उपरत निवर्त्या जेह थकी जरा नइ मरण। तथा सुर देवता वैमानिक असुर पातालवासी गरुड सुपर्णकुमार भुजग(भुवन)पतिना देवता तेणइं प्रयत आदर सहित **पणिवइयं** नमस्कर्यउ अजितजिन तेहनइ हउं पुण सुनय रूडा न्याय एहवा जे नय नैगमादिक तेहनइ विषइ निपुण। तथा अभयनउ करणहार। एहवउ सरण आदरीनइ **उवणमे** कहतां प्रणमउं। ते वली केहवउ? **भुविदिविजमहियं सययं** निरंतर भुविज मनुष्य दिविज देवता तेणइं महित पूज्यउ॥७॥संगतच्छन्दः॥

**तं च जिणुत्तममुत्तमनित्तमसत्तधरं,**
**अज्जवमद्दवखंतिविमुत्तिसमाहिनिहिं।**
**संतिकरं पणमामि दमुत्तमतित्थयरं,**
**संतिमुणी मम संति समाहिवरं दिसउ॥८॥सोवाणयं॥**

**[बा.]** ते जिनमांहि उत्तम श्रीशांति ते केहवउ? उ उत्तम प्रकृष्ट नित्तम कहता निःपाप एहवा सत्त्वनउ धरणार। अज्जवं सरल पणउं एतलइ मायानउ अभाव। मद्दव सुकुमालपणउ एतलइ माननउ अभाव। तथा खंति क्षमा क्रोधनउ अभाव। विमुत्ति विमुत्ति मूंकिवउ एतलइ लोभनउ अभाव। तथा समाधि स्वस्थपणउ तेहनउ निहिं कहता निधान। तथा शांतिनउ करणहार ते प्रणमउं नमस्करउं। केहवउ? **दमुत्तम** पांच इंद्रीनउ दमिवउ तेणइं करी उत्तम एहवा तीर्थनउ करणहार। अन्यदर्शनी थकउ उत्तम। एहवउ श्रीशांतिमुनि केवलज्ञानसहित श्रीशांतिनाथ मझनइ शांति समाधि वर प्रधान द्यउ॥८॥सोपानकच्छंदः॥

**सावत्थिपुव्वपत्थिवं च वरहत्थिमत्थय**
**पसत्थविच्छिन्नसंथियं थिरसरिसवच्छं**
**मयगललीलायमाणवरगंधहत्थिपत्थाणपत्थियं**
**संथवारिहं हत्थिहत्थबाहुं**
**धंतकणगरुवगनिरुवहयपिंजरं**

**पवरलक्खणोवचियसोमचामरूवं सुइसुहमणाभिराम-**
**परमणिज्जवरदेवदुंदुहिनिनायमहुरयरसुहगिरं॥९॥वेड्ढओ॥**
**अजियं जियारिगणं जिअसव्वभयं भवोहरिउं।**
**पणमामि अहं पयओ पावं पसमेउ मे भयवं॥१०॥**

**रासालुद्धओ॥**

**[बा.]** बिहु गाथा करी श्रीअजित जिननी स्तुति करइ छइ। सावत्थि कहता सावरक्षणसहित अस्ति लक्ष्मी छइ जिहां। एतलइ स्थिरश्रीनउ स्थान। एहवी अयोध्यानगरी जाणिवी। तिहां **पुव्वपत्थिवं** गृहवासि पार्थिवराजा जे स्वामी थया। तथा **वरहत्थिमत्थयपसत्थवित्थिन्नसंथियं**। वरप्रधानजे हस्ती तेह नइ मस्तकिइ प्रशस्त मंगलकारि यउ विस्तीर्ण विशाल संस्थित संस्थान छइ जेहनउ। एतलइ स्यउ भाव?। राज्यनइ कालि गजारूढ छतउ राज्यिइं स्थाप्यउ ए भाव। तथा स्थिरश्रीवत्सहे एहवउ [व]क्षःस्थल जेहनउ। एतलइ श्रीवत्स शोभित हृदय छइ। तथा मयगल कहता मदसहित एतलइ यौवनवंत एहवउ लीलायमाण लीला करतउ वर प्रधान गंधहस्ती तेहनउ प्रस्थान गमन तेहनी परिंइं प्रस्थित चालतउ। एतावता गजसरीखी गति। तथा **संथवारिहं** लोकनइं स्तविवा योग्य। तथा **हत्थिहत्थबाहुं**। हाथियानउ जे हाथ शुंडादंड तेहनी परिइं बाहु जेहनी। **धंतकणगरुयगनिरुवहयपिंजरं**। धंत कहता धन्यउ जे कनक सुवर्ण तेहना रुवक कहतां रूपक तेहनी परिइं नि[रु]पहत निर्दोष एहवउ पिंजरकहतां वर्ण। एतलइ सुवर्णवर्ण। प**वरलक्खणोवचियसोमचारुरूवं**। प्रवर प्रधान जे लक्षण तेणइं उपचित पुष्ट सौम्याकार चारु मनोहर रूप जेहनउ। **सुइसुहमणाभिरामपरमरमणिज्जवरदेवदुंहुहिनिनायमहुरयरसुहगिरं**। श्रुतिसुख कर्णनइं सुखकारक मननइ अभिराम। मनोभीष्ट परम रमणीय अतिइं रमणीय सर्व आऊखां लगी सांभलतां क्षुधातृषानिद्रादि काइं सांभरइ नही। तेणि कारणि वरं प्रधान देवदुंदुहीनउ निनाद शब्द तेहनी परिइं मधुर रूडी विशेष थकी मिष्ट एहवी शुभकारिणी गिरा वाणी जेहनी॥९॥वेष्टकनामच्छन्दः॥

एहवउ अजित **जियारिगणं** जीतउ अरि वइरीनउ गण समूह जेणइं। तथा जिय जीता सघला भय जेणइं। तथा भव संसार तेहनउ ओघ प्रवाह तेहनउ रिपु। एहवानइं हउं प्रयत आदरवंत छतउ मे माहरउ पाप उपसमावउ भगवंत॥१०॥नरासकलुब्धकच्छन्दः।

**कुरुजणवयहत्थिणाउरनरीसरो पढमं तओ**
**महाचक्कवट्टिभोए महप्पभावो**
**जो बावत्तरिपुरवरसहस्सनिगमजणवयवइ**
**बत्तीसारायवरसहस्साणुयायमग्गो**
**चउदसवररयणनवमहानिहि**
**चउसट्ठिसहस्सपवरजुवईण सुंदरवई**
**चुलसीहयगयरहसयसहस्स सामी छन्नवइगामकोडिसामी**
**आसी जो भारहम्मि भयवं॥११॥ वेड्ढओ॥**
**तं संति संतिकरं संतिण्णं सव्वभया। संति थुणामि जिणं संति**
**च विहेउ मे भयवं॥१२॥ रासानंदियं॥**

**[बा.]** कुरु नामि जनपद देश तिहां हस्तिनागपुर नगर तेहनउ नरेश्वर राजा प्रथम पहिलउ जे हूअउ तिवार पछइ महा मोटा चक्रवर्ति ना भोग भोगवतउ हूअउ। महाप्रभाव महाअतिशयवंत। जे बहत्तरि पुरवरना सहस्र निगम जनपद जिहां वाणिया ज घणा हइं ते निगम, जनपद देश तेहनउ पति स्वामी। बत्तीससहस्र जे मुकुटवर्द्धन(बद्ध) राजा तेहनइ केडइ मार्गि जाइ छइ जेहनइ। तथा चउदह वर प्रधान रत्न। तथा नवमहानिधि तत्र पति स्वामी। तथा चउसठि सहस्र प्रवर प्रधान सुंदर मनोहर पति स्वामी। तथा चुलसी चउरासी लाख घोडा चउरासी लाख हाथी चउरासी लाख रथ तेहनउ स्वामी। छन्नू कोडि ग्राम तेहनउ स्वामी। एहवउ जे भरतक्षेत्रनइ विषइ भगवंत हूआ॥११॥वेष्टकच्छन्दः॥

ते श्रीशांतिनाथ शांतिनउ करणहार। तथा सर्व भयथकी संतीर्ण सम्यक् प्रकारि तस्य। श्रीशांति जिन हउं स्तवउं। ते श्री शांतिनाथ भगवंत मझनइं शांति करउ॥१२॥रासकनंदितच्छन्दः॥

**इक्खागविदेहनरीसर नरवसहा मुणिवसहा,**
**नवसारयससिसकलाणणविगयतमा विहुयरया।**
**अजिउत्तमतेयगुणेहिं महामुणि अमियबलाविउलकुला,**
**पणमामि ते भवभयमूरण जगसरणा मम सरणं॥१३॥**

**चित्तलेहा॥**

**[बा.] इक्खाग** हे इक्ष्वाकुवंशना ऊपना। हे विदेहदेशना स्वामी। अहो **नरवसहा**। नरमांहि वृषभ वृष कहतां पुण्य तेणइ करी भा प्रभा जेहनी। एतावता मनुष्य विषइ पुण्यइं शोभायमान। अहो मुनिवृषभ मुनि केवली तेह मांहि वृषभ समान तीर्थनाथ। अहो **नवसारयससिसकलाणण**। आसूमाससंबंधिनी पूनिम तेहनउ ऊगतउ चंद्र ते सरीखउ मुख जेहनउ। तथा अहो **विगयतमा** विगतयउ तम पाप जेह थकी। तथा अहो **विहुयरया** विहुअ कहता खपाव्या रज कर्म जेणइं एहवा। अहो **अजिउत्तमतेयगुणेहिं** तेजगुणिइं करी उत्तम। हे अजित हे महामुनीश्वर। अहो अमितबल अनंतबलसहित। अहो **विउलकला** विस्तीर्णकलासंयुक्तः **पणमामि ते** तुझनइं प्रणमउं नमस्करउं। अहो **भवभयमूरण** भवना भयना चूरणहार। अहो जगशरण तम्हे मझनइं शरण हुउ॥१३॥चित्रलेखाच्छन्दः॥

**देवदाणविंदचंदसूरवंद हट्ठ तुट्ठ जिट्ठ परमलट्ठरूव**
**धंतरुप्पपट्टसेयसुद्धनिद्धधवलदंतपंति संति**
**संतकित्तिमुत्तिमुत्तिजुत्तिगुत्तिपवर।**
**दित्ततेय वंद धेय सव्वलोयभावियप्पभावणे पइस मे समाहिं॥१४॥**

**नाराइओ॥**

**[बा.]** देव विमानिक, दानव असुरकुमार तेहना इंद्र तथा चंद्र सूर्य ज्योतिषीना इंद्र तेहनइं वंदनीय। तथा हृष्ट हर्षित, तुष्ठ संतोषवंत। हे जेष्ठ विश्वपूजनीय। हे परम अत्यंत लष्ट मनोहर रूप जेहनउ। हे धंत धम्यउ रूपानउ पट्ट तेह सरीखो श्वेत सुद्ध निर्दोष स्निग्ध चीगटा धवला ऊजला दंत तेहनी पंक्ति जेहनइ। तथा हे शांतिजिन संत प्रधान कीर्ति। तथा मुक्ति निर्लोभतानी युक्ति तथा गुप्ति मनोगुप्ति तेणइं करी प्रवर प्रधान। तथा दीप्ततेज दीपतउ तेज जेहनउ। तथा हे वंदनीय। तथा ध्येय सर्वलोकनइं ध्याविवा योग्य। तथा सर्वलोकिंइ भावी चींतवी प्रभावना जेहनी। एहवा श्रीशांति जिन मझनइं समाधि द्यउ॥१४॥नाराचकच्छन्द॥

**विमलससिकलाइरेयसोमं, वितिमिरसूरकलाइरेयतेयं।**
**तियसवइगणाइरेयरूवं, धरणिधरपवराइरेयसारं॥१५॥**

**कुसुमलया॥**

**सत्ते [अ] सया अजियं, सारीरियबले अजियं।**

**तवसंजमे [अ] अजियं, एसहं थुणामि जिणमजियं॥१६॥**

**भुयगपरिरंगियं॥**

**[बा.]** विमल निर्मल शशिकला चंद्रमानी कला तेह थकी अतिरेक अधिक सौम्य। वितिमिर अंधकार रहित एहवा सूर्यना किरण थकी अधिकतेज। तथा त्रिदश देवता तिहना पति इंद्र तेहना गण समूह तेह थकी अधिक जेहनउ रूप। धरणीधर पर्वत तेहमांहि प्रवर प्रधान ते मेरुपर्वत तेह थकी अधिकउ जेहनउ सार बल॥१५॥ कुसुममताच्छन्दः॥

**सत्ते।** सत्त्वनइ विषइ सदा अजित सत्त्वगुणि करी किणिही जीतउ नही। तथा शरीरसंबंधिया बलनइ विषइ अजित किणइ जीतउ नथी। तथा तपसंयमविषइ अजित। एतावता जेहवा तपसंयम श्रीजिनवरना तेहवा अनेरउ कोई करी न सकइ। ते श्रीअजितनई एहउं थुणउं स्तुति करउं॥१६॥भुंजगपरिरंगितच्छन्दः॥

**सोमगुणेहिं पावइ न तं नवसरयससी,**
**तेयगुणेहिं पावइ न तं नवसरयरवी।**
**रूवगु[णे]हिं पावइ न तं तियसगणवई,**
**सारगुणेहिं पावइ न तं धरणिधरवई॥१७॥खिज्जयं॥**

**[बा.]** सौम्यगुणिइं करी तेहनाइ नवउ शरत्कालनउ शशी चंद्रमा न पावइ ते सरीखउ न थाइ ए भाव निज गुणिइं करी न पावइ ते सरीखउ न थाइ कवण?। **नवसरयरवी** नव ऊगतउ शरत्कालनउ सूर्य रूपगुणेइं करी तेहनइ न पावइ ते सरीखउ न थाइ कुण? **तियसगणवई** कहता इंद्र। तथा सारगुणबलनउ गुण तेणइ करी न पावइ ते सरीखउ न थाइ। कुण? **धरणिधरवई** कहतां मेरुपर्वत। जेहभणी स्वामीना सर्व गुण अनंता ज छइं तिणि विशेषि असाधारण गुण जाणिवा। **विमलससिकला०**। इहां अनइं **सोमगुणेहिं पावइ०**। इहां सरीखउ अर्थ छइ तेहभणि पुन[रु]क्तदोषनी आशंका करइ तेह प्रतिइं उत्तर-

***सज्झायज्झाण तह ओसहेसु उवएसथुइपयाणेसु। संतगुणकित्तणासु य, न हुंति पुणरुत्तदोसाओ॥*** [आव.नि.१५०४]

एतले स्थानके पुनरुक्त न गिणियइ॥१७॥खिज्जतकच्छन्दः॥

**तित्थवरपव्वत्तयं तमरयरहियं,**

**धीरजणथुयच्चियं चुयकलिकलुसं।**
**संति सुहपव्वत्तयं तिगरणपयओ,**
**संतिमहं महामुणि सरणमुवणमे॥१८॥ ललियं॥**

**[बा.] तित्थवर** प्रधानतीर्थ तेहनउ प्रवर्तावणहार। एतलइ जेहवउ जिनशासनउ तीर्थ तेहवउ बीजओ तीर्थ को नथी तिणि कारणि **तित्थवरपवत्तयं**। तथा तमरूपियउं पापरूपियउं रज तेणइं रहित। धीरजनइं स्तव्यउ अर्च्यउ। तथा **चुयकलिकलुसं**। च्युत गयउ जेह थकी कलिनउ कलुष। कलहनउ डहलपणउ। तथा शांति सुखनउ प्रवर्तणहार। **तिगरणपयओ**। त्रिकरण मनवचनकायाइं करी प्रयत आदरवंत छतउ। एहवउ हउं श्रीशांति महामुनीश्वर शरण **उवणमे** कहतां पडिवजओ॥१८॥ललितच्छन्दः॥

**विणओणयसिररइयंजलिरिसिगणसंथुयं थिमियं।**
**विबुहाहिवधणवइनरवइथुयमहियच्चियं बहुसो।**
**अइरुग्गयसरयदिवायरसमहियसप्पभंतवसा।**
**गयणंगणवियरणसमुइयचारणवंदियं सिरसा॥१९॥**

**किसलयमाला॥**

**[बा.]** विनय करी अवनत नीचा नमाव्या शिर मस्तक तेहनइ विषइ रचित कीधी अंजलि एहवा ऋषिना गण समूह तेणइं संस्तव्यउ। तथा **थिमियं** कहतां निश्चल। तथा विबुधाधिप इंद्र। तथा धनपति धनवंत एहवा नरपति राजा तेणइं थुय स्तव्यउ वचनिइं। महियं भावपूजाइं। अच्चियं अर्चित द्रव्यपूजाइ बहुसो कहतां घणीवार सदाइ। **अइरुग्गय** नवउ ऊग्यउ सरत्कालनउ दिवाकर सूर्य तेहथकी समधइक रूडी प्रभा जेहनी तपइ करी। एतलइ तपनी प्रभाइं सूर्य तेजथकी अधिक। तथा **गयणंगण** आकाशमंडलनइ विषइ विचरिवउ। तिहां समुदित मिलिया एहवा चारणश्रमण तेणइ वांद्यउ। शिरसा मस्तकिइं करी॥१९॥किशलयमालाच्छन्दः॥

**असुरगरुलपरिवंदियं किन्नरोरगनमंसियं।**
**देवकोडिसयसंथुयं समणसंघपरिवंदियं॥२०॥समुहं॥**

**[बा.]** असुरकुमार अनइ गरुड तेणइ **परिवंदियं** वांद्यउ। तथा किंनर व्यंतरनिकाय उरग नागकुमारः तेणइं नमस्कर्यउ। किं बहुना?। देवकोटिना शत तेणइं

स्तव्यउं। तथा श्रमण साधुना संघ तेणइं वांद्यउ॥२०॥समुखच्छन्दः॥

**अभयं अणहं अरुयं अरयं,**
**अजियं अजयं पयओ पणमामि॥२१॥ विज्जुविलसियं॥**

**[बा.] अभयं** भयरहित। **अणहं** पापरहित। **अरुयं** रोगरहित। **अरयं** कर्मरहित। **अजयं** किणिही जीतउ नही। एहवउ श्रीअजितजिन। प्रयत सादर छतउ प्रणमउं नमस् करउं॥२१॥विद्युतविलसितच्छन्दः॥

**आगया वरविमाणदिव्वकणग-**
**र{यप}हक(तु)रयपहकरसएहिं हुलियं।**
**ससंभमुयरणखुभियललियचलकुंडल-**
**गयतिरीडसोहंतमउड(लि)माला॥२२॥ वेढओ॥**

**[बा.] आगया** आव्या। देवता वर प्रधान जे विमान तथा दिव्य देवसंबन्धिया कनकरथ सुवर्णमयरथ तथा तुरग घोडिला। तेहना **पहकर** कहता समूह तेहना जे सत तेणइ बइसीनइ। **हुलियं** कहतां शीघ्र ससंभ्रम ऊतावलउ अवतरणऊ ऊतरिवउ। तेणइं करी खुभ्या। ललित मनोहर चल चंचल एहवा कुंडल। तथा अंगद बाहरखा तिरीड कहतां मुकुट तिहां शोभती **मउलिमाला** मस्तकनइ विषइ फूलनी माला जेहनइ एहवा देवता आव्या॥२२॥वेष्टकच्छन्दः॥

**जं सुरसंघा सासुरसंघा वेरविउत्ता भत्तिसंजुत्ता।**
**आयरभूसियसंभमपिंडियसुट्ठुसुविम्हियसव्वबलोघा।**
**उत्तमकंचणरयणपरुवियभआसुरभूसणभासुरियंगा**
**गायसमोणयभत्तिवसागयपंजलिपेसियसीसपणामा॥२३॥**

**रयणमाला॥**

**[बा.] जं** कहतां जे प्रभुनइ सुरसंघ देवना समूह केहवा? **सासुरसंघा** असुरसमूह सहित **वेरविउत्ता** मांहोमांहि वइररहित। भक्तिसंयुक्त। आदरइं करी भूषित शोभित एहवउ जे संभ्रम अत्यंत स्नेह तेणइं करी पिंडित मिल्या। तथा **सुट्ठुसुविम्हि[य]** अतिहर्षित एहवा सघला सैन्यसहित। तथा उत्तम कांचन सर्वोत्तम सुवर्ण तथा रत्न तेणइ प्ररूपित कहतां निष्पन्न नीपना एहवा भासुर दीपता भूषण आभ[र]ण तेणइं भास्वरित देदीप्यमान अंग छइ जेहना। तथा गात्रिइं शरीरिइं करी

नम्या भक्तिनइ वशिइं आव्या तथा प्रांजलिइ करी प्रेष्या शीर्षप्रणाम मस्तकइं करी नमस्कार। एहवा देव स्वामीनइ समीपि आव्या॥२३॥रत्नमालाच्छन्दः॥

**वंदिऊण थोऊण तो जिणं तिगुणमेव य पुणो पयाहिणं।**
**पणमिऊण य जिणं सुरासुरा पमुइया सभवणाइं तोगया॥२४॥**

**खित्तयं॥**

**[बा.] वंदिऊण** वांदीनइ। **थोऊण** स्तवीनइ तो कहतां तिवारपछइ जाइवानी वेला। जिन श्री वीतरागनइं त्रिगुण त्रिणि वार प्रदक्षिणा करीनइं पछइ प्रणमीनइं। **सुरासुरा** सुर वैमानिक असुर भवनपति। प्रमुदित हर्षित छता तिबार पछइ। आपणइ परि गया॥२४॥खिद्यतकच्छन्दः॥

**तं महामुणि महं पि पंजली, रागदोसभयमोहवज्जियं।**
**देवदाणवनरिंदवंदियं, संतिमुत्तमं महातवं नमे॥२५॥खित्तयं॥**

**[बा.]** ते महामुनि हउं पुण प्रांजलि छतउ रागद्वेषभयमोह एतले करी वर्जित। देवदानवनरेंद्रि वांद्यउ। एहवउ श्रीशांतिनाथ उत्तम महातपनउ करणहार तेहनइं नमउं नमस्करउं॥२५॥क्षिप्तकच्छन्दः॥

**अंबरंतरवियारणियाहिं,**
**ललियहंसगइमामिणियाहिं।**
**पीणसोणिथणसालिणियाहिं,**
**सकलकमलदललोयणियाहिं॥२६॥ दीवयं॥**
**पीणनिरंतरथणहरविणमियगायलयाहिं,**
**मणिकंचणपसिढिलमेहलसोहियसोणितडाहिं।**
**वरखिंखिणिनेउरसतिलयवलयभूसणियाहिं**
**रइकरचउरमणोहरसुंदरदंसणियाहिं॥२७॥चित्तक्खरा॥**
**देवसुंदरीहिं पायवंदियाहिं वंदिया य जस्स ते सुविक्कमा कमा**
**अप्पणो निलाडएहिं मंडणोड्डणप्पगारएहिं**
**केहिं केहिं वि अवंगतिलयपत्तलेहनामएहिं चिल्लएहिं संगयंगियाहिं**
**भत्तिसंनिविट्ठवंदणागयाहिं हुंति ते वंदिया पुणो पुणो॥२८॥**

**नाराइओ॥**

**[बा.]** त्रिहुं गाथाइं संबंधा। देवांगनानउ वर्णक जाणिवउ। **अंबरंतर** आकाशमध्य तिहां विचारिणी चालती। ललित मनोहर हंसनी गतिइं चालती। तथा पीन पुष्ट सोणि कहतां कटिप्रदेश। तथा स्तन प्रकट तेणइं सालणी कहतां शोभती। तथा सकल संपूर्ण जे कमल तेहना जे दल पांखडी तेह सरीखा लोचन छइं जेहना॥२६॥दीप्तकच्छन्दः॥

**पीणनिरंतर** पीन पुष्ट समांसल एहवउ निरंतर सदा आऊखा सीम जे स्तनभर तेणइ करी विनमित नमी गात्रलता शरीरयष्टि जेहनी। मणि रत्न कांचन सुवर्ण तेहनी जे **पसिढिल** ढीली जे मेखला तेणइं सोभ्यउ छइ श्रोणितट कटीप्रदेश जेहनउ। **वरकिंकि(खिंखि)णि** कहतां प्रधान घूघरी तथा नेउर **सतिलय** तिलकसहित जे वलय ए विभूषण आभरण जेहना **रइकर** रति समाधि तेहनउ करणार। चतुर मनुष्यनइ मनोहर सुंदर सुलक्षण दर्शन जेहनउ॥२७॥चित्राक्षराच्छन्दः॥

**देवसुंदरी** देवांगना तेणइं **पायवंदियाहिं** स्वामीना पगनी वांदणहारि। जेणइ श्रीजगन्नाथना क्रम कहतां पग वांद्या ते केहवा? सविक्रम पराक्रमसहित। **अप्पणो निलाडे(डए)हिं** आपणइ निलाडिइं करी। केहवां निलाड?। मंडण कहता भूषण तेहना उड्डण कहतां थापिवउ तेहना प्रकार विशेष तेणइं करी। **केहिं केहिं** वि किणिइं अवंग कहतां अपांग नेत्रना अंते तेहना मंडन अंजन तिलक ढीलउ ते निलाडनउ मंडन। **पत्तलेह** कहतां पत्रलेखा। कपोल बिहुंनउ मंडन। एणइ नामिइं मंडन जाणिवा। **चिल्लएहिं** कहतां देदीप्यमान। **संगयंगियाहिं** कहतां मंडनिइं करी शोभन देह जेहनउ। तथा **भत्तिसंनिविट्ठ** भक्तिनउ जे संनिवेश स्थापिवउ तिणि करीनइ वांदिवा आवी छइं। एहवी जे देवांगना तेणइं स्वामीना पग वली वली वांद्या हुइ॥२८॥नाराचकच्छन्दः॥

**तमहं जिणचंदं अजियं जियमोहं।**
**धुयसव्वकिलेसं पयओ पणमामि॥२९॥नंदि[य]यं॥**

**[बा.]** ते हउं जिनचंद्र जिनमांहि चंद्र सरीखउ। एहवउ अजिततीर्थंकर केहवउ छइ? **जियमोहं** जीतउ जिणि मोह। तथा धुय कहता खपाव्या सघला क्लेश जेणइं तेहनइ प्रयत सादर छतउ प्रणमउं नमस्करओ॥२९॥नंदितकच्छन्दः॥

**थुयवंदियस्सा रिसिगणदेवगणेहिं।**

**तो देववहूहिं पयओ पणमियस्सा जस्स**
**जगुत्तमसासणयस्सा भत्तिवसागयपिंडिययाहिं**
**देववरच्छरसाबहुआहिं सुरवररइगुणपंडिययाहिं॥३०॥**

**भासुरयं॥**

**[बा.] थुय** स्तव्यउ **वंदिय** वांद्यउ मस्तिकिइं करी केणइं? **रिसिगण** ऋषिगण ऋषिना वृंद तथा **देवगणेहिं** देवना वृंद तेणेइं। **तो** तिवार पछइ देवनी वधू देवांगना तेणइं सावधानपणइ प्रणम्यउ छइ। **जस्स** जेहनी। जे केहवउ? **जगुत्तमसासणयस्स** जग विश्वमांहि उत्तम शासन तीर्थ जेहनउ तेहनी जे जे भक्ति तेहनइ वशिइं आगत आवी **पिंडिययाहिं** मिली छइं तेणइं। देव वैमानिक तेहनी वर प्रधान जे अच्छरा देववेश्या वधू ते देवतानी परिगृहीत ते भार्या तेणइ। केहवीइं? सुरवर देवता तेहना जे रतिगुण क्रीडागुण तिहां पंडित डाही छइं॥३०॥भासुरकच्छन्दः॥

**वंससद्दतंतितालमेलए तिउक्खराभिरामसद्दमीसए कए।**
**सुयसमाणणेयसुद्धसज्जगीयपायजालघंटियाहिं**
**वलयमेहलाकलावनेउराभिरामसद्दमीसए कए।**
**देवनट्टियाहिं हावभावविब्भमप्पगारेहिं**
**नच्चिऊण अंगहारेहिं वंदिया जस्स ते सविक्कमा कमा।**
**तं तिलोयसव्वसत्तसंतिकारयं पसंतसव्वपावदोसमेसहं**
**नमामि संतिमुत्तमजिणं॥३१॥ नाराइओ॥**

**[बा.]** वंस ते वांसुल तेहनउ शब्द तंत्री वीणादिक ताल कासी। ए त्रिहुंनइ मेलनि कर्यइ हुतइ त्रिपुष्कर कहतां त्रिणि वादित्र। बि मृदंग एक पुदुंरूटकनामि वादित्र लोकप्रसिद्ध चाट कहियइ। ए त्रिपुष्कर तेहनउ अभिराम मनोहर शब्द तेणइं मिश्रित कीधइ छतइ श्रुति कहतां कर्ण तेणइं समान सरीखउ जेय जाणिवउ शुद्ध निर्दोष सज्ज कहतां खड्ग(षड्ज) स्वरइं गीतनउ गाविवउ। तथा पगे जाल घंटिका घूघरी तेहनइ शब्दिइं तथा वलय हाथना चूडिला तेहना स्वर मेखलाकलाप। ख(घु?थु?)डिइं घूघरी तथी नेउर एतलाना शब्द मिश्रित कीधइ हुतइ। **देवनट्टियाहिं** देवनी नाटकिणीइं हाव कहतां कामचेष्टा भाव मनना अभिप्राय विभ्रम दृष्टिविलास तेहना प्रकार भेद तेणइं करी **नच्चिऊण** नाचीनइ अंगहार अंगविक्षेप तेणइं नाचीनइ जे स्वामीना ते क्रम

पग वांद्या। पराक्रम सहित एहवा चरण नमस्कर्या॥ इहां ए भाव जाणिवा। देवांगनाए अनइ अप्सराए मिली वंशादि वादित्रे वाजेते खड्गादि(षड्ज)स्वर शुद्ध गीते गाई ते वलयादिभूषणे वाजते। देवनर्तकीए हावभावसहित नाटक ते स्वामी आगलि कीधउं। ते त्रिलोकमांहि सर्वसत्त्व सघला जीवनइं शांतिकारक। जेह भणी कल्याणिक अवसरिइं सर्व जीवनइं सुखनउ कारण हुइं। तथा प्रशांत समाव्या सर्व पाप दोष जेणइं। ते श्रीशांति जिनोत्तम पयओ प्रणमउं नमस्करउं॥३१॥नाराचकच्छन्दः॥

**छत्तचामरपडागजूअजवमंडिया,**
**झयवरमगरतुरगसिरिवच्छसुलंछणा।**
**दीवसमुद्दमंदरदिसागयसोहिया,**
**सत्थियवसहसीहरहचक्कवरंकिया॥३२॥ ललियं॥**

**सहावलट्ठा समपइट्ठा अदोसदुट्ठा य गुणेहिं जिट्ठा।**
**पसायसिट्ठा य तवेण पुट्ठा सिरिहिं इट्ठा य रिसीहिं जुट्ठा॥३३॥**
**वाणवासिया॥**

**ते तवेण धुयसव्वपावया, सव्वलोगहियमूलपायया।**
**संथुया अजियसंति जिणपायया,**
**हुंतु मे सिवसुहाण दायया ॥३४॥ अपरांतिका॥**

**[बा.]** ए त्रिहुं गाथाइं श्रीअजितशांतिना पग स्तव्या छइं। श्रीअजितशांतिना पग केहवा? छत्रचामर ए प्रसिद्ध तथा पडाग कहतां लघुपताका जूप यज्ञस्तभ जगप्रसिद्ध एतले करी मंडित। तथा ध्वज वर मोटी ध्वजा मगर मत्स्यविशेष तुरग घोढिलउ। श्रीवत्स अष्टदलकमलाकारमंगलभेद। ए सुलंछणा शोभित। **सत्थिय** साथियउ **वसह** वृषभः **सीह** प्रसिद्ध **रह** रथ चक्र वर प्रधान। तेणइं करी अंकित। एहवा चिह्न छइं जिहां। एहवा स्वामीना पग जाणिवा॥३२॥ललितच्छन्दः॥

तथा स्वभाविइं लष्ट मनोहार। तथा समप्रतिष्ठ संपूर्ण प्रतिष्ठावंत। **अदोसदुट्ठा** दोषिइं अदुष्ट। तथा गुणिंइं ज्येष्ठ पूज्य। **पसायसिट्ठा** प्रसाद श्रेष्ठ भव्यजीवनइं प्रसादना करणहार। तथा तपिंइं करी पुष्ट। तथा श्री राज्यलक्ष्मी केवललक्ष्मी। तेणइं इष्ट वांध्या। **रिसीहिं जुट्ठा** ऋषिइं सेवित। एहवा स्वामीना पग॥३३॥वानवासिकाच्छन्दः॥

**ते तवेण**। ते छे बइ अजित अनइ शांतिनाथना पग मेइं स्तव्या। ते केहवा?

तपिइं करी खपाव्या सर्व पाप जेणइं। तथा सर्वलोकनइं हितकारक एहवउ मूल श्रीसम्यक्त्व तेहना दायक। अथवा पादशब्दिइ पूज्य कहवा।

***पादा भट्टारको देवः प्रयोज्याः पूज्यनामतः।*** [अभि.चिंतामणि.२.२५०]

एतलइ श्री अजित अनइं शांति जिनमाहि पूज्य। ते बेइ तीर्थंकर इज मइं स्तव्याः ते बेइ मे मझनइं शिवसुखना दायक दातार हवउ॥३४॥अपरांतिकाच्छन्दः॥

**एवं तवबलविउलं थुयं मए अजियसंतिजिणजुयलं।**
**ववगयकम्मरयमलं गइं गयं सासयं विउलं॥३५॥ गाहा॥**

**[बा.] एवं** इंणि परिइं अजित अनइं शांति ए जिननउ युगल ए बेवइ तीर्थंकर स्तव्या मइं। ए जिनयुगल केहवउ छइ? तपबलिइं करी विपुल विस्तीर्ण। वली केहवा{उ}? ववगय विशेषिइं करी गयउ क्षीण थयउ कर्मरूप रज अनइ मल नवउं कर्म ते रज। वर्तमांनकालनउ बांध्यउ अतीतकालनउ बांध्यउ ते मल वली केहवउ?

**शास्वती विपुल विस्तीर्ण एहवी गति मुक्ति तिहां गयउ**
**पहुतउ॥३५॥गाथाच्छन्दः॥**

**तं बहुगुणप्पसायं मुक्खसुहेण परमेण अविसायं।**
**नासेउ मे विसायं कुणउ अ परिसावि अ प्पसायं॥३६॥गाहा॥**

**[बा.]** अजित शांतियुगल बहु गुण प्रसादं बहु गुण सहित प्रसन्न एणइ सहित तथा मोक्षनइ सुखइ सुखिइं परम प्रकृष्टिइं **अविसायं** विषादरहित **नासेउ मे विसायं।** मे कहतां माहरउ विषाद नासवउ परिसा परिख दानइं पुण प्रसाद करउ॥३६॥गाथाच्छन्दः॥

**तं मोयए उ नंदिं पावेउ नंदिसेणमभिनंदि।**
**परिसावि य सुहनंदिं मम दिसउ संजमे नंदिं॥३७॥गाहा॥**

**[बा.]** ते अजितशांतिनउ जुगल **मोयए उ** कहतां हर्ष ऊपजातउ। तथा नंदि ज्ञानपंचक **पावेउ** पमाडओ लहाडओ। नंदिषेण स्तुतिनउ कारक श्रेणिकनउ पुत्र तेहनइं अनेरानइं पुण पांच ज्ञान लहाडउ। तथा अभिनंदि समृद्धि सुखनी ते लहाडउ। **परिसा** परिषदा पुण सुखनी नंदि वृद्धि **मम** मझनइं उद्य(द्यउ) संयमनइ विध(षे) नंदि वृद्धि ते आपउ॥३७॥गाथाच्छन्दः॥

**नंदिषेणनउ कीधउ श्रीशांतिकर अजितशांतिस्तवन संपूर्ण थयउ॥**

इहां आगिली गाथा पाछलि आचार्यनी कीधी छइं। ते जे कहइ ते इहलोकार्थी जाणिवउ। परलोकार्थी ए स्तवन निर्जरानी वांछाइं कहइ। परं जे पर्व पाखी चउमासी संवच्छरी अवश्य भणिवउ। ए वात एकांति नथी। सम्यग्दृष्टि बीजउ सर्व अनर्थकारण जाणइ। एक श्रीजिनधर्म परमार्थ मोक्षसाधन जाणइ ए भाव॥

**पक्खियचाउम्मासियसंवच्छरिए अवस्सभणियव्वो।**
**सोयव्वो सव्वेहि वि, उवसग्गनिवारणो एसो॥१॥**

**जो पढइ जो य निसुणइ, उभओ कालं पि अजियसंतिथयं।**
**न हु हुंति तस्स रोगा, पुव्वुप्पन्ना वि नासंति॥२॥**

**जइ इच्छह परमपयं, अहवा कित्तिं सवित्थडं भुवणे।**
**ता तियलुक्कुद्धरणे, जिणवयणे आयरं कुणह॥३॥**

**ववगयकलिकलुसाणं, ववगयनिद्धंतरागदोसाणं।**
**ववगयपुणब्भवाणं, नमोत्थु देवाहिदेवाणं॥४॥**

**सव्वं पसमइ पावं, पुन्नं वड्ढइ नमंसमाणस्स।**
**संपुन्नचंदवयणाणकित्तणे अजियसंतीण॥५॥**

ए गाथा क्षेपक जाणिवी। इति श्रीअजितशांतिस्तववार्तिकम्॥

शशिखरसधणिसङ्ख्ये तपोभिधे मासि शितिचतुर्दश्याम्।
वारे सवितुः पूर्वाषाढर्क्षे हर्षणे योगे ॥१॥

श्रीमद्बृहत्तपागच्छेऽजितशान्तिस्तवस्य च।
श्रीसाधुरत्नशिष्येण पार्श्वचन्द्रेण वार्तिकम्॥२॥

चक्रे बालावबोधाय वाचनाय च हर्षदम्।
वाच्यमानमिदं नन्द्यात्तावद्यावज्जिनागमः॥३॥

श्रेयोऽस्तु समलक्षणपुरनिवासिदो हेमापुत्रादो लोथाभ्यर्थनया
वार्तिकमिदं विहितम्॥४॥

संवत् १६७३ वर्षे आश्विनमासे शुक्लपक्षे चतुर्थी शुक्रे॥ गुरुभ्यो नमः॥ श्रीरस्तु॥ कल्याणं भूयात्॥

(६)

अज्ञातरचित

# ॥बावीस फुलडां विचार॥

(सह अर्थ)

# સંપાદકીય

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો રચનાકાર બારમી સદીથી ઓગણીસમી સદી સુધીનો ગણાય છે. તેમાં પણ દરેક શતક પ્રમાણે તેમ જ રચનાકારોના પ્રભાવને કારણે તે તે સાહિત્યનો યુગ પ્રચલિત થયો. મધ્યકાલીન સાહિત્યમાં ગુજરાતી પદ્ય સાહિત્યની રચના વિપુલ પ્રમાણમાં થઇ છે. ઉપલબ્ધ ગુજરાતી સાહિત્યમાં જૈન મુનિઓનું પ્રદાન સૌથી વધુ રહ્યું છે. લગભગ સિત્તેર ટકા જેટલું સાહિત્ય જૈન મુનિઓ દ્વારા રચાયું છે. તત્કાલીન વિવિધ કાવ્ય પ્રકારોનું અનુકરણ કરીને જૈન મુનિ ભગવંતોએ કાવ્યની રચના કરી છે.

જૈન સાહિત્યના કાવ્યપ્રકારો સ્વરૂપ અને સમીક્ષામાં ડૉ.કવિન શાહે જૈન ગુજરાતી કાવ્ય સાહિત્યના છ મુખ્ય કાવ્યપ્રકારો જણાવ્યા છે.

૧) સ્વરૂપલક્ષી કાવ્યપ્રકારો,

૨) વસ્તુલક્ષી કાવ્યપ્રકારો,

૩) ઉપદેશાત્મક કાવ્યપ્રકારો,

૪) છંદમૂલક કાવ્યપ્રકારો,

૫) સંખ્યામૂલક કાવ્યપ્રકારો,

૬) પ્રકીર્ણ કાવ્યપ્રકારો.

સ્વરૂપલક્ષી કાવ્યપ્રકારોના વીસ ઉપપ્રકારો છે.

૧) રાસ ૨) પ્રબંધ ૩) પવાડો ૪) ચર્ચરી ૫) ભાસ ૬) વિવાહલો ૭) વેલિ ૮) ધવલ ૯) ફાગુ ૧૦) બારમાસા-ઋતુ કાવ્ય ૧૧) છંદ ૧૨) સલોકો ૧૩) દુહા ૧૪) પદસ્વરૂપ ૧૫) હરિયાળી કાવ્ય સ્વરૂપ ૧૬) ગઝલ સ્વરૂપ વિધાન ૧૭) લાવણી ૧૮) રૂપકકાવ્ય ૧૯) હમચડી ૨૦) પદ્યાત્મકલોકવાર્તા.

વસ્તુલક્ષી કાવ્યપ્રકારોના સોળ ઉપપ્રકારો છે.

૧) કળશ ૨) સ્નાત્રપૂજા ૩) જૈન પૂજા સાહિત્ય ૪) દેવવંદન ૫) ચૈત્યવંદન ૬) સ્તુતિ ૭) સ્તવન ૮) ઢાળિયાં ૯) વધાવા ૧૦) આરતી સ્વરૂપ ૧૧) ગરબો

ગરબી ૧૨) ગહુંલી ૧૩) હાલરડું અને અન્ય રચનાઓ ૧૪) ગીત ૧૫) સંઘયાત્રા-તીર્થમાળા-ચૈત્યપરિપાટી ૧૬) થાળ.

ઉપદેશાત્મક કાવ્યપ્રકારોના ચાર ઉપપ્રકારો છે.

૧) માતૃકા-કક્કો ૨) હિતશિક્ષા ૩) સુભાષિત ૪) સજ્ઝાય.

છંદમૂલક કાવ્યપ્રકારોના બાર ઉપપ્રકારો છે.

૧) ચોપાઇ છંદ ૨) છપ્પય-છપ્પા ૩) સવૈયા ૪) કવિત્ત ૫) રેખતા ૬) ધમાલ ૭) માલા ૮) રાગમાલા ૯) મંજરી ૧૦) વસ્તુ ૧૧) નિશાની ૧૨) વચનિકા.

સંખ્યામૂલક કાવ્યપ્રકારોના ચૌદ ઉપપ્રકારો છે.

૧) અષ્ટક ૨) વીશી ૩) એકવીશી ૪) બાવીશી ૫) ચોવીશી ૬) પચ્ચીશી ૭) ઓગણત્રીશી ૮) બત્રીસી ૯) છત્રીશી ૧૦) બાવની ૧૧) સત્તાવની ૧૨) બહોંતેરી ૧૩) ચતુઃસપ્તતિકા ૧૪) સામ્યશતક.

પ્રકીર્ણ કાવ્યપ્રકારોના એકતાલીશ ઉપપ્રકારો છે.

૧) પારણું ૨) નેમનાથનો ચોક ૩) વીંઝણો ૪) ચુડો ૫) ચુંદડી ૬) ફૂલડાં ૭) હુંડી ૮) પત્ર-લેખ-વિનંતી ૯) પટ્ટાવલી ૧૦) સાધુ વંદના અથવા ગુરુપરંપરા ૧૧) મંગલ ૧૨) નાટક ૧૩) ચરિત્ર ૧૪) વિલાસ ૧૫) તરંગ ૧૬) આખ્યાન ૧૭) નિર્વાણ ૧૮) ચાબખા ૧૯) વયણાં ૨૦) અંતરંગવિચાર ૨૧) ચંદ્રઉલા-ચંદાવલા ૨૨) રેલુઆ ૨૩) સંબંધ ૨૪) જોડી ૨૫) સંધિ ૨૬) બોલી ૨૭) વાસુપૂજ્ય બોલિકા ૨૮) અધિકાર ૨૯) સૂડ ૩૦) વિલાપ ૩૧) નમસ્કાર ૩૨) સ્વાધ્યાય-આત્મશિક્ષાસ્વાધ્યાય ૩૩) રત્નમાલ ૩૪) સંવાદ ૩૫) ટીપ ૩૬) ભાષા ૩૭) પ્રકાશ ૩૮) કથા ૩૯) ચંદચોપાઇ-સમાલોચના ૪૦) કુલક ૪૧) કડખો.

આમ કુલ મળીને ગુજરાતી સાહિત્યના એકસો સાત પ્રકાર થાય છે. તેમાં પ્રકીર્ણ કાવ્ય પ્રકારમાં છટ્ઠો પ્રકાર ફૂલડાં છે. આજ પુસ્તકમાં ફુલડાં નામના કાવ્યપ્રકાર વિશે ડૉ. કવિન શાહ આ પ્રમાણે જણાવે છે.

*‘ફૂલડા’ એટલે છાશ વલોવવાનું ફૂલના આકારનું સાધન. કાવ્ય ગાતાં ગાતાં તેવો આકાર થાય એમ અર્થ થાય છે. વજ્રસ્વામીના ફૂલડાં ‘ફૂલડાં’ સંજ્ઞાવાળી*

*એક કૃતિ કવિ પંડિત વીરવિજયજીની પ્રાપ્ત થાય છે. આ કાવ્ય હરિયાળી પ્રકારનું છે. કવિએ ફૂલરૂપ હાલરડાંનો ઉલ્લેખ કરીને વજસ્વામીના ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરી છે. શ્રાવિકાઓ ઉપાશ્રયમાં વજસ્વામીને પારણામાં ઝુલાવે છે અને હાલરડાં ગાઇને ભવિષ્યની શુભ ભાવના વ્યક્ત કરે છે.* ડૉ. કવિન શાહે પં. શ્રી વીરવિજયજી રચિત ફુલડાં પણ ઉદાહરણ તરીકે મૂક્યા છે.

આ કૃતિ પણ હરીયાળી જેવી છે. એમાં અસંભવિત અર્થો દર્શાવી તેનું અધ્યાત્મિક અર્થઘટન કરવામાં આવ્યું છે. કૃતિનો સારાંશ આ પ્રમાણે છે - મહાવીર સ્વામી મોક્ષમાં ગયા પછી સિત્તેરમે વર્ષે શ્રી યશોભદ્રસૂરિ થયાં. તેમના એક બાળ સાધુ ઘણા ચંચળ હતાં. તેમનું નામ રમતિયાળ એવું રાખેલું. એક વાર એમણે ઇરિયાવહિયંનો કાઉસગ્ગ કરતાં ઘણી વાર લાગી. ગુરુએ તેમને કારણ પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે - કલિકાનું ગીત સાંભળતાં મારું મન અસ્થિર થઇ ગયું હતું તેથી કાઉસગ્ગમાં વાર લાગી. તેઓ ફૂલડાં ગાતી હતી. ગુરુએ તેમને ગીત તેમ જ તેનો અર્થ સંભળાવવા કહ્યું. બાળ સાધુએ તે બાવીશ ફૂલડાં કહી સંભળાવ્યા.

એક સ્ત્રી પોતાની બહેનપણીને કહે છે કે, મેં આજે એક કૌતુક જોયું તે એક કાણો માણસ આંખમાં આંજણ આંજે છે. એનો અર્થ એ છે કે જે સમકિતરૂપી આંખ વિનાનો માનવ ક્રિયાનું અંજન આંજે તે વ્યર્થ છે. જેમ વાંદરો અંજન આંજે તેમ.

બીજું કૌતુક હાથમાં આવેલો હાથી છૂટી જાય છે - તેનો અર્થ એ છે કે - જે માણસ મનુષ્ય જન્મ પામીને ધર્મ નથી કરતો તેના હાથમાંથી હાથી જેવો મનુષ્યભવ છૂટી જાય છે.

ત્રીજું કૌતુક કોઇ માણસ કુંવારો મરી જાય છે તેની કોઇ સારસંભાળ લેતું નથી. તેનો અર્થ એ કે જે માણસ પચ્ચક્ખાણ વિના મરે છે તેને દુર્ગતિથી બચાવનાર કોઇ નથી.

ચોથું કૌતુક એક માણસ બોડા માથા પર પાઘડી બાંધે છે. તેનો અર્થ એ કે જેઓ ચારિત્ર લઇને શરીરની શોભા ઇચ્છે છે તેઓ મૂઢ છે.

પાંચમું કૌતુક કુંવારી સ્ત્રી સતી થાય છે. તેનો અર્થ એ કે જેની કાયારૂપી

સ્ત્રી ધર્મરૂપી પતિ વિનાની છે તે સંસારના જંગલમાં ભ્રમણ કરે છે.

છટ્ઠું કૌતુક એક માણસ તરસ્યો હોવા છતાં પાણી પીતો નથી. તેનો અર્થ એ કે પુરુષ ધર્મની ઇચ્છા કરે છે પણ ધનનું કારણ ધર્મ કરતો નથી.

સાતમું કૌતુક એક માણસે ફળ આપતા આંબાના ઝાડને કાંપી નાખ્યું. તેનો અર્થ એ કે ચારિત્ર લઇને સંસારના સુખની ઇચ્છા કરી સંયમરૂપી આંબો કાપી નાખે છે.

આઠમું કૌતુક ભૂંડે હાથીને માર્યો. તેનો અર્થ એ કે કામરૂપી ભૂંડે પાંચ મહાવ્રતરૂપ હાથીનો નાશ કર્યો.

નવમું કૌતુક પુત્રએ પિતાને મારી નાંખ્યો. તેનો અર્થ એ કે આર્ત અને રૌદ્રધ્યાન મનમાં જન્મે છે. તે મનના પુત્ર છે અને તે મનને મારી નાંખે છે.

દશમું કૌતુક એક માણસ ઝેર ખાઇને ખુશ થાય છે. તેનો અર્થ એ કે વિષયસુખ ઝેર જેવા છે તેને પીને માણસ ખુશ થાય છે.

અગિયારમું કૌતુક એક પરણેલી સ્ત્રી પોતાના પતિનો આદર કરતી નથી અને પરપુરુષ સાથે રમે છે. તેનો અર્થ એ કે કાયા આત્માનો આદર કરતી નથી અને પાંચ ઇંદ્રિયના વિષયરૂપ પરપુરુષ સાથે રમે છે.

બારમું કૌતુક એક સ્ત્રીને ઘણા પુરુષ પરણે છે. તેનો અર્થ એ કે તૃષ્ણારૂપી સ્ત્રી પાછળ ઘણાં પુરુષો દીવાના છે.

તેરમું કૌતુક એક સાપના ઝેરથી ગરુડ બેભાન થયો છે. તેનો અર્થ એ કે આત્મારૂપ ગરુડને ક્રોધરૂપી સાપનું ઝેર ચઢ્યું છે.

ચૌદમું કૌતુક કીડીએ ઊંટને બાંધ્યો છે. તેનો અર્થ એ કે માયારૂપી કીડીએ જીવરૂપી ઊંટને બાંધ્યો છે.

પંદરમું કૌતુક સાગર બધાં માછલાને ગળી ગયો. તેનો અર્થ એ કે લોભ બધા જીવોને ગળી જાય છે.

સોળમું કૌતુક એક માણસે પાંચ જણને હરાવ્યા. તેનો અર્થ એ કે એક અહંકાર પાંચ મહાવ્રતનો નાશ કરે છે.

સત્તરમું કૌતુક માતા મરે છે છતાં પુત્ર રડતો નથી. તેનો અર્થ એ કે

ભવપરંપરારૂપ માતા મરી જાય તે દુઃખનો નહીં આનંદનો વિષય છે.

અઢારમું કૌતુક દુશ્મન ઘરમાં રહે છે, તેનો અર્થ એ કે મરણરૂપ દુશ્મન શરીરરૂપ ઘરમાં રહે છે.

ઓગણીસમું કૌતુક પત્નીએ પતિને બાંધ્યો છે. તેનો અર્થ એ કે કાયાએ આત્માને બાંધ્યો છે.

વીશમું કૌતુક ચોરના હાથ-પગ બાંધેલા છે છતાં ચોરી કરે છે. તેનો અર્થ એ કે મન ચોર જેવું છે તેને સામાયિક વગેરેથી બાંધવા છતાં દુર્ધ્યાન કરીને ધર્મની ચોરી કરે છે.

એકવીશમું કૌતુક માર્ગ જોવા છતાં ખોટા માર્ગે ભટકે છે. તેનો અર્થ એ કે ભગવાનનો માર્ગ પામવા છતાં મન વિષયમાં અથવા અધર્મમાં ભટકે છે.

બાવીશમું કૌતુક જીવ સુખ વિના સુખી થયો. તેનો અર્થ એ કે મોક્ષમાં જીવ પાંચ ઇંદ્રિયના સુખ વિના આત્માના સુખે સુખી થયો.

## હસ્તપ્રત પરિચય

આ કૃતિની બે હસ્તપ્રત પ્રાપ્ત થઇ છે. પહેલી હસ્તપ્રત **જૈન વિશ્વ ભારતી (લાડનૂં, રાજસ્થાન)**માં છે. તેનો ક્રમાંક (ફોલ્ડર-૧) ૦૧૪૭ છે. તેનું નામ **બાવીસ ફૂલડા સહ વિચાર** છે. આ પ્રત દ્વિપાઠી છે. તેનાં બે પત્ર છે. પ્રત્યેક પત્ર પર મૂળની ત્રણ કે ચાર પંક્તિ છે અને દરેક પંક્તિમાં છવ્વીશ અક્ષરો છે. ટબાની બારપંક્તિ છે અને દરેક પંક્તિમાં પચાસ અક્ષર છે. તેને પાણી લાગ્યું હોય તેવું જણાય છે. કિનારો ઘસાઇ ગઇ છે. કિનારી પર લાલ શાહીથી રેખા કરી છે. હાંસિયાની બે રેખા લાલ શાહીથી દોરી છે. પત્રાંક સુશોભિત છે. પ્રતિલેખક પં. જસવિજયજી ગણિ છે. તેમણે દધિપત્ર(ડભોઇ)માં શાંતિનાથ ભગવાનની કૃપાથી પં. ખુશાલવિજય માટે આ પ્રત લખી છે. પ્રત મોટે ભાગે શુદ્ધ છે.

બીજી **આચાર્યશ્રી કમલસૂરિજી શાસ્ત્રસંગ્રહ ભંડાર (ખંભાત, ગુજરાત)** માં છે. તેનો ક્રમાંક ૦૦૩-૩૫૦ છે. તેનું નામ **બાવીસ ફૂલડા સહ વિચાર** છે. આ પ્રત દ્વિપાઠી છે. તેનાં બે પત્ર છે. પ્રત્યેક પત્ર પર મૂળની ત્રણ કે ચાર પંક્તિ છે અને દરેક પંક્તિમાં લગભગ સાડત્રીસ અક્ષરો છે. ટબાની નવ પંક્તિ

છે અને દરેક પંક્તિમાં પચાસ અક્ષર છે. દંડની રેખા લાલ શાહીથી દોરી છે. પ્રતિલેખક અજ્ઞાત છે. તેમણે પં. તેજકુશલગણીના વાચન માટે આ પ્રત લખી છે. પ્રતિલેખકની મંગલ પ્રશસ્તિ આ પ્રમાણે છે— ॥सकलपंडितशिरोमणिपंडितश्रीभक्तिकुशलगणिचरणकमलेभ्यो नमः॥ પ્રત સંશોધિત છે.

અઘરા જણાતા શબ્દોના અર્થ પાદટીપમાં આપ્યા છે.

સા.શ્રી જિનરત્નાશ્રીજી મ.ના
પ્રશિષ્યા સા. **ધન્યહંસાશ્રી**

अज्ञातरचित

# ॥बावीस फुलडां विचार॥

(सह अर्थ)

॥श्रीगणेशाय नमः॥

॥श्रीसारदाय नमो नमः॥

**[मूल]** **बाइ ए मइं कौतिक दीठ कांणो डोलो[१] आंजीओ ए॥१॥**

**[बा.]** श्री महावीरदेवनइं मोक्ष गया पछी ७० वरसें श्रीयशोभद्रसूरी हुआ। ते श्रीयशोभद्रसूरीनो शिष्य नांन्हो चेलो बालकभावपणिं रमति घणी करइं। तिवारें लोके ते चेलानु नांम रामतिआलो एहवु दीधु। हवइं ते चेलो इरिआवहि पडिकमतां काउसग्ग किंमइं पारइं नहीं। बीजें जतीइं काउसग्ग पारीआ। तिवारइं तेहनइं गुरुइं कह्यु- काउसग्ग कां पारतो नथी? तिवारें ते चेलो कहेंवा लागो- भगवन्! मइं बालकनां फूलडां सांभल्या[२] सांभलीनें माहरुं मन वी(वि)चल थयुं। {कहतां ते फुलडां सांभलीनें तिहां कही देखाड्यां} गुरु कहिउं- किम तें फुलडां ते सांभल्यां? फुलडां ते केहवां कहें छें ते संभलावि वीचारीनें कहेवां। चेलें कह्यु- में सांभल्यु तेहवां कही देखाडीओ। ए **में कोतिक दीठुं कांणो**। जे समकित विना जे प्राणी मोक्ष वांछें ते जांणीइं कांणो डोलो आंज्यो जीम सोभा न पामें ते जांणवो। एहवो सरूप कहेवो प्रथम॥१॥

**[मूल]** **सखी ए मइं कौतिक दीठ हाथ विछुटो हाथीओ ए ॥२॥**

**[बा.]** सखी! में कोतक दीठ ते कोतक केहवो छें? वली हे भगवन्! में कोतक दीठउं हे सुभग! जिणें मांणसनो अवतार पामी धर्म नथी करतो

---

१ =आंख

२ सांभल्या..... सुभगने स्थाने क. प्रतमां आवो पाठ छे। फुलडां ते केहवां कहें छें ते संभलावि। हे विद्वन् हे चतुर हे विचक्षण कांणो डोलो कहतां समकित विना जे प्राणी मोक्षपदनी वांछा करइ छइ ते जाणीयइं छइं ने कांणो डोलो आंजीनइं आंखनी शोभा वांछा करइ तेह ज प्राणी हे सुभग सखी वली हे भगवन् मइं कोतुक दीठुं

तेहनां हाथमांहिंथी मनुष्य अवतार रूप हाथि वीछुटो जाणवो। ए बीजो फुलडो॥२॥

[मूल] **हेलडीए मइं कौतिक दीठ कुंआरो कहइं कुण मूओ ए॥३॥**

[बा.] हेली में कोतिक दीठो ते जाणी मनमांहिं जाण छें। हवें विवेकिन् ज्यें पुरुष नोकार आदिं देइ पचखांणप्रमुख रहित मरे छें तें जाणीइं **कुंआरो** कहतां संभाले रहित मरें छें ते अजांण पुरुष जाणवो॥३॥

[मूल] **बाइ ए मइं कौतिक दीठ बोडइं माथइं राखडी ए॥४॥**

[बा.] बाइ ए में कोतिक एहवो दीठो कौतिक जाणीइं छें। वाणी सुध कहेस्यें ते हवें कही देखाडें छें। जे पंडित डाहा जे चारित्र लेइ शरीर शोभा वांछें ते जांणीइं बोडे माथें राखडी बांधी शोभा वांछें छें। हे चतुर नर! जे होइं ते जाणें ते सही॥४॥

[मूल] **सखी ए मइं कोतिक दीठ कुआरी काठइं चडी ए॥५॥**

[बा.] सखी में एहवुं जांणीइं जें ए कौतिक नाख ले कह्या छें। जी बालकनी क्रीडा करे छें। जे माणशनी काय धर्मरूप भर्तारइं रहित अग्निप्रवेश करे छें ते कायारूप स्त्री कुंजरी काष्ट काष्ट भक्षण करें छें। ते अजांणवों जीए मुढ प्राणी जांणवो॥५॥

[मूल] **हेली ए मइं कौतिक दीठ तरस्यो पाणी नवी पीइं ए॥६॥**

[बा.] हेली ए में कौतिक दीठ ते केहवो कोतीक दीठो ते जाणवो। हे चतुरनर! मनमें चेंतवें छें जे पुरुष धननी वांछा अहोरात्रि करें छें अनें धर्म करतो नथी ते पुरुष जांणीइं। तरस्यो थको पांणी नथी पीतो जे माटें धननुं मूल धर्म छइं॥६॥

[मूल] **सखी ए मइं कौतिक दीठ फलिओ आंबो कापीओ ए॥७॥**

[बा.] सखी सर्व मली पोते गाती थकीउ जांणी मनमां चिंतव्यो। हे सुभगे! जे रुडी रीत चारित्र पालीनें संसारनां सुखनी उपरें वांछा करे तेणें वारी अरुप फल्यो आंबो काप्यो पुंडरीकना भाइ कुं(कं)डरीकनी परे ते॥७॥

[मूल] **हेली ए मइ कौतिक दीठ सूअर हाथी मारीओ ए॥८॥**

[बा.] जांणवो हेलीए में कौतिक दिठ ते केहवो कौतिक दिठुं ते चेले सांभल्युं सदहहः। हे आयुष्यमान्! कंदर्परूप सुअरें पंचमहाव्रतरूप शीलव्रतरूप हाथी मारीओ। जेणें व्रत मूकीओ ते पणि पशु समान जांणवो॥८॥

[मूल] **बाइ ए में कौतिक दीठ बेटइं बाप विणासीओ ए॥९॥**

[बा.] हे पुन्यवान्! केहवां छें? पुन्यी करणी करवी आर्तरौद्रध्यांनादिक मनमां धरता थकां, पुत्रइ मनुरूप बापनो विनास कर्यो ते केहवो जांणीइं? ते अज्ञानी जांणवा ते नर। ते नर एहवा जांणवा॥९॥

[मूल] **हेली ए मइ कौतिक दीठ विस पीधइं हरखित हुओ ए॥१०॥**

[बा.] वली स्यो कौतिक दिठुं? तेहवो कहें छें। जेहवुं दीठुं तेहवुं कहे। कोइक प्राणी विषयसुख भोगवतो हर्ष धरे छे ते प्राणी जांणीइ विष पीइनें हरखवंत थाइं छें। ते अजांण छें, तेहना धणी जे मूल जांणवां जी॥१०॥

[मूल] **सखी ए मइं कौतिक दीठ विण पुरुषि नारी रमइं॥११॥**

[बा.] हे विचक्षण! नर एहवां जाणवा जे जीवनी कायारूप स्त्री पुन्यवंत भरतारनें विषइं आदर करती नथी अने ५ इन्द्री नर विषयनें विषें रमें छें ते जांणीइं भरतार विना स्त्री रमें छइं॥११॥

[मूल] **घोडली मइं कौतिक दीठ एकनारी परणइं घणा ए॥१२॥**

[बा.] हे सुकुलनर! एहवों जांणवो एक तृष्णा रूप स्त्री प्रतें घणा पुरुष परणें छें। एतावता तृष्णावंत पुरुष घणां छें। पांच पांडवनो वृश्रां(त्तां)त जांणवो॥१२॥

[मूल] **हेली ए में कौतिक दीठ, गुरुड नाग विस घारीओ ए॥१३॥**

[बा.] हे विद्वान्! प्रांणी केहवा दीठा छे? आत्मा रूप गुरुडनइं क्रोध रूप सर्पनइं विषें घार्यो मुंक्यो छइं। जे माटइं क्रोधमें(ने) सर्पनी उपमा जेह नरनें देवो जी॥१३॥

[मूल] **बाइ ए मइं कौतिक दीठ कीडी करहो बांधीओ ए॥१४॥**

[बा.] अहो सुमति! विचारवौ मायानें कीडीनी उपमा माया सारखी कीडीइं जीव

सरीखो करह कहतां उंट बांधीउ छें ए कौतुकें॥१४॥

**[मूल]** **बाइए मइं कौतिक दीठ, सायर माच्छा सवि गल्या ए॥१५॥**

**[बा.]** भो विशारद! आ(जा)णवो नही लोभनइं समुद्रनी उपमा जे माटें लोभरूप जे दरओ[1] तिणें जीव रूप माछला सघलाइं गल्यां॥१५॥

**[मूल]** **हेली ए मइं कौतिक दीठ एकणि पांच विणासिआ ए॥१६॥**

**[बा.]** जे वसवा जांणे एकें अहंकारें पांचइं महाव्रतनुं विनास करीओ। जे माटें विनय जिनशासननुं मूल छें। ए कौतुक जांणवो॥१६॥

**[मूल]** **बाइ ए में कौतिक दीठ माया मूंयइं को रोइं नहीं ए॥१७॥**

**[बा.]** बाई एहवो कौतुक स्यूं दीठो? भव संततिरूप माता मुइं तीवारें पुत्र रोतो नथी। एतावता हर्षवंता प्राइं छइं॥१७॥

**[मूल]** **हेली ए मइं कौतिक दीठ, वयरी घरमांहिं रहें ए॥१८॥**

**[बा.]** हे विद्वान्! वेधि होय ते जांणैं। मरणरूप वयरी ते शरीररूप जे घर तेमांहिं रहें छें। मृत्यु सरिखो कोए वयरी नथी॥१८॥

**[मूल]** **सखी ए मइं कौतिक दीठ, नारी प्रीतम बांधीओ ए॥१९॥**

**[बा.]** भो! भविकनर होइ ते जांणैं नारीरूप काया तेणीइं प्रीतम कहइंतां जीवरूप वलभ ते बांध्यों छइं इंद्रीनइं सुखें करी जांणवो॥१९॥

**[मूल]** **हेली ए मइं कौतिक दीठ, बांध्यो चोर चोरी करइं ए॥२०॥**

**[बा.]** हे गुणवान्! मन चंचल माटें मनमें चोरनी ओपमा ए मनरूप जे चोर तेहनें सामायकादिक व्रतें बांध्यो छें तोहि पणि आर्तरौद्रध्यांनरूप जे चोर ते जीवनो धर्म रुंधइं॥२०॥

**[मूल]** **बाइ ए मइं कौतिक दीठ मारग लही भूलो भमइं ए॥२१॥**

**[बा.]** पख जीतो लुटे ए भव्य छें केवली भाष्यो धर्म जिणि जीव मोक्षसुखि पामें ते भगवंतें कहिउं मोक्षमार्ग पांम्यो मुकीनें ५ इंद्रीनें वसि थको विषयसुखनी

---

१ =दरियो

लालच करें अथवा भगवंतनो धर्म पामी अधर्म आदरें ते जांणीइं मार्ग पांमी भूलो भमें छें॥२१॥

**[मूल] बो(बा)इ ए मइं कौतिक दीठ विण सुखइं सुखीओ किम थयो ए॥२२॥**

**[बा.]** ५ इंद्रीना विषयसुख विना जीव सुखी थयो ते किम? जन्म-जरा-मरण-सोकरहित थयो मोक्ष गयो ते जीव अनंतसुखनो भोगी थयो। संसारनां सुख दुखांनुगामी छें सिद्धना जीवनइं अनंतां सुख छइं॥२२॥

**[मूल] इति श्री २२ फूल्लडां लख्यां छइं॥**[१]

**[बा.]** इति श्री २२ फूलडांनो एहवो विचार कहेंवो जी लख्यां छें जी॥[२]

१ मूलप्रतिलेखकप्रशस्ति— पं.जसविजयगणि लखीतं दधिपद्रमध्ये श्रीशांतिनाथ पसाइं करी वाचमानं चिरं जीयात्॥ पं.खुस्यालविजयगणीनें वास्तें लख्यां छइं॥श्रीरस्तु॥

२ बालावबोधप्रशस्ति—पं.जसविजयगणी लखीतं श्रीदग्धिपद्रमध्ये श्रीशांतिजिनप्रसादात् वांचें तेह चीरंजीव होई पं.खुस्यालविजयगणिनें वासतें लख्युं छें सही छइं। श्रीरस्तु कल्याणमस्तु॥

**(७)**

श्रीकृष्णविजयशिष्यरंगविलासरचित

# ॥बीजमाहात्म्यगुणगर्भितवर्धमानजिनस्तवन॥

# સંપાદકીય

## બીજતિથિનું મહત્ત્વ

કર્મવાદ જૈનધર્મનો પ્રાણભૂત સિદ્ધાંત છે. આખો સંસાર કર્મના નિયમો મુજબ ચાલે છે. જીવ અને કર્મના સંયોગના કારણે સંસારનું સર્જન થાય છે. જીવ ક્રિયા કરે છે એટલે કર્મ બંધાય છે. અને કર્મ ઉદયમાં આવીને સારું-ખરાબ ફળ આપે છે. કર્મો બાંધવાના અનેક કારણો છે. તેનું વિસ્તારથી વર્ણન કર્મગ્રંથોમાં કરવામાં આવ્યું છે. કર્મનો બંધ અને કર્મનો ઉદય દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવને અનુસારે થાય છે. બરફ રૂપી ઠંડું દ્રવ્ય ખાવાથી શરદી થાય છે આમ અપથ્યનું સેવન કરવાથી શરદી થાય છે. આમ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ ના આધારે કર્મની અસર થાય છે.

આચારવ્યવસ્થા કર્મવાદના નિયમોના આધારે ગોઠવાય છે. ખાસ કરીને આયુષ્યકર્મના બંધને લક્ષ્યમાં રાખી આચારવ્યવસ્થા ગોઠવાયેલી છે. આ આયુષ્યકર્મ સંધિસ્થાનમાં બંધાવવાની વધુ સંભાવના છે. તેથી સંધિવાલા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં વધારે જાગૃત રહેવાનું વિધાન છે. સંધિ એટલે જોડાણ. જ્યાં એક ભાગ પૂરો થઈને બીજો ભાગ શરુ થતો હોય તેને સંધિ કહેવાય. શેરડીના સાંઠામાં વચ્ચે ગાંઠ હોય છે તે દ્રવ્યસંધિ કહેવાય. બે રસ્તા ભેગા થતા હોય, ક્યાંક ખૂણો પડતો હોય તેવી જગ્યાને ક્ષેત્રસંધિ કહેવાય. સૂર્યોદય, સૂર્યાસ્ત, મધ્યાહ્ન અને મધ્યરાત્રિનો સમય કાલસંધિ કહેવાય. કોઇપણ નવી વસ્તુની (પર્યાયની ઉત્પત્તિ) ભાવસંધિ કહેવાય. બારતિથિઓ કાલસંધિ કહેવાય છે. ચૌદશથી શરુ કરીને દર ત્રીજી તિથિ સંધિતિથિ કહેવાય છે. બીજ, પાંચમ, આઠમ, અગિયારસ, ચૌદશ સંધિ /પર્વતિથિ કહેવાય છે. પૂનમ અને અમાસ પખવાડીયાની સંધિતિથિઓ છે. કારતક સુદ પૂનમ, ફાગણ સુદ પૂનમ અને અષાઢ સુદ પૂનમ ઋતુની સંધિતિથિઓ છે. ભાદરવા સુદ ચોથ વરસની સંધિતિથિ છે. આથી આ બધી જ પર્વ તિથિઓ આરાધ્ય ગણવામાં આવે છે. બાર પર્વતિથિઓમાં આયુષ્યબંધની સંભાવના વધુ છે તેથી તે વિશેષરૂપે આરાધ્ય ગણાય છે. તેમાં બીજ અને અગિયારસ દર્શનતિથિ છે, પાંચમ જ્ઞાનતિથિ છે, આઠમ અને ચૌદશ ચારિત્રતિથિ છે.

## વિષય

પ્રસ્તુત કૃતિમાં બીજતિથિનાં મહિમાનું વર્ણન છે. આ કૃતિની ત્રણ ઢાળ છે. અને અંતમાં કળશ છે. પહેલી ઢાળની અગિયાર ગાથા છે અને દેશી એટલે ગાવાની રાગપદ્ધતિ- સૂરતીમાસની છે. બીજી ઢાળમાં સત્તર ગાથા છે અને દેશી- સાંભળ રે મારી સજની છે. ત્રીજી ઢાળમાં આઠ ગાથા છે અને દેશી-જઇને કહેજો મારા વાલાજી રે છે અને અંતમાં હરિગીતછંદમાં કળશ છે. આમ કુલ સાડત્રીશ કડીનું સ્તવન છે.

સ્તવનનો સાર આ પ્રમાણે છે - રાજગૃહી નગરીમાં શ્રેણિક રાજા રાજ કરે છે. એકવાર મહાવીરસ્વામી ભગવાન ત્યાં સમોસરે છે. દેવતાઓ સમવસરણ બનાવે છે. આઠ પ્રાતિહાર્યની રચના કરે છે. ભગવાનનું આગમન સાંભળી શ્રેણિકરાજા વંદન કરવા જાય છે. તે માટે હાથી ઘોડા શણગારે છે. પહેલી ઢાળની છટ્ઠી સાતમી ગાથામાં હાથી ઘોડા શણગારવાના દેશી શબ્દો કવિએ પ્રયોજ્યા છે. સમવસરણમાં આવીને ભગવાનની દેશના સાંભળે છે. અહીં પહેલી ઢાળ પૂર્ણ થાય છે. બીજી ઢાળમાં ભગવાનની દેશના છે. મનુષ્યજન્મની દુર્લભતા, ધર્મસામગ્રીની દુર્લભતાનો ઉપદેશ ભગવાન આપે છે. સમ્યક્ત્વના મહિમાનું વર્ણન કરે છે. પર્વદિવસની આરાધનાનો ઉપદેશ છે. છ પર્વતિથિઓનો મહિમા પ્રભુ ઉપદેશે છે. ગૌતમસ્વામી ભગવાનને બીજનો મહિમા પૂછે છે. ભગવાન કહે છે—બીજ, બીજના ચંદ્રની જેમ પૂજ્ય છે. બીજ સમ્યકત્વની તિથિ છે. બીજના દિવસે તીર્થંકરોના જન્મકલ્યાણક, નિર્વાણકલ્યાણક અને કેવલજ્ઞાનકલ્યાણક થયા છે. અહીં બીજી ઢાળ પૂર્ણ થાય છે. ત્રીજી ઢાળમાં બીજની તિથિએ થયેલાં કલ્યાણકોનું વર્ણન છે.બીજના મહિમાને સાંભળી કેટલાય જીવો સમ્યક્ત્વ પામ્યા, વૈરાગ્ય પામ્યા. કેટલાંક જીવોએ બીજની આરાધના આદરી. સંવત ૧૪૧૯માં પાલનપુરમાં ચોમાસું રહીને ભાદરવા સુદ તેરસના દિવસે કૃષ્ણવિજયના શિષ્ય રંગવિલાસે સ્તવનની રચના કરી.

## કર્તા

આ સ્તવનની રચના કૃષ્ણવિજયના શિષ્યે કરી છે. સ્તવનની છેલ્લી કડીનો પૂર્વાર્ધ લખ્યો નથી તેથી કર્તાનું નામ સ્પષ્ટપણે જણાતું નથી. કર્તાએ પોતાનો

પરિચય કૃષ્ણવિજયના શિષ્ય તરીકે આપ્યો છે. જૈન પરંપરાનો ઇતિહાસમાં તેમની આ પ્રકારે માહિતી મળે છે. જગદ્ગુરુ આચાર્ય ભગવંત શ્રીહીરવિજયસૂરીશ્વરજી મ.સા.ના પ્રશિષ્ય પંડિત શ્રી શુભવિજયગણી હતા. તેમના શિષ્ય શ્રી ભાવવિજયગણી હતા. તેમના શિષ્ય પંડિત શ્રી સિદ્ધિવિજયગણી હતા. તેમના શિષ્ય શ્રી રૂપવિજયજી મહારાજ હતા. તેમના શિષ્ય શ્રી કૃષ્ણવિજય હતા. તેમના શિષ્ય પંડિત શ્રી રંગવિજય હતાં. તેઓ આ કૃતિના કર્તા હોવાની સંભાવના છે. કૃતિની પ્રત્યેક ઢાળને અંતે કર્તાએ **રંગવિલાસ** શબ્દ પ્રયોજ્યો છે તેથી તેમનું નામ રંગવિલાસ હોવાની સંભાવના છે. ગુજરાતી સાહિત્ય કોષમાં રંગવિલાસગણી આ નામે એક જ કર્તા નોંધાયા છે અને તે ખરતરગચ્છના છે. તેમનો સમય અઢારમી સદી છે. (સં. ૧૭૨૧) જ્યારે પ્રસ્તુત સ્તવન પંદરમી સદીનું છે. આમ આ કર્તા પણ અપ્રચલિત છે. સાર રૂપે એમ કહી શકાય કે રંગવિલાસ કૃષ્ણવિજયજીના શિષ્ય છે. તેઓ તપગચ્છની હીરવિજયસૂરિની પરંપરામાં થયા હોઇ શકે. અને બીજું તેમની એક જ કૃતિ બીજનું સ્તવન મળે છે. આ સ્તવનની રચના સં. ૧૪૧૮ ભાદરવા સુદ તેરસ બુધવારે પાલનપુરમાં થઇ છે

## સંપાદન

પર્વતિથિનો મહિમાં દર્શાવતાં ઘણાં સ્તવનો રચાયાં છે. બીજતિથિનો મહિમાં બતાવતાં સ્તવનો પણ અનેક છે. તેમાં બીજતિથિના ચૈત્યવંદનો છ છે, સ્તવનો સાત છે, સજ્ઝાય ચાર છે, સ્તુતિ તેર છે. તેની સૂચિ નીચે છે. આ સૂચિ કોબાના સૂચિપત્રના અઢાર ભાગ તેમજ મધ્યકાલીન ગુજરાતી કૃતિસૂચિ જોઇને તૈયાર કરી છે. આ સિવાય પણ બીજ વિશેની કૃતિઓ હોવાની સંભાવના છે. આ સૂચિમાં પ્રસ્તુત કૃતિનું નામ દેખાતું નથી તેથી તે અપ્રગટ છે તેવું અનુમાન કર્યુ છે.

## પ્રત પરિચય

બીજસ્તવનની હસ્તપ્રત **શ્રી વર્ધમાન જૈન આગમ જ્ઞાનભંડાર કાત્રજ, પૂણે**ની છે. તેનો ક્રમાંક-૩૯૮ છે. આ પ્રતની નકલ **પરમ પૂજ્ય આચાર્ય શ્રીહર્ષસાગરજી મ.**ની પ્રેરણાથી પ્રાપ્ત થઇ છે. તેની બીજી કોઇ હસ્તપ્રત પણ મળી નથી. તેથી એકમાત્ર પ્રતના આધારે સંપાદન કર્યું છે. પ્રત સુવાચ્ય હોવાથી સંપાદનમાં બહુ મહેનત પડી નથી.

પ્રતના પ્રતિલેખકના અક્ષરો મોટાં છે અને મધ્યફુલ્લિકા તથા હાસિયાંમાં કલાત્મક આકૃતિઓ છે. તેથી આ પ્રત અઢારમી કે ઓગણીસમી શતાબ્દિની હોવાનું અનુમાન છે. પ્રતના દરેક ભાગ પર અલગ અલગ કલાકૃતિઓ છે. પહેલા પત્રમાં અ-ભાગ પર મધ્યફુલ્લિકામાં ફૂલદાનીની આકૃતિ છે. હાસિયાંમાં પાંચ વર્તુળોમાં રંગ પૂરીને ફૂલ જેવી નિશાની બનાવી છે. પત્ર ૧-બની મધ્યફુલ્લિકામાં અષ્ટમંગલના શ્રીવત્સ જેવી આકૃતિ છે. હાંસિયામાં પણ તે જ પ્રકારની આકૃતિ છે. પત્રક્રમાંકને ફૂલની આકૃતિથી સજાવ્યો છે. પત્રક્રમાંક ૨-અની મધ્યફુલ્લિકામાં ગોખની આકૃતિ બનાવી છે અને હાસિયાંમાં નીચે નમતાં ફૂલની આકૃતિ છે. પત્ર ક્રમાંક ૨-બમાં મધ્યફુલ્લિકા ચોરસ આકારની છે. તેમાં ફૂલની આકૃતિ છે. હાસિયાંની અંદરના ભાગમાં મધ્યફુલ્લિકાની આકૃતિમાં અર્ધભાગની નિશાની બંને બાજુ છે. હાસિયામાં પત્રની (પાંદડાની) આકૃતિ છે. પત્રક્રમાંક કમળના ફૂલની આકૃતિમાં છે. પત્ર ૩-અની મધ્યફુલ્લિકામાં તિર્છા (ત્રાંસા) ચતુષ્કોણની આકૃતિ છે, બંને હાસિયાંમાં પૂર્વ જેવી પત્રની નિશાની છે. પત્રક્રમાંક ૩-બની મધ્યફુલ્લિકામાં ઊંધા ગોખની આકૃતિ છે, હાસિયાંમાં પત્રની આકૃતિ છે, પત્રક્રમાંક મોરની આકૃતિમાં છે. પત્રક્રમાંક ૪ ઉપર કોઇ આકૃતિ નથી. ચિત્રમાં લાલ અને પીળા રંગનો ઉપયોગ થયો છે. દરેક ઢાળની પહેલી કડી, દંડનું ચિહ્ન તેમજ ગાથાંક લખવા માટે લાલ શાહીનો ઉપયોગ થયો છે. પ્રતની છેલ્લી પંક્તિ પણ લાલશાહીમાં લખી છે. ભલેમીંડુ ઉપર શોભાસૂચક માત્રાઓ કરી છે. આ દરેક બાબતો પ્રતિલેખકની કલા પ્રત્યેની અભિરુચિ સૂચવે છે. પ્રતના અક્ષરો સ્પષ્ટ છે અને સ્વચ્છ પણ છે. તે પ્રતિલેખકની વિદ્વત્તા તેમજ ચોકસાઇ દર્શાવે છે. ત્રીજી ઢાળની આઠમી કડીનો પૂર્વાર્ધ લખવો ભૂલાઇ ગયો હોય તેમ લાગે છે, તે બાદ કરતાં આખી પ્રત સુંદર અને સુવાચ્ય છે. પ્રતનો ડાબી બાજુનો ખૂણાનો ભાગ ખંડિત થઇ ગયો છે, તેમ છતાં લખાણને કોઇ હાનિ પહોંચી નથી. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આ કૃતિ અને એના કર્તા નવી આભા ઉમેરશે, એ નિઃશંક છે.

- સા.શ્રીહર્ષરેખાશ્રીજીમ.ના શિષ્યા

**સા.શ્રીજિનરત્નાશ્રી**

श्रीकृष्णविजयशिष्यरंगविलासरचित

## ॥बीजमाहात्म्यगुणगर्भितवर्धमानजिनस्तवन॥

(देशी—सूरति मासनी छै)

आरजदेशमां आरजदेश मगध सुविचार,
राजगृही रलीयांमणी सुरपुरीनें अनूहार।
(रा/भो?)ग त्याग निकलंक रे पाले राज्य अखंड,
श्रेणिक राजे गाजे तेजप्रताप प्रचंड॥१॥

कनककमल पद ठवतां रे करता भविक उपगार,
एक दिन वीर समोसर्या वैभारे सुखकार।
आवे भवनपति वीस रे व्यंतरना बत्रीस,
वैमानिकना दस वली ज्योतिषीना दोय ईस॥२॥

चोसठ सुरपति हलिमलि दो अद्ध गाउ उत्तंग,
एक जोयण विस्तारे रचना करे नव रंग।
रजत कनक मणि रत्नमें समवसरण वर कीध,
मेघाडंबर परे छाइयो अशोक वृक्ष सुप्रसिद्ध॥३॥

जानु प्रमाणे रे कुसुमनी वृष्टि सुर वरसंत,
अंबर गाजे दुंदुभि कुमतिना मद गालंत।
रतनजडित सिंहासने चामर छत्र ढलंत,
दिव्यध्वनि प्रभु देशना भामंडल झलकंत॥४॥

च्यार निकायना निर्जर मलीया कोडाकोड,
गीत संगीत बनावता करता होडाहोड।
प्रभु मुख निरखती हरखती धरती विनोद अपार,
अमरी भ[१]मरी[नी] परें माचती थेइथेइकार॥५॥

सुणि आगम जिनराजनो प्रमुदित नरवर ईस,
करे सजाई सू(सुं)दर वांदवा श्रीजगदीस।

---

१ १अ

सिर सेंदूरें मदझर सिणगार्यो गजराज,
जरकसी मांडी अंबाडी साव सोनेरी साज॥६॥

अयराकी[1] कंबोजी[2] अंबोजीके कांण,
कुकड खंधा अलंकर्या रतनजडीत पलांण।
अर्कविमांन समांन रथ जोतरीया तुषार,
घूघर माला घमघमें झांझरना झमकार॥७॥

पालखी नवलखी नालखी राजवाहनी सुखपाल,
तिम चकडोल नगीनो मीनो झाकझमाल।
ग्रि गडी दौ धौं धौं नौबत वाजें गाजें दिगंत,
चोरमची निसांणनि गिरी गुहा गुहा गुजंत॥८॥

सांबेला अलबेला सूरियां धरीया पान,
सहसगमे वरणागीया दीपे देवसमान।
प्रभुगुण राती माती गाती सोह वभास,
कोकिलकंठे लावती करती **रंगविलास**॥९॥

मगधाधीस आडंबरे परिवर्यो रीध समेत,
प्रभु नमी करीय प्रदक्षणा बेठो धर्मसंकेत।
रोमंचि[3]तमुख विकसित नयणां अनमीष जो,
राचें माचें परखी प्रभुमुख चंदचकोर॥१०॥

वयरविरोध विसारिया मलिया जीव अनेक,
जिनवाणी रस भाविया सांभले धरिय विवेक।
चउमुह वाणी प्रकासता जगगुरु जगदाधार,
निज निज भाषामें समजे हृदय मझार॥११॥

(ढाल—सांभल रे मारी सजनी बेहनी,
रजनी किहां रमी आव्यां जी रे ए देशी)

---

१ ऐरावत

२ अफघानिस्ताननुं नगर

३ १ब

स्यादवाद नय सुललित जिनवर, दिये उपदेस रसाल जी रे।
सांभलो सुगुण रसिक थई रंगे, छोडी मोह जंजाल।
समचित भजिये जी रे जी रे, सुमतिने भजिये,
कुमतिने तजिये, समकीत बीज आदरीये जी रे॥१॥

वडना कुसुम परे दोहिलो, मानवनो अवतार।
आरजदेस घणुंवलि दोहिलो, दोहिलो श्रावक कुल सार॥सम.॥२॥

तत्त्वातत्त्वविचार ते दोहिलो, दोहिलो सुगुरुसंजोग जी रे।
तिमवली सुद्ध श्रद्धा छे दोहिली, दोहिलो मननो जोग॥सम.॥३॥

ते सहु सुकृत पुण्य प्रभावे, पामीने म म हारो जी रे।
देव गुरु धर्म सामग्री एले, खोवे तेह गमार॥सम.॥४॥

परिहरो आश्रव टालो दूषण, अवगमो वली अंतराय जी रे।
आलस निद्रा दूर निवारी, धरम करो सुखदाय॥सम.॥५॥

संवर सुमति(समिति) गुपति मन धरीये,
दुविध धरमने पालो जी रे।
चरण भूषण जयणा सोहावी, समकितने अजुआलो॥सम.॥६॥

ओलखी देव गुरु धर्मनी साची, सद्दहणा धरो संत जी रे।
समकित देवमणि सम दाता, आपे सुख महंत॥सम.॥७॥

सुरतरु सुरमणि सुरवरधेनु, सुरघट पूरे काम जी रे।
लोक लोकोत्तर परम सहाई, तेहथी अधिक अभिराम॥सम.॥८॥

सडसठ बोले अलंकृत सोहे, समकित सुद्ध सलाख जी रे।
ते विना सकल विधान छे निष्फल, जिम विद्या अभिलाष॥स.॥९॥

तप जप ध्यान ज्ञान चारित्र, व्रत पचखाणनुं मूल जी रे।
भवदवदाह समावन मेह, सदगतिनो अनुकूल॥सम.॥१०॥

भवसागरमें साचो सखाई, उद्धरवा दिये हत्थ जी रे।}
अतुल प्रतापी क्षायक नामे, छें एक सुद्ध समत्थ॥स.॥११॥

परवदिने संतोष धरीनें, पोओ(षो) आतमराम जी रे।

आरंभ सयल निवारी प्राणी, साधो उत्तम काम॥स.॥१२॥

समकित सिवमंदिर निसरणी, षटपरवी सोपान जी रे।
इंद नरिंद मुनिवृंद आरोही, वरिया परम कल्याण॥स.॥१३॥

बीज महातम चरमसरीरी, गोतम पूछे वजीर जी रे।
भव्यजीव उपगारभणी तव, दाखे वीर अमीर॥स.१४॥

समकित बीज आराधे, सात्त्विक भावे अछेह जी रे।
बीजइंदु परि ते पूजनिक, थाय नही संदेह॥स.॥१५॥

दुविध धरम परकास्यो बीजे, निश्र(श्च)य ने व्यवहार जी रे।
व्यवहार धर्म आराधी कीजे, पातिकनो परिहार॥स.॥१६॥

षटपरवी धूर बीज वखाणी, षटदरसनमें प्रमाण जी रे।
अरिहा पंच कल्याणक ध्यावो, जन्म नाण निर्वाण ॥स.॥१७॥

(ढाल—जइने कहेज्यो मारा वालाने रे ए देशी)

वैशाख वद बीजे शीतल सुणो प्राणी जी रे,
अजरामर निकलंक जे॥सुण०॥
अव्याबाध सुठाम, सिद्धगइ नाम भव्य प्राणी जी रे॥१॥

श्रावण सुद बीजे चव्या ॥सुण०॥
सुमति सुमतिभंडार त्रिभुवनसार॥भ०॥
अभिनंदन जिन जनमिया ॥सुण०॥
महा सुद बीजे उदार, जगसिणगार॥भ.॥२॥

माह सुद बीजे बारमा ॥सुण०॥
पाम्या केवलनाण धरि सुभ झाण॥भ०॥
फागुण सुद बीजे चव्या ॥सुण०॥
अर जिन परम कल्याण, गुणमणिखाण॥भ०॥३॥

दस खेत्रे अरिहंतना ॥सुण०॥
बीज कल्याणक सार, अतिसुखकार॥भ०॥
अतीत अनागत जिनतणा, हूयां होसें मनोहार,

तेह अपार ॥भ०॥॥४॥

समकित बीज आराधीये ॥सुण०॥
छोडी राग ने द्वेष, धरि मन टेक॥भ०॥
केवलकमला पामीयें ॥सुण०॥
वरिये मुगति सुविवेक, सुख अनेक ॥भ०॥५॥

जिनगिरा श्रवणे सुणी ॥सुण०॥
पाम्या केइ वयराग, ते महाभाग॥भ०॥॥
केतलें बीज ए आदरी ॥सुण०॥
भवसागर अथाग, पाम्या ताग॥भ०॥६॥

नागइंदूसायरधीप॥सुण०॥
पालणपुर रही चउमास, भाद्रव मास ॥भ०॥
सित तेरस बुधवासरे॥सुण०॥
पुंगी मनतणी आस, **रंगविलास** ॥भ०॥७॥

श्रीकृष्णविजय सुपसायथी॥सुण०॥
कीधी ते दिन जोड, आपद मोड॥भ०॥[१]

## कलश

प्रभु त्रिजगनायक सुगतिदायक वर्द्धमानजिनेसरु,
जगजंतुतारक सुखकारक तापवारक जलधरु।
वरनाणकेवल अखयदिनकर भविककमल पडिबोहता
नयसप्तभंगी देशनामृत स्यादवाद प्रकासता॥९॥

॥इति श्रीबीजमाहात्म्यगुणगर्भितस्तवनसम्पूर्णः॥

---

१ अहीं अडधी कडी लखी नथी।

(८)

खोडाजीकृत

# ॥चाबखा॥

# સંપાદકીય

## કર્તા પરિચય

ચાબખા, સાહિત્યનો એક અર્થાનુલક્ષી પ્રકાર છે. જે કૃતિમાં વાચકને ખોટું લાગે તેવી વાત કરવામાં આવી હોય તે ચાબખા કહેવાય. મધ્યકાળમાં અખાએ પોતાનાં કાવ્યમાં દાંભિક ક્રિયા કરનારાઓ ઉપર ખુલ્લા કટાક્ષ કર્યા હતાં. તેથી કટાક્ષ વાણીને ચાબખા કહે છે. પ્રસ્તુત કૃતિ આ પ્રકારની છે. તેમાં દંભી શ્રાવક-શ્રાવિકા પર કટાક્ષ કરવામાં આવ્યાં છે. આ કૃતિના કર્તા ખોડાજી છે. તેમણે આ રચના લીમડીમાં રહીને કરી છે. તેવુ તેમણે ચાબખાની ૨૯મી ગાથામાં જણાવ્યું છે.

## કૃતિ પરિચય

આ કૃતિનાં છ ભાગ છે. પહેલા ચાબખાની ૧૨ કડી છે. બીજા ચાબખાની ૬ કડી છે. ત્રીજા ચાબખાની ૧૫ કડી છે. ચોથા ચાબખાની ૨૯ કડી છે. પાંચમા ચાબખાની ૪ કડી છે. છટ્ઠા ચાબખાની ૩ કડી છે. બધું મળીને ૭૫ કડી થાય છે. પહેલા અને બીજા ચાબખામાં આધુનિકતા પાછળ ભાન ભૂલેલા શ્રાવક-શ્રાવિકાને કટાક્ષ કર્યા છે. ત્રીજા ચાબખામાં ધર્મના પ્રાથમિક આચારોને નહીં સાચવતા જડ શ્રાવકોને કટાક્ષ કર્યા છે. ચોથા ચાબખામાં ગૃહિણીઓને ચાબખા માર્યા છે. પાંચમા ચાબખામાં શુદ્ધ શ્રાવકનું વર્ણન છે. છટ્ઠા ચાબખામાં ફોગટિયા શ્રાવકનુ વર્ણન કર્યુ છે.

આ કૃતિ તત્કાલીન સામાજિક પરિવેષનુ દર્શન કરાવે છે. તે વખતમાં રીત રિવાજો રૂઢિ-પ્રણાલીઓ અને માન્યતાઓ આમાં પ્રતિબિંબિત થઇ છે. જે સમયે આ કૃતિ રચાઇ તે પરિવર્તનનો કાળ હતો. લોકોની જીવનપદ્ધતિમાં પરિવર્તન થઇ રહ્યાં હતાં. આ પરિવર્તનો ધાર્મિક જીવનશૈલીને અનુરૂપ ન હતાં. તે કાળનાં મર્યાદાવાળા જમાનામાં આ પરિવર્તનો સ્વીકાર્ય થતાં નહીં. તથાકથિત શિક્ષિત વર્ગ તેનો વિરોધ કરતો અને તેને સુધારો લેખવતો. તેમાંથી સમાજમાં બે પ્રકારના માનસનું નિર્માણ થયું. એક, સુધારાવાદી માનસ. બીજું, સુધારાવિરોધી માનસ. પ્રસ્તુત કૃતિ બીજા પ્રકારનાં માનસનું પ્રતિનિધિત્વ કરે છે.

કૃતિની શરુઆતમાં જ કર્તા જણાવે છે કે-ઘણા સમયથી આ બદલાવ થઇ રહ્યો છે તે તેમનાથી જોવાતું નથી અને સહેવાતું નથી તેથી તેમને કલમ ઉપાડવી પડી. સુધારાવાદી માનસ દ્વારા ધર્મ અને ધર્મમૂલક આર્ય સંસ્કૃતિથી સમાજ દૂર થઇ જશે એવું સ્પષ્ટ દર્શન તેમની પાસે હતું. તેનાથી બચવા તેમણે આ ઉપાયો દર્શાવ્યા છે.

## કર્તા પરિચય

રાજકોટ સ્થિત સ્થાનકવાસી જૈન વિરાણી પૌષધશાળાના જ્ઞાનભંડારમાં આ કૃતિની અન્ય હસ્તપ્રત મળે છે. (હ.પ્ર. ક્રમાંક-૧૨). તેમાં તેમની અન્ય કૃતિઓ પણ મળે છે. તેની સૂચિ સાથે છે. તેમણે રચેલા અંજનાપવનંજય રાસ અનુસાર તેમની ગુરુપરંપરા આ પ્રમાણે છે. સ્થાનકવાસી પરંપરામાં ગચ્છનાયક ગિરિસિંહ ઋષિના શિષ્ય નેત્રસિંહ (નેણસી) ઋષિના શિષ્ય મૂલજી સ્વામીના શિષ્ય પૂંજાજી સ્વામીના શિષ્ય વૃદ્ધ સ્વામી (ડોસાજી)ના શિષ્ય હતા. તેઓ સ્થાનકવાસી પરંપરામાં થયા હતા.

અંજનાસતી રાસ અથવા અંજનાપવનંજય રાસ ૧૮-૧૯-વૈ.સુ.૩

ઉપદેશ ચાબખા/ચાબખા

ઉપદેશ સજ્ઝાય ગા. ૧૨

ઉપદેશ હોરી પહેલી ૧૨ ગાથા બીજી- ૫

ગર્વ એકવીસી ૧૯૧૬ ગા. ૨૧

ચિત્રસંભૂતિ રાસ/ બ્રહ્મદત્ત રાસ ઢાળ ૧૧, ગાથા ૫૫૮

ચોવીસ જિન સ્તવન

જુગટ પચ્ચીસી ૧૯૧૬ આ.સુ. ૮ ગાથા ૨૫

ડુંગરસી સ્વામી લાવણી ૧૯૧૭

નેમિજિન સ્તવન (ગા. ૧૦)

સવૈયા બિહોનેરી ૧૯૧૮ જ્ઞાનપંચમી

આ કૃતિની હસ્તપ્રત **આ.શ્રી વ્રજપાલજી સ્વામી જ્ઞાનભંડાર, પત્રી (કચ્છ)**માં છે. પાર્શ્વચંદ્ર ગચ્છના પરમ પૂજ્ય ઉપાધ્યાય **શ્રીભુવનચંદ્રજી** મ.ની પ્રેરણાથી પ્રાપ્ત થઇ છે. ક્રમાંક-૪૧. તેના ૪ પત્ર છે. પ્રત્યેક પત્રમાં ૧૩ પંક્તિ છે.

પ્રત્યેક પંક્તિમાં પ્રાયઃ ૩૮ અક્ષર છે. હસ્તપ્રત શુદ્ધપ્રાયઃ છે. તેની બીજી હસ્તપ્રત રાજકોટના વિરાણી પૌષધશાળાના ભંડારમાં છે પણ તે બહુ મોડી મળી તેથી તેનો ઉપયોગ થઈ શક્યો નથી. તેથી એકમાત્ર પ્રતના આધારે સંપાદન કર્યું છે. પ્રત સુવાચ્ય હોવાથી સંપાદનમાં બહુ મહેનત પડી નથી.

પ્રતના પ્રતિલેખકના અક્ષરો મધ્યમ છે અને મધ્યફુલ્લિકા નથી. પ્રતિલેખક પ્રશસ્તિ નથી. આ પ્રત ઓગણીસમી કે વીસમી શતાબ્દીની હોવાનું અનુમાન છે.

સા.શ્રી જિનરત્નાશ્રીજી મ.ના
પ્રશિષ્યા સા. **ધન્યહંસાશ્રી**

खोडाजीकृत

## ॥चाबखा॥

अथ खोडाजीकृतचाबखा लिख्यते।

सांभली श्रावकसुतनी वांतु अमें आ दुखडुं नथी खमातुं ए टेक
घणा दिवस गोपवीने राख्या, पण हवे नथी गोपवातुं।
उभरा थइनें उपर आवे छे, चितडे नथी समातुं॥सां०॥१॥

एकठा थइ अंगरेजी भणे, नवी जंपे दिवस ने रातुं।
दयानें तो देशवटो दीधो, करे साप वींछीनी घातुं॥सां०॥२॥

निज धरमनों निश्चें नही, नथी शास्त्रनुं वेण सुहातुं।
केवलज्ञानीनुं कह्युं अवगुणी, मन गोलामां गोथा खातुं॥सां०॥३॥

साधुनुं कह्युं कदी सरधे नही, नवि बांधे धरमनु भातुं।
कष्ट करीनें कोण मरे, नथी स्वर्गनर्क देखातुं॥सां०॥४॥

उपदेशरूपी ओषधथी पण, दिलनुं दरद नथी जातुं।
वर्तमान सुख तो वालुं लागे छे, पण अंते सोधासे खातु॥सां०॥५॥

नात जातनो व्यवहार न जाणे, नवि माने पिता ने मातुं।
विनय मरजादा मूकी बेठा, एने अंगे अभिमान उभरातुं॥सां०॥६॥

स्नान विना कदी चाले नही, नित्य भोजन भावे छे तातु।
भक्षअभक्षनों लक्ष नहीं, एनुं अंतर नथी ओजवातुं॥सां०॥७॥

दया धरमनों दाट वाल्यो, जिहां वाणीयां नीरे विलातुं।
सुधाराथी कुधारो थयो, अमे ए सहन नथी थातुं॥सां०॥८॥

जाण्युं सुधरसे छोकरा, तेथी रहेसे धरमनी वातुं।
मात-पितानुं मान वधारसे, निरमल करसे नातुं॥सां०॥९॥

पण ए वातना वांधा थया, थयुं भणतर कर मुकातुं।
सुधरेलानुं चणतर जोइ, दयावंतनुं दिल अकळातुं॥सां०॥१०॥

उद्योगनुं फल अति पाम्या, खरे रस्ते नथी खरचातुं।

पुनर विवाहनी प्रीति घणी, लणी भाखे असल अवदातुं॥सां०॥११॥
मणि जेवो मनुष्य भव मलीयो, तेमां सुभ नथी थातुं।
खोडाजी कहे छे खरे खरुं, अंते आवासे मांडवे गावानुं॥सां०॥१२॥

इति श्री प्रथम चाबखो संपूर्णः॥१॥

सांभलो सुधरेल छेलछबीला,
थया केम धर्म करे वाढीला ए टेक

कंदमूल केरो केर करो, ढोली पाणी करावो गीला।
ऊंटनी पेरे उछलतां क(फ)रो, पहेरो बूट जडावी खीला॥सां०॥१॥

चोपडी वांचवा चोंप[1] घणी, नवी सोधे धरमनां चीला।
त्याग वैरागनी वाते न जाणे, तमें वचन बोलो छो वीला॥सां०॥२॥

मनमोजीनें अति मिजाजी, लोडो छो लाल रंगीला।
मातपितानें मानो नही, हजी रह्या कीलानें कीला॥सां०॥३॥

अलबेला आठ कडा तमे तो, हिंस्यां होसीला।
बोधरूपी बहु पाणी पडे, तोही थता नथी लीला॥सां०॥४॥

भण्या गणुं पण गण्या नही, नवी दुरगुणनें पीला।
तकरारीने तंतीला थया, वली विशेषें वादीला॥सां०॥५॥

सदगुणनी सेरी नवी सोधो, हृदय कठण सीला।
खोडोजी कहे छे जम विकराला, जाठकसे तेजीला॥सां०॥६॥

॥इति श्री बीजो चाबखो संपूर्णः २॥

श्रावक सूत्र भणे छे भावें तोही केम ज्ञान कूदे नवी आवे ए टेक

भिनभिन भेद करीनें मुनिवर, नित नित समजावे।
वासनलीमां फूक तणी परे, करणथी वही आवे॥श्रा०॥१॥

जीव अजीवनें जाणें नही, गुरु-देव-धरम नही ध्यावे।
सामाग्य करे तेनी सुध नही, झुकी झुकीनें झोला खावे॥श्रा०॥२॥

---

१ =उत्साह मगुको

धन्य वाणी सत्य वाणी कहीनें, मस्तक डोलावे।
दसकत एक तो दिले न धारे, वांच्युं व्यरथ थावे॥श्रा०॥३॥

आंधलानें आरीसो बतावे, बहिरा आगल गावे।
मूरखनें उपदेश करीनें, रणमां कोण वावे॥श्रा०॥४॥

कागलमां गुण कीरति घणेरी, श्रावक केरी गावे।
पण एहमांहिला एके नही, गुण फोगट फुलावे॥श्रा०॥५॥

त्याग नही वैराग नही, अनुकंपा दिल नावे।
अनंतकाय नें आरोगी जाय, पछे स्वर्गनुं पद केम पावे॥श्रा०॥६॥

आठम पाखी पांच परवी, नीलोतरी घर लावे।
अगड[१] लीए तो गोटा गणां, मोटा श्रावक नाम धरावे॥श्रा०॥७॥

व्रतपचखाण मरजादा नही, जेने संवर चित नवि भावे।
आरंभ परिग्रह प्यारा लागे, अने रात्रि भोजन खावे॥श्रा०॥८॥

पामर उपर प्रीति नही, करी क्रोध बहु रोवरावे।
घरखोरडा तो कबजे करावे, धर्मनें निंदावे॥श्रा०॥९॥

आड पीलावे ने वाड पीलावे, पुराणां झाड कपावे।
कण तणां कोठार भरीने, त्रस प्राणिना प्राण तपावे॥श्रा०॥१०॥

जीव हिंसा धंधा करे, अंधा थइनें दुख उपजावे।
उजल धर्मनें एब लगाडे, मनमां मलकावे॥॥श्रा०॥११॥

भर वरसातमां घर उखेली, आरंभ अधिक चलावे।
पांणाखाणेथी पाणा कढावे, चुनानी भठीउं जलावे॥श्रा०॥१२॥

धर्मनां काममा धंध मचावे, अपशब्द मेघ वरसावे।
साधरमी साथे संप नही, हाथे करीने धर्म हेलावे॥श्रा०॥१३॥

जिन धरम ठरवानुं ठेकाणुं, साधुजी कही संभलावे।
शास्त्र प्रमाणे शिक्षा दीए, कर्महीणाने केम सुहावे॥श्रा०॥१४॥

---

१ =बाधा मगुको

निरथक नीरनें कोण वलोवे, कोण कूकस[१] ओधावे।
खोडोजी कहे रूडा श्रावक घणां, एवा पीतलनें कोण तावे॥श्रा०॥१५॥

इति श्री त्रीजो चाबखो संपूर्ण ३॥

सांभलो श्राविकका चोपडी धारी, तमारी वात कहुं विस्तारी ए टेक
समकीतरीतमां समजा नही, दिल वहेमें भरेला भारी।
जोसी डोसीं ने भुवा भराडा, लाग्या छो तेहनी लारी[२]॥सां०॥१॥
बावा सन्यासी वेरागीनें, वचने करो छो अकरा कारी।
कांमधेनू नेंतजी तमे तो, घर बांधो छो छारी॥सां०॥२॥
वारतिथोनां वृत करो, देव देवला मांनो अपारी।
दोरा धागा करो भुवा धुणावो, व्रतने मेंल्या वीसारी॥सां०॥३॥
वड पीपले जइ पाणी ढोलो, नरनिवेद करो निरधारी।
छांणना देव करीनें पूजो, पांणीयारे बेसारी॥सां०॥४॥
एम अनेक मिथ्यात तणांसल, राखो छो मनडा मुफारी।
साधुनां वेण तो सरधो नही, पछे केम उतरो भवपारी॥सां०॥५॥
समाग[३] पडीकमणां समजो नही, नवि छकायनें चितधारी।
बारे व्रत आदरीने बाइ तो, बन्या छइ आचारी॥सां०॥६॥
व्रतमां सी सी वीधी साचववी, तेनी खबर नही धारी।
अंधारे कूटो छो बेठा, खुब एहमां खुवारी॥सां०॥७॥
कणकाकणनें जोवा जाटकवा, नवरी न थाय बीचारी।
दीवा उघाडा मेले सोध्या वीना, बलतण नांखे बारी॥८॥
चुलो खांडणीओ पूंजे नही, अणगल पीवे वारी।
वासी गारने वली वासीदा, करो छो रात अंधारी॥सां०॥९॥
वेहेला उठी सहु पेहेला चतुर बाइ, घंटीओ दीए ललकारी।

१ =फोतरा मगुको
२ साथे मगुको
३ सामायिक

सूतां जगाडे लोक सहुनें, ठासतणें घमकारी॥सां०॥१०॥

माटी तणा तो गंज मचावो, धूड खाणेथी सारी।
कथूकरोलीया कोडो पडे, इ रीतें सको उगारी॥सां०॥११॥

चूले पाणी आरे घंटी खांडणीये, उलेचतो नही जारी।
खाटला गोदडा तडके तपावी, मांकण नाखो छो मारी॥सां०॥१२॥

छांणमां जीवनो घाण वालोछो, अंगे आनंद वधारी।
धोकलो लेइने धोवा चाली, तीहा सेरीये करत पुकारी॥सां०॥१३॥

धोवा आवो छो बायो धोवा आवो छो, ए मलवती जाय लवारी।
खारा माटीथी माथो उजालो, कंदमूलनाखो विदारी॥सां०॥१४॥

माथुं जोइने जूवो उगारो, लीखोनें नाखो संहारी।
पाडी वाछडीयों ने दुध पीवारो, पाडा वाछडा ल्यो वारी॥सां०॥१५॥

मीठा कवल मूकावो मांणसनें, स्वारथीयो संसारी।
घर आगल असूचीनां ढगला, कादव छाणनें छारी॥सां०॥१६॥

खालमां जलमल एठा ढोलो, तिहा कलबल कीटक चारी।
डूंडा डोडा जार गोधम चण्या ने, सेको छो थइ हुसियारी॥सां०१७॥

पोंक प्यारो पण पाप घणुं, तमे हणो छो जीव हजारी॥
जीव जतनने जाणें नहीं, नहीं विवेक नहि विचारी॥सां०॥१८॥

रांक तणी अनुकंपा न आवे, लोभी तणां सिरदारी।
छास आपीने काम करावो, निर्दय चाल न ठारी॥सां०॥१९॥

पांमरनें पाणी जे वीन आपो, रोइनें थाय लाचारी।
पारके घर जइ कांण्यो करावो, उचे रागेथी ओलारी॥सां०॥२०॥

कूटो कूटो एम कह्या करो छो, असे तामणो संभारी।
वेर विरोघनें वांधा घणा, वली वात करो छो बेधारी॥सां०॥२१॥

वेर करो छो सगा संगाते, गर्व न सकोगारी।
गालो आपोनें आल चडावो, मर्मना वेण उचारी॥सां०॥२२॥

समाग्य[1] पोसामां समता नही, तमें धर्म जाओ छो हारी।
राग करीनें लोक हसावो, राखो प्रकृति खारी॥सां०॥२३॥
पांणीनां अपिया अबोला करोछो, एवी छे चाल नकारी।
जल कहो तीहा थल नही, एम चलवो छोडा कड मारी॥सां०॥२४॥
साचु बोल्यानां समत मारा, व्रतनी न रही कारी।
वरसमां चारवार व्रत आलोवी जाणो, पापने नाख्या निवारी॥सां०॥२५॥
सोयनुं दांननें चोरीए रणनी, ते केम थाये निस्तारी।
चोंपे करीनें चोपडी लखावी, रंग भरीनें सिणगारी॥सां०॥२६॥
परणीनें परहरी मेली, तेनें पाछी नही संभारी।
उंदरेकरडीनें छोकरे उतरडी, रजलती थइ रेढीयारी॥सां०॥२७॥
पाणी ए पलालीनें आगे प्रजाली, नाथ छता नो धारी।
कांइ न हांणी कांइ न माणी, आंणीनें प्रीति उतारी॥सां०॥२८॥
पूज्य पूंजाजी स्वामी पसायें, गोंडल गांम मुजारी।
खोडोजी कहे छे चोपडी बीचारी, कर्मे रांडी कुवारी॥सां०॥२९॥

॥इति श्री चोथो चाबखो संपूर्णः ४॥

एक एक श्रावक छे जग एवा जेवा शास्त्रें कह्या छे तेवा ए टेक
दृढ धरमी थइ डोले नही, कदी कोपे असुर सुरदेवा।
देव अरिहंत टाली अवरनी, कदी न वंछे सेवा॥ए०॥१॥
नवपदारथ जांण्य जुगतसु, सूत्र भणे नित मेवा।
पुद्गल सुखमें प्रिती नही, नही वेर विरोधनां हेवा॥ए०॥२॥
दांन सीयल तप भाव आराधे, सूर वीर व्रतपालेवा।
दयाना रसमा डूबी गया, एने मोक्ष तणां सुख लेवा॥ए०॥३॥
विषयकषायनें वरजी दीया, जेने अंगे नही अहमेवा।
खोडोजी कहे भलें श्रावक थया, सदा दुनीयानें सुख देवा॥ए०॥४॥

॥इति श्री सुध श्रावकनो चाबखो संपूर्णः५॥

---

१ सामायिक मागुको

फोगट श्रावक नांम धरावे दिलमें दया धरम नवि आवे ए टेक

हुको वीडी चूंगी चुलम पीवे, वली कंदमूल करड करड चावे।
भक्ष अभक्ष नु लखण नही, एनें भांगनां रगडा भावे॥फो०॥१॥

अधरात सुधी आहार करे, सुध चोवीहार तो नवी आवे।
परनारीसुं प्रित घणी, वली वेश्या तणें घर जावे॥फो०॥२॥

साधुनी सिखस्यां कांने न धारे, अपासरे नवी आवे।
खोडोजी कहे एवा नित खोटानें, साधुजी केम समजावे॥फो०॥३॥

॥इति श्री फोगटीया श्रावकनों चाबखो संपूर्णः६॥

(९)

मुनिश्रीप्रीतिविजयरचित

# ॥कषायपरिहारसज्झाय॥

# સંપાદકીય

## પ્રસ્તાવના

પ્રસ્તુત કૃતિમાં ચાર સજ્ઝાયોનો સમૂહ છે. તેમાં ચાર કષાયોની સજ્ઝાય છે. ચાર કષાય વિષે રચાયેલી કૃતિઓની નોંધ મધ્યકાલીન ગુજરાતી કૃતિ સૂચિમાં આ પ્રમાણે મળે છે.

૧) કાંતિવિજય -ત્રીજાએ વિ.સં. ૧૮૩૬ (ઇ.૧૭૭૯)માં ૩૨ કડીનો છંદ રચ્યો છે.

૨) વિ.સં. ૧૬૭૧ (ઇ.૧૬૧૪)ની આસપાસ બીજા વિદ્યાકીર્તિ-એ ચાર કષાય વેલી રચી છે.

૩) ભાવસાગર ત્રીજાએ ૩૨ કડીની સજ્ઝાય રચી છે.

૪) લાવણ્યકીર્તિએ ૨૭ કડીનું કષાયનિવારણ ગીત રચ્યું છે. આ સિવાય પણ અન્ય કૃતિઓની અંતર્ગત અથવા સ્વતંત્ર કષાય - વિષયની ગુજરાતી કૃતિઓ હોઇ શકે છે.

## કર્તા પરિચય

પ્રસ્તુત કૃતિના કર્તા શ્રીપ્રીતિવિજયજી છે. તેઓ તપગચ્છના જૈન સાધુ હતા. તેમજ હર્ષવિજયના શિષ્ય હતા. વિ.સં. ૧૭૨૮ (ઇ ૧૬૭૧)માં તેઓ હયાત હતા. તેમની પાંચ કૃતિઓ મળે છે.

૧) વસ્તુ છંદમાં લખાયેલી ૨૫ કડીની **ચોવીસ જિન નમસ્કાર** (આ કૃતિ જૈન ગુર્જર કવિઓ ભાગ ૪, કર્તા ક્ર. ૯૫૯, કૃતિ ક્ર. ૩૪૦૫, પત્ર ક્ર. ૩૮૦માં આદિ અંતિમ વાક્ય સાથે નોંધાઇ છે.)રચના સંવત ૧૭૨૭

૨) **જ્ઞાતાસૂત્ર ૧૯ અધ્યયન સજ્ઝાય** (આ કૃતિ જૈન ગુર્જર કવિઓ ભાગ ૪, કર્તા ક્ર. ૯૫૯, કૃતિ ક્ર. ૩૪૦૫, પત્ર ક્ર. ૩૮૦માં આદિ અંતિમ વાક્ય સાથે નોંધાઇ છે.)

૩) **યશોદાવિલાપ સજ્ઝાય** (મુદ્રિત ) કડી ૧૨.

૪) **મહાવીર જિન સ્તવન** (મુદ્રિત)

૫) **કષાય પરિહાર સજ્ઝાય** ગુજરાતી સાહિત્ય કોષમાં આ કૃતિ કદાચ પ્રીતિવિજય બીજાના નામે નોંધાઇ છે. અને તેમાં કડી ૭ ક્રોધની સજ્ઝાય એ નામે નોંધાઇ છે (પત્ર ૨૫૬)

## કૃતિ પરિચય

અહિં સરળ ભાષામાં કષાયને દૂર કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. ક્રોધની સજ્ઝાયમાં જણાવ્યું છે કે-ક્રોધના ત્રણ વિકાર છે. પોતે તપે, બીજાને તપાવે અને જતાં જતાં નુકસાન કરતો જાય. (કડી ૧.૨)

ક્રોધમાં ત્રણે ઋતુનો અનુભવ એક સાથે થાય. વર્ષાઋતુની જેમ આંખમાંથી પાણી પડે, ઉનાળાની જેમ શરીર તપે અને શિયાળાની જેમ ધ્રૂજે. (કડી ૧.૪)

માનના ચાર લક્ષણ બનાવ્યા છે. એક, અભિમાની માણસ નાના-મોટાને ગણે નહીં. બે, હિતની વાત સાંભળે નહીં. ત્રણ, પોતાની જ વડાઇ કરે. ચાર, બીજાની નિંદા કરે. (કડી ૨.૨)

માયાવી માણસનો કોઇ વિશ્વાસ કરતું નથી. તેને કોઇ મળવાં પણ ચાહતું નથી. (૩.૨)

લોભી માણસ માતા-પિતા વગેરે કોઇને ગણતો નથી. (૪.૩) જ્યાં લોભ છે ત્યાં દુઃખ છે. (૪.૬)

## હસ્તપ્રત પરિચય

આ કૃતિ જૈન ગુર્જર કવિઓ ભાગ ૪, કર્તા ક્ર. ૯૫૯, કૃતિ ક્ર.૩૪૦૫, પત્ર ક્ર. ૩૮૦માં આદિ અંતિમ વાક્ય સાથે નોંધાઇ છે.) આ કૃતિ અમુદ્રિત છે. તેની હસ્તપ્રત **શ્રી વ્રજપાલજી સ્વામી જ્ઞાનભંડાર, કચ્છ (કોડાય)**ના કચ્છ કોડાયના ભંડારમાં છે. તેનો ક્રમાંક ૧૩૩૨ છે. તેના ૩ પત્ર છે. પત્રને પાણી લાગ્યું હોય તેમ દેખાય છે પણ તેનાથી પાઠને નુકસાન પહોંચ્યું નથી. પ્રતની બન્ને કીનારે લાલ

શાહીથી બે લીટીઓ કરવામાં આવી છે અને હાંસીયાની ત્રણ રેખાઓ કરવામાં આવી છે. પ્રતિલેખક પ્રશસ્તિ, દેશી અને દંડ લાલ શાહીથી લખવામાં આવ્યા છે. દરેક પત્ર પર ૧૦ પંક્તિ છે. અને દરેક પંક્તિમાં લગભગ ૩૦ અક્ષર છે. આ પ્રત વિક્રમ સંવત્ ૧૭૩૭માં મુનિ શ્રી રામ વિજયગણીના વાંચવા માટે લખાઇ છે. એટલે કે રચનાકાળની નજીકના સમયની છે એ તેની વિશેષતા છે. અક્ષર કંઇક મોટા તેમ જ સ્પષ્ટ છે. અશુદ્ધિ નહીંવત્ છે. સંપાદનમાં મધ્યકાલીન ગુજરાતી ભાષાના અર્થો પાદટીપમાં આપ્યા છે.

સા.શ્રી જિનરત્નાશ્રીજી મ.ના
શિષ્યા સા. **મધુરહંસાશ્રી**

मुनिश्रीप्रीतिविजयरचित

## ॥कषायपरिहारसज्झाय॥[१]

॥श्रीशंखेश्वरपार्श्वनाथाय नमः॥

(देसी- वींछीयानी)

हांरे लाला क्रोध न कीजइं रे जीवडा,
धरीइं मनि समता सार रे।
लाला समताथी सुख उपजइ,
इह सवि परभवि जयकार रे लाला॥१॥क्रोध०॥

लाला जस घटे क्रोध वासो वसइ,
करइ तेहनइ त्रण्य विकार रे लाला।
आय तपइ पर तापवइ,
करइ पडतो हाणि अपार रे लाला॥२॥ क्रोध०॥

लाला पूरव कोडि जे तप तप्यो,
खिणमां करइ ते विसराल रे लाला।
एहवो क्रोध ए पापीओ,
दीसंतो महा विकराल रे लाला॥३॥ क्रोध०॥

लाला नयण गलइ वरषा परि,
तपइ काया उनालो जोई रे लाला।
लाला सीत समो ध्रूजइ सही,
क्रोधइ त्रण्ये रति[२] होई रे लाला॥४॥ क्रोध०॥

लाला क्रोध थकी नेह नवि रहइ,
क्रोधथी होइ खीण ज देह रे।
लाला भूख तरस ते नवि गणइ,
एहवो माठो क्रोध ज एह रे लाला॥५॥ क्रोध०॥

---

१ पत्रम् १अ

२ =ऋतु

लाला पांचस्यइ शिष्य[१] मुगति गया,
जो न धर्यो क्रोध लगार रे।
लाला खंधक आचारजि क्रोधथी,
थया देवता अग्निकुमार रे लाला॥६॥ क्रोध०॥

इम जाणीइनइ क्रोध ज परिहरो,
समतानइ **धरो** निज चित्ति रे लाला।
लाला हरखविजय कविराजनो,
इम **प्रीतिविजय** कहइ नित्ति रे लाला॥७॥ क्रोध०॥

॥इति श्रीक्रोधपरिहारविषये स्वाध्यायः॥१॥

(कोई लो पर्वत धूंधलो रे लो- ए देसी)

मान न कीजइ मानवी रे लो,
मान तणो घणो सोर रे चतुरनर।
विनय नहीं तिहां ढूंकडो[२] रे लो,
जस घटि माननो जोर रे चतुरनर॥१॥मान न०॥

वडलो(लौ)हडाई[३] ते नवि गणइ रे,
नवि गणइ हितनी वात रे चतुरनर।
आपवडाई आगली रे लो,
बीजानी करइ तांती[४] रे चतुरनर॥२॥ मान०॥

बाहुबली सरिखो बली रे लो,
काउसग करी रह्यो जेह रे चतुरनर।
मान तज्यो तव उपनुं रे लो,
केवलज्ञान अछेह रे दयाल (चतुरनर)॥३॥ मान०॥

---

१ पत्रम् १ब

२ = नजीक (सं. ढौक्) मगुशको २१८

३ वड = वृद्ध (दे. वड्ड), लौहड = नाना (सं. लघुक) मगुशको ४३९

४ = निंदा (दे. तत्ती) मगुशको २२५

मोटिम[१] न रहइ मानथी रे लो,
न रहइ मानथी ज्ञान रे चतुरनर।
दान पुण्य तेहनां खरा रे लो,
जे न करइ मनि मान रे चतुरनर॥४॥ मान०॥

मान मूकी कोमल होइ रे लो,
साचा तेह सुजाण रे चतुरनर।
श्री**हर्षविजय** कविराजनो रे लो,
करइ **प्रीति** तास वखाण रे चतुरनर॥५॥मान॥

॥इति श्रीमानपरिहारविषये स्वाध्यायः॥२॥

(ऐं नमः देसी ह्मा(?)का लालणनी)

माया निवारो मन थकी,
मायाथी होई अवीसास हो भवियण।
माया कपटनो जांणयो(ज्यो),
जगमां मोटो पास हो भवियण॥१॥माया०॥

मायागारां[२] माणसां,
तेहनइ न पतिआय[३] हो भवियण।
अणजांणइ को तस मिलइ,
तो मनमां पीछताय हो भवियण॥२॥माया०॥

मुहढइ मीठा कपटी होवइ,
पणि हियडइ होवइ धीठ हो भवियण।
माया तिहां नही मित्राई,
ए तो परतख्यि[४] अवगुण दीठ हो भवियण॥३॥माया०॥

धर्म मांहि माया करी,

१ = मोटप, मोटाई मगुशको ४०५, पत्रम् २अ

२ = ?

३ = विश्वास करवो, मानवुं (सं. प्रत्ययति) मगुशको २९९

४ = प्रत्यक्ष

मल्लि[१]नाथ पाम्या स्त्रीवेद हो भवियण।
तो संसारिक मायामां,
लहस्यो सबला खेद हो भवियण॥४॥माया०॥

सरलपणुं ग्रही छांडयो(ज्यो),
मायातणो जंजाल हो भवियण।
**हर्षविजय** कविराजनो,
**प्रीति**ना वयण संभालि हो भवियण॥५॥माया०॥

॥इति श्रीमायापरिहारविषये स्वाध्यायः॥

(कपूर होई अति उजलुं रे ए देसी)

झाझो लोभ न कीजइ रे,
लोभ ते पापनो मूल।
लोभ घणो जसि घटि सही रे,
धर्म तेथी प्रतिकूल रे॥१॥

भवियण लोभ न कीजइ चित्त,
न रहइ लोभ थकी परतीत रे॥ भवियण०। आंकणी॥
प्रीति ते न रहइ क्रोधथी रे,
मानइं विनयनो नास।
मायाइं मित्राई नवि रहइ रे,
लोभइं सर्व विणास रे॥२॥ भवियण०॥

न गणइ माता न गणइ पिता रे,
न गणइ भाईनइं बंध।
लोभइ परवसि प्राणीओ रे,
सबला करइ ते धंध रे॥३॥ भवियण०॥

सुभूम नामइ जांणीइ रे, आठमो चक्री निरधार।
लोभथी [२]बुडो समुद्रमां रे,

---

१ पत्रम् २ब
२ पत्रम् ३अ

पहोतो नरग मझारि रे॥४॥ भवियण०॥

इग्यारमइं गुणठाणइ चढ्यो रे,
तिहांथी पाडइ लोभ।
कै गुण होवइ अंगमां रे,
लोभइं नही तस सोभ रे॥५॥ भवियण०॥

संतोषी ते सदा सुखी रे,
दुखीओ लोभथी जाणि।
लोभनइं दूरिं परिहरइ रे,
तेहना गुणनइं वखाणि रे॥६॥ भवियण०॥

देव दाणव तस दासडा रे,
संतोषइ सुविलास।
श्रीहर्षविजय कविराजनो रे,
कहइ प्रीतिविजय उल्लास रे॥७॥ भवियण०॥[१]

॥इति श्रीलोभपरिहारविषये स्वाध्यायः॥

---

१ प्रतिलेखनप्रशस्ति- संवत् १७३७ वर्षे श्री भागनगरमध्ये लिखितं। ग. रामविजयवाचनार्थं॥

**(१०)**

कविबहादुर पंडित श्रीदीपविजयजी म. रचित

विजयसेठ-विजयासेठाणीवचनगर्भित

# ॥श्रीमहावीरस्वामीनुं स्तवन॥

# સંપાદકીય

## કૃતિપરિચય

આ કૃતિમાં વિજયશેઠ અને વિજયા શેઠાણીએ મહાવીર ભગવાનને કચ્છદેશમાં આવવાની વિનંતિ કરવાના ભાવો ગૂંથ્યા છે. કવિએ મહાવીર સ્વામી ભગવાન જીવંત હોવાની કલ્પના કરીને આ સ્તવન રચ્યું છે. આ સ્તવનમાં વિજયશેઠ અને વિજયા શેઠાણીએ ભગવાનને કચ્છમાં પધારવાં વિનંતિ કરતો સંદેશો મોકલ્યો છે. વિજયશેઠ અને વિજયા શેઠાણી કચ્છદેશના વાસી હતાં. ભગવાનને વિનંતિ કરતા તેઓ કહે છે -

આપ પૂર્વદેશમાં વિચરો છો અને અમે પશ્ચિમ કાંઠે કચ્છમાં વસીએ છીએ આપને સંદેશો કેવી રીતે પાઠવવો તેની અમને વિમાસણ છે. અમે પતિ-પત્ની આપના શ્રાવક છીએ (૧) ગોશાળાએ આપની ઉપર તેજોલેશ્યા મૂકેલી તેથી આપને લોહીના ઝાડા થયા હતા. આપના તે સમાચાર જણાવશો.

આપના શરીરમાં સુખશાતા વર્તે છે, એવી વધામણી પાઠવશો.(૨)

સુદ અને વદ આ બન્ને પક્ષમાં અમને શીલનો નિયમ છે. (લગ્ન પહેલા વિજયશેઠે શુક્લપક્ષમાં શીલ પાળીશ એવો નિયમ લીધો હતો અને વિજયાશેઠાણીએ વદપક્ષમાં શીલ પાળીશ એવો નિયમ લીધો હતો. લગ્ન પછી એકબીજાને નિયમની વાત જણાવી બન્નેએ આજીવન બ્રહ્મચર્ય પાળ્યું હતું)

આપના દર્શનથી અમારા લાભમાં વૃદ્ધિ થશે. આપના દર્શન તો ઘણા મોંઘા છે. અમે દૂર બેઠા બેઠા દર્શનની ભાવના ભાવીએ છીએ. (૩)

આપની સમવસરણની ઋદ્ધિ દેખાડીને ત્રિશલા માતાને આનંદ આપજો.

(ત્રિશલા માતા ભગવાન ગૃહસ્થ હતા ત્યારે દેવલોકમાં ગયાં તેથી હકીકતની દૃષ્ટિએ આ વાત બેસતી નથી છતાં અહીં ભાવનાનો અધિકાર છે તેથી આવી કલ્પના કરી શકાય)

અમે રાત-દિવસ તમારા દર્શનના તરસ્યા છીએ. અમને વધારે તરસાવો નહીં.( ૪)

અમારા કાન પ્રભુની વાણી સાંભળવા રસિક છે. આપની અમૃત વાણી સંભળાવવા પધારો. ઉદાયી રાજાને પ્રતિબોધ કરવા પધાર્યા હતા તો અમને પણ પ્રતિબોધ કરવા પધારો. અમને મનમાં કેમ લાવતાં નથી? (૫)

આપે એકવાર બાર પર્ષદામાં શ્રેણિક રાજા સામે દેશનામાં કહ્યું હતું કે - ચોર્યાશી હજાર મુનિ ભગવંતને દાન આપવાથી જે ફળ મળે તે વિજયશેઠ-વિજયાશેઠાણીની ભક્તિ કરવાથી મળે. આ વાત કરીને આપે અમને મોંઘેરા બનાવી દીધા. હવે પ્રગટ કર્યા છે તો દયા કરો. અમે શીલવ્રતધારી ગુપ્ત હતા. અમારો એ અભિગ્રહ હતો કે અમે પ્રગટ થઇશું ત્યારે સંયમ લઇશું. આ અભિગ્રહને સાચો સાબિત કરો. (૬)

(લગ્ન સમયે વિજયશેઠ-વિજયાશેઠાણીએ પોતાના અભિગ્રહની વાત પરિવારથી અને સમાજથી ગુપ્ત રાખવાનું નિર્ધાર્યું હશે. જો આ વાત પ્રગટ થઇ જાય તો દીક્ષા લેવી એવી સમજણ રાખી હશે)

સાધ્વી શ્રીચંદનબાલા અમારી માતા જેવા છે. તેમના જેવી અમારી જોડી બનાવો. આપ આખા જગત ઉપર ઉપકાર કરો છો તો અમને કેમ લલચાવો છો? (૭,૮)

અમને આપના સેવક સમજી અમને મનમાં દયા લાવી પાંચ મહાવ્રત ઉચ્ચરાવો. કોઇ કેવલીને કચ્છ સૌરાષ્ટ્રમાં મોકલીને સંયમનો યોગ કરાવજો. મહાવીરસ્વામી કેવલજ્ઞાન પામી મુક્તિમાં ગયા તેમના ચરણે નમસ્કાર કરીએ છીએ. વિક્રમ સં ૧૮૮૮માં પં. શ્રી દીપવિજય કવિરાજે આ સ્તવન ખંભાત નગરમાં રચ્યું છે.

## પ્રતનો બાહ્યપરિચય

આ કૃતિની હસ્તપ્રત **શ્રી વર્ધમાન જૈન આગમ જ્ઞાનભંડાર કાત્રજ, પૂણે**ની છે. તેનો ક્રમાંક-૨૭૬ છે. આ પ્રતની નકલ પરમ પૂજ્ય આચાર્ય **શ્રીહર્ષસાગરજી** મ.ની પ્રેરણાથી પ્રાપ્ત થઇ છે. પ્રતનું એક પત્ર છે. પત્ર પર ૧૧ પંક્તિ છે. દરેક પંક્તિ પર ૩૪ અક્ષર છે. પ્રત સુવાચ્ય છે. લેખનપ્રશસ્તિ નથી. તેના આધારે લિપ્યંતર અને સંપાદન કર્યું છે. સ્તવનની ભાષા જેવી હતી તેવી જ રાખી છે. પ્રતના અક્ષરો સ્પષ્ટ છે અને સ્વચ્છ પણ છે. દરેક ઢાળની પહેલી કડી, દંડનું ચિહ્ન તેમજ ગાથાંક લખવા

માટે લાલ શાહીનો ઉપયોગ થયો છે પ્રતનો ડાબી બાજુનો ખૂણાનો ભાગ ખંડિત થઇ ગયો છે, તેમ છતાં લખાણને કોઇ હાનિ પહોંચી નથી. ડાબી બાજુનો હાસિયાંમાં ઉપરના ભાગમાં લાલ શાહીથી ફૂલ જેવી નિશાની બનાવી પત્રાંક લખ્યો છે.

સા.શ્રી જિનરત્નાશ્રીજી મ.ના
શિષ્યા સા. **મધુરહંસાશ્રી**

कविबहादुर पंडित श्रीदीपविजयजी म. रचित

## विजयसेठ-विजयासेठाणीवचनगर्भित

# ॥श्रीमहावीरस्वामीनुं स्तवन॥

एक वार कच्छ देश आविये जिणंदजी,
एक वार कच्छ देश आविये।
विजय ने विजया वंदाविये जिणंद० आंकणी।
पूर्व देश कच्छ देश बहु अंतरे,
किम करि लेख पठाविये॥जिणं०॥
धणी धणीयाणी अमो श्रावक तमारा,
कोइ दिन धर्मलाभ कहाविये॥जिणं०॥१॥

लोहिपड उपसरग संत थयाना,
वतीकर सहुए जणावीए जिणं०।
जे दिई सुखसातानी बधाइ,
कोइ बधाइ वधाविये॥जिणं०॥२॥

बेहु पखमां सीललाभ छे अमारे,
वली लाभे लाभ कमाइये जिणं०।
मुंघा दरशण पुजजी तुमारा,
दूरथी भावना भावीए॥जिणं०॥३॥

समोवसरण ठकुराइ निहाली,
त्रिसला मातने मलावीयें जिणं०।
रातदिवस तुम दरसण तरस्या,
तरस्याने नवी तरसावीये॥जिणं०॥४॥

श्रवण रसिक प्रभु वाणी सुणवा,
अमृत वाणी सुणावीये जिणं०।
उदाइन नरप[ति] प्रतिबोधवा पधार्या,
अमे किम मनमां नावीये॥जिणं०॥५॥

चोरासी हजार मुनि आहारने तोले,
मुहघा केम बनाविये जिणं०।
परषदा बारमांहि श्रेणिक आगले,
प्रगट कर्यां तो दया लाविर्यें॥जिणं०॥६॥

गुपत हतां हमे सीलव्रतधारी,
प्रगट करीने केम नावीये जिणं०।
प्रगट थसु तारे संजम लेसुं,
अभिग्रह सत्य कराविये॥जिणं०॥७॥

चंदनबाला जे मावडी अमारी,
सरखी जोड बनाविये जिणं०।
जग सहुने उपगार करो छो,
अमने किम ललचाविये॥जिणं०॥८॥

सेवक जाणी दया मन आणी,
महाव्रत पंच उचराविये जिणं०।
केवलीने मोकली सोरठ कच्छ देश,
संजम लीये जोग भाविये॥जिणं०॥९॥

केवल लही बहु मुक्ति पधार्या,
लळी लळी शीश नमाविये जिणं०।
विजय ने विजया दंपतीने गाता,
कोड कोड करम खपाविये॥जिणं०॥१०॥

विक्रमराजथी अढारसे अठासी,
खंभातनगरे सोहाविये जिणं०।
दीपविजय कविराज वृ(व्र)तधारी,
जितनीसान बजाविये॥जिणं०॥११॥

॥इति विजयसेठ-विजयासेठाणीवचनगर्भित श्री महावीर स्वामीनुं स्तवन समाप्त॥

(११)

उदयकरणमुनिकृत

# ॥मल्लिजिनस्तवन॥

# સંપાદકીય

## વીરવાડામંડન શ્રીમલ્લિજિન સ્તવન : પરિચય

આ સ્તવન વીરવાડા ગામના મૂળનાયક શ્રીમલ્લિનાથ ભગવાનનું છે. શ્રીમલ્લિનાથ ભગવાન મૂળનાયક હોય તેવા વીરવાડા ગામની જાણકારી મળતી નથી. જૈનતીર્થ સર્વસંગ્રહ (ભાગ-૧-૨-૩)ના આધારે શ્રીમલ્લિનાથ ભગવાનનાં જિનાલયોની યાદી તૈયાર કરી છે. તેમાં ૧૬ દેરાસરોની માહિતી મળી છે. તેમાં વીરવાડાનો ઉલ્લેખ નથી. રાજસ્થાનમાં વીરવાડા ગામ છે પરંતુ ત્યાં શ્રીમલ્લિનાથ ભગવાનનું દેરાસર નથી. આ કૃતિની રચના સત્તરમી સદીમાં (સંવત્ ૧૬૪૨)માં થઇ છે તેથી એવું અનુમાન થઇ શકે છે. સત્તરમી સદીમાં વીરવાડા ગામમાં મલ્લિનાથ ભગવાનનું જિનાલય હશે, તે તીર્થ જેવું પ્રચલિત હશે એટલે જ તેનું સ્તવન રચવાની પ્રેરણા શ્રીઉદયકરણજી મુનિને મળી હશે.

મલ્લિનાથ ભગવાન વિષે ૭૬ સ્તવનો મળે છે. ૭૦ સ્તવનો છે. ૬ ઢાળવાળા સ્તવનો છે. મધ્યકાલીન ગુજરાતી કૃતિ સૂચિ (સંપાદક-કીર્તિદા જોષી), અને આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરિ હસ્તલિખિત ગ્રંથસૂચિ ભાગ-૧ થી ૧૮ના આધારે આ સૂચિ તૈયાર કરી છે. તેમાં પ્રસ્તુત કૃતિ જોવા મળી નથી તેથી તે અપ્રગટ હોવાની સંભાવના છે. શ્રીમલ્લિનાથ ભગવાન વિષેની પ્રાચીન ગુજરાતી ભાષાની કૃતિઓની સૂચિ પણ સંલગ્ન છે.

આ કૃતિમાં ૬ ઢાળ છે. પહેલી ઢાળમાં ૧૪ કડી છે, બીજી ઢાળમાં ૬ કડી છે, ત્રીજી ઢાળમાં ૬ કડી છે, ચોથી ઢાળમાં ૨ કડી છે, પાંચમી ઢાળમાં ૪ કડી છે, છટ્ઠી ઢાળમાં ૭ કડી છે અને કળશ છે. આમ કુલ ચાલીસ કડીનું સ્તવન છે. છટ્ઠી ઢાળ ભમારૂલીની દેશીમાં છે. બાકીની ઢાળમાં દેશીનો ઉલ્લેખ નથી.

પહેલી ઢાળમાં શ્રીમલ્લિનાથ ભગવાનનો જન્મ અને દેવોએ કરેલા જન્મમહોત્સવનું વર્ણન છે. (ગાથા ૧-૧૪) બીજી ઢાળમાં માતા-પિતાએ કરેલા જન્મ મહોત્સવનું, મલ્લિકુમારીનાં યૌવનપ્રાપ્તિનું વર્ણન છે. (ગાથા ૧૫ થી ૨૦) ત્રીજી ઢાળમાં પૂર્વભવોમાં કરેલી માયા અને તીર્થંકર નામકર્મના બંધનું વર્ણન છે. (ગાથા ૨૧ થી ૨૬) ચોથી ઢાળમાં પૂર્વભવના છ મિત્રોને પ્રતિબોધ કર્યો તેનું વર્ણન છે.

(ગાથા ૨૭-૨૮) પાંચમી ઢાળમાં દીક્ષા અને કેવલજ્ઞાનનું વર્ણન છે. છટ્ઠી ઢાળમાં શ્રીમલ્લિનાથ ભગવાનના પરિવારનું અને નિર્વાણનું વર્ણન છે. અંતમાં કવિએ પોતાની ગુરુપરંપરાનું વર્ણન કર્યું છે. અકબર પ્રતિબોધક શ્રી હીરવિજયસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર આચાર્ય શ્રી વિજય સેનસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પંડિત શ્રીકિકરાજ (આ નામ અશુદ્ધ લાગે છે પ્રતમાં આ જ વંચાય છે.)ના શિષ્ય ઉદયકરણજીએ સંવત ૧૬૪૧માં કારતક સુદ સાતમના દિવસે આ સ્તવનની રચના કરી છે.

## કર્તા

પ્રસ્તુત કૃતિના કર્તા ઉદયકરણમુનિ છે. તેઓ તપાગચ્છના છે અને આચાર્ય શ્રી વિજયસેનસૂરીશ્વરજી મ.સા.ની પરંપરામાં થયેલા છે. ગુજરાતી સાહિત્ય કોશમાં (મધ્યકાળ ખંડ-૧) આ કૃતિના કર્તા ઉદયચન્દ્ર અથવા ઉદયચંદ કહ્યા છે. (જૂઓ - પેજ નં.૩૦) ઉદયચંદ નામે ત્રણ મુનિ થયા છે. ૧) તપાગચ્છના, ૨) પાયચંદ ગચ્છના, ૩) અંચલગચ્છના. તેમાંથી પ્રસ્તુત કૃતિના કર્તા તપાગચ્છના છે તે સ્પષ્ટ છે. ઉદયકરણ, ઉદયચંદ્ર નામ સામ્યતાને કારણે નામભેદ થયો હોવાની સંભાવના છે.

## હસ્તપ્રત પરિચય

પ્રસ્તુત કૃતિની હસ્તપ્રત **શ્રી વર્ધમાન જૈન આગમ જ્ઞાનભંડાર કાત્રજ, પૂણે**ની છે. પ્રત શ્રીમલ્લિજિનસ્તવન એ નામે નોંધાયેલી છે. આ પ્રત **પૂ.આ.શ્રી હર્ષસાગરસૂ.મ.**ની પ્રેરણાથી પ્રાપ્ત થઇ છે. તેનો ક્રમાંક–પોથી નં.૪૦, પ્રત નં.૪૭૮ છે. તેનાં બે પત્ર છે. પત્રમાં ૧૩ પંક્તિ છે. પંક્તિમાં ૪૪ અક્ષર છે. પ્રત સુવાચ્ય છે. લેખનપ્રશસ્તિ નથી. પ્રતમાં શીર્ષકો અને દંડ દર્શાવવા લાલ સ્યાહીનો ઉપયોગ કર્યો છે. આ પ્રતના આધારે લિપ્યંતર અને સંપાદન કર્યું છે.

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્
વિજય **અભયદેવસૂરીશ્વરજી** મ. સા.(ડહેલાવાળા)ના
શિષ્ય મુનિવરશ્રી **જિનરત્નવિજયજી** મ.ના
શિષ્ય મુનિ **પ્રભુશાસનરત્નવિજય.**

उदयकरणमुनिकृत

## ॥मल्लिजिनस्तवन॥

सयल जिणेसर प्रणमी श्री गुरुपाय,
वीरवाडामंडण तवस्युं मल्लि जिनराय।
वर पूरव दिशि नयरी मिथिला नाम,
कुआ वावि सरोवर वाडी वन आराम॥१॥

जिनभवन सोहे, नयरी अति विसाल।
विबुधजन वसइ, जीवदया प्रतिपाल॥२॥
नरपति तिहां सुंदर, राजा कुंभ प्रचंड।
अरियण मद गालइं, पाले राज अखंड॥३॥

तस घरि राणी, प्रभावती स(सु)रूप।
सतीयशिरोमणी, जाणि मानइ भूप॥४॥
सा इक दिन पहोढी, सुखसिय्याइं सार।
जयंत विमानथी, लीधो उअरि अवतार॥५॥

तव सुंदर पेखइं, सपन चउद उदार।
नरवइनइं पूछइं, सपनतणो विचार॥६॥
वलतुं इम बोलइ, वचन सुणो राणी अम्ह।
पुत्र मोटो हसि, कुलदीपक घरि तम्ह॥७॥

ते वयण सुणीनइं, हीअडइ हरख न माय।
गरभ वाधइ जिम जिम, तिम तिम आणंद थाय॥८॥

साढासात वासर, अधिक हुआ नव मास।
अश्वनी ऋख योगइं, जनम्या जिन पूगी आस॥९॥

पहिलूं दिगकुमरी, आवइ जाणी धर्म।
केलिघर नीपाई, तिहां करइ सुतिकर्म॥१०॥

जिन पूजी प्रणमी, जी(जा?)इ आपणइं ठामि।
तव आसन डोले, शक्र भलो एहवइ नामि॥११॥

अवधि मनि धरतां, जाणइ जनम जिनेंद्र।
सुघोषा नादइं, जणावे देवेंद्र॥१२॥

ते नाद सुणीनइं, आवी नमइ जिनचंद्र।
सुरगिरि जिन लेई, स्नात्र करे सहु इंद्र॥१३॥

इम जनम महोत्सव, करी आवे देव।
माता पासि मूंकी, नंदीसर जाइ हेव ॥१४॥

(ढाल)

पुत्रीने जनम ए जाणी, हरख्या रायऽनइं राणी।
मूकाइं बंदिजन प्राणी, बोले मधुरी ए वाणी॥१५॥

भूंगल भेरी ए वाजे, नादइं अंबर गाजइ।
ओत्सव राय घरिं छाजइ, तेजइं अतिघणूं राजे॥१६॥

दानइं दारिद्र ए चूरइ, आशा सहुएनी पूरइ।
मंगलिक कामिनी बोलइ, जगि नहीं तुम्ह कोई तोलइ॥१७॥

धवल मंगल गाइ नारि, घरि घरि तोरणि बारी।
वधवा सहू जन आवइ, मणि मुगताफल लावइ॥१८॥

जिनघरि पूजा ए कीजइ, मल्लिकुमरी नाम ठविजइ।
कलाइं वाधे ए कुमरी, रुपइं जीति ए अमरी॥१९॥

(ढाल)

राजपुत्र भव पहिले सुंदरुं, तेहनइं षट मित्र होइ रे।
सहि गुरु वांणी तिहां सांभली, चारित्र लेइ सहु कोइ रे॥
जूओ जूओ मायगति जीवनी, न छूटइ राय नइं रांक रे।
कीधा कर्म ते भोगवइ, फोकट बीजो काढइं वांक रे॥जूओ०॥२०॥
(आंचली)

तप करे ते साथइं वली, न करे पारणे आहार रे।
जणावा वडाइ कारणइ, तप तपे अधिक अपार रे॥जूओ०॥२१॥

इम माया करम अरजी करी, स्त्रीवेद बांधे तिणे ठामि रे।
वीसस्थानक तप आचरे, जिनपद केरडे[१] कामि रे॥जूओ०॥२२॥

संयम पाली सूर ऊपना, जयंत विमान सुखसार रे।
भोगवी राणी कूखइं अवतर्या, पामीउ योवन तार रे॥जूओ०॥२३॥

पूरव मित्र महीपति हूया, सांभलि रूप विस्तार रे।
कुमरी वरवा नृप आवीया, कुंभराय करे विचार रे॥जूओ०॥२४॥

(ढाल फागनी)

आहे कनकमइ करी पूतली, देखाडे अथिर संसार।
आहे शबदादिक सुख भोगव्या, एणई जीवइं अनंती वार॥२५॥

आहे तोहे नृपति पामइ नहिं, हवइं लेऊं संयम भार।
आहे इम समझावी मित्रनइं, प्रले (प्रभु) लेइ संयम सार॥२६॥

(ढाल)

देव लोकांतिक वीनवइ ए,
बूझो बूझो भगवंत तु सरव जीवसुखकरु ए
भवियणंनइ हितकारणो ए,
प्रकासो वर धर्म तो संयमश्रीवरु ए॥२७॥

दान संवत्सरी तव दीइ ए,
त्रिणसइं कोडि अठासी तु लाख एसी वली ए।
मणि माणिक बीजुं घणुं ए,
घोडा हाथी सार तो, वस्त्र पूर रली ए॥२८॥

मागशिर शुदि एकादशी ए,
त्रणिसइं राजकुमार तो साथइं व्रत धरे ए।
एक दिवस छउमत्थ पणुं ए,
महियल करता विहार तो केवल श्री वरे ए॥२९॥

---

१ केरडुं= केरुं, तणुं. मध्यकालीन गुजराती शब्दकोश, पत्र-१२१. (सं.जयंत कोठारी)

देव मिली ओच्छव करे ए,
बिहुं निकायना देव तो त्रगडो तिहां रचे ए।
अमृत देशना देई करी ए,
थापइ संघ उदार तो जय जय सुर करे ए॥३०॥

(ढाल भमारूलीनी)

चतुरविध थापिओ तो भमारूली,
तेहू हरखइं बोलीस तो।
गणधर अठावीस श्रुतसागरु तो भमारूली,
मुनिवर सहस च्यालीस तो॥३१॥

सहेस पंचावन साधवी तो भमारूली,
श्रावक एक ज लाख तो।
सहेस त्रयासी ऊपरि वली तो भमारूली,
श्राविका एह ज भाख तो॥३२॥

त्रणि लाख सतिरि सहस्स तो भमारूली,
समकित शील व्रत धार तो।
चउव्विह संघ मल्लि जिन केरो तो भमारूली,
गुणमणि रयण भंडार तो॥३३॥

पांचसइं साधुस्युं परवर्या तो भमारूली,
समेत हवूं निरवांण तो।
फागुण शुदि बारसि दिने तो भमारूली,
पाम्युं अविचल ठाण तो॥३४॥

श्रीहीरविजयसूरि वांदिइ तो भमारूली,
सब गच्छतणो सिणगार तो।
धरम मूरति अकबर सा कहे तो भमारूली,
शासननो आधार तो॥३५॥

आचार्य विजय सेनसूरीर तो भमारूली,

रूपइं वयर कुमार तो।
पंडित श्रीपति कीकराज विबुध तो भमारूली,
**उदयकरण**नइं सुखकार तो ॥३६॥

संवर सोल एकताले तो भमारूली,
कार्तिक शुदि दशमी दिन तो।
तवन कीधुं मनरंग तो भमारूली,
सोहे नीलवनु तन तो॥३७॥

ए तवन जे नर नारी भणे तो भमारूली,
सुणे वारोवार तो।
ओच्छव होइ नित नवा तो,
तिहिं घरि मंगल च्यार तो॥३८॥

(कलश)

इम थुण्यो भावइं मनि आनंदइं **वीरवाडापुर**मंडणो,
मल्लि जिन सामी सिद्धिगामी दुरितदुःखविहंडणो।
आवे मानव देव दानव पाय नमइं किंकरा,
कुंभरायनंदण मोहगंजण सयलसंघ आणंदकरा॥३९॥

॥इति श्रीमल्लिजिनस्तवन॥

**(१२)**

अज्ञातकर्तृरचित

# ॥मन:स्थिरीकरणस्वाध्याय॥

# મનઃસ્થિરીકરણ સ્વાધ્યાય : પરિચય

આ ઉપદેશપરક કૃતિમા ત્રણ ઉપદેશ પ્રધાન છે.

**૧) મનની સ્થિરતા**

**૨) સામાયિક અને**

**૩) શીલપાલન**

સામાયિક વિષે કેસરી કેવલીનું દૃષ્ટાંત છે. કેવલી પોતાનો પૂર્વ વૃત્તાંત કહે છે કે પૂર્વાવસ્થામાં હું સાતે વ્યસને પૂરો હતો. મારી પાછળ સૈનિકો પડ્યા. મેં વનમાં સાધુ ભગવંત જોયા. તેમનું શરણ લીધું અને સાધુ થયો.

શીલ વિષે સીતા અને રાવણનું દૃષ્ટાંત છે. રાવણ સીતાનું અપહરણ કરીને લંકા લાવે છે. ત્યાં સીતાને રાવણનો ભય લાગે છે. રાવણ સીતાને કહે છે - સીતા! તમે ચિંતા ન કરો. પરસ્ત્રી જ્યાં સુધી પોતાની મરજીથી મને ન ઇચ્છે ત્યાં સુધી તેનો સ્વીકાર નહીં કરવાનો મને નિયમ છે. આ સજ્ઝાયની ૧૯ કડી છે.

## હસ્તપ્રત પરિચય

આ કૃતિની હસ્તપ્રત **ભોગીલાલ લહેરચંદ ઇન્સ્ટીટ્યુટ ઑફ ઇંડોલોજી (આત્મવલ્લભ સ્મારક) દિલ્લી**માં છે. ક્રમાંક - B ૦૭૬/૮/૦૦૧ છે.

પ્રતનાં ૪ પત્ર છે. એક પત્રમાં ૯ પંક્તિઓ છે અને એક પંક્તિમાં ૩૫ અક્ષરો છે. અક્ષર મોટા છે. મધ્યફુલ્લિકામાં સોળમી સદીમાં દોરાતું શ્રીવત્સાકાર ચિહ્ન છે. હાંસિયા, દંડ વગેરે લાલ સાહીથી દોર્યા હશે. અન્ય સાહીનો પણ ઉપયોગ થયો હશે. Xerox કોપી હોવાથી રંગ વિષે કહી શકાતું નથી. પ્રત સ્પષ્ટ અને સુવાચ્ય છે. મધ્યકાલીન મરુગુર્જર ભાષા છે.

## કર્તા પરિચય

આ કૃતિના કર્તા પંડિત **શ્રીશુભવર્ધન**ના શિષ્ય છે. તેમનું નામ મળતું નથી. તેઓ વિક્રમની ૧૭મી સદીના પૂર્વાર્ધમાં થયા છે. તેમણે ૧૪ કૃતિઓ રચી છે.

૧) **'અષાઢભૂતિ રાસ/ચતુષ્પદી'** કડી-૬૫૬

૨) **'ગજસુકુમાર રાસ/ગીત/સજ્ઝાય'** કડી-૮૬/૯૬ (રચના વિ.સં. ૧૫૯૨,

ઇ.સ.૧૫૩૫),

૩) **'સ્થૂલિભદ્ર-રાસ'**

૪) **'શાંતિનાથ-સ્તવન' (કુમરગિરિમંડન)** કડી-૩૧ (રચના વિ.સં. ૧૫૬૩, ઇ.સ.૧૫૦૭)[૧],

૫) **'મનઃસ્થિરીકરણ-સજ્ઝાય'** કડી- ૧૯

૬) **'અઢાર નાતરાનું ચોઢાળિયું'**

૭) **'દેવકીજીના ઢાળિયા'** કડી- ૯૮

૮) **'ચેલણાજીનું ચોઢાળિયું'**

૯) **'જીરાઉલા-ભાસ'**

૧૦) **'નેમિનાથ-ભાસ'**

૧૧) **'મેતાર્યઋષિ-ભાસ'**

૧૨) **'રજિમતિ-ભાસ'**

૧૩) **'સમવસરણ-ભાસ'**

૧૪) **'શત્રુંજય-ભાસ'** (ગુજરાતી સાહિત્ય કોશ, ભાગ-૧, પત્ર-૪૩૮)

**- વૈરાગ્યરતિવિજય**

---

૧ શાંતિનાથ સ્તવન (કુમરગિરિ મંડન) કડી ૩૧, રચના સંવત ૧૫૬૩ ભાદરવા ૧૦
અંત - શ્રી શુભવર્ધન પંડિત રાયા, તે સદ્ગુરુના પ્રણમી પાયા.
તવ્યો સંતિ જિણેસર સ્વામી, કુંઅરગિરેઇ મૈં ઉલટ પામી. ૩૦
પનર ત્રેસઠઇં તૂં હિ જ તવૈ, દસમી દિન ભાદ્રવા માસે,
તવીયઉ સ્વામી હરખ્યે પામી, પૂરૈશ્રૈવકારો આસે. ૩૧ (જૈન ગુર્જર કવિઓ, ભાગ-૧, પત્ર -૩૨૦,૩૨૧)

अज्ञातकर्तृरचित

## ॥मनःस्थिरीकरणस्वाध्याय॥

मइं सेवी रे देवी सरसति तणा पाय,
इम जंपइ रे आगइ कविअण तणी माय।
हूं तूठीरे वत्स विशेषिइं तुंहनइ,
तुं अविरल रे वाणी आपी मुंहनइ॥१॥

अविरल वाणी सरस आणी गाउं मन चंचल पणउं।
एवडउ काल मइं कीआं कीधां एक मन पाखइ घणउं।
मन पवननी परि अतिहिं चंचल नरहिं साहिउं हेसही।
जिम कुंभिकाचइं नीर निम्मल जाइं झबकइ सिउं वही॥२॥

मन पाखइ रे तप तपइ जउं आकरउ,
{भवसायर रे भव ईणइं प.}
चिंतामणि रे अंतर जिसिउ काकरु।
मन पाखइ रे फोकट लोक क्रिया करउ,
भवसायर रे भवि आ(इ)णइ परि नहीं तरउ॥३॥

नहीं तरु सायर सुणउ भविआं एक मन मोकलपणइं।
जीव रलिउ आगइ तुहि न जागइ एहवउ जउ श्रवणे सुणइं।
सुणी श्रवणे सुगुरुवाणी हीइ आणी वासना।
तुम्हे करु सामाई चिंति(चित्ति) लाई नावइं भवभय आसनां॥४॥

सामायक रे समताइं मन आणीइ,
वइरीडां रे बंधव सिरिखां जाणीइं।
वली आहट रे दोहट रे सिमइ न आणीइ।
मनि वचनिइं रे कार्या(या) संवर आणीइ॥५॥

मनि वचनि काया संवर आणी नाणीइ मन मइलांपणउं।
तह्मो करउ सामाई वेगि थाइं पामउ पद अमरहं तणउं।

सुरगिरि सोणांतणां कापी आपइ एकावन लही।
तु नही तोलइं वीर बोलइं सामायिक अधिकूं सही॥६॥

मन मांकडरे दोइ घडी जउ वसि रहिउ,
तउ केसरी रे चोरिहिं तिहां केवलि लहिउ।
तीणइं अवसरि रे आवइं सुरनर सवि मिली,
सामाई रे महिमा भाषइं केवलीं॥७॥

केवलीअ भाषइं सुणउ भविआं बहूअ पातक मई कीआं।
सबल सातइ व्यसन पोष्यां अनइ परधन मइं लीआं।
बिहुं घडी अंतरि करिअ चोरी आणिइं वनि आविउ जिसिइं।
तव सुभटसेन सजोड थाई धाइं आव्या तेतिसिइं॥८॥

तीणइं अवसरि रे आ वनमांहि रिषि देखिउ,
तव ऊलट रे आणी हीअडइं हरखीउ।
भय जाणीरे तेहनइंउ सरण मइं अणुसरिउ,
समतांइं रे सामायक सूधउं धरिउं॥९॥

मइ धरीअ सूधूं काज कीधउं छूटउ भवसायर तरी।
जो मुगति नारी अतिहिं सारी आवी अविहड मइं वरी।
सामाईइ जउ सुगति लाभइं तउ भव आलिइं का गमिउं।
केसरीअ केवलि एम जंपइ सामायिक सूंधउं रमिउं।

मनि सूधइं रे सील सदा जो पालीइ,
मन मइलूं रे परदारा सिउं टालीइ।
वली ऊवटि[1] रे जातुं वाटइं वालीइं,
आपणपू(उं) रे [कुल] एणी परिइं अजुआलीइ॥१०॥

इणि परिइं सुंदरि सुणउ साचउं सीताइं सूधउं धरिउं।
पर वणि कंटक पडिअ संकटि मयलिउं मन तुहि नवि करउ।
ए सती असीता धरीअ रावणि आविउ जिहां लंकापुरी।
तव अबल बीहती एकली तिहां दीठी अति चिंतातुरी॥११॥

---

१ = अवळो रस्तो (सं. उद्वर्त्म) मगुको-६८

तीणइ अवसरि रे रावण कहि सुणि सुंदरी,
चित्तडलइं रे एवड चिंतां कां धरी।
अप्रसन्ना रे परदारा नवि आदरउं,
हउं रावण रे ए व्रत जे सूंधउं धरिउं॥१२॥

हुं धरउं असूंधउं सुगुरु साखिं एह लाधी आखडी।
परनारिसउं प्रेम न मांडउं जा नवि भासइं भाखडी।
एह वयण मीठां सुणीअ सुंदरि हीइ अति घण गहिगही।
हुं सील महारुं सबल थईनइं सूधउं राखि सुहे सही॥१३॥

तिहां रावण रे राग तणइ रसि मीठडा,
बहु बोलइ रे लल्लर ताढा बोलडा।
तव बाली रे बोलइ रावण तोरडा,[1]
मति माहरइं रे ए सवि जाणइं कोरडा॥१४॥

ए अछइं कोरो बोल तोरा सीलि हउं बउं महासती।
लाई विषयभाविं नरगि जाईइ सांभलि हो लंकापती।
ए सबल रावण लंक सामी रामिइं जीतु जयकरी।
ए सतीअ सीता वेगि वाली आविउ घरि उत्सव करी॥१५॥

तव बोलइ रे सीतां सूर साखिइं करी,
आणइं भवि रे एक जि राम हुं अणुसरी।
मनि वचनिइं रे कायाइं बीजां नरां,
वली सुहणइं रे अवर सवे मझ सहोदरा॥१६॥

ए सील प्रभावि सुणओ भविआं अगनि जालां जल थइउं।
वली देवलोकि बारमइ ए सतीइं इंद्रपद लहिउं।
तिहां आउ पूरी करम चूरी महाविदेहइं अवतरी।
जोउ केवल लसिइं अचल थासिइं हेलो भवसायर तरी॥१७॥

मइं गिरूआं रे श्री**शुभवर्धन** अणुसरी।
जस नामिइंरे जयसिरि संघलइं सिरि वरि॥

---

१ = तारा मगुको-२३३

तसु चलणे रे चिंतडलउं लाई खरउं।
हुं अहिनिसि रे सेवा जु सूधी करउं॥१८॥
मइं करीअ सेवा सुगुरू केरी गाई मन चंचलपणउं।
तिहि संवर आणी सफल जाणी भावउ मनि समतांपणउं।
नरनारि रंगिइं उलट आणी जाणीए भवभयहरु।
जे भावि भणसिं अनइं सुणसिइं तेहां नर मंगल करूं॥१९॥

॥इति मनःस्थिरीकरणस्वाध्यायः समाप्तः॥[१]

१ अन्यकृतिप्रारंभ

**(१३)**

श्रीरत्नविजयकृत

# ॥पदसंग्रह॥

# સંપાદકીય

**પદ : કાવ્યપ્રકાર**

પ્રસ્તુત સંકલનમાં ઓગણીસ પદોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. પદ ગુજરાતી પદ્યનો સ્વરૂપલક્ષી પ્રકાર છે. પદની સમજ આપતા ‘જૈન સાહિત્યના કાવ્યપ્રકારો’માં ડૉ. કવિન શાહ આ પ્રમાણે જણાવે છે.

*પદ સંસ્કૃત ભાષાનો શબ્દ છે. તેનો અર્થ ચરણ કે પંક્તિ થાય છે. આવા ચાર ચરણની રચના એક પદ કહેવાય છે. ‘પદ’ લઘુ-સંક્ષિપ્ત કાવ્ય પ્રકાર છે. તેનો ઉદ્‌ભવ માનવ હૃદયની લાગણી, ભાવના અને ઊર્મિના અભિવ્યક્તિથી થયો છે. મુક્તક કરતાં મોટો અને આખ્યાન કરતાં નાનો એ બેની વચ્ચેનો કાવ્યપ્રકાર છે. પદમાં પ્રેમલક્ષણા ભક્તિ અને ઉપદેશાત્મક વિચારોની અભિવ્યક્તિ થાય છે. ભક્ત હૃદયની ભક્તિનો તલસાટ અને પ્રભુ પ્રત્યેની સમર્પણશીલ ભક્તિનું તેમાં દર્શન થાય છે. અનુભૂતિજન્ય અભિવ્યક્તિનાં ચોટદાર નિરૂપણથી પદ સંક્ષિપ્ત હોવા છતાં ભાવવાહી- હૃદયસ્પર્શી બને છે. આ માહિતીને આધારે એમ કહેવાય છે કે પદ સંક્ષિપ્ત, ઊર્મિયુક્ત ગેય કાવ્યપ્રકાર છે. મધ્યકાલીન સમયના જનજીવનમાં ધર્મપ્રેરક બળ હતું અને તેના સંદર્ભમાં કવિઓએ વિવિધ કાવ્યપ્રકારોમાં જે કૃતિઓ રચી છે તેનો આધાર વસ્તુ એ ધર્મ છે. આ રચનાઓ સાંપ્રદાયિક હોવા છતાં માનવજીવનના ઘડતર અને ઊર્ધ્વગમન માટે અનન્ય પ્રેરક હતી એટલે કાવ્યકૃતિઓ જીવનલક્ષી બની હતી. કાવ્યને એક માધ્યમ સ્વીકારીને ધર્મ-જાતિ-સદાચાર આત્માની મુક્તિ જેવા ઉદાત્ત વિચારોની અભિવ્યક્તિ થયેલી છે.*

*પદના વિષયવસ્તુમાં પ્રભુભક્તિ કેંદ્રસ્થાને છે. ક્રમશઃ ભક્તિ પછી તેમાં સાંપ્રદાયિક તત્ત્વજ્ઞાન અને બોધાત્મક વિચારોનાં પદો રચાયેલાં જોવા મળે છે. આવાં પદો ભજન, હાલરડાં, થાળ, આરતી, પ્રાર્થના સ્વરૂપે પ્રાપ્ત થાય છે. આ કાવ્ય પ્રકારો મધ્યકાલીન સમયમાં લોકપ્રિય બન્યા હતા. પ્રભાતિયાં, કાફી, ચાબખા, ગરબો ગરબીના પદના જ પ્રકારમાં સમાવેશ થાય છે. તેનો આકાર પદનો છે કર્તવ્ય-વસ્તુ ભિન્ન હોવાથી ઉપરોક્ત નામથી પદોનો પરિચય થાય છે. કાવ્ય સ્વરૂપની વિવિધતામાં પદ અતિ સમૃદ્ધ છે. તેમાં ભક્તોની ભક્તિ યોગીઓની*

આત્માભિમુખપણાની અનેરી મસ્તીનો અનુભવ પ્રગટ થયેલો છે. ગુજરાતી, હિંદી, રાજસ્થાની અને જૈન સાહિત્યમાં પદ પ્રકારની વૈવિધ્યપૂર્ણ કૃતિઓ પ્રાપ્ત થાય છે. પદનાં પ્રેમલક્ષણા ભક્તિ હોવાથી શૃંગારરસનું નિરૂપણ મહત્વનું બન્યું છે. પરમાત્માના મિલનની તાલાવેલી અને સમર્પણશીલ ભક્તિમાં શૃંગારરસની અનુભૂતિ થાય છે.

મૂર્તિપૂજાની વિશિષ્ટ પ્રકારની આરાધનાના સંદર્ભમાં થાળ, આરતી, હાલરડાં, સ્નાત્રપૂજા, ચૈત્યવંદન, સ્તુતિ, સ્તવન અને પ્રતિક્રમણની આવશ્યક ક્રિયામાં ઉપયોગી સજ્ઝાય, પર્વની ઉજવણી જેવી કૃતિઓ પદ સાથે સામ્ય ધરાવે છે પણ તેની રચના રીતિ અને આરાધનાની દૃષ્ટિએ જૈન સાહિત્યમાં સ્વતંત્ર કાવ્ય પ્રકાર તરીકે વિકાસ થયો છે. જૈન સાહિત્યની 'પદ' સ્વરૂપની કૃતિઓ અતિ સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ છે પદ સ્વરૂપમાં વિસ્તારવાળાં ચરિત્રાત્મક-કથાત્મક પદો પદમાળા નામથી ઓળખાય છે તેનો વિષય પ્રભુ ભક્તિ અને એમના જીવન વિષેના પ્રસંગોના નિરૂપણને કેંદ્રમાં રાખીને રચાયાં છે.

જૈન કવિઓની પદરચનાઓ સમૃદ્ધ છે. તેમાં પ્રભુભક્તિ, ઉપદેશાત્મક વિચારો, તત્ત્વજ્ઞાન તેમજ અન્ય ધાર્મિક પર્વોને કેંદ્રમાં રાખીને રચાયાં છે. વળી સાધુ કવિઓ ત્યાગ સંયમને વરેલા હોવાથી માનવજીવનની સાર્થકતા માટે ત્યાગ-વૈરાગ્ય અને આત્મા થવાની પ્રરણા મળે તેવાં પદો ઘણી મોટી સંખ્યામાં રચ્યાં છે તેમાં નિર્વેદ ભાવ-શાંતરસ, ભક્તિરસ અને મોક્ષપુરુષાર્થની સાધનાની અભિવ્યક્તિમાં અનુપમ એવો વીરરસ રહેલો છે. 'પદ' રચનારા કવિઓમાં યશોવિજયજી ઉપા., વિનયકીર્તિ, જ્ઞાનસાર ઉપા., આનંદઘનજી, ચિદાનંદજી, ઋષભદાસ, ક્ષમાકલ્યાણ ઉપા., સાધુકીર્તિ, રૂપચંદ, અમીચંદ, સમયસુંદર ઉપા., લાલચંદ, જિનચંદ, હરખચંદ, જિનદાસ, જિનલાભ, ભૂધરદાસ, કવિ ભૂષણ, રામદાસ, સાંકળચંદ, બુદ્ધિસાગરસૂરિ, શ્રાવક કવિ મનસુખલાલ વગેરેનાં પદો પ્રાપ્ત થાય છે. ઉપરોક્ત કવિઓએ ભક્તિપ્રધાન, બોધત્મક, તીર્થમાહાત્મ્ય, વૈરાગ્ય ભાવની વૃદ્ધિ કારક પદો રચ્યાં છે.

આ પદોમાં આત્મલક્ષી, આત્મસ્વરૂપ દર્શન અને તેને પામવા માટેના વિચારોવાળાં પદો પણ ઉપલબ્ધ થાય છે. અન્ય કાવ્યપ્રકારોની તુલનામાં પદનો જ્ઞાન અને ભક્તિનો વારસો જ્ઞાનપ્રાપ્તિ માટે ઉપકારક નીવડે તેમ છે.

## કૃતિ પરિચય

અહિં વીસ પદ છે. તેમાં ભક્તિગર્ભિત પદો છે, તત્ત્વજ્ઞાન ગર્ભિત પદો છે અને રાજિમતીના વિરહ ગર્ભિત પદો પણ છે. અહીં શ્રીઋષભદેવ પરમાત્માના આઠ પદો છે. તેમાં એક પદ ત્રુટિત છે. શ્રી નેમનાથ ભગવાનના આઠ પદો છે. તેમાં એક પદ ત્રુટિત છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનના બે પદ છે. શ્રી મહાવીર સ્વામી ભગવાનનું એક પદ છે. સામાન્યજિનનાં બે પદ છે. શાસનશ્રદ્ધાદર્શક એક પદ છે. પદની ભાષા સરળ છે. આ પદો વિવિધ શાસ્ત્રીયરાગમાં ગુંથાયેલા છે. આ પદો અપ્રકાશિત જણાય છે અથવા અપ્રચલિત હોઇ શકે છે. તેના કર્તા **શ્રી રત્નવિજયજી** વિશે પણ વિશેષ માહિતી મળતી નથી. ગુર્જરસાહિત્યકોશમાં તેનો ઉલ્લેખ દેખાતો નથી. અપ્રકાશિત હોવાથી તેને અહીં પ્રગટ કર્યાં છે.

## હસ્તપ્રત પરિચય

તેની હસ્તપ્રત **પૂજ્ય આચાર્ય શ્રી ચંદ્રસાગરસૂરિ જ્ઞાનમંદિર, ઉજ્જૈન**માં ઉપલબ્ધ થાય છે. તેનો ક્રમાંક ૨૨૨૮ છે. તેનાં છ પત્ર છે. ત્રીજું પત્ર નથી. પત્રની કિનારીની રેખા હાંસિયાની રેખા તથા દંડની રેખા લાલ સાહીથી લખી છે. પ્રત્યેક પત્ર પર તેર પંક્તિ છે અને પ્રત્યેક પંક્તિમાં લગભગ ચોત્રીશ અક્ષર છે. અક્ષરો મધ્યમ તેમ જ સુવાચ્ય છે. પ્રતિલેખન પ્રશસ્તિ નથી. આ પ્રત પૂજ્ય આચાર્ય શ્રી **હર્ષસાગરસૂરિજી** મ.સા.ની પ્રેરણાથી પ્રાપ્ત થઇ છે.

સા.શ્રી જિનરત્નાશ્રીજી મ.ના<br>
પ્રશિષ્યા સા. **ધન્યહંસાશ્રી**

श्रीरत्नविजयकृत

# ॥पदसंग्रह॥

॥श्री जिनाय नमः॥

(१)

## ॥जैनशासनश्रद्धादर्शकपद॥

(राग जंगलो)

शासन जैन पुण्य में पायो वे॥ शासन०॥
शुद्ध देव गुरु धर्म सद्दहणा,
रत्नत्रयी चित्त लायो वे॥ शा०॥१॥

द्रव्य षट् नय सप्त पक्ष अष्ट तत्त्व नव,
प्रमाण द्वि पण समवायो वे॥ शा०॥२॥

सामान्य विशेष स्वभाव एकविंशति,
द्रव्य गुण द्रव्य पर्यायो वे ॥शा०॥३॥

सप्तभंगी वर च्यार निक्षेपें,
श्रीजिनराजे कहायो वे॥शा०॥४॥

एह श्रद्धा मुझ होज्यो भवोभव,
समकित **रत्न** सवायो वे॥ शा०॥५॥इति पद॥

(२)

## ॥शासनस्थापनादर्शकपद॥

(रागिणी भैरवी)

महसेन वनमां आव्या जगस्वामी,
वीर प्रभु वर केवल पामी॥ मह०॥ टेक॥
इंद्रभूति आदें द्विज मिलिया,
चऊद विद्या चऊ वेय पारगामी॥१॥ मह०॥

सर्वज्ञ सुनकें अमर्षें आया,
पुछन वेद अरथ गुणधामी॥
प्रभु दीदार देखि विस्मित भए,
भक्तें पाय नमे मद वामी॥२॥मह०॥
वेदपदे जीवादिक संशय छेदी
दिइं संयम शिवगामी॥
द्वादश अंग रचे गणधर वर,
अनुपम प्रभु मुखे त्रिपदी पामी॥३॥ मह०॥
द्रव्यके उत्पात व्यय ध्रुव जाने,
ज्ञाननिधान हुए निःकामी॥
चउविह संघ थापि शिव वरिया,
तुम पद **रत्न** नमे शिर नामी॥४॥स०॥ इति॥

(३)

**॥प्रभुगुणमहिमादर्शकपद॥**

(भैरवी सोहिणी)

में सच्चा सांइ पाया में स०, जगके तारनहारा॥ ज०॥
रागद्वेष वर्जित भय निर्जित, जाकी शक्ति अपारा॥मे०॥१॥
अडहिय सहस सुलक्षणें लक्षित, अनुपम देह उदारा॥ में०॥२॥
चोत्रीस अतिशय संपदे शोभित, अनंत रूप मनुहारा॥ में० ३॥
जनम मरन दुख दूरहि डारे, पाए सुख अविकारा॥ मे०॥४॥
सिद्धारथ सुत त्रिजग पूजित, **रत्न**के तुम्ह आधारा॥ में०॥५॥ इति पदं॥

(४)

## ॥नेमिजिनपद॥

(राजिमती विनंति गर्भित)

(खंभायची ठुंमरी)

अम घरि आवो यादव राय॥ अम०॥
अरज करुं छुं गोद बिछाय॥ अम०॥
ओगुन बिन पीउ छोर सिद्धाए,
पशुको दोष चढाय॥ अम०॥१॥

जाण थइने युं लोक हसाइ,
जइ इन तोरन आय॥ अम०॥२॥

कृपानिधि को बिरुद तिहारो,
क्युं रहे हमकुं रीसाय॥अम०॥३॥

में थाकी दासी नव भवकी,
थे मुझ प्राण सहाय॥ अम०॥४॥

प्रभु पय जइ राजुल वर पामी,
केवल **रत्न** पसाय॥ अम०॥५॥ इति ठुमरी पदं॥

(५)

## ॥ऋषभजिनभक्तिदर्शकपद॥

(जंगलो काफी)

श्रीनाभिकुमारकुं नित्य पूजति सुरइंदा,
थेईय थेईय करति आगे नाचत शचिवृंदा॥ श्री०।
प्रभु गुन गावतकुं राती, तननन बीन बजाती।
सुस्वर आलापि गाती, तन वार तिसु छंदा॥१॥श्री०॥

ठम ठम चरनकुं धरती, रनझनन पाउल करती।
रागनी टेके उच्चरती, मन धारति आनंदा॥२॥श्री०॥

कहे तुम देवाधिदेवा, हमकुं दीओ शिवमेवा।

आपीइं चरनकी सेवा, प्रभु **रत्न**कुं सुखकंदा॥३॥ श्री०॥

इति रेखतापद॥

(६)

**॥ऋषभजिनदर्शनपद॥**

(रागिणी ललित)

देख्या में नाभिनंद, देख्या में नाभिनंद,
अक्षय सुखके कंद॥ दे०॥ टेक॥
प्रात समय सुर नर इंद ठाढे,
निरखत हे मुखचंद॥ देख्यां मे०॥१॥

शची मिल जस गुन मंगल गावत,
पावत अधिक आनंद॥ दे०॥२॥

भव सिद्धि शुचि द्रव्य भावसुं,
पूजत पद अरविंद॥ दे०॥३॥

जगतारन भवतापकुं वारन,
अनुभव रस निष्यंद॥ दे०॥४॥

धुलेव साहिब दास सु**रत्न**के,
दूर हरो भव फंद॥दे०॥५॥ इति पदम्॥

(७)

**॥ऋषभजिनभक्तिप्रार्थनापद॥**

(भूपाली जंगलो)

मोहें दीजे वैं मोहें० तुझ पद कजनी
भक्ति भलेरी अने हो प्रभुजी तुम०॥ मोहें०॥
नाभि नृपति कुल नभ दिनमणि सम,
नित्य हम दिलमां रहीजो॥मो०॥१॥

जय जय जुगकी आदिनिवारक,

तारक बांह्यौं ग्रहीजो॥ मो०॥२॥
विश्वरक्षक शिवदास कलाप,
तुम सम देव न बीजो॥ मो०॥३॥
जगत चिंतामणि जगतके बंधु,
कामित पूरन कीजो॥ मो०॥४॥
ध्रुळेव नायक पायक **रत्न**की,
बीनती ए मानी लीजो॥ मो०॥५॥

**********

[१]मोसें नेह धरी महाराज आज दरसन दीजीइं अनेहा रे॥मोसें०॥टेक॥
दरसन दीजीइं भवदुःख छीजीइं रे॥ मोसें०॥
जाणी जगत तात भ्रात, तुम शरणें रीजीइं॥२ रे॥ मो०॥१॥
नृप नाभिजू(जी)के नंद, महितइंदचंदवृंद,
जय जय तु हि जिनंद।
नितु बंद कीजीइ[२] ............

**********

............[३]वारो॥ घरआइ सबकुं हरख उपाइ॥
यादव कुल अजु आरोरे॥४॥ यें०॥
संयम ग्रही केवल लही दंपती,
पाए शिवसुख कारो।
शिवाजु(जी)के नंदन **रत्न**विजयकी,
प्रणिपति नित्य अवधारो रे॥५॥
थे नेहसें निहारो क्युं न नाथजी॥ इति पदम्॥

**********

१ अपूर्ण पद।
२ पत्रांक -३ नही है।
३ अपूर्ण पद।

(८)

**॥ऋषभजिनप्रार्थनापद॥**

(रागिणी काफी)

नाभिकुमर महाराज वो,
हमकुं तारक तुम हो॥नाभि०॥टेक॥१॥
अनंत काल चिहुं गतिमें फिरतें,
भए तुम दरिसन आज वे ॥ हमकुं०॥२॥
तब हम भव के दुःख गए दूरें,
सरे सब वांछित काज वे॥ हमकुं०॥३॥
अब समरथ साहिब में पायो,
सब देवन शिरताज वे॥ हमकुं०॥४॥
**रत्न** कहें प्रभु हम तारन की,
निरवहेज्यो तुम लाज वे॥ हमकुं०॥५॥ इति पदम्॥

(९)

**॥श्रेयांसकुमारविनति पद॥**

(काफी)

जगसाहिब अम घरे आवो रे॥ जग०॥
श्रेयांस कुमर श्रीऋषभ प्रभुनें,
वीनवें मुझ हरष बढावो रे॥ जग०॥१॥
आंगने आवी आहार ग्रहीनें,
माहरां भवनां दुःख मिटावो रे॥ जग०॥२॥
मन मोहन ऊपदेश करीनें,
मुनें मोक्ष मारग बतावो रे॥ जग०॥३॥
वीनती सुनी इक्षुरस वोहरी,
दीनो श्रेयांसकुं शिवभावो रे॥ जग०॥४॥

नाभितनय प्रभु **रत्नविजय**कुं,
महिर करी तुम दरस देखावो रे॥ जग०५॥ इति पदम्॥

(१०)

**॥ऋषभजिनकेवलज्ञानपद॥**

(जंगलो)

भज मन सुखकर नाभिकिशोर॥ भज०॥
दोष अढार रहित परमातम,
उदयो केवल भोर॥भज०॥१॥

अनंत चतुष्टय क्षायक भावें,
प्रगट्या चउ बंध तोर॥ भज०॥२॥

अज अविनाशी अलख निरुपाधि,
भए अड कर्मकुं मोर[1]॥ भज०॥३॥

स्वष्टवर्ग शचिपति जस पदकज,
अर्चित केशर घोर[2]॥ भज०॥४॥

यह प्रभुकुं नित्य हितधर त्रिविधें,
**रत्न** नमत कर जोर॥ भज०॥५॥इति पदम्॥

(११)

**॥नेमिजिनपद॥**

(राजिमती विनंति गर्भित)

(जंगलो)

मांका प्रान आधार, यादवके सिनगार।
जगतके रखवार, पीछो रथ वालो राज॥
माहरा प्रा०॥

---

१ =मोडीने
२ =घोळीने

मेहल खडी युं राजुल बोलें,
प्रीत पूरानी संभार॥मांका०१॥
मुगति धुतारीकी शांनें चलीनें,
पशु शिरक्युं दीओ आर॥ मांका०॥२॥
तेने छे अनंत सिद्धथें यारी,
तिनस्युं एहवो स्यो प्यार॥ मांका०॥३॥
नवभवकी में बंदी तिहारी,
ते किम दीनी बिसार॥मांका०॥४॥
युं सुनि प्रभुइं राजुलकुं दीनुं,
केवल रत्न सुखकार॥ मांका०५॥ इति पदम्॥

(१२)

**॥श्रीपंचेश्वरपाटणमंडन पार्श्वजिन पद॥**

(काफी)

मुने सेवा वामानंदकी गमे छे॥ मुने०॥
जेणे भवसंचित पाप शमे छे॥ मुने०॥
अनंतज्ञान वरदरिसणे शोभित,
सहेजानंद सुखमांहि रमे छे॥ मुने०॥१॥
मोहवारक जगतारक तरी[1] सम,
भक्तवछल भव दुरित दमे छे॥ मुने०॥२॥
अतिशयवंत महंत गु[णा]कर,
सुर नर इंद जस पय प्रणमे छे॥ मुने०॥३॥
जे जन तुम गुणरागे रसिया,}
ताथें दुख दोहग दू[र भ]मे छे॥ मुने०॥४॥
श्री पंचेश्वर पाटण मंडन,
**रत्नविजय** नित्य तुमने नमे छे॥मुने०॥५॥इति पदम्॥

---

१ =होडी

(१३)

**॥धुलेवामंडन ऋषभजिनपद॥**

(जंगलो)

देख्या में नाभिकुमर सुखकंद॥ दे०॥
जाके अर्चत पय सुरइंद॥ देख्या में०॥
भवविकार वैद विचक्षण, अघ तम हरन दिनंद॥ दे०१॥
सुरपायव सम समीहित दायक, घायक सब दुख दंद॥दे०॥२॥
मुझ मन कुमुद बिकाशन भासन, हे प्रभु शारद चंद॥ दे०॥३॥
अब सब सिद्ध भए मुझ कारज, उदये सुकृतके वृंद॥ दे०॥४॥
धुलेवसाई करुना करि दीजे, **रत्न**कुं परम आनंद॥दे०॥५॥ इति पदम्॥

(१४)

**॥श्रीशंखेश्वरपार्श्वजिन पद॥**

(पूर्वी)

भज मन वामाजूके नंदा॥ भज०॥
जाकुं वंदित सुर नर इंदा॥ भज०॥
सुरपादप सुरघट सुरमनि सम,दायक सुख अमंदा॥भज०॥१॥
जाके समरनथें जग जनके, दूर जाइं दुख दंदा॥ भज०॥२॥
यादौकी जेने जरा निवारी, उरग कीयो धरनेंदा॥ भज०॥३॥
ऋद्धि वृद्धि प्रगटी अब मेरे, दरसे तुम मुख चंदा॥ भज०॥४॥
**रत्न** कहे हम पास शं[खे]श्वर, अक्षय पद बगसंदा[१]॥भज०॥५॥ इति पदम्॥

---

१ =बक्षता, भेट आपता

(१५)

**॥नेमिजिनपद॥**

(राजिमती विनंति गर्भित)

(रागिणी भूपाली जंगलो)

मोहि लीउं माहरुं मन वें॥ मोहि०॥
तोरन आइ अनेहो पीयावे,
मोहे दरस देखाइ वे॥ मोहि०॥ टेक॥

सब यादौं युत आय पीछे गए,
कुरंगके मानी वयन वे॥ मोहि०॥१॥

तुम हम छोर गये किम रहसे,
दयापर बिरुद सयन वे॥ मोहि०॥२॥

आठ भव नेह ते साहमुं जोइने,
कीजे नेक नयन वे॥ मोहि०॥३॥

विरह दिवानी राजुल गुनखानी,
ग्रहे पीउसंग चरन वे॥मोहि०॥४॥

दंपती दो केवल**रत्न** लहीनें,
भए भव दुख हरन वे॥ मोहि०॥५॥इति पदम्॥

(१६)

**॥नेमिजिनपद॥**

(राजिमती विनंति गर्भित)

(भूपाली जंगलो)

वांक बतावो राज॥ वांक०॥ सुपनामें म्हारो व्हे तो॥ वां०॥
किन कारन घरं आय गए तुम,
मनकी होय सो कहावो॥ वांक०॥१॥

जगत स्वरूपके जांण थइनें,
एम स्युं लोक हसावो॥ वांक०॥२॥

मुगति ठगारी सौ नेह करीने,
हम पे कीयो छे दावो॥ वांक०॥३॥

अड भव प्रीतकी रीत संभारी,
हेज धरी घरे आवो॥ वांक०॥४॥

व्रत लेइ दो शिव पाए वाकुं,
**रत्न**की वंदना थावो॥ वांक०॥५॥ इति पदम्॥

(१७)

**॥नेमिजिनपद॥**

(राजिमती विनंति गर्भित)

(जंगलो)

हो पिया जी मोपे, एक बेर नेहे नहारा॥
एक बेर० २॥ हो पियाजी०॥
रंगभर थाडी थांको पंथ निहारत,
बारत विरहकी झार॥ हो पिया०॥१॥

तोरन आइ चले क्युं पीछे,
प्रीति पूरानी छार॥ हो० २॥

मोपें न मया धरी पशुपे दया करी,
एस्यो तुह्म आचार॥ हो०॥३॥

यौ विलपति राजूल गइ पीउ पदें,
लीइं व्रत केवलसार॥ हो०॥४॥

दंपती सिद्ध भए दो ताकुं,
**रत्न** नमें हित धार॥ हो०॥५॥ इति पदम्॥

(१८)

## ॥सामान्यजिनपद॥

(अष्टप्रातिहार्यवर्णन गर्भित)

(सोहिणी)

धणी में धार्यो श्रीजिनराय रे,
जगतारक जांणीनें॥ धणी में०॥ टेक॥
शिर पर अशोककी ठांहि बिराजें,
सुर सुमनस बरसाय रे॥ जग०॥१॥

दिव्यध्वनिइं उपदेश निवाजें,
बिहुं परखे चामर विंझाय रे॥ जग०॥२॥

बेंसण रत्न सिंहासन राजें,
पूंठे [भा]मंडल ठाय रे॥ जग०॥३॥

अंबर रही सुरदुंदभि वाजें,
छत्र त्रय शिर छाय रे॥ जग०॥४॥

प्रातिहार्य जस आठ ए छाजे,
**रत्न** नमें तस पाय रे॥ जग०॥५॥ इति पदम्॥

(१९)

## ॥नेमिजिनपद॥

(राजिमती विनंति गर्भित)

(जंगलो देवगिरि ताल चलती)

सामरेकी छबि पर जाउंगी में वारी,
हरखें यूं राजिमति रूप निहारी॥ सामरे०॥१॥

पीछें वले पिया तब विनवत प्यारी,
वांक विना जइइं न जोओ चित धारी॥ सामरे०॥२॥

प्रीति संभारो पिया पूरवनी सारी,
अड भव नेह कहो किम दीओ डारी॥ सामरे०॥३॥

मुगति ठगारी मानुं दुंनो कीनो भारी,
तेने वशि परि मुझ संग दीनो छारी॥ सामरे०॥४॥

तो भी में तो व्रत ल्युंगी तुम संग यारी,
मोक्ष चलो तो पिया आउंगी में लारी[१]॥सामरे०॥५॥

व्रत ग्रही दोनुं भए शिव अवतारी,
**रत्न** कहें वांकुं वंदना हमारी॥ सामरे०॥६॥ इति पदम्॥

(२०)

**॥नेमिजिनपद॥**

(राजिमती विनंति गर्भित)

(जंगलो)

पियें तो न जानी मोरी पीर॥ पि०॥ सयानी वें॥ पि०॥
घर आइ मोइ छोर गए हें, प्रीति तोरी पुरानी,
दया नवि आनी वे॥ पि०॥१॥

शिवांगनाको संग कीए थें, मेरी प्रीति न जानी,
सही गुन खानी वे॥ पि०॥२॥

विलपती प्यारी गइ पियु पाए,
ग्रहे व्रत **रत्न** समानी भए शिवदांनी वे॥ पि०॥३॥इति पदम्॥

---

१ =पाछळ

(१४)

श्रीरत्नमुनिरचित

# ॥मुंबईजिनस्तवन॥

# મુંબઈસ્તવન : પરિચય

આ સ્તવનની રચના એકસો ત્રણ વરસ પહેલા વિ. સં. ૧૯૧૪માં થઇ છે. તેના કર્તા **શ્રીરત્નવિજયજી** મ. છે. તેમણે વિ. સં. ૧૯૧૪માં મુંબઇમાં ચોમાસું કર્યું હતું. તે વખતે મુંબઇમાં બે શ્રીઆદીશ્વર ભગવાનનાં, બે શ્રીશાંતિનાથ ભગવાનનાં, શ્રીઅનંતનાથ ભગવાનનું, શ્રીગોડી પાર્શ્વનાથ ભગવાનનું, શ્રીચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનનું એમ સાત મોટાં મંદિર હતા. સ્તવનમાં મોતીશા શેઠના પુત્ર ખેમચંદભાઇની પૂજાની પ્રશંસા કરી છે.

આ સ્તવન લીથોગ્રાફીથી (લાકડાંનાં બીબાં પરથી) પ્રતાકારે છપાયેલું છે. પણ તેની કોઇ નોંધ મળતી નથી. તેનાં છૂટાં પાનાં **મોરબીના હસ્તપ્રત ભંડાર**માં છે. (ક્રમાંક-૦૩૫૦). તત્કાલીન ઇતિહાસની ઝાંખી આ સ્તવન દ્વારા મળે છે.

- સા.શ્રીહર્ષરેખાશ્રીજીમ.ના શિષ્યા

સા.શ્રી**જિનરત્નાશ્રી**

श्रीरत्नमुनिरचित

## ॥मुंबईजिनस्तवन॥

**श्री०॥ आबू अचल रलिआमणो रे लाल,**
**तथा राणपुरो रलिआमणो रे लाल ए देशी।**

**मुंमई** सुंदर बंदिरे रे लाल,
मोटां मंदिर सात रे रंगीला रेल
दिठां देवलोक देहरां रे लाल,
कर लाधि करामत रे छबीला छेल॥१॥

त्रिभुवनभानु भेटीये रे लाल॥आंकणी॥
दोय **आदीश्वर** देखवा रे लाल,
जीवडो आतुर दिनरात रे रंगि०।
कहीये केम छोटे मुखे रे लाल,
मोटी वालेश्वर वात रे छबी० त्रिभु०॥२॥

**अनंत** दोय **शांति** सेवतां रे लाल,
हरखी हमारी देह रे रंगि०।
अंतरका दुख मिट गया रे लाल,
नयनां अधिक सनेह रे छबी० त्रिभु०॥३॥

**पास गोडी चिंतामणी** रे लाल,
लाग्युं मायरुं तान रे रंगि०।
अंतरजामी उपरे रे लाल,
वारु तन धन प्राण रे छबी० त्रिभु०॥४॥

खिण खिणमां खटके घणो रे लाल,
छातिमांहे शाल रे रंगि०।
मिलीयां विन मिटशे नहि रे लाल,
होसि कोण हवाल रे छबि० त्रिभु०॥५॥

जीव गुंथाणो जिनपदे रे लाल,

वरजे लोक अजांण रे रंगि०।
तेना वरज्या किम रहे रे लाल,
जेना उलट्या प्राण रे छबी० त्रिभु०॥६॥

समकित शील शिरोमणि रे लाल,
सेठ मोतिशाना पूत रे रंगि०।
प्रभु पूजा खेमचंदनी रे लाल,
तेने आगल बीजा तूत रे छबि० त्रिभु०॥७॥

सिंधु शशि अंक एक में (१९१४)रे लाल,
थयुं चोमासुं प्रमाण रे रंगि०।
मुदत मोटा महाराजनी रे लाल,
वाजे जितनिशाण रे छबि० त्रिभु०॥८॥

जिनपद दाता जिनवरु रे लाल,
बीजा आल पंपाल रे रंगि०।
शांति सफली सेवना रे लाल,
**रत्न** प्रभु प्रतिपाल रे छबि० त्रिभु०॥९॥

॥इति मुंमई जिनस्तवनम्॥

**(१५)**

मुनिश्रीचरणकुमाररचित

# ।।समकित सज्झाय।।

# સંપાદકીય

સમકિતની સજ્ઝાયના કર્તા **મુનિ ચરણકુમાર** છે. તેઓ ઉપાધ્યાય કમલલાભના શિષ્ય **દેવવિમલ**ના શિષ્ય છે. આ કૃતિમાં સમકિત કેવી રીતે પામી શકાય તેનું વર્ણન છે. તેમ જ સમકિત પામેલા આત્માની સોળ વિશષતાઓ બતાવવામાં આવી છે. તે આ પ્રમાણે —

૧) સમકિત ધારી આત્મા નવતત્ત્વનો અભ્યાસુ હોય.

૨) તેને આગમ ઉપર પ્રેમ હોય.

૩) તે પોતાના સ્વભાવથી ગુણોનો અનુરાગી હોય.

૪) તે અવગુણનો ત્યાગી હોય.

૫) તે ધીર હોય, ઉતાવળો ન હોય.

૬) તેને મનથી વિષય વિકાર ગમતા ન હોય.

૭) સમકિતી આત્મા વાદ-વિવાદ કે પરનિંદા કરતો ન હોય.

૮) મનમાં તીવ્ર રાગ-દ્વેષ કરે નહીં.

૯) તેના જીવનમાં સમતા, ઇંદ્રિયનો નિગ્રહ વગેરે ગુણો હોય.

૧૦) તે સ્યાદ્વાદને સમજતો હોય.

૧૧) તે કુમતિ કે કદાગ્રહને આગળ કરતો ન હોય.

૧૨) તે આત્માના સાચા સ્વરૂપનો જાણકાર હોય.

૧૩) તે દરેક વાતની હંસની જેમ પરીક્ષા કરે છે.

૧૪) તે ભગવાને કહેલા નયોના ભાવને જાણતો હોય.

૧૫) તે કર્મના પ્રકારને જાણતો હોય.

૧૬) તે બીજાના મર્મ ક્યારેય ખોલે નહીં.

આ સજ્ઝાયમાં કર્મગ્રંથ અને સ્થાનાંગ સૂત્રનાં ઉદ્ધરણ આપીને સમકિતનો મહિમા દર્શાવવામાં આવ્યો છે. સમકિતદૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ વચ્ચેનું અંતર અલગ અલગ સમજાવ્યું છે. અંતમાં કુશિષ્યને શિખામણ ન આપવી તે પણ જણાવ્યું છે.

ઉતરાધ્યયનમાં સમ્યક્ત્વ પરાક્રમ અધ્યયન છે તેનો ઉલ્લેખ છે. મહાવીર સ્વામી ભગવાન પાસે સમકિતની માંગણી કરી છે. આ જોતાં આ કૃતિનું અપર નામ **'વીરજિન સ્તવન (સમ્યક્ત્વ ગર્ભિત)'** પણ હોઇ શકે છે.

આ કૃતિની હસ્તપ્રત **શ્રી વ્રજપાલજી સ્વામી જ્ઞાનભંડાર, કોડાય**માં છે. તેનો ક્રમાંક ૧૩૯૦ છે. તેના બે પત્ર છે. હરેક પત્ર પર ૧૫ પંક્તિ છે. અને પ્રત્યેક લાઇનમાં ૩૧ અક્ષર છે. અક્ષર મધ્યમ આકારનાં છે. લાલ અને કાળી એ બે સાંહીનું લખાણ છે. પત્રના બન્ને કિનારે એક લાલ રેખા છે. બન્ને બાજુ હાંસિયાની ત્રણ લાલ રેખાઓ છે અને અંતિમ પ્રશસ્તિ લાલ શાહીમાં લખી છે. પત્રની જમણી બાજુ નીચે પત્રાંક લખ્યો છે. ડાબી બાજુ ઉપર ગ્રંથનામ લખ્યું છે. પ્રત સંશોધિત જણાય છે. અંતમાં પ્રતિક્રમણની સજ્ઝાય છે. આ પ્રત પૂ.ઉપા.શ્રી **ભુવનચંદ્રજી** મ.ની પ્રેરણાથી પ્રાપ્ત થઈ છે. આ કૃતિ અમુદ્રિત હોવાથી અહીંયાં પ્રકાશિત કરી છે.

સા.શ્રી જિનરત્નાશ્રીજી મ.ના
શિષ્યા સા. **મધુરહંસાશ્રી**

मुनिश्रीचरणकुमाररचित

## ॥समकित सज्झाय॥

॥ॐ नमः सिद्धम्॥

समकीत सींविध पामें प्राणी,
पूछे गोतमस्वामी रे माई।
त्रिसलानंदन जेविध भाखें,
भवियणनें हितकार रे माई॥ स०॥१॥

जीव जेवारें सहज सभावें,
आवे उपसमभाव रे माई।
मोह द्रोह सवि दूर गमावे,
समकित चडते दाव रे माई॥ स०॥२॥

समकित सूर उदे जब पावे,
नासे तिमिर मिथ्यात रे माई।
ज्ञान किरणें करी जोति प्रकासे,
प्रगटे सहज स्वभाव रे माई॥स०॥३॥

उपसम वेद क्षयउपसम,
क्षायक दीपक जेम रे माई।
पंच भेद मिथ्यात निवारे,
पामे निश्चे नेम रे माई॥स०॥४॥

नवतत्त्व ज्ञान विचार विचारी,
आगमसुं धरे प्रीत रे माई।
न्याय मारग ते अनुसारें,
साधे ते सवि नित रे माई॥स०॥५॥

गुणरागी ने अवगुणत्यागी,
सहजे सहस धीर रे माई।
विषयविकार तजे मनहुंति,
समकितसुं करे सार रे माई॥स०॥६॥

वाद विवाद अने परनंद्या[१],
न करे समकितवंत रे माई।
राग द्वेष मनमांहि नाणे,
सांति दांति गुणवंत रें माई॥स०॥७॥

सादवाद[२] समझे चित्त चोखे,
जाणे ते जिनधर्म रे माई।
कुमति कदाग्रह मूके कोने,
माने धर्मसुं सर्म[३] रे माई॥स०॥८॥

नीतअनीत नें अविन्यासी,
परगट ने प्रछन्न रे माई।
एकअनेक करता ने अकरता,
माने तेह धन्य धन्य रे माई॥स०॥९॥

अंतरजामी अलख अरूपी,
रूपी कर्म संजोग रे माई।
नवनवा वेस करे नटुया जिम,
बहुरूपी बहुभोग रे माई॥०॥१०॥

भोगी अभोगी ने योगी अजोगी,
संसारीने सीध[४] रे[५] माई।
ठाणा अंगे एह आलावो,
नवतत्त्व में प्रसीध रे माई॥स०॥११॥

हंसतणी परे करे परक्षा[६],
खीरनीरने न्याय रे माई।
ज्ञानि भेदनो नय भावार्थ,

---

१ = निंदा
२ = स्याद्वाद
३ = सुख
४ = सिद्ध
५ पत्र १ब
६ = परीक्षा

भाख्यौ श्री जिनराय रे माई॥स०॥१२॥

जीव कर्मनो मेलो जोइने,
जाणे ते सरव ज्ञान रे माई।
मर्म न जाणे बोले मोसा,
कहीए ते अज्ञान रे माई॥स०॥१३॥

आगममांहि एह ज वातो,
गुंथी गणधर देव रे माई।
मूल मंत्रनो अर्थ विचारी,
ते जपीइ नित्यमेव रे माई॥स०॥१४॥

च्यार कर्मनो अंत करीने,
पामे केवलज्ञान रे माई।
च्यार कर्म सेक्या कण सरीखा,
ते हणतां आसान रे माई॥स०॥१५॥

आठ कर्मनो अंत करीने,
सीध कहावे ते नाम रे माई।
नमो सीध बीजे पद गणीइ,
जीव कर्म जोउ आम रे माई॥१६॥

अंतरजामी समकित पामी,
जाणो भवभे[१]भांत रे माई।
समकित विन बीजा सवि धंधा,
कीजे छे दिनरात रे माई॥स०॥१७॥

समकितदृष्टी मिथ्यादृष्टी,
सरसव अंतर मेर रे माई।
सायर कूप सुधा विष अंतर,
जाण अजाणे फेर रे माई॥स०॥१८॥

राजा रंक होवे जिम अंतर,
चं(चिं)तामणी ने काच रे माई।

---

१ = भय

रायकुमरी ने पामर नारी,
कूड ने वलि साच रे माई॥स०॥१९॥

समकित भीम भवोदधि तारण,
मिथ्या मूल संसार रे माई।
कर्मग्रंथ ने प्रकरण मांहि,
छे सघले अधिकार रे माई॥स०॥२०॥

हित उपदेस हीयामां जाणी,
जोइ लेजो ठाम रे माई।
सीयल दुध सोनानो भाजन,
राखुं आवे काम रे माई॥स०॥२१॥

एम समझुने सीख दीयंता,
सूत्र सिद्धांतनी आली रे माई।[1]
तहत[2] करीने तेहने मानि,
न करे आल पंपाल रे माई॥स०॥२२॥

गुरुद्रोहीनें ज्ञान न दीजे,
नीत शास्त्रनी साख रे माई।
काचो कुंभ गले जल घालें,
पणि तें न सकें राखि रे माई॥स०॥२३॥

एम कुसीषने सीख दीयंता,
साहमुं कर्म बंधाइ रेमाई।
साप भणी जो दुध पाईजें,
विष हलाहल थाय रे माई॥स०॥२४॥

कुमति कपटी जे नरनारी,
तेहनें सो उपदेस रे माई।
रणठांमे कुण रोपें सांग,
विषय न सो वेष रे माई॥स०॥२५॥

---

१ पत्र २अ

२ = तहत्ति

चरम खंडनो चावणहारो,
कुकर खाई खीर रे माइ।
पण न रहे तेहना घटमांहि,
इम बोलें वडवीर रे माइ॥स०॥२६॥

मुगताफलनो हार अनोपम,
न भजे कपिने कंठ रे माइ।
काली माथें कुंभ न सोहै,
साधु पासे कुलंछ रे माइ॥स०॥२७॥

चक्षुहीणा आगले स्या दीवा,
बेहरासुं सी वात रे माइ।
सूं रासभने सनांन[१] करावे,
घुयडनें प्रभाते रे माइ॥स०॥२८॥

सहज स्वभावें अधिक नमी राजा,
प्रतक्ष[२] देखी एम रें माइ।
द्रढि समकित इंद्रे नवि क्षोभ्या,
प्रगट्यो सहज विवेक रे माइ॥स०॥२९॥

समकित सहित कीधी जेणे किरिआ,
श्रावक श्री कामदेव रे माइ।
मिथ्यादृष्टी देव प्रसंस्या,
करवा लागो सेव रे माइ॥स०॥३०॥

समकित सरखी वस्तु अनोपम,
में पामी हितसिख्य रे माइ।
भवंत मेंल कहु भवं केता,
सात ने वली वीस रे माइ॥स०॥३१॥

वीर तणी वांणी अति मेंठी,
वरसे गोहर गंभीर रे माइ।

---

१ = स्नान
२ = प्रत्यक्ष

प्रवचन वचन सुधारस वरसे,
उपसम संवर नीर रे माई॥स०॥३२॥

वीर वजीर कहें कर जोडी,
जय जय तुं जगदीस रे माई।
परमदयाल दया कर साहिब,
सांनिध करें [२ब] निसदीस रे माई॥स०॥३३॥

तुं स्वामी समकितदाता,
त्रिण भुवन सिरताज रे माई।
लोकालोकप्रकासक तुं ही,
तारण तरण जहाज रे माई॥स०॥३४॥

उत्तराधेन[१] थकी जोइनें,
समकित नामे अध्येन[२] रे माई।
नीत सास्त्र समजें चित्त चोखें,
चतुर लहें सुख चेत रे माई॥स०॥३५॥

हरखें मन हृदय धरीनें,
समकितनी सज्झाय रे माई।
भणतां गुणता नें सांभलतां,
दिन दिन दोलत थाय रे माई॥स०॥३६॥

**कमललाभ पाठग** उपगारी,
सुहगुरु सुमति दातार रे माइ।
**देवविमल** पसाइं करीनें,
पभणें **चरणकुमार** रे माइ॥स०॥३७॥

॥इति श्रीसमकितनी सज्झाय संपूर्ण॥

● ● ●

१ =उत्तराध्ययन
२ = अध्ययन

## प्राचीन श्रुतसंपदा के समुद्धार के लिए समुदार सहयोग देनेवाले महानुभावों की नामावली

### श्रुतसमुद्धारक

श्रीमती चंद्रकलाबेन सुंदरलाल शेठ परिवार (मांगरोळ हाल- पुणे)

### श्रुतरत्न

श्री भाईश्री (इंटरनेशनल जैन फाउंडेशन, मुंबई)

### श्रुतसंरक्षक

श्री हसमुखभाई दीपचंदभाई गार्डी (दुबई)

श्री भवानीपुर जैन श्वेतांबर मूर्तिपूजक संघ (कोलकाता)

श्री दीपकभाई विनोदकुमार शहा (तळेगाव दाभाडे, पुणे)

पूज्य सा.श्री **जिनरत्नाश्रीजी** म. की प्रेरणा से
श्री अंकलेश्वर श्वे.मू. जैन संघ (अंकलेश्वर)

श्रीमती ज्योतिबेन नलिनभाई जीवतलाल दलाल परिवार

श्री माणेकचंद नेमचंद शेठ चॅरिटेबल ट्रस्ट, मुंबई।

### श्रुतस्तंभ

पू.सा.श्री **हर्षरेखाश्रीजी** म.की प्रेरणा से
श्रीमती वसंतप्रभाबेन कांतिलाल शाह (पुणे)

पू.आ.श्री **विश्वकल्याणसू.**म.की प्रेरणा से श्री पद्ममणि जैन श्वे.मू. ट्रस्ट

पू.आ.श्री **राजरत्नसू.**म.की प्रेरणा से श्री जवाहरनगर
श्वेतांबर मूर्तिपूजक जैन संघ (गोरेगाव, मुंबई)

हितेन नलिनभाई दलाल

### श्रुतभक्त

श्री शांतिकनक श्रमणोपासक ट्रस्ट (सुरत)

श्री हसमुखलाल चुनिलाल मोदी चॅरिटेबल ट्रस्ट (तारदेव, मुंबई)
श्री पार्श्वनाथ श्वेतांबर मूर्तिपूजक जैन संघ (मुंबई)
श्री ऋषभ अपार्टमेंट महिला मंडल (प्रार्थना समाज, मुंबई)
वर्धमानपुरा जैन संघ (पुणे)
जैन श्वेतांबर मूर्तिपूजक संघ (दहाणुकरवाडी, कांदीवली, मुंबई)
सुजय गार्डन जैन संघ (पुणे)
श्री रविकांत चौधरी (वेपेरी, चेन्नई)
पूज्य मु.श्री **प्रशमरतिविजयजी** म. की प्रेरणा से
श्री सुमतिनाथस्वामी जैन श्वे.मू.संघ (रामदास पेठ, नागपुर)
पू. सा.श्री **तत्त्वरक्षिताश्रीजी** म.सा. की प्रेरणा से
श्री सीमंधर शांतिसूरि श्राविका संघ, व्ही.व्ही.पुरम्, बेंगलोर।
पू.पं.श्री **मोक्षरति-तत्त्वदर्शनवि.**ग. की प्रेरणा से
श्री अलकापुरी जैन श्वेतांबर मुर्तिपूजक संघ, वडोदरा।
श्रीम. कल्पनाबेन एवं सुधीरभाई एस. कापडिया परिवार, (मुंबई)
श्री मरचन्ट सोसायटी जैन संघ, अहमदाबाद

## श्रुतप्रेमी

श्री गोडीजी टेम्पल ट्रस्ट (पुणे)
श्री गोडीजी टेम्पल ट्रस्ट (पायधुनी, मुंबई)
श्री रतनचंदजी ताराचंदजी परमार (पुणे)
श्री मोहनलालजी गुलाबचंदजी बांठीया (पुणे)
श्री नगराजजी चंदनमलजी गुंदेचा (पुणे)
श्री नेमीचंदजी कचरमलजी जैन (पुणे)
श्री भरतभाई के. शाह (सुयोग ग्रुप, पुणे)
श्री सोहनलालजी टेकचंदजी गुंदेचा (पुणे)

श्री सुखीमलजी भीमराजजी छाजेड (पुणे)

श्री जैन आशापुरी ग्रुप (पुणे)

श्री महेंद्र पुनातर (मुंबई)

श्री सुधीरभाई चंदुलाल कापडिया (मुंबई)

श्री संजयभाई महेंद्रजी पुनातर (मुंबई)

प्रो.श्रीमती विमल बाफना (पुणे)

पू.सा.श्री **नंदीयशाश्रीजी** म.की प्रेरणा से श्री आंबावाडी जैन संघ (अहमदाबाद)

श्री गोवालिया टेंक जैन संघ (मुंबई)

श्री मोतीशा लालबाग रिलीजीयस चेरिटेबल ट्रस्ट (भायखला, मुंबई)

पू.आ.श्री **तीर्थभद्रसू.**म.की प्रेरणा से

जे. सी. कोठारी देरासर जैन श्वेतांबर मूर्तिपूजक संघ (मलाड, मुंबई)

श्री अशोक कालिदास कोटेचा (अहमदाबाद)

श्री विमलनाथस्वामी जैन श्वेतांबर मूर्तिपूजक जैन संघ (बिबवेवाडी, पुणे)

श्री मुनिसुव्रतस्वामी श्वेतांबर मूर्तिपूजक जैन संघ (लेकटाउन सो., पुणे)

श्री श्वेतांबर मूर्तिपूजक जैन संघ (सोलापुर बजार, पुणे)

पू. मुनिराज श्री **निर्मलयशविजयजी** म.सा. की प्रेरणा से
श्री जैन श्वेतांबर मूर्तिपूजक गुजराती पंच (मालेगाव)

सायन जैन संघ (मुंबई)

श्रुतोपासिका सा. **चंदनबालाश्रीजी** की शुभ प्रेरणा से
मातुश्री सरस्वतीबहेन कानजी वोरा (दादर, मुंबई)

पू.आ.श्री **विश्वकल्याणसू.**म. की प्रेरणा से
श्री आदिनाथ जिन मंडळ (कर्वे रोड, पुणे)

पू.सा.श्री **सूर्यमालाश्रीजी** म. की प्रेरणा से
श्री सम्यक् साधना रत्नत्रय आराधक ट्रस्ट (अहमदाबाद)

श्री नाकोडा भैरव राजस्थानी जैन टेम्पल तथा

जैन फिलॉसॉफी रिसर्च ट्रस्ट (आळंदी)

श्री आदेश्वर महाराज जैन टेम्पल ट्रस्ट (गोटीवाला धडा, पुणे)

श्री ओमप्रकाशजी नगराजजी रांका (रांका ज्वेलर्स, पुणे)

श्री सिद्धशिला ग्रुप श्री विलासजी राठोड (पुणे)

डॉ. सुमतिलाल साकळचंद गुजराथी (हस्ते - कल्याणी मेडिकल, पुणे)

श्री जैन श्वेतांबर दादावाडी टेम्पल ट्रस्ट (पुणे)

व्ही.एल. जैन (पुणे)

वीरविभु के १९ वे पट्टधर गच्छाधिपति पू. आ. श्री **हेमभूषणसूरिजी** म.सा. की पुण्यस्मृति में संघवी वीरचंद हुकमाजी आयोजित चातुर्मास समिति, पालीताणा।

गच्छाधिपति पू. आ. श्री **महोदयसूरिजी** म.सा. के अनन्य पट्टधर गच्छाधिपति पू. आ. श्री **हेमभूषणसूरिजी** म.सा. की पुण्यस्मृति में संघवी वीरचंद हुकमाजी परिवार आयोजित चातुर्मास समिति (पालीताणा)

## श्रुतोपासक

श्री अर्थप्राईड जैन संघ (मुंबई)

पू.आ.श्री **कलाप्रभसागरसू.**म.की प्रेरणा से
श्री मुलुंड श्वेतांबर मूर्तिपूजक जैन संघ (मुंबई)

पू.मु.श्री **जिनरत्नवि.**म.की प्रेरणा से श्री आदिनाथ सोसायटी जैन संघ (पुणे)

पू. उपा. श्री **जितेंद्रमुनिजी** म.की प्रेरणा से श्रीमती सीमा जैन (होशियारपुर, पंजाब)

श्री वर्धमानस्वामी जैन चेरिटेबल ट्रस्ट (सदाशिव पेठ, पुणे)

पू.आ.श्री **तीर्थभद्रसू.**म.की प्रेरणा से मातुश्री कमळाबेन गिरधरलाल वोरा परिवार (खाखरेची, मुंबई) आयोजित उपधान तप समिति

पू.आ.श्री **तीर्थभद्रसू.**म.की प्रेरणा से मातुश्री मानुबेन माडण गुणसी गडा परिवार (थोरीयारी- मुंबई) आयोजित उपधान तप समिति

प्रताप बी. शाह (वडोदरा)

पूज्य आ.श्री **देवचंद्रसागरजी** म. की प्रेरणा से श्री आगमोद्धारक

देवर्धि जैन आगम मंदिर ट्रस्ट (पुणे)

श्री गोवालिया टैंक जैन संघ, मुंबई।

श्री मरीन ड्राईव्ह जैन आराधक ट्रस्ट, मुंबई।

पू. मु. श्री **शुक्लध्यानविजयजी** म.सा. की प्रेरणा से
श्री रिद्धि सिद्धि आदर्श श्वेतांबर मूर्तिपूजक जैन संघ (मलाड, मुंबई)

पू. आ.श्री **यशप्रेमसुरिजी** म.सा. की प्रेरणा से
भाववर्धक श्री सुपार्श्वनाथ स्वामी श्वेतांबर मूर्तिपूजक जैन संघ (अहमदाबाद)

पू.मु.श्री **पुण्यरक्षितविजयजी** म.सा.की प्रेरणा से
श्री धन्ना शालिभद्र तपागच्छ श्वेतांबर मूर्तिपूजक जैन संघ (मलाड, मुंबई)

श्री वर्धमान स्वामी जैन चेरिटेबल ट्रस्ट (सदाशिव पेठ, पुना)

पू. उपा.श्री **भुवनचंद्रविजयजी** म.सा. की प्रेरणा से
श्री कच्छ दुर्गापूर विशा ओसवाल मूर्तिपूजक जैन महाजन (मुंबई)

**श्रुतानुरागी**

श्री मुनिसुव्रतस्वामी श्वेतांबर मूर्तिपूजक जैन संघ (फातिमानगर, पुणे)

श्री जैन आत्मानंद सभा (फरिदाबाद, पंजाब)

पू.मु.श्री **जिनरत्नवि.**म.की प्रेरणा से श्री जिनरत्न आनंद ट्रस्ट

गोत्रीरोड श्वेतांबर मूर्तिपूजक जैन संघ (वडोदरा)

श्री श्वेतांबर मूर्तिपूजक जैन संघ (गोरेगाव, मुंबई)

श्री मुनिसुव्रतस्वामी जिनालय (मलाड, मुंबई)

मातोश्री श्रीमती लीलाबाई अचलचंदजी जैन हस्ते - अशोक जैन (हिंगड)

चि. सांची सागर चोरडीया हस्ते - सौ सुनंदा संजय चोरडीया (जैन जागृति, पुणे)

अरिहंत वासुपूज्य स्वामी जैन श्वेतांबर ट्रस्ट (सुरत)

# प्रतिभाव

અરિહંતપરમાત્માના પરમપવિત્ર શાસનને ટકાવવાનું કાર્ય મુખ્યત્વે શ્રુતના માધ્યમની થશે. પાંચમા આરાના અંત સુધી આચાર તથા વિચારની સમૃદ્ધિ શ્રુતના આધારે જ ટકવાની છે. જિનાગમ જિનમૂર્તિ કલિયુગનો આધાર છે. નિરાધારનો આધાર છે જિનાગમ. શ્રુતના સંરક્ષણ, સંવર્ધન, સંશોધનનું કાર્ય શ્રુતભક્તિનં ઉત્તમ ઉદાહરણ છે. તે ભગીરથ કાર્ય કરવા બદલ ધન્યવાદ. શાસનની પ્રભાવના પણ આ શ્રુતના આધારે જ થાય છે ને? પરમાત્મા એ માટે તમામ પ્રકારની શક્તિ પ્રદાન કરે એજ મનોકામના.

**પૂ. આ. શ્રી ભવ્યદર્શનસૂરીશ્વરજી મ.સા.**

શ્રુતભવન! નામ જ સરસ છે. આજે જ જોવાનો અવસર મળ્યો. આનંદ થયો. શ્રુતસંપાદનનું અદભુત કાર્ય જોઇને મન પ્રસન્ન અને પ્રફુલ્લિત થયું. તેમાં પણ લિપિની વિવિધતાથી નવી જાણકારી મળી. સંશોધન વિષયમાં વિશેષ આગળ વધવા અનેક માટે માર્ગદર્શન રૂપ આ કાર્ય ઉત્તરોત્તર વૃદ્ધિને પામે અને પૂ. શ્રી વૈરાગ્યરતિવિજયજી મ.સા.ની મહેનત સવિશેષ પ્રશંસનીય અને અનુમોદનીય છે. અનેક રીતે શાસન અને સાહિત્યની સેવા દ્વારા જિનશાસનની જયપતાકા દિગ-દિગંતમાં લહેરાય તેવી અંતરની શુભેચ્છા.

**પૂ. આ. શ્રી વિજ્ઞાનપ્રભસૂરીશ્વરજી મ.સા.**

जिनशासन की ज्ञानसंपदा को उजागर करने के लिए चतुर्विध संघ ने प्रयास करना चाहिए। श्रावकों ने श्रुतसेवा के साथ श्रुतज्ञान की प्राप्ति का भी ध्येय रखना जरुरी है। श्रुतज्ञान के क्षेत्र में कार्यरत श्रुतभवन के विषय में सुना था आज देखने का अवसर मिला। श्रुतभवन में वर्तमान कार्य विशेष रूप से श्रुतज्ञान के संवर्धन एवं सुरक्षा के लिए अतीव महत्त्वपूर्ण है। इस कार्य से जिनशासन का इतिहास निश्चित रूप से उजागर होगा। श्रुतभवन में वर्तमान कार्य की प्रणाली सुव्यवस्थित है और इस कार्य के लिए यथोचित सहयोग भी प्रदान करेंगे। इस कार्य के लिए हार्दिक शुभकामनाएं.....।

**- पू. आ. श्री युगभूषणसूरीश्वरजी म.सा. (पंडित महाराज) सह शिष्य परिवार**

अनंत उपकारी परमात्मा के पावन वचनों को गणधर भगवंतों ने आगम रूप में प्ररूपित कर हमारे पर महान उपकार किया है। आगमों के द्वारा हमारे ज्ञान चक्षु खुले रहते हैं। इन आगमों को अविच्छिन्न रूप से संरक्षित रखने का भगीरथ कार्य इस संस्था द्वारा संपादित किया जा रहा है। जिसकी जितनी अनुमोदना, प्रशंसा की जाय कम है। शासन सेवा का यह कार्य अतुलनीय है, परम आवश्यक है एवं आने वाले सैकडों वर्षों तक मार्गदर्शन करता रहेगा। शासन देव इस महत्त्वपूर्ण कार्य में संपूर्ण सहयोगी बने, इसी अभ्यर्थना के साथ अंतःकरण से साधुवाद..।

**प्रो. उगमराजजी डागा**
**(डीन, नॅशनल लॉ युनिवर्सिटी, जोधपुर)**

It was amazing to the see maynimnous activities of Shrutbhavan in field of presentation of ancient jain literature. It us unique to see the mission of perfection with preservation. This is in true sense “Vachana” of Agamic literature in modern time. Every jain should know about this and contribute for this as much as one can. My Sincere.

**Dr. Bipin Doshi**
**University of Mumbai**

This has been an inspirational and educational experience for us. It’s great to know that so much history is being sought, digitized preserved and ultimately understood and published. A truly powerful endeavour to preserve history. Best of Luck!

**- Sheth, Kapadia and Gandhi Families**

# નોંધ

३१

॥ सुयं मे आउसं ॥

श्रुतदीप रिसर्च फाउंडेशन संचालित

श्रुतभवन संशोधन केंद्र, पुणे